જીવન વિદ્યાનું પ્રકાશકેન્દ્ર

# દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય


લેખક

બ્રહ્મવર્ચસ



પ્રકાશક

શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ

શાંતિકુંજ હરિદ્વાર

ઉત્તરાંચલ

પ્રકાશક એવં મુદ્રક:
શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ,
શાંતિકુંજ, હરિદ્વાર
(ઉત્તરાંચલ)

લેખક
ડૉ. પ્રણવ પંડ્યા

કિંમત-૧૫ રૂપિયા

# આત્મનિવેદન

સ્થાપના વર્ષના પ્રથમ પુષ્પમાં 'દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય'ની સ્થાપનાની તથા સર્જનાત્મક સંભાવનાઓની મીઠી મીઠી મહેંક છે. આ વિશ્વવિદ્યાલય પરમ પૂજ્ય ગુરુદેવનું સાકાર થતું દિવ્ય સ્વપ્ન છે. એમની તપશ્ચર્યા દ્વારા ઉદ્ભવેલ ઉર્જાની આધ્યાત્મિક અનુભૂતિ છે, જે આધ્યાત્મિક જગતમાંથી પ્રાચીન ઋષિઓની તપોભૂમિ પર અર્થાત્ શાંતિકુંજથી અડધો કિલોમીટર દૂર આવેલ ગાયત્રી કુંજમાં અવતરિત થઈ છે. આ વિશ્વવિદ્યાલયનું એ પ્રાંગણ છે,કે જ્યાં યુગદેવતાની કૃપાશક્તિથી એની તમામ સંભાવનાઓ વાયુવેગેથી પોતાનો આકાર ધારણ કરી રહેલ છે. આ પુસ્તકમાં એના એક દૃશ્યનું આછું ચિત્રાંકન કરવામાં આવ્યું છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પરમ પૂજ્ય ગુરુદેવની આધ્યાત્મિક શક્તિનો પ્રકાશ પથરાયેલો છે. તેને સાચી રીતે નિહાળવાથી દૃષ્ટિ જ નહીં, દૃષ્ટિકોણ પણ બદલાશે. દૃષ્ટિ તો માત્ર પ્રકાશનું પરાવર્તન છે. આ દૃષ્ટિકોણ જ એવો છે કે જે આપણા વિચારોને કંડારે છે, નિખારે છે અને જીવન જીવવાનો સાચા રસ્તાનું ભાન કરાવે છે. દૃષ્ટિ દોષને વ્યવસ્થિત કરવાનું કામ આંખના ડૉક્ટરનું છે, પરંતુ દૃષ્ટિકોણનો ઉપચાર કરવો ઋષિનું કામ છે. યુગઋષિ ગુરુદેવની આધ્યાત્મિક ચેતનાએ આ જ ઉદ્દેશ માટે આ વિશ્વવિદ્યાલયની સૃષ્ટિનું સર્જન કર્યું છે. આ સમગ્ર પુસ્તકમાં દરેક પ્રકરણ દીઠ એની કાર્યશૈલી તથા શિક્ષણની સાધનાના સ્વરૂપની અનુભૂતિ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તેના પ્રત્યેક પ્રસંગમાં દેવસંસ્કૃતિના સંદર્ભોની સાથે, ભારતના વાસ્તવિક ઐતિહાસિક આત્માનો એવી રીતે સમાવેશ કરવામાં, સાંકળવામાં આવ્યો છે કે એના શબ્દો વાંચનારની આંગળી પકડી તેને માનસિક પ્રવાસ કરાવી શકે. આ પુસ્તક વાંચતા વાંચતા તેના વાંચન કરનારાના મનમાં, હૃદયમાં વિશ્વવિદ્યાલયનું સંપૂર્ણ સ્વરૂપ સ્પષ્ટ થઈ શકે, એવો તમામ પ્રકારનો માનસિક પ્રબંધ કરવામાં આવ્યો છે. તેનું વાંચન કરનારાઓ એ વાતનો અનુભવ કરશે કે શિક્ષણ રૂઢિઓના કબ્રસ્તાનમાં શબ્દોની ઉછળકૂદનું નામ નથી, બલ્કે એ જીવંત, સતત ગતિશીલ અંકુરના અસ્તિત્વને ઓળખવાનો, વિકસિત કરવાનો ઉપક્રમ છે, જેમાં સંપૂર્ણ વૃક્ષ બનવાની સંભાવના તથા સામર્થ્ય છે.

આજે પ્રચલિત શિક્ષણના નામે મનુષ્યને કેવળ વામન બનાવવામાં આવી રહ્યો છે. એમાં શબ્દજ્ઞાન તો છે, પરંતુ વિદ્યાનું બળ નથી, જીવન મૂલ્યોનું સામર્થ્ય નથી. આજની શિક્ષણ પધ્ધતિ, મનુષ્યને ગોખણ બનાવી દેવાનું કુચક્ર છે. તેની અંદર સંભાવનાઓના જે ગીતો ઉછરી રહ્યાં છે, એ ગીતોની કોમળ પાંખો પર બેકારોની

ફોજ પેદા કરનારી ડિગ્રીઓના પથ્થરો બાંધી તેને પાંખ વિહીન બનાવવાનું લોભામણું ષડયંત્ર છે. આજની શિક્ષણ પધ્ધતિએ મનુષ્યની કુંઠાનું ખૂબ જ અનોખું ચિત્ર બનાવીને રાખી દીધું છે. જેમાં આપણી સંસ્કૃતિથી વિખુટા પડી જવાની પીડા છે, વિશ્વાસનો અભાવ છે, મૂલ્યહીનતાની કાળાશ છે.

આ સ્થિતિને પહોંચી વળવું એ આ યુગનો સૌથી મોટો પડકાર છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયે આ પડકારનો સંપૂર્ણ સાહસ સાથે સ્વીકાર કર્યો છે. આ સાહસની પાછળ પરમ પૂજ્ય ગુરુદેવની તપની શક્તિ સમાયેલી છે. પ્રાચીન ઋષિઓની સનાતન સંસ્કૃતિના વારસાનું બળ છે. એના આકાશમાં પરિવર્તનનો એક રક્તવર્ણો સૂર્યોદય થઈ રહ્યો છે, જેના ચળકતા કિરણો એના ખૂણે ખૂણાને અજવાળી રહ્યો છે. આ પ્રકાશમાં શિક્ષણને વિદ્યાનું સ્વરૂપ આપવાવાળા સંકલ્પો ગુંજી રહ્યા છે.

આ પુસ્તક આ સાહસિક અભિયાનનો પ્રારંભિક દસ્તાવેજ છે. એના પ્રત્યેક પ્રકરણમાં દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના બહુપક્ષીય સ્વરૂપની અલપઝલપ છબી છે. એને નિહાળી એ જાણી શકાશે કે શિક્ષણ પોતાના સાચા સ્વરૂપમાં 'અનુભવેલા સત્યો' સાથે સાક્ષાત્કાર કરવાની અનવરત લાલસા છે, ભવિષ્ય સાથે વાતચીત કરવાની નિષ્ઠાસભર ચેષ્ટા છે. આ વર્તમાનની એ ધરી છે, જેના આધારે તમામ પરિવર્તનોનું પૈડું ફરે છે. સાચી અને સાર્થક શિક્ષણ પધ્ધતિ સિધ્ધાંતોનું માત્ર રટણ નથી, પરંતુ એ સાહસ અને સંકલ્પ સાથે કરવામાં આવનાર પ્રયોગ છે. એને જ ઋષિઓની વિદ્યા કહે છે, '**सा विद्या या विमुक्तये**'।

આ પુસ્તકની લીટીઓમાં 'દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય'ના એ જ સ્વરૂપનું દર્શન છે. અહીંની શૈક્ષણિક વિસ્તારની યોજનામાં ભાગ લેવા ઈચ્છા ધરાવનારાઓ માટે આ પુસ્તક એક આમંત્રણ કાર્ડ છે. એની દરેક લીટીના માધ્યમ વડે એ સર્વેને આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે, કે જેઓ સંભાવનાના નવા સૂર્યોદયમાં જીવવા ઈચ્છા ધરાવે છે. અહીં શરૂ થનાર વિદ્યાની સાધનામાં કોઈપણ પ્રકારે ભાગીદાર બનવા ઈચ્છા ધરાવે છે, પુષ્પોની લીપીમાં વિદ્યા મહોત્સવનો નવો અર્થ લખતો દેવસંસ્કૃતિનો જાજવલ્યમાન સૂરજ વિશ્વવિદ્યાલયના આંગણમાં સોળે કળાએ ચળકી રહ્યો છે.

પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાની શક્તિ વડે લખવામાં આવેલ આ પુસ્તકની દરેક લીટીમાં આ સત્યનો અનુભવ કરો.

**तमसो मा ज्योतिर्गमय।**

**સ્થાપના-૨૦૦૨**

**પ્રણવ પંડ્યા**

**ગુરુપૂર્ણિમા સંવત-૨૦૫૮**

# અનુક્રમણિકા


➢જીવન વિદ્યાનો પ્રકાશસ્તંભ ૭

➢દેવસંસ્કૃતિ અને તેની પાછળ છુપાયેલો અર્થ ૮

➢દૃષ્ટાએ નિહાળ્યું એક દિવ્ય સ્વપ્ન ૧૩

➢કેન્દ્ર કે જ્યાંથી સંસ્કૃતિએ, સંવેદનાએ વિશ્વમાં વિસ્તાર કર્યો ૧૬

➢આ ક્રાંતિ ઋષિ દૃષ્ટિ દ્વારા થશે ૨૧

➢આજની સંકીર્ણ વિચારસરણીને વિશ્વદૃષ્ટિ જ ઉગારશે ૨૭

➢વિશ્વવિદ્યાલયનું ભવ્ય બિલ્ડિંગ દેવસંસ્કૃતિનું સાધના મંદિર ૩૦

➢વિરાટ વ્યવસ્થા અને તેનું બંધારણ ૩૩

➢જીવન દૃષ્ટિથી સભર વિદ્યાપ્રધાન પાઠ્યક્રમ ૩૬

➢પાઠ્યક્રમ તૈયાર કરનારી પરિષદ-વિદ્યા વિસ્તારની ધરી

➢આ ફેકલ્ટીઓ દેવસંસ્કૃતિના જ્યોતિસ્તંભ બનશે ૩૯

➢સાધના ફેકલ્ટી ઋષિકલ્પ જીવનના અભિલાષીઓ માટે છે ૪૨

➢સમગ્ર અને સંપૂર્ણ આરોગ્ય પર વિજ્ઞાન સંમત અધ્યયન ૪૬

➢સર્જન સંવેદનાની દિવ્યતાનું શિક્ષણ આપનારી ફેકલ્ટી ૪૯

➢સ્વાવલંબન ફેકલ્ટી સદ્‌ગુણોનો સદુપયોગ શિખડાવશે ૫૨

➢ઋષિત્વનો પ્રગાઢ અનુભૂતિનો પરિચય કરાવનાર સાધના ૫૫

➢ગ્રંથાલય જ્ઞાનની સાધનાનું પવિત્ર મંદિર ૫૮

➢પ્રકાશનની વ્યવસ્થા ઋષિ સંસ્કૃતિનું બહુપક્ષીય સ્વરૂપ દર્શાવશે ૬૧

➢સંસ્કૃતિ સર્જનમાં નિપુણ તપસ્વી શિલ્પીઓ આચાર્ય બનશે ૬૪
➢વિશ્વવિદ્યાલયના મુખ્ય કેન્દ્રબિંદુમાં લક્ષ્યપ્રધાન, તણાવથી
મુક્ત વ્યક્તિત્વવાન વિદ્યાર્થી જ હશે ૬૭
➢પ્રવેશ માટે પાત્રતાના પરિક્ષણની કસોટીઓ ૭૦
➢નવયુગનું સાંસ્કૃતિક સર્જન-દિવ્ય, પવિત્ર વાતાવરણમાં
કરવામાં આવશે ૭૩
➢સંયમ, નીતિ, નિયમો, કાયદાઓ,
શિસ્ત પાલનની મર્યાદાઓ ૭૬
➢શિક્ષણ પધ્ધતિની મૌલિકતા-અજ્ઞાનતાનું નિવારણ ૭૯
➢જ્ઞાનની સિધ્ધિઓનું સંમેલનો, સેમિનારો
દ્વારા પરસ્પર વિતરણ ૮૨
➢તપ અને જ્ઞાન પ્રાપ્તિના મૌલિક મૂલ્યાંકન પધ્ધતિ ૮૫
➢જ્ઞાન અને સેવાનો એક અદ્ભુત સંગમ ૮૮
➢રાષ્ટ્રધર્મની દીક્ષા આપવી એ પ્રથમ કર્ત્તવ્ય ૯૧
➢સંબધ્ધ કેન્દ્ર વિશ્વવસુંધરાને દેવકુટુંબ બનાવશે ૯૪
➢નવયુગનું સાંસ્કૃતિક સર્જન દિવ્ય, પવિત્ર વાતાવરણમાં
કરવામાં આવશે ૯૭
➢હવે આદર્શવાદ કાર્યમાં પરિણમે ૧૦૦

# જીવન વિદ્યાનો પ્રકાશસ્તંભ

હિમાલયની શિતળ છાંયમાં અને કલકલ વહેલી જહાન્વી ગંગાના દુગ્ધ ધવલ પવિત્ર વારીથી સિંચિત ધરતી પર ''દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય''ની સ્થાપના થઈ ગઈ છે. સાથે સાથે ઉત્તરાંચલ રાજ્યની સરકારે તેને પોતાની મંજુરી પણ આપી દીધી છે, એ ખૂબ જ ગર્વ અને ગૌરવની વાત છે. યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની દિવ્ય ચેતનાના રક્ષણ હેઠળ અહીં જ્ઞાનની સાધના અને અજ્ઞાનમાંથી મુક્તિના દ્વાર ખુલી રહ્યા છે. હવે અહીં દેવસંસ્કૃતિની અસંખ્ય સંભાવનાઓ સાકાર રૂપ ધારણ કરી નવ જીવન પ્રાપ્ત કરવાની તૈયારીમાં લાગેલી છે. ઉચ્ચ સાધક અહીં પોતાની સાધનાની નિર્મળ દૃષ્ટિથી ઘણું બધુ અદ્‌ભુત બનતું નિહાળી રહેલ છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય કોઈ વ્યક્તિની કલ્પનાજન્ય રચના નથી, પરંતુ એ પરમ પૂજ્ય ગુરુદેવના સંકલ્પોની સૃષ્ટિ છે. તેમાં હિમાલયવાસી ઋષિઓ અને દેવશક્તિઓનું તપ અને પુણ્ય જોડાયેલું છે. આ દૃશ્યની દિવ્ય શક્તિઓનું ઉર્જા કેન્દ્ર છે, જે તેમણે દેવસંસ્કૃતિ નવઉત્થાન માટે સ્થાપના કરી છે. આ સત્યનું સાક્ષી તો ભવિષ્ય સ્વયં હશે. આ સત્યને તમામ લોકો પોતાની ખુલ્લી આંખો વડે નિહાળશે, કે અદૃશ્ય ચેતના કેવી રીતે પોતાના પ્રચંડ તપ દ્વારા ઋષિત્વનું ઘડતર કરે છે, દેવત્વને નિખારે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય નરરત્નોની, દેવ માનવોની, દેવસંસ્કૃતિના દેવદૂતોની ટંકશાળ છે. અહીં આધ્યાત્મિક સાધનાના ગુઢ અને ગહન પ્રયોગો દ્વારા પ્રજ્ઞા અને મેધાના અસંખ્ય દીવડાઓ પ્રગટાવવામાં આવશે. પુસ્તકોનો બોજ સતત વધારતા રહેવાના બદલે અહીં વિદ્યાર્થીઓના જીવનને કંડારવામાં, નિખારવામાં અને ઘડવામાં આવશે. આ વિશ્વવિદ્યાલયની કુંખમાંથી અનેક કપિલો, કણાદો, ભારદ્વાજો અને બૃહસ્પતિઓ જન્મ લેશે. અહીં અનેક ગાર્ગીઓ, ઘોષાઓ, અપાલાઓ પોતાના વ્યક્તિને ચકચકિત બનાવશે.

દેશમાં અને વિશ્વમાં સાધનસંપન્ન વિશ્વવિદ્યાલયો અનેક હશે, પરંતુ પોતાના પગ પર સાધન સંપન્ન વિશ્વવિદ્યાલય આ એક જ હશે, કે જેની પાસે અનેક જન્મોના પુણ્યનો સંચિત નિધિ છે, એવા પુણ્યશાળી આત્માઓ અહીં આવશે અને જ્ઞાનવાન બનશે. ગંગાના ખોળામાં અને હિમાલયના છાંયામાં કડક નિયમોના પાલનની કઠોર સાધનાથી અહીં તેમને વિચારોની સાથે ઉત્તમ સંસ્કારો પણ મળશે. તેને પ્રાપ્ત કરી વર્તમાન સુશોભિત થશે અને ભવિષ્ય નિખરશે. આ વિશ્વ વિદ્યાલયના વરદાનોથી વિદ્યાર્થીઓની સાથે તેના કુટુંબીજનો અને તેમની ભાવી પેઢીઓ, દેશ અને વિશ્વ સમાજ ધન્ય ધન્ય બન્યા વગર નહીં રહે.

❖❖❖❖❖

# દેવસંસ્કૃતિ અને તેની પાછળ છુપાયેલો અર્થ

દેવસંસ્કૃતિનો સાચો અર્થ દેવભૂમિ ભારતના ઋષિઓ, સંતો અને મનીષીઓ દ્વારા સ્થાપવામાં આવેલ જીવન મૂલ્યો, પ્રચલનો અને પ્રયોગોમાં છુપાયેલો પડ્યો છે. તેને અપનાવી મનુષ્ય સ્વાભાવિકતાથી પોતાના દૈવી ગુણોનો વિકાસ કરી શકે છે. એ મનુષ્યમાં દેવત્વ જગાડવાનું, નિખારવાનું અને વિકાસ કરવાનું વિજ્ઞાન છે. એને મનુષ્યનું ધરમૂળથી પરિવર્તન કરી દેવતા બનાવનાર દિવ્ય રસાયણ પણ કહી શકાય. દેવસંસ્કૃતિના પ્રવર્તક ઋષિઓનું કહેવું છે કે મનુષ્ય હોવું એ આપણાં સૌના વર્તમાનનું સત્ય છે, પરંતુ દેવતા બનવું એ આપણાં જીવનનો લક્ષ્ય છે. દેવસંસ્કૃતિના તમામ આદર્શો, સિધ્ધાંતો, તમામ પ્રક્રિયાઓ, સમગ્ર સાધનાઓ મનુષ્યને એની તરફ સંપૂર્ણ વેગથી દોડી જવા પ્રેરિત કરે છે. આ સાંસ્કૃતિક આદર્શો, સિધ્ધાંતો અનુસાર દેવતા તેઓ છે, કે જેઓ દિવ્ય છે, પવિત્ર છે તથા દૈવી ગુણોથી સંપન્ન છે અને વરદાન આપવા સમર્થ છે. આ તમામ ક્ષમતાઓ, લાયકાતો મનુષ્યની અંદર બીજ રૂપે વિદ્યમાન છે, જે અત્યારે સુષુપ્ત અને અવિકસિત સ્થિતિમાં પડી છે. અગર એનો વિકાસ થઈ શકે તો મનુષ્યની આકૃતિ તો એ જ રહેશે, પરંતુ સ્વભાવથી, ગુણોથી દેવતા બની જશે.

દેવતાઓને ઘડવાવાળી દેવસંસ્કૃતિ દેશની દેન છે. આ દેશની માટીમાંથી અંકુરિત થઈ છે અને ફૂલીફાલી છે, ભારત માતાના ખોળામાં તેનું પાલન પોષણ થયું છે અને વૃધ્ધિ પામી છે. ભારત માતાની અનેક પ્રકારની વિશેષતાઓમાં એ સર્વોપરિ છે. અન્ય સૌ વિશેષતાઓ તેની શાખા,ઉપશાખાઓ છે. એ દેશના અસ્તિત્વ અને અસ્મિતાની ઓળખ છે. આ એ અક્ષય પાત્ર છે, જેના બળ પર પ્રાચીન કાળમાં ભારત દેશે સમગ્ર વિશ્વ પર અનેક પ્રકારના અજસ્ત્ર વરદાનોની વર્ષા કરી છે. એના મહિમાથી દેશ ચક્રવર્તી અને જગતગુરુ કહેવાયો. દેવસંસ્કૃતિના સિધ્ધાંતો અપનાવીને જ ભારત દેશે સંપત્તિ, સમૃધ્ધિ અને વૈભવના ઉંચ શિખરો સર કર્યા. એના ચળકાટથી આકર્ષિત થયેલા વિદેશીઓએ એને ''સોનેકી ચિડિયા'' અર્થાત્ સોનાની ચકલી તરીકે ઓળખાવ્યું. ઈતિહાસની આ વાસ્તવિકતા છે કે દેવસંસ્કૃતિના સત્યને અપનાવીને જ આ દેશે સર્વસ્વ પ્રાપ્ત કર્યું છે અને આજે દેશે પોતાનું ઘણું બધું ગુમાવી દીધું છે,તેનું એ કારણ છે,કે આપણે સંસ્કૃતિના આદર્શો, સિધ્ધાંત વિસરી ગયા છીએ, ભુલી ગયા છીએ. તેને પુનઃ યાદ કરી અને જીવનમાં તેનો સ્વીકાર કરવાથી ફરીથી ગૌરવમય વર્તમાન અને ઉજ્જવળ ભવિષ્યની રચના કરી શકાય. ભારત માતા ફરી પોતાના દેવતાઈ સંતાનોના સામર્થ્ય દ્વારા વિશ્વસમાજને પોતાના અજસ્ત્ર વરદાનોની લહાણ કરી શકે છે.

આ બધુ જ દેવસંસ્કૃતિની મૂળ માન્યતાઓ, આદર્શો, વિચારોમાં છુપાયેલ છે. જે મનુષ્યના મૌલિક વિચારો પર આધારિત છે કે જીવનને પરિવર્તિત, રૂપાંતરિત

અને વિકસિત કરવું જ જોઈએ. એવું વિચારવાનું કારણ પણ છે. જીવનનો જે વર્તમાન છે. તેમાં દુ:ખ, પીડા, અશાંતિ, સંઘર્ષ અને કલેશ સિવાય કંઈપણ નથી. જીવનની આ પીડા એ જીવનનું રૂપાંતર કરવાની પ્રેરણા પેદા કરી છે. કદાચ કોઈ એવી ક્ષણ આવે કે જ્યારે મનુષ્ય આનંદ મેળવી શકે છે. હા, આનંદની આશા સેવવામાં આવતી રહેશે, કે તે કાલે મળશે અને આજે આપણે એ જ આશામાં દુ:ખ સહન કરતાં રહીએ છીએ. પરંતુ જ્યારે કાલ આવે છે, ત્યારે તે આપણાંને એટલું જ દુ:ખ આપે છે, કે જેટલું આજે છે. આશા ફરી આગળ સરકે છે. આવી જ રીતે મનુષ્ય આખું જીવન આ સુખની આશામાં જીવે છે અને નિરંતર દુ:ખ મેળવે છે. ક્યારેક ક્યારેક મનુષ્ય એ સુખની આશાના ચક્કરમાં બીજાઓના જીવનમાં દુ:ખ વધારી દે છે. સુખની આશા જળવાઈ રહે છે અને કુદરત, વાતાવરણ, પરિસ્થિતિ દુ:ખના તડફડાટથી કણસતા રહે છે.

આવી સ્થિતિમાં બે વાત વિચારી શકાય અને વિચારવામાં આવી છે. પ્રથમ તો એ કે જીવનમાં આનંદ જેવું કંઈ છે જ નહીં, આનંદની શોધખોળ કરવી ખોટું છે. બીજી વાત એ છે કે જેવું જીવન આજે છે, આજે જીવનની જે સ્થિતિ છે, જે રીતભાત છે, જીવવાની શૈલી છે,એમાં આનંદ નથી. એમાંથી જેના વિચારો પ્રથમ જેવા જ છે, એ તો ઘોર નકારાત્મક ચિંતન ધરાવતો નિરાશાવાદી છે. તેના નિરાશાવાદનો ઉંડામાં ઉંડો અર્થ આત્મહત્યા સિવાય કંઈપણ હોતો નથી.આવા લોકો જીવન તથા પરમાત્માના વરદાનોથી હંમેશા અજાણ જ રહે છે. જેના વિચારો બીજી વાત પર ટકેલા છે, તેને આ સત્યનો બોધ થાય છે, કે જીવનનું પરિવર્તન કરવાની, રૂપાંતર કરવાની શોધ જરૂરી છે.

હવે જીવનનું પરિવર્તન કરવાના પણ બે વિકલ્પો છે. પ્રથમ વિકલ્પ એ છે કે જીવનને બહારથી બદલી નાખો, કદાચ આનંદ પ્રાપ્ત થઈ જાય. બીજો વિકલ્પ એ છે કે આપણે બાહ્ય પરિસ્થિતિઓનો આકાર અને આકૃતિ નહીં, પરંતુ પોતાની આંતરિક પ્રકૃતિને બદલો. જેવા આપણે છીએ, એ હોવાને બદલો, કદાચ ત્યાં આનંદ પ્રાપ્ત થઈ જાય. મનુષ્યે આ તમામ દિશાઓમાં ખૂબ જ પ્રયત્નો કર્યા છે. જ્યારે નિરાશાવાદીઓએ તો જીવનને સમજવાની ચેષ્ટા જ કરી નથી. તેઓ અર્થ અને ઔચિત્યને જ ગુમાવી દીધા છે. જેમણે જીવનને બહારથી બદલવાની ચેષ્ટા કરી છે, તેમણે મોટી સફળતા પ્રાપ્ત કરી છે. પોતાના જીવનમાં અનેક પ્રકાર સાધનો એકઠાં કર્યા છે. શક્તિ પ્રાપ્ત કરી છે, પરંતુ જીવનની આંતરિક દૃષ્ટિના અભાવે તેમની તમામ સિધ્ધિઓ અંતમાં તો તેમને માટે ભસ્માસુર જ સાબિત થઈ છે અને થઈ પણ રહી છે.

જેમણે અંતિમ વિકલ્પ પસંદ કર્યો, તેમનો પ્રયત્ન આ બધા જ પ્રયત્નોમાં સૌથી સાર્થક, સંપૂર્ણ, તર્કબધ્ધ અને વૈજ્ઞાનિક સિધ્ધ થયો છે. આ પ્રયત્નને જ દેવસંસ્કૃતિ એવું નામ આપવામાં આવ્યું છે. તેનો નિષ્કર્ષ ખૂબ જ પ્રભાવશાળી, અર્થપૂર્ણ અને માનવ જીવનમાં ક્રાંતિ લાવનાર સાબિત થયો છે. આ દિશામાં પ્રયોગ કરનારા મહાન વિજ્ઞાની ઋષિઓએ ઉદ્‌ઘોષ કર્યો છે, કે મનુષ્યનું જીવન આનંદથી પરિપૂર્ણ

થઈ શકે છે, અગર જો સાધનાને પ્રથમ અને સાધનોને બાદમાં સ્થાન આપવામાં આવે. જીવનને આનંદથી છલકાવી દેવા માટે મનુષ્યે સૌ પ્રથમ પોતાની પ્રકૃતિમાં પરિવર્તન કરવું પડશે. ત્યારબાદ તેનાથી પ્રાપ્ત થયેલ નવીન જીવન દૃષ્ટિના આધારે પરિસ્થિતિઓ બદલી શકાય.

દેવસંસ્કૃતિના સત્યનું અનુસરણ કરનાર એક નહીં, બલ્કે અનેક લોકોના જીવનમાં અસાધારણ ઘટનાઓ ઘટી છે. તેઓ સાચોસાચ મનુષ્ય રૂપે દેવતા બની ગયા. આધ્યાત્મ જ્ઞાનથી તેમણે પોતાની આંતરિક શક્તિઓનો અમર્યાદિત વિકાસ કર્યો. તેમણે ભૌતિક વિજ્ઞાનમાં પણ આશ્ચર્ય જનક પ્રગતિ સાંધી. જ્ઞાન અને વિજ્ઞાનના અસંખ્ય અને અગણિત ઝરણાંઓ આ દેશની ધરતી પર પ્રવાહિત થયા. મનુષ્યનું દેવતા બનવું અહીં એક મિથ્યા ન રહ્યું, બલ્કે સત્ય સાબિત થયું. દેવસંસ્કૃતિના પ્રણેતા ઋષિઓએ પ્રાયોગિક અને વૈજ્ઞાનિક આધારે જીવન અને અસ્તિત્વના સત્-ચિત્ત-આનંદને સિધ્ધ કર્યા. દેવસંસ્કૃતિના સત્યો અને આદર્શોનો પ્રવાહ આ દેશની ધરતી પર અવતરિત વહેતો જ રહ્યો. હા કાળક્રમ અનુસાર તેના વેગની ગતિમાં અવશ્ય પરિવર્તન આવ્યું છે.

આ દેશની ધરતી પર જન્મેલ અસંખ્ય ઋષિઓ, સંતો અને મનીષીઓએ વારંવાર અસંખ્યવાર તેમાં છુપાયેલ સત્ય અને આદર્શોને સાબિત કરવા પોતાના જીવન દ્વારા સાક્ષી પૂરી. પોતાની જીવન સાધના દ્વારા તેમને દેવસંસ્કૃતિના છુપાયેલા અર્થને પ્રગટ કર્યો છે. એ બધાએ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે એ વાત કહી છે કે જ્યારે એક પછી એક, આ રીતે અનેક લોકોનાં જીવનમાં જો દેવત્વ અવતરિત થઈ શકતું હોય, આનંદ આવી શકતો હોય, તો પછી સૌના જીવનમાં શા માટે નહીં? આ પ્રશ્નનો જવાબ જીવનને સમજવામાં થયેલી ભૂલના નિરાકરણમાં છે. દેવસંસ્કૃતિના સિધ્ધાંતો દ્વારા મનુષ્યના સ્વભાવને સ્વચ્છ બનાવવો, સંસ્કારવાન બનાવવો એકમાત્ર ઉપાય છે. આ ઉપાયને જ્યારે પણ, જેણે પણ અપનાવ્યો છે, તેના જીવનમાં આનંદના પુષ્પો ખિલ્યા છે. ઉમંગની સુરભિ છલકાઈ છે.

દેવસંસ્કૃતિ ભારતવર્ષના તમામ દેવમાનવોની સાધનાનો સાર છે. આ દેશની ધરતીનું મૌલિક સત્ય છે. તેમાં અનેક દૈવી પ્રતિભાશાળીઓના તપની ઉષ્મા છે, ઉર્જા છે, તેજોવલય છે, પ્રકાશ છે. વૈદિક કાળથી લઈને દરેક યુગમાં તેની અભિવ્યક્તિ પોતાની અનોખી રીતે થતી રહી છે. વિશ્વામિત્ર, વશિષ્ઠ, વાલ્મીકિ, વ્યાસ, વામદેવ સૌએ આ સત્યનો અનુભવ કર્યો. તેમણે પોતાના જીવનનું પરિવર્તન કરતાં દેવસંસ્કૃતિને જીવનનો, વિદ્યાનો પર્યાય માન્યો. જીવન જીવવાની કળારૂપે તેનું વિવેચન કર્યું. પોતાના શિષ્યોને તેના શિક્ષણ માટે પ્રેરિત કરતા કહ્યું. **स्वं स्वं चरित्रं शिक्षंते पृथिव्यां सर्वमानवाः** અર્થાત્ હવે તમે જાવ અને પૃથ્વીના તમામ મનુષ્યોને પોતાના આચરણથી, ચારિત્ર્યથી દેવ સંસ્કૃતિના સત્યને, તેના સિધ્ધાંતો, આદર્શોને સમજાવો, બતાવો.

દેવસંસ્કૃતિના વિશ્વવ્યાપી વિસ્તારનું આ જ રહસ્ય છે. દેવસંસ્કૃતિના આચાર્યોએ શબ્દોથી નહીં,વાણીથી નહીં,પોતાના આચરણ થી જનજનને તેના

સિધ્ધાંતો દર્શાવ્યા. તેમણે વારંવાર કહ્યું-મનુષ્ય જીવન વિધાતા દ્વારા બક્ષવામાં આવેલ દુર્લભ વરદાન છે. એ દુઃખનો નહીં, બલ્કે આનંદનો પર્યાય છે. દુઃખ તો કેવળ એ કારણે છે કે આપણાંથી તેને સમજવામાં ભૂલ થઈ છે. આપણે તેને સારી રીતે સમજી શક્યા નથી. આ ભૂલના કારણે જ જીવનને સમજવામાં ગેરસમજ થઈ છે. સત્ય પણ આ જ છે, કે અગર જગતમાં એક પણ મનુષ્ય પ્રકાશમાં ઉભો રહી શક્યો, તો તે સત્યના પ્રકાશની શક્તિ છે. પછી આપણું જે અંધારું છે તે કેટલાક આપણાં જ દ્વારા ઓઢી રાખવામાં આવેલ કારણો છે. કદાચ આપણે આપણાં ઘરનો દરવાજો બંધ કરીને બેઠાં છીએ અને સૂરજ બહાર ઉદય પામી ચુક્યો છે. અગર એક મનુષ્યના જીવનમાં સંગીત ગુંજી ઉઠ્યું અને આપણાં જીવનમાં નહીં; તો કદાચ આપણે બહેરાં બની ગયા છીએ, કાન બંધ કરીને બેઠા છીએ, કારણ કે એ સંગીત છે; એ એક મનુષ્યના જીવનમાં ગુંજવાથી સિધ્ધ થઈ જાય છે. એ જ રીતે અગર એક મનુષ્યના જીવનમાં આનંદનો અવાજ પ્રસ્ફુટિત થઈ શકે તો સૌના જીવનમાં પણ તેની સંભાવના પ્રગટી શકે.

દરેક યુગમાં આ સંભાવના વિદ્યમાન છે. **'संभवामि युगे-युगे'** ની પોતાની શાશ્વત પ્રતિજ્ઞા પૂરી કરવા આવેલ પરમ પૂજ્ય ગુરુદેવે દેવસંસ્કૃતિના આ સત્યને પોતાના જીવનમાં સિધ્ધ કર્યું. યુગસત્યને પ્રગટ કરવાના કારણે તેઓ યુગઋષિ કહેવાયા. તેમને આચરણથી શિક્ષણ આપવાના કારણે આચાર્ય કહેવામાં આવ્યા. દેવસંસ્કૃતિના જ્ઞાન (વેદ)ની સાકાર, સાક્ષાત મૂર્તિ હોવાના કારણે તેઓ વેદમૂર્તિ હતા. એમણે તપ દ્વારા દેવસંસ્કૃતિ ના સત્યની એક જ નિષ્ઠા સાથે સાધના કરી. આ જ એમનું તપોનિષ્ઠ હોવાનું રહસ્ય હતું. ભગવાન શ્રીરામની જેમ જ તેઓ મર્યાદા પુરુષોત્તમ હતા. દેવસંસ્કૃતિ ની તમામ મર્યાદાઓ સ્થાપવા માટે તેમણે અવતાર લીધો. આવા યુગઋષિ વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્મા આચાર્ય આપણાં સૌના પરમ પૂજ્ય ગુરુદેવે પોતાની સાધના દ્વારા દેવમાનવોની હારમાળામાં કંઈક નવા જ નિષ્કર્ષો જોડ્યા. તેમણે આ યુગમાં દેવસંસ્કૃતિની આધ્યાત્મિક ચેતનાને અને વૈજ્ઞાનિક સત્યને એક નવી જ દિશા ચિંધી.

તેમણે બતાવ્યું કે દેવસંસ્કૃતિ સમગ્ર જીવનની સાધના છે. તેમાં પદાર્થ અને ચેતના, વિજ્ઞાન અને આધ્યાત્મ બન્નેનો ઉચિત સમાવેશ છે. ઉદાહરણ માટે જોઈએ તો આપણે જ્યારે એક બીજ વાવીએ છીએ, એ બીજમાંથી એક અંકુર ફૂટે છે, પરંતુ પાસે પડેલ પાણીના ટીંપા, વરસેલું પાણી, સૂરજના કિરણો એનું નિમિત્ત બને છે. તે માધ્યમ બની જાય છે, જેથી બીજમાંથી અંકુર ફૂટી શકે. જો કે એનાથી અંકુરો ફૂટતા નથી, અંકુર તો બીજમાંથી જ નિકળે છે. અગર જો બીજની જગ્યાએ કાંકરો નાખવામાં આવ્યો હોત, તો સારામાં સારી જમીન, સારામાં સારું પાણી, ચળકતા સૂરજના કિરણો અને કુશળમાં કુશળ માળી પણ પણ તેમાંથી અંકુર બહાર લાવી શકતો નથી. બીજી પણ એક વાત સાચી છે કે ઉચ્ચકક્ષાનું બિયારણ હોય, પરંતુ તેને માટે યોગ્ય જમીન ન મળે, તેને પથ્થરાળ જમીન પર વાવવામાં આવે, પાણી ન મળે,

માળીના કુશળ હાથનો સહકાર ન મળે તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બિયારણ પણ પથ્થર પર પડેલ, અંધારામાં ઉગાડવામાં આવેલ, પાણી વગર, સૂરજના કિરણોના અભાવે, માળીના અભાવે મરી જશે. તેમાંથી અંકુરો ફૂટતા નથી. જેવી રીતે બીજના અંકુરો ફૂટવા માટે અનેક પ્રકારના તત્ત્વોનો યોગ્ય તાલમેળ જરૂરી છે, બરાબર એજ રીતે મનુષ્ય જીવનના પરિવર્તન માટે, તેને આનંદથી ઓતપ્રોત કરવા માટે જ્ઞાન અને વિજ્ઞાનના અનેક સિધ્ધાંતો જરૂરી છે. દેવસંસ્કૃતિ આ તમામ આદર્શો, સિધ્ધાંતોની સંયુક્ત વ્યવસ્થા છે. પરમ પૂજ્ય ગુરુદેવનું હંમેશાથી જ તેમાં છુપાયેલ અર્થનું સાધનાત્મક શિક્ષણ, તેના આદર્શોનું વિશ્વ વસુંધરામાં વિતરણ દિવ્ય સ્વપ્ન રહ્યું હતું.

# દ્રષ્ટાએ નિહાળ્યું એક દિવ્ય સ્વપ્ન

''મારું એક સ્વપ્નું છે. મારું આ સ્વપ્ન, કોઈ દિવાસ્વપ્ન નથી, બલ્કે એ દિવ્ય સ્વપ્ન હોય છે.'' આ વાક્ય બોલતા બોલતા પરમ પૂજ્ય ગુરુદેવ સમાધિમાં લીન બની ગયા, વિલક્ષણ અનુભવોમાં ખોવા લાગ્યા. તેમનું મુખ મંડળ એક અલગ પ્રકારના તેજોવલયથી ઝળહળવા લાગ્યું. કપાળ પરનું ચંદ્રાકાર નિશાન ચમકી ઉઠ્યું. ગુરુદેવ ગંભીર બની ગયા. એવું લાગી રહ્યું હતું કે જાણે તેઓ કોઈ ખાસ સત્ય બતાવવા ઈચ્છતા હોય. તેઓ ભવિષ્યને એક નવી જ દૃષ્ટિ આપવા ઈચ્છતા હતા. તેમના ચહેરા પરનો ભાવ કંઈક આવો જ હતો. ખરેખર તેઓ એ ક્ષણોમાં પોતાના અનુભવોના સાગરમાંથી કંઈક હાથ લાગેલ અણમોલ મોતીઓ વહેંચવા ઈચ્છતા હતા.

એ દિવસે પણ મધ્યાનનો સમય હતો, પરંતુ એ મધ્યાન મે માસનો બળ બળતો, ધોમધખતો મધ્યાન હતો. ભગવાન સૂર્યનારાયણ ખૂબ જ ઉદારતા પૂર્વક ચારે તરફ પોતાના તડકાની લહાણ કરી રહ્યા હતા. તેની ગરમીના પ્રભાવથી હવા પણ ખૂબ જ ગરમ થઈ ગઈ હતી. ત્યાં ઉપસ્થિત સૌને ગરમીનો અહેસાસ થવા લાગ્યો હતો. ઋતુના પ્રભાવથી પેદા થયેલ ગરમી મધ્યાનના સમયે કંઈક વધુ વધી જાય છે, પરંતુ પૂજ્ય ગુરુદેવની સામાન્ય દિનચર્યા પણ તપશ્ચર્યા હતી. એની ઉપર ઋતુઓનો કોઈ પ્રભાવ પડતો ન હતો. એમાં ન તો કોઈ વધઘટ થતી અને ન તો હેરફેર થતી. હંમેશા તેઓ પોતાના તપમાં તપતા હતા.

તેમના તપનો તાપ, સૂર્યના તાપ કરતા કંઈક અલગ જ હતો. સૂર્યના તાપથી કેવળ શરીર જ તપે છે. બાહ્ય વાતાવરણમાં તેનો અનુભવ થાય છે, પરંતુ પૂજ્ય ગુરુદેવના તપના તાપનો અનુભવ મન તથા પ્રાણ કરતા હતા. તેમના સંગમાં પસાર કરેલી કેટલીક ક્ષણો પણ જીવનમાં ધન્યતાનો અનુભવ કરાવનારી હતી. જે કોઈપણ તેમને મળતું, તે તેમની પાસેથી પોતાની પાત્રતા, યોગ્યતા અનુસાર કંઈકને કંઈક અવશ્ય મેળવી લેતું. તેમની આપવાની રીત જ નિરાળી હતી. તેઓ રોગ, શોક, મુશ્કેલીઓ, દુઃખ, દર્દ વગેરે લૌકિક સમસ્યાઓનું જ નિરાકરણ કરતા જ ન હતા, બલ્કે આત્માની ક્યારીમાં પણ બીજારોપણ કરતા હતા. પોતાના તપની ઉર્જાથી, ઉષ્માથી તેને ઉગાડતા, ઉછેરતા રહેતા હતા.

આવા તપોમૂર્તિ ગુરુદેવ બોલી રહ્યા હતા, ''બેટા, આ દેશની ધરતીમાં જ્યારે પણ નવું જીવન અંકુરિત થયું છે, એ વિશ્વવિદ્યાલયોમાં જ અંકુરિત થયું છે. નવો યુગ જ્યારે પણ આવ્યો છે, ત્યારે તેની શરૂઆત વિશ્વવિદ્યાલયમાંથી જ થઈ છે. જ્યારે પણ નવા મનુષ્ય ઘડવામાં આવ્યા છે, કંડારવામાં આવ્યા છે અને તેમને નવીન દિશા મળી તો વિશ્વવિદ્યાલયોમાં જ મળી છે. પરંતુ આ વિશ્વવિદ્યાલયો આજના વિશ્વવિદ્યાલયો જેવા ન હતા. તેમાં પુસ્તકોના પાઠ રટાવવા અને પૈસા એકત્ર કરવાના

બદલે વિદ્યાનું વરદાન આપવામાં આવતું. મહામાનવો. દેવપુરુષોના છોડ તૈયાર કરવામાં આવતા. નાલંદા તક્ષશિલાના વિશ્વવિદ્યાલયો આ પ્રકારના જ હતા.''

''અહીં નો ઉર્જાવાન આચાર્ય અને પ્રાણવાન વિદ્યાર્થી મળી પ્રાણ ઉર્જાનો એવો પ્રવાહ પેદા કરતા કે સમગ્ર દેશમાં પ્રાણ લહેરાઈ ઉઠતો હતો. સમગ્ર ધરતી પર જીવન મૂલ્યોના વરદાનોની વર્ષા થતી.'' આટલું કહેતા કહેતાં પૂજ્ય ગુરુદેવ ક્ષણભર માટે થંભી ગયા. ક્ષણભરની આ સમાધિમાં કદાચ તેઓ કોઈ સત્યને સાકાર થતું નિહાળી રહ્યા હતા. પોતાની દૃષ્ટિના પથમાં આવેલ આ સત્યને પ્રગટ કરતા તેઓ કહેવા લાગ્યા, કે ''આવા જ એક વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવી મારું સ્વપ્ન છે.''

સાંભળનારા સૌ પોતાના સદ્ગુરુના સામર્થ્યથી પરિચિત હતા. એમને જાણ હતી કે તેમના ગુરુદેવ યુગશક્તિ ગાયત્રીના સત્ય અને સિધ્ધિને પ્રાપ્ત કરનાર આ યુગના વિશ્વામિત્ર છે. તેમનામાં નવસર્જનની, નવી સૃષ્ટિ રચવાની શક્તિ છે. સાંભળનારાની વિચારોની કડીઓ પૂજ્ય ગુરુદેવની વાણીમાંથી વહી રહેલ પ્રાણ પ્રવાહમાં વિલીન થઈ ગઈ. હવે કેવળ એમના શબ્દો જ ગુંજી રહ્યા હતા, આ વિશ્વવિદ્યાલય એવું હશે, કે જ્યાંથી કૌડિલ્ય અને કુમારજીવ જેવા વિદ્યાર્થીઓ બહાર આવશે, જે દેશની ધરતી અને વિશ્વ વસુંધરામાં દેવસંસ્કૃતિની સંવેદનાનો વિસ્તાર કરશે.

''આ દેવસંસ્કૃતિનું એવું ધ્રુવ કેન્દ્ર હશે, કે જ્યાં દેશના ખૂણેખૂણામાંથી જ નહીં, બલ્કે વિશ્વના દરેક ખંડમાંથી લોકો અહીં આવશે એ જાણશે કે ભારતીય સંસ્કૃતિ શું છે? અહીં ભારતીય સંસ્કૃતિ અને ભારતીય વિદ્યાઓના દરેક પક્ષ પર અધ્યયન કરવામાં આવશે, શિક્ષણ આપવામાં આવશે, સંશોધન થશે.'' પોતાનું આ વાક્ય પૂરું કરતા કરતા ગુરુદેવ વળી પાછા ચુપ થઈ ગયા, પરંતુ તેમનું આ મૌન બસ એક જ ક્ષણ માટે સચવાઈ રહ્યું. બીજી જ ક્ષણે તેઓ ફરી બોલી ઉઠ્યા, ''આમ તો અત્યારે આપણી પાસે બ્રહ્મવર્ચસ સંશોધન સંસ્થા છે, પરંતુ એ ખૂબ જ નાની છે. એમાં એટલું મોટું કામ થઈ શકે નહીં. આટલા મોટા કામ માટે તો એક વિશ્વવિદ્યાલય જોઈએ.''

''દેવસંસ્કૃતિનું વ્યાપક અને બહુ પક્ષીય અધ્યયન, શિક્ષણ અને સંશોધન માટે બનાવવામાં આવેલ વિશ્વવિદ્યાલય.'' આપણી આ ભાવી રચનાને જાણે તેમણે એક ક્ષણ માટે પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળી. તેની સાથે જ એમના ઓષ્ઠ પર આછા સ્મિતની એક લહેર દોડી ગઈ. આ સ્મિતના પ્રકાશમાં સત્ય પ્રગટી ઉઠ્યું. તેમણે સાંભળનારાઓ ને ટોકતા કહ્યું કે ''દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય નામ કેવું રહેશે?'' પછી તેઓ નામના મહત્ત્વને સ્પષ્ટ કરતા કહેવા લાગ્યા,''નામ કોઈ વ્યક્તિનું હોય કે કેન્દ્રનું તેનાથી તેના ગુણ અને કાર્યોની અભિવ્યક્તિ થવી જ જોઈએ. તેના નામમાંથી જ તેની પ્રથમ છબિ ઉપસી આવે છે, મળી આવે છે. આપણાં વિશ્વવિદ્યાલય નું નામ કંઈક એવું હોવું જોઈએ કે જેને સાંભળી લોકો તેના મહત્ત્વના ઉદ્દેશો અને કાર્યોને

જાણી શકે, એના અંગે વિચારી શકે.''

સાંભળનાર સૌ કોઇ ગુરુદેવની આ વાણી મુગ્ધ મનથી સાંભળી રહ્યા હતા. તેમને આ વાત સમજમાં આવી રહી હતી કે સદ્‌ગુરુની દિવ્યદૃષ્ટિ ભવિષ્યના જે વિશ્વવિદ્યાલયને જોઇ રહી છે. એનું નામ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય હશે અને બ્રહ્મવર્ચસનો મોટું, વિશાળ એ વ્યાપક સ્વરૂપ હશે. પૂજ્ય ગુરુદેવની યોજના કદાચ અત્યારે સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈ શકી ન હતી. તેઓ હજી કંઈ બીજું જ કહેવા ઈચ્છતા હતા. તેમણે હજી કંઈક બીજું જ બનાવવું હતું. પોતાના ભાવને વાણી આપતા તેમણે કહ્યું કે ''બેટા આ વિશ્વવિદ્યાલયની સ્થાપના સુધી તો હું નહીં રહું, પરંતુ તમે લોકો તેને બનતું જોશો. તમારે સૌએ આ જવાબદારી ઉઠાવવાની છે અને નિભાવવી પડશે. તેને માટે તમે લોકો અત્યારથી જ પોતાની યોગ્યતા વધારો.''

''હું આ વિશ્વવિદ્યાલય માટે એક એવો આચાર્ય ઈચ્છું છું, જે પોતાના આચરણ અને જીવન દ્વારા શિક્ષણ આપી શકે. મારે વ્યાખ્યાન આપનાર વ્યાખ્યાતા જોઈતા નથી. બુધ્ધિ અને શબ્દોથી અગર કંઈ બદલી શકાયું હોત, તો સમગ્ર દુનિયા ન જાણે ક્યારની એ બદલાઈ ગઈ હોત. જેઓ શબ્દો દ્વારા રમત રમે છે, જે નટ, બાજીગરની જેમ બુધ્ધિથી ગુલાંટોનો ચમત્કાર દેખાડે છે, આવો આડંબર કરનારાઓથી આપણું કામ ચાલવાનું નથી. મારે તો સંકલ્પવાન આચાર્ય જોઈએ. જે પોતાની સંસ્કૃતિ માટે, માતૃભૂમિ માટે, વિશ્વ માનવતા માટે સ્વયંને ધીરે ધીરે સમાપ્ત કરવાનું સાહસ ધરાવતો હોય.''

''જૂઓ ચાણક્ય કોણ હતો. તક્ષશિલા વિશ્વવિદ્યાલયનો આચાર્ય હતો. એ ખાલી વિદ્વાન અને વ્યાખ્યાનબાજ ન હતો. તેની અંદર આચરણની નિષ્ઠા હતી, સંકલ્પનું બળ હતું. પોતાના દેશ અને ધરતી પ્રત્યે અનુરાગ હતો, પ્રેમ હતો. પોતાની સંસ્કૃતિ માટે સમર્પણ હતું, માતૃભૂમિ માટે મરી મટવાની નિષ્ઠા હતી. પોતાના ગુણોની તાકાત વડે તેણે વિદેશી યવનોને હાંકી કાઢ્યા, દેશના અત્યાચારી અને અન્યાયી રાજાઓની ધૂળધાણી કરી માટીમાં મેળવી દીધા. ચંદ્રગુપ્ત જેવા સામાન્ય અને ગલી કૂંચીમાં ભટકાનારા બાળકને પરાક્રમી લડવૈયો, મહાન સેનાપતિ અને નીતિવાન કુશળ સમ્રાટ બનાવી દીધો. તેના પ્રયત્નોથી એક નવાયુગની શરૂઆત થઈ ગઈ.''

''મારું સ્વપ્ન પણ કંઈક આવું જ છે. હું ઈચ્છું છુ કે એવા વિશ્વવિદ્યાલયની સ્થાપના થાય, કે જેનો આચાર્ય અને વિદ્યાર્થીઓ મળી એક નવા જ યુગનો જન્મ આપે. ભગવાન સાક્ષી છે કે મારા સ્વપ્નો ક્યારે પણ અધૂરા રહેતા નથી. મારું સ્વપ્ન પણ પૂરું થશે જ; પરંતુ તેને તમારે સૌએ મળીને પૂરું કરવાનું છે. તમે સૌ મળી કંઈક એવું કરજો કે ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયનો મહિમા તેમાં પ્રગટ થઈ શકે.'' ગુરુદેવના શબ્દો તો હંમેશા મંત્ર જ હતા અને છે. આજે જે કંઈ પણ થઈ રહ્યું છે, તેમાં તેમના દ્વારા ઉચ્ચારવામાં આવેલ મંત્રોનો મંત્રાર્થ જ પ્રગટ થઈ રહ્યો છે.

# કેન્દ્ર, કે જ્યાંથી સંસ્કૃતિએ, સંવેદનાએ વિશ્વમાં વિસ્તાર કર્યો

પ્રાચીન ભારતમાં ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયો દેવસંસ્કૃતિ ના કેન્દ્રો રહ્યા છે. અહીંથી જ સંસ્કૃતિએ, સંવેદનાએ સમગ્ર વિશ્વમાં વિસ્તાર કર્યો હતો. પ્રાચીન ગ્રંથો, ઈતિહાસ તથા પુરાણોમાં આ વિશ્વવિદ્યાલયોનો ઉલ્લેખ જોવા,વાંચવા મળે છે. ત્યારે આચાર્ય તથા શિષ્ય બન્ને જ પોતાની સંસ્કૃતિ અને જીવન મૂલ્યો પ્રત્યે સમર્પિત જીવન જીવતા હતા. **सह नौ यशः सह ब्रह्मवर्चसम्** આ તેમનું આદર્શ વાક્ય હતું. આ વાક્યના અર્થ અનુસાર એક એવું તપસ્વી જીવન અપનાવતા હતા કે જે એ બન્નેના બ્રહ્મતેજને અને યશને વધારવા સહાયક નિવડે. ઋષિઓની એવી માન્યતા હતી કે તપસ્વી જીવન પધ્ધતિ અપનાવી કરવામાં આવેલો અભ્યાસ વિદ્યાનો જન્મ આપે છે. તપના અભાવે કરવામાં આવેલો અભ્યાસ માત્ર શિક્ષણ બનીને રહી જાય છે. એનાથી તો કેવળ જાણકારીઓ જ મળે છે. પ્રાચીન ભારતના વિશ્વવિદ્યાલયો તપ અને વિદ્યાના કેન્દ્રો હતા. તેની જ ઉષ્માથી સંસ્કૃતિને જીવન મળતું હતું; દેવત્વનો વિકાસ થતો હતો.

જે ઋષિઓએ પોતાના સમયમાં વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી, તેમાં અગસ્ત્ય, કણ્વ,જાબાલિ,પરશુરામ,વાલ્મીકિ, ભારદ્વાજ, વશિષ્ઠ,વામદેવ,વિશ્વામિત્ર, વ્યાસ, શૌનક અને સંદીપની વગેરેનો સમાવેશ થાય છે. જેમનો ખાસ ઉલ્લેખ કરવા જેવો છે. એમાંથી મહર્ષિ અગસ્ત્યનું નામ દેવસંસ્કૃતિના પ્રચારક રૂપે ખૂબ જ પ્રસિધ્ધ હતું. વાલ્મીકિ રામાયણના અરણ્ય-કાંડ તથા મહાભારતના વન પર્વના વિવરણ અનુસાર તેઓ વિંધ્યાચળ પર્વતની ઉંચી ટેકરીઓ ઓળંગી દક્ષિણ ભારતમાં ગયા હતા. ત્યાં તેમણે દેવસંસ્કૃતિના સત્યો, આદર્શો, સિધ્ધાંતોનો પ્રચાર કર્યો. તેને માટે તેઓ અગ્નિખૂણામાં આવેલ ટાપુઓમાં પણ ગયા. પ્રાચીન ભારતીય સાહિત્યમાં મહર્ષિ અગસ્ત્ય દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વ વિદ્યાલયો સાથે સંબંધ ધરાવતા કેન્દ્રોની જગ્યા ભારત વર્ષના અનેક સ્થળો પર દર્શાવવામાં આવી છે. આ કેન્દ્રો હિમાલયથી લઈને દક્ષિણમાં આવેલ સમુદ્ર તટ સુધી ફેલાયેલ હતા.

મહર્ષિ કણ્વ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલય સમગ્ર ભારત દેશનો ગૌરવ હતો.તેની પવિત્રતાના કારણે મહા ભારત, સ્કંદપુરાણ અને અગ્નિપુરાણમાં તેને તીર્થ, ધર્મારણ્ય અને તપોભૂમિ પણ કહેવામાં આવેલ છે. એ પોતાના સમયનું પ્રસિધ્ધ વિદ્યાનું ધામ હતું. અભિજ્ઞાન શાકુંતલમાં કણ્વના વિશ્વ વિદ્યાલયને માલિની નદીના તટ પર સ્થિત દર્શાવવામાં આવ્યું છે. આજકાલ આ સ્થળ કોટદ્વાર-હરિદ્વાર માર્ગ પર કોટદ્વારથી છ માઈલ દૂર પશ્ચિમમાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. જાણીતા ઈતિહાસકાર ડૉ.રાધા કુમુદ મુખર્જીના કથન અનુસાર **મહર્ષિ કણ્વના** વિશ્વ વિદ્યાલયમાં ચાર વેદ, વેદાંગ, કર્મકાંડ, યજ્ઞ, કલ્પસૂત્ર, શિક્ષણ,ધ્વનિ

વિજ્ઞાન,શબ્દવિજ્ઞાન, છંદો, વ્યાકરણ, નિરુક્ત, આત્મવિજ્ઞાન, બ્રહ્મોપાસના, ન્યાય,ભૌતિક વિજ્ઞાન, કલાઓ, ગણિત, દ્રવ્યગુણ, જીવવિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન વગેરે વિષયો ભણાવવામાં આવતા.''

પ્રાચીન ભારતીય સાહિત્યમાં **મહર્ષિ જાબાલિ**નું નામ પણ ખૂબ જ પ્રસિધ્ધ છે. સંસ્કૃત કાવ્યો રચનારાઓએ તેમના વિશ્વ વિદ્યાલયનું વિસ્તાર પૂર્વક વર્ણન કર્યું છે. બાણે કાદંબરી કાવ્યમાં તેનું સ્થળ વિંધ્યાચળ પર્વતમાળામાં આવેલું હોવાનું વર્ણન કર્યું છે. જ્યાં હજારો વિદ્યાર્થીઓ વિદ્યાનું અધ્યયન કરતાં હતાં. વિજ્જિકાએ કૌમુદી મહોત્સવ નાટકમાં તેનો ઉલ્લેખ કર્યો છે. તેના વર્ણન અનુસાર દુર આવેલ દેશોના રાજકુમારો માટે આ વિશ્વવિદ્યાલય આકર્ષણનું કેન્દ્ર બિંદુ હતું. ભગવાનના અવતાર રૂપે લોકોમાં વિખ્યાત **મહર્ષિ પરશુરામે** પણ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી હતી. સંસ્કૃત કવિ રાજશેખરના કથન અનુસાર આ વિશ્વ વિદ્યાલય તેમણે મહેન્દ્ર પર્વત પર બનાવ્યું હતું. અનેક વિદ્વાનો મહેન્દ્રપર્વતનું સ્થળ ઓરિસ્સા માં આવેલું બતાવે છે.

પ્રાચીન ભારત વર્ષમાં વિશ્વવિદ્યાલય ની સ્થાપના કરનારાઓમાં **મહર્ષિ વાલ્મીકિ**નું નામ પણ ખૂબ જ શ્રધ્ધા સાથે લેવામાં આવે છે.તેઓ રામાયણની રચના કરનાર અને આદિ કવિ માનવામાં આવે છે. પ્રાચીન સાહિત્ય અનુસાર મહર્ષિ વાલ્મીકિનો વિશેષ સંબંધ **તમસા** અને **ગંગા** નદીની સાથે રહ્યો છે. એટલા માટે વિશ્વવિદ્યાલયનું સ્થળ આ બન્ને નદીઓના તટ પર ક્યાંક હોવું જોઈએ. સ્થળ અંગે ઈતિહાસકારો ના મતમતાંતરો અથવા અભિપ્રાયમાં ભિન્નતા હોવા છતાં એ સર્વ સત્ય છે, કે આ વિશ્વવિદ્યાલય પોતાના સમયમાં વિદ્યાનું મહાન ધામ હતું. મહાકવિ ભવભૂતિના કથન અનુસાર અહીં વિદ્યાર્થીનીઓ પણ અધ્યયન કરતી હતી.

**મહર્ષિ ભારદ્વાજે** પણ ગંગા તથા યમુનાના સંગમ સ્થળ પર એક વિખ્યાત વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી હતી. રામાયણમાં આવતા વર્ણન અનુસાર એ પોતાના સમયનું ખૂબ જ પ્રસિધ્ધ વિદ્યાનું ધામ હતું. ગોસ્વામી તુલસીદાસે પણ-'**भरद्वाज मुनि बसहिं प्रयागा**' કહીને તેમનું સ્મરણ કર્યું છે. સંસ્કૃત સાહિત્યમાં એની સાથે સંબંધ ધરાવતા એક કેન્દ્રનો ઉલ્લેખ હરિદ્વારની નજીક આવેલ સ્થળનો પણ મળી આવે છે. આ કેન્દ્રનો ભાર અગ્નિવેશ નામના એક આચાર્ય સંભાળતા હતા. પછીના સમયમાં તેમણે દ્રોણ અને દ્રુપદને ધનુષ વિદ્યા શિખડાવી હતી.

ઈક્ષ્વાકુઓના કુળગુરુ **મહર્ષિ વશિષ્ઠ** નો લગભગ તમામ વૈદિક અને પૌરાણિક સાહિત્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંસ્કૃત સાહિત્યના વર્ણન અનુસાર તેમણે બે વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી હતી. તેમાંથી એક અયોધ્યામાં આવેલું હતું. તેનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણમાં પણ કરવામાં આવ્યો છે. મહર્ષિ વશિષ્ઠના આ વિશ્વ વિદ્યાલયોમાં વિદ્યાર્થી સંઘનું વિધાન હતું. મહર્ષિ વાલ્મીકિએ તેનો '**मेखलीनां महासंघाः**' કહી ઉલ્લેખ કર્યો છે. આ સંઘોનો રાજાની સભામાં પણ પ્રભાવ હતો. મહર્ષિ વશિષ્ઠ દ્વારા સ્થાપવામાં આવેલ બીજું વિશ્વવિદ્યાલય હિમાલયની તળેટીમાં આવેલું હતું. મહાકવિ કાલિદાસે પોતાના ''રઘુવંશ'' નામના મહાકાવ્યમાં તેનું વર્ણન

કર્યું છે.

વિશ્વવિદ્યાલયની સ્થાપના કરનારા-ઓમાં **મહર્ષિ વામદેવ**નું નામ પણ ખૂબ જ પ્રસિધ્ધ છે. વામદેવનું આ વિશ્વવિદ્યાલય વિંધ્યાચળ પર્વત માળામાં આવેલ નર્મદા નદીના ઉદ્‌ગમ સ્થળની નજીકમાં આવેલું હતું. મહાકવિ દંડીના દશકુમાર ચરિતના વર્ણન અનુસાર રાજવાહન વગેરે કુમારો એ આ જ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ મેળવ્યું હતું.

વૈદિક પરંપરાના ઋષિઓમાં **બ્રહર્ષિ વિશ્વામિત્ર**નું નામ આગળ પડતું છે. ઋગ્વેદના ત્રીજા મંડળમાં ઋષિ વિશ્વામિત્ર જ છે. શાસ્ત્રોના વર્ણન અનુસાર તેમનું વિશ્વ વિદ્યાલય ગંગા તથા સરયુ નદીના સંગમ સ્થળ પર આવેલું હતું. આજે આ સ્થળને બકસર તરીકે ઓળખવામાં આવે છે. એ પટણા શહેરથી ઘણું દૂર છે. પુરાતત્વ વિદ્દોને અહીંથી એવા અનેક પુરાવશેષો પ્રાપ્ત થયેલા છે,કે જે મહર્ષિ વિશ્વામિત્રના વિશ્વવિદ્યાલય હોવાની સાક્ષી પૂરે છે.

વેદોનું સંકલન કરનારા,મહાભારત ની કાવ્યની રચના કરનાર તથા અઢાર પુરાણના સંગ્રહ કર્તા **મહર્ષિ વ્યાસે** હસ્તિનાપુર ની નજીક વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી. તેમના આ વિશ્વવિદ્યાલય સાથે સંબંધ ધરાવતા કેન્દ્રો ભારતદેશમાં અનેક જગ્યાએ આવેલ હતા. તેમની શિષ્ય પરંપરામાં મહર્ષિ શૌનકે નૈમિનારણ્યમાં વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી. અહીં યોજાતા આંતરરાષ્ટ્રીય સંમેલનો ખૂબ જ પ્રસિધ્ધ હતા. એમાં ધાર્મિક,રાજકીય અને વિજ્ઞાન સંબંધી વિચારો પર વાર્તાલાપ ચાલતો.આ વિશ્વવિદ્યાલયની શિક્ષણ પ્રથા અગિયારમી સદી સુધી ચાલતી રહી. પશ્ચિમના વિદ્વાન મી.વેવરે પોતાની શોધખોળ બાદ તૈયાર કરેલા રીપોર્ટમાં તેની ખૂબ જ પ્રશંસા કરી છે.

પ્રાચીન વિશ્વવિદ્યાલયોના સ્થાપકો માં **મહર્ષિ સંદીપની**નું નામ પણ ખૂબ જ ગૌરવથી લેવામાં આવે છે. તેમણે ઉજ્જૈનમાં વિશ્વવિદ્યાલય ની સ્થાપના કરી હતી. ભગવાન શ્રીકૃષ્ણે અહીં વિદ્યા પ્રાપ્ત કરી હતી. આ તમામ પ્રાગ ઐતિહાસિક કાળમાં જે વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી હતી, એ પ્રથા ઐતિહાસિક સમયમાં ચાલૂ રહી. વિદ્યા માટે વિશ્વવિખ્યાત આ કેન્દ્રો દેવસંસ્કૃતિ પર પ્રાણ ઉર્જાનું વરદાન વરસાવતા રહ્યા.

ઐતિહાસિક વિશ્વવિદ્યાલયોમાં **તક્ષશિલા** વિશ્વવિદ્યાલય કોઈ એક સમયે આ દેશનું મહાન વિદ્યાનું ધામ હતું. આજે આ સ્થળ પાકિસ્તાનના રાવલપિંડી શહેરથી ૩૦ કિલોમીટર દૂર આવેલ છે. પુરાતત્વવિદ્ સરજોન માર્શલે પુરાતત્વીય ઉત્ખનન દ્વારા તેના ઐતિહાસિક પુરાવાઓનું સંકલન કર્યું હતું. ઐતિહાસિક વર્ણન અનુસાર ભગવાન શ્રીરામે પોતાના ભાઈ ભરતના પુત્ર તક્ષની આ સ્થળના રાજા તરીકે નિમણૂંક કરી હતી. તેના જ નામથી આ નગર તક્ષશીલ નામે પ્રસિધ્ધ બન્યું. રાજા તક્ષે પોતાના સમયમાં જ અહીં તક્ષશીલા નામના વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી.મહાભારતના સમયમાં પણ તક્ષશીલા વિશ્વ વિદ્યાલય ખૂબ જ પ્રસિધ્ધ હતું. મહા ભારતના આદિ પર્વના વર્ણન અનુસાર જનમેજય રાજાએ આ જગ્યાએ યજ્ઞ કર્યો

હતો.ત્યારબાદ આ નગર અને વિશ્વ વિદ્યાલય તક્ષશિલાના નામે પ્રસિધ્ધ થયા. તક્ષશીલા ગાંધાર જિલ્લાની રાજધાની પણ રહી હતી. ઈસ્વીસન પૂર્વે સાતમી સદીમાં આ વિશ્વ વિદ્યાલયની કીર્તિ વિશ્વવ્યાપી બની ગઈ. વ્યાકરણ શાસ્ત્રના પ્રણેતા આચાર્ય પાણિની, રાજનીતિના મહાપંડિત ચાણક્ય, મહાન આયુર્વેદાચાર્ય જીવક અહીંના વિદ્યાર્થીઓ હતા.

ઐતિહાસિક સમયમાં નાલંદા વિશ્વ વિદ્યાલયનું પણ ખૂબ જ ઉંચું સ્થાન હતું. તેની સ્થાપના સમ્રાટ અશોકે કરી હતી. આ વિશ્વવિદ્યાલયનું સ્થળ પટણાથી ચાલીસ માઈલ દૂર અગ્નિ ખૂણામાં આવેલું હતું. ચોથી તથા પાંચમી સદીમાં ગુપ્ત સમ્રાટોના સમયમાં તેનો ખૂબ જ વધારે વિકાસ થયો. ઐતિહાસિક વર્ણનો અનુસાર ચોથી સદીમાં ચીની યાત્રી ફાહિયાને અહીંનો પ્રવાસ ખેડ્યો હતો. ત્યાર પછીની ત્રણ સદી બાદ હું-એન-સંગે પોતાની ઐતિહાસિક નોંધમાં નાલંદા વિશ્વવિદ્યાલયની કીર્તિનું વર્ણન કર્યુ છે. તેણે જાતે પણ અહીં પાંચ વર્ષ રહી બૌધધર્મનું અધ્યયન કર્યુ હતું. ઈત્સિંગના સમય (સાતમી સદીના ઉત્તરાર્ધમાં) માં નાલંદા એક મહાન કીર્તિવાન વિશ્વવિદ્યાલય હતું. અહીં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ વધારે રહેતી હતી.

વિદ્યાના ધામ રૂપે **વારાણસી**નું નામ પણ આરંભથી જ શ્રધ્ધાનું કેન્દ્ર રહ્યું છે. આજે પણ પરંપરાગત રીતે બ્રાહ્મણ કુટુંબોમાં યજ્ઞોપવિતના સમયે બ્રહ્મચારી વિદ્યા પ્રાપ્ત કરવા માટે કાશી જવાની વાત કહેવામાં આવે છે. દેવસંસ્કૃતિના વિસ્તારમાં આ શિવનગર કાશીનું સ્થાન તથા મહત્ત્વ હંમેશા માટે અવિસ્મરણીય અને પ્રાતઃસ્મરણીય છે. ઈતિહાસકારોએ વિદ્યાના ધામ રૂપે વિક્રમશીલા વિશ્વવિદ્યાલયની પ્રશંસા કરી છે. તેની સ્થાપના ૮ મી સદીમાં પાલવંશના રાજા ધર્મપાલે કરી હતી. આ વિશ્વવિદ્યાલય ગંગાનદીના તટ પર આજના ભાગલપુરથી ૨૪ માઈલ દૂર આવેલું હતું. પુરાતત્વવિદ્ કર્નિંઘમે ઉત્તર મગધના બડગાંવની નજીક તેની ભાળ મેળવી છે. તમામ ઈતિહાસકારો એ અંગે એક મત છે કે આ વિશ્વવિદ્યાલય પોતાના સમયમાં દેવસંસ્કૃતિનો ઝળહળતો દીવડો હતું. તેને ઈસ્વીસન ૧૨૦૩માં ક્રુર આક્રમણખોર મુહમ્મદ-બિન-બખ્તિયાર ખિલજીએ પોતાના નૃશંસ હુમલાથી તેને ઓલવી નાખ્યો. ઈતિહાસકારોના કથન અનુસાર પાલવંશના રાજાઓએ વિક્રમશીલાની જેમ જ ઉદ્દ્યંતપુર-માં વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી. આ વિશ્વવિદ્યાલયને આદર્શ માની અનેક સ્વદેશી રાજાઓએ પણ પોતાનો ત્યાં આ પ્રકારના વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી, પરંતુ બખ્તિયાર ખિલજીની ક્રુરતાએ તેનો પણ નાશ કરી નાખ્યો.

ભારત દેશના પ્રાચીન વિશ્વ વિદ્યાલયોમાં **વલ્લભી**નું નામ પણ ખૂબ જ પ્રસિધ્ધ છે. આ વિશ્વવિદ્યાલયનું સ્થળ ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર શહેરમાં આવેલું હતું. ચીની યાત્રાળુ હુ-એન-સંગે અને ઈત્સિંગે પોતાની નોંધપોથીમાં આ વિશ્વવિદ્યાલયનો ઉલ્લેખ કરતા લખે છે કે ભારતની સંસ્કૃતિના તમામ પક્ષો અહીં ઝળહળી રહેલ છે. અહીંનો સ્નાતક હોવું જ યોગ્યતાનો પર્યાય છે. ઈતિહાસ -કાર અલતેકરે પણ પોતાના અધ્યયનમાં વલ્લભીને દેવસંસ્કૃતિનો

કીર્તિસ્તંભ ગણ્યો છે. બંગાળના પાલ વંશીરાજા રામ પાલે અગિયારમી સદીમાં ગંગા અને કરતોયા નદીઓના સંગમ પર જગદ્દલ વિશ્વવિદ્યાલય ની સ્થાપના કરી હતી. આ વિશ્વવિદ્યાલયે પોતાના એક સદીના જીવનમાં ભારત દેશ પર હજારો વરદાનોની વર્ષા કરી.

દેશના અન્ય કેટલાક સ્થળોએ પણ વિદ્યાના ધામ રૂપે સન્માન પ્રાપ્ત કર્યું છે. એમાં **મિથિલા,** બંગાળનું **નવદ્વીપ**, મૈસુરનું **બેલગામ**, માળવાની **ધારાનગરી** પર દેશના નાગરિકોની અખૂટ શ્રધ્ધા વરસી છે. અહીંના વિદ્યાધામો અને અહીં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓએ દેવસંસ્કૃતિ અને દેવભૂમિ ભારતને ઉર્જાવાન બનાવ્યા છે. એ સ્થળોના વિદ્વાનો અને આચાર્યો, શિષ્યો તથા સાધકોએ પ્રાચીન ઋષિઓના શાશ્વત જ્ઞાનને સામાયિક દૃષ્ટિ આપી. પોતાની વિદ્યાની સાધનાથી અનુભવો સત્ય દ્વારા રાષ્ટ્રીય જીવનમાં નવો પ્રાણ ફૂંક્યો. વિશ્વ માનવતાને પોતાના જ્ઞાનથી ધન્યધન્ય બનાવી. પ્રાગ ઐતિહાસિક કાળના ઋષિઓએ અને તેમના વિશ્વવિદ્યાલયોએ તથા ઐતિહાસિક કાળના વિશ્વ વિદ્યાલયોએ જે જીવન દૃષ્ટિની શોધ કરી, તેને જ મૂળ ધરી માની દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય શૈક્ષણિક જગતમાં નવી ક્રાંતિ કરવા માટે કૃત સંકલ્પિત બન્યું છે.

# આ ક્રાંતિ ઋષિ દૃષ્ટિ દ્વારા થશે

શૈક્ષણિક જગતમાં ઋષિઓની દૃષ્ટિ દ્વારા જ નવી ક્રાંતિ સંભવ છે. ઋષિઓની દૃષ્ટિમાં અનોખી વિશેષતા છે, ગુણો છે. ઋષિઓ એટલું જ જોતા નથી, કે જેટલું આપણાં સૌને દેખાય છે. તેઓ તેને પણ જૂએ છે, જેને આપણી આંખો જોઈ શકતી નથી. તેઓ જીવનની ઉપરની સપાટીની સીમાઓની સાથે તેના ઉંડાણમાં છુપાયેલ અસીમ સંભાવનાઓ પણ જૂએ છે. પોતાની ઉજ્જવળ દૃષ્ટિથી મનુષ્યના વર્તમાનને ઉપરાંત તેના ભવિષ્યને પણ જોતા હોય છે. તેને ઘડવાની, સજાવવાની પ્રક્રિયા અપનાવે છે અને પ્રયોગ પણ કરે છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની દિવ્ય દૃષ્ટિનું, એવા જ ગુણોનું સાકાર સ્વરૂપ છે. આ એ ક્રાંતિની ધરતી છે, કે જ્યાં શૈક્ષણિક જગતમાં એક નવીન ક્રાંતિની અનેક ક્રાંતિકારી યોજનાઓ જન્મ લઈ રહી છે.

શિક્ષણનો વર્તમાન જગ જાહેર છે. એના અંગે દરરોજ ઘણું બધુ કહેવામાં આવતું રહે છે, લખવામાં આવતું રહે છે અને છાપવામાં પણ આવતું રહે છે. ક્યારેક મેકોલે જે બીજ વાવ્યા હતા, આજે તેના કાંટાળા પાકથી સમગ્ર દેશ લોહી લુહાણ થઈ રહ્યો છે, પરંતુ મેકોલેનો સામનો કોણ કરે? ટક્કર કોણ લે? આ સવાલ આજના સમયમાં કંઈક એવી રીતે છે, કે જેવી રીતે કોઈ એક સમયે ઉંદરોના ટોળામાં આ સવાલ ઉઠ્યો હતો, કે બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે? નુકશાનથી તો સૌ પરિચિત છે, પરંતુ તેનો ઉકેલ આણવા સાહસ કોણ કરે? મહત્ત્વકાંક્ષી, પરંતુ શ્રમ, સાહસ અને સંકલ્પ વિહીન બેકારોની વધી રહેલી ભીડ આજના શિક્ષણનો વર્તમાન છે. આ ભીડ મનુષ્ય જીવનની તમામ ઉજ્જવળ ભવિષ્યને ભુલાવી બેઠી છે. તેની પાસે તો બસ કુંઠા, નિરાશા અને હતાશાનો પર્યાય બનેલી કેટલીક ડિગ્રીઓ, ઉપાધીઓના નાના મોટા ખડકાયેલા ઢગલાઓ જ બચ્યા છે.

આ સ્થિતિનો ઉકેલ ક્રાંતિના નવા પ્રકાશમાં છે. તેના જ ઉજાસમાં નવા જીવન મૂલ્યો દેખાશે. મનુષ્યની સ્થિતિ સુધરશે અને તેને સાચી દિશા મળશે. આ ક્રાંતિ દ્વારા જ શૈક્ષણિક જગતના વાતાવરણ પર જામેલો ધુમ્મસ સમાપ્ત થશે અને તેનું વિદ્યાવાળું સ્વરૂપ નિખરી સામે આવશે. ત્યારે જ જાણ થશે કે શિક્ષણ જ જીવનની તમામ દૃશ્ય અને અદૃશ્ય શક્તિઓનો વિકાસ છે. ત્યારે જ જાણી શકાશે કે વિચારો અને સંસ્કારોથી જ વ્યક્તિત્વ ઘડવામાં આવે છે. એના વગર પુસ્તકીયું જ્ઞાન ગરદન તોડ, કમ્મર તોડ બોજ સિવાય કંઈપણ નથી. શૈક્ષણિક જગતમાં એક નવીન ક્રાંતિ થવાથી સુઝબુઝ, વિચારવા, સમજવા માટેના નવા આદર્શો પ્રગટ થશે અને ત્યારે જ સાહસ, સંકલ્પ અને શ્રમના સામર્થ્યથી ભરપૂર, પ્રચંડ આત્મબળ સંપન્ન મનુષ્યનો જન્મ થશે. રડનાર, કકડનાર, દીન-હીન, સન્માન અને સ્વાભિમાન વિહીન, બીજાઓનાં મોઢા તરફ તાકી રહેનારા મનુષ્યો રૂપી કહેવાતા પ્રાણીઓની ભીડ ઓછી થશે.

આ ક્રાંતિને પ્રગટ કરવા માટે જ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો જન્મ થયો છે. યુગઋષિની આ સંકલ્પસૃષ્ટિ, તેમની જ દૃષ્ટિની અનુરૂપ જ શિક્ષણને જીવન જીવવાની કલારૂપે વિકાસ કરવા માટે ખડી કરવામાં આવી છે. ધ્યાન રાખવામાં આવે કે જીવન વારંવાર મળતું નથી, ઘડવું પડે છે. એટલા માટે મનુષ્યને શિક્ષણની જરૂરિયાત છે. શિક્ષણનો એક જ અર્થ છે; તે છે આપણે જીવન જીવવાની કલા શીખી લઈએ. એના સંદર્ભમાં એક સુંદર વાર્તા આલેખવામાં આવી રહી છે.

એક સંગીતકારના ઘરનાં ખૂણામાં ઘણાં બધા દિવસથી વીણા પડી હતી. તેના મૃત્યુબાદ એના ઘરના બાકીના માણસો વીણાનો ઉપયોગ કરવાનું ધીરે ધીરે ભુલી ગયા,કે કોઈ એક સમયે એ ઘરના પૂર્વજો એ વીણાને વગાડતા હતા. બાદમાં કોઈ બહારના લોકોના પ્રભાવથી એ ઘરના લોકોએ વીણા વગાડવાનું બંધ જ કરી દીધું. માત્ર તેની દેખભાળ રાખતા રહ્યા. બહારના લોકોએ તેમને વીણા વગાડવાનું છોડાવી નોકરી કરવાનું શિખડાવી દીધું. સંગીતકારના ચાલ્યા ગયા પછી ઘરના લોકોની આદત બદલાઈ નહીં. ઘરના ખૂણામાં પડી પડી એ વીણા ધૂળ ખાતી રહી. હવે ક્યારેક ક્યારેક કોઈ બાળક ભૂલથી એ વીણાને પાડી દેતું, તો અડધી રાતે તેના તાર ઝણઝણી ઉઠતા, ઘરના લોકોની ઉંઘ ઉડી જતી. એ વીણા ઘરના લોકો માટે ઉપદ્રવનું કારણ બની ગઈ. અંતમાં એ ઘરના લોકોએ એક દિવસે નક્કી કર્યું કે પેલી વીણાને ફેંકી દો, જગ્યા રોકી રહી છે, કચરો એકઠો કરે છે અને શાંતિમાં અવરોધ ઉભો કરે છે. આ બધા જ કારણો એકઠાં થવાથી એ વીણાને ઘરની બહાર આવેલ કચરાપેટીમાં નાખી દેવામાં આવી.

હજી તો તેઓ ઘરે પાછા ફરે તે પહેલાં એક સાધુ ત્યાંથી પસાર થયો. તેણે પેલી પડેલી વીણા ઉઠાવી લીધી અને તેના તારને છંછેડ્યા. પછી તો એ ઘરમાં ક્રાંતિ થઈ ગઈ. ઘરના બધા જ એ સાધુને ઘેરી લઈ ઉભા રહી ગયા. એ રસ્તા પરથી બીજા અનેક લોકો પસાર થઈ રહ્યા હતા, તેઓ દરેક અટકીને ત્યાં જ ઉભા રહી ગયા. ત્યાં લોકોની ભીડ જામી ગઈ. પેલો સાધુ મંત્રમુગ્ધ બની વીણા વગાડી રહ્યો હતો. જ્યારે પેલાં વીણાના અસલી માલિકને વીણાના સ્વર સંગીતની જાણ થઈ અને જેવું જ પેલા સાધુએ વીણા વગાડવાનું બંધ કરી દીધું, તેવા જ પેલા ઘરવાળા બધા જ લોકો વીણા પર તૂટી પડ્યા અને બોલ્યા કે આ વીણા અમારી છે, એ અમોને પાછી આપી દો. સાધુ હસ્યો બોલ્યો પહેલાં તમે વીણા વગાડવાનું તો શિખી લો, નહીં તો તે ફરીથી ઉપદ્રવ પેદા કરશે. વગાડતા ન આવડતું હોય તો વીણા ઘરમાં શાંતિનો ભંગ કરે છે. અગર જો વગાડતા આવડે છે તો એ વીણા ઘરને શાંતિમય અને સંગીતમય બનાવી શકે છે.

આ વાર્તાનો સાર આટલો જ છે કે જીવન પણ એક વીણા છે. જીવન તો આપણાં સૌને મળી જાય છે, પરંતુ એ જીવનની વીણાને વગાડવાનું બહુ ઓછા લોકો શિખી શકે છે, અથવા શિખી જ શકતા નથી. એટલા માટે આટલી ખિન્નતા, આટલું દુઃખ, આટલી પીડા છે. એટલા માટે જ દેશમાં અને સંસારમાં આટલું બધુ અંધારું

વ્યાપેલ છે, આટલી હિંસા છે, આટલી ઘૃણા છે. એટલા માટે આ જગતમાં આટલા બધા યુદ્ધો થાય છે, આટલું વૈમનસ્ય છવાયેલું છે, આટલી બધી દુશ્મનાવટ છે. જે સંગીત બની શકે છે, એ વિસંવાદિતાથી પૂર્ણ બની ગયો.

શૈક્ષણિક જગતમાં એક નવીન ક્રાંતિનો આટલો જ અર્થ છે, કે સમગ્ર દેશ, સંપૂર્ણ માનવજાતિ પોતાના જીવનની વીણા વગાડવાનું શિખી લે. આજનું શિક્ષણ, કે જેમાં અત્યારે પણ ગુલામીના મેલા ડાઘ છે. એ જીવન સંગીતની ઉપેક્ષા કરવાનું શિખડાવે છે. વિદ્યાર્થીઓમાં પહેલાં ધોરણથી જ એકબીજાના ગળાકાપ વિચારહીન હરિફાઈ પેદા થાય છે. એનાથી જન્મે છે, અહંકાર ભરી આકાંક્ષાઓ. જેમની પણ આ આકાંક્ષાઓ પૂરી થઈ જાય છે, એ એથી પણ વધુ અહંકારથી ચૂર થઈ જાય છે અને તે એનાથી પણ વધુ નિરાશા અને કુંઠાના અંધકારમાં જઈ પટકાઈ છે, જ્યારે સૌના જીવનને પોતાની મૌલિકતા છે, સૌના જીવન પુષ્પોને પોતાની સુગંધ છે. ભગવાને ધરતી પર કોઈને કોઈનાથી જરા જેટલો પણ ઓછા બનાવ્યો નથી. બસ તેને પોતાના સ્વયંના મૌલિક વિકાસની તક મળવી જોઈએ. પછી તો સૌના જીવન પુષ્પો એક સરખી રીતે પોતપોતાની અનોખી અદ્‌ભુત સુગંધ વિખેરવા લાગશે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણની આ નવી ક્રાંતિ થવા જઈ રહી છે. અહીં આધ્યાત્મિક દૃષ્ટિથી વિદ્યાર્થીની મૌલિકતાને પારખી તેનો પૂરેપૂરો વિકાસ કરવામાં આવશે. મનુષ્ય જીવનના દરેક અંગમાં અમર્યાદિત ઉર્જા સમાયેલી છે. શરીર, પ્રાણ, મન, બુધ્ધિના નાના નાના ભાગમાં સંભાવનાઓનો મહાસાગર ઘુઘવી રહ્યો છે. બસ તેની સાચી અને નક્કર અભિવ્યક્તિની કલા શોધવાની છે. નવા મનુષ્યનું ઘડતર કરનાર જીવન મૂલ્યોને અર્થ આપવાનો છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં આ જ થવા જઈ રહ્યું છે. સંભવ છે કે આવી અથવા તેને ભળતી આવતી વાતો પહેલાં પણ કહેવામાં આવી હોય, પરંતુ અહીંની વાત કંઈક બીજી જ છે. અહીં શું કરવામાં આવી રહ્યું નથી. અહીં કેવળ શૈક્ષણિક જગતમાં સાર્થક ક્રાંતિની જવાળાઓ પ્રગટશે. જેમાં નકામો કચરો સળગશે અને નવી ક્રાંતિનો ચળકાટ પેદા થઈને જ રહેશે.

આ ક્રાંતિનું મૌલિક સૂત્ર છે, ''શિક્ષણ આંતરિક અંકુરણ છે, બાહ્ય રોપણી નહીં.'' અહીં આવનાર વિદ્યાર્થી પુસ્તકીયા જ્ઞાનનો બોજ લાદવાના બદલે પોતાના આંતરિક જ્ઞાનનો વિકાસ કરશે. એને માનવ જીવનની દિવ્ય શક્તિઓનું જ્ઞાન કરાવવામાં આવશે. જેને અનુભૂતિ પ્રાપ્ત કરવી હોય, તેઓ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના આંગણમાં પધારે અને જૂએ કે અહીંથી મેકોલેના ભૂતને કેવી રીતે ભગાડવામાં આવી રહેલ છે? કેવી રીતે શૈક્ષણિત જગતમાં એક નવી ક્રાંતિ સાકાર રૂપ ધારણ કરી રહેલ છે. આ ક્રાંતિના સત્યે જ વિશ્વવિદ્યાલયની વિશ્વદૃષ્ટિનો જન્મ આપ્યો છે, જેના પ્રભાવથી અહીં દેશ અને વિશ્વની અસંખ્ય સમસ્યાઓનું નિરાકરણ શોધી અને પ્રાપ્ત કરી શકાય.

# આજની સંકીર્ણ વિચાર સરણીને વિશ્વદૃષ્ટિ જ ઉગારશે

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની મૌલિક વિશેષતા છે, એની વિશ્વદૃષ્ટિ એ રહેશે પણ ખરી. એનો અર્થ એ થયો કે દુનિયાભરમાં ફેલાયેલા જ્ઞાનના તમામ પુસ્તકોના પાનાઓ ઉથલાવવા કરતા તે કંઈક વધુ છે. એમાં વિશ્વ જેટલી વ્યાપકતા, વિશાળતા અને વિસ્તાર છે. ચિંતનની દૃષ્ટિએ આ ઉદાર ભાવથી આજના યુગપ્રશ્નો હલ થઈ શકશે. સંકીર્ણ સીમાઓ વડે બંધાયેલ અને પૂર્વાગ્રહોથી જકડાયલ વિચારસરણી કોઈપણ પ્રકારના કામમાં આવનારી નથી. આજની દુનિયા નવી છે, એકદમ બદલાઈ ગયેલી, પરંતુ આપણી વિચાર સરણી જૂની છે, પોતાની મર્યાદાઓથી બંધાયેલી છે, અનેક પ્રકારના પૂર્વાગ્રહોથી લપેટાયેલી છે. બન્ને વચ્ચે કોઈ તાલમેળ નથી અને એના કારણે જ ચારે તરફ સમસ્યાઓ છે, સવાલો છે. તેનું નિરાકરણ કોઈપણ પ્રકારે ક્યાંય પણ નજરે પડતું નથી.

આપણે જે જવાબ શોધી રહ્યા છીએ, એ આપણી વિચારસરણીની જેમ જ જૂનો અને મુડદાલ છે. આજની દુનિયાની સમક્ષ ખૂબ જ અજબ ક્ષણો છે, જીવંત પ્રશ્નો મરેલાં જવાબોની લાશો ખેંચી રહ્યાં છે. આ કારણ વગરના વજનથી પ્રશ્નોનું ગાંડપણ ઓર વધી ગયું છે. તે વધારે ક્રોધિત અને પરેશાન થઈ નાશ કરવા અને આંતક ફેલાવવા તત્પર બની ગયેલ છે. મનીષી- ઓ હેરાન પરેશાન છે અને વિચારશીલ વ્યક્તિ- ઓ વ્યથિત છે. તેમને સૂઝતું જ નથી કે આખરે આ શું થઈ રહ્યું છે? તેઓ વિચારે છે કે આખરે વાત શું છે? જોવા જઈએ તો સાચી વાત એ છે કે તેમના જવાબો મરેલાં અને પ્રશ્નો જીવંત છે.

જેવી રીતે મરેલાં માણસ અને જીવતા માણસ વચ્ચે કોઈ વાતચીત થઈ શકતી નથી, બરાબર એ જ રીતે આપણાં નિરાકરણો અને આપણી સમસ્યાઓ વચ્ચે કોઈ વાતચીત થઈ રહી નથી.એક બાજુ નિરાકરણોનો ઢગલો ખડકાયેલો છે, તો બીજી બાજૂ સમસ્યાઓનો ઢગલો ખડકાયેલો પડ્યો છે, પરંતુ બન્ને વચ્ચે કોઈ સાંકળ નથી, કારણ કે કોઈ સાંકળ હોયી જ ન શકે. મૃત્યુ પામેલ તથા જીવંત વચ્ચે વાતચીત થવાની કોઈ સંભાવના જ નથી. એની વચ્ચે જબરદસ્તીથી વાતચીત થાય તેવું વાતાવરણ બનાવવાના પ્રયત્નમાં જીવન ગુંચવાતું જાય છે.આ ગુંચવાડાથી છુટકારો મેળવવા માટે આપણે આપણી મૂળભૂત ભૂલ સમજવી પડશે. એ વાત સારી રીતે સમજવી પડશે કે જીવન પ્રવાહમાં સર્વસ્વ બદલાઈ ચુક્યું છે. આજના તમામ સવાલો એકદમ તાજા અને નવા છે.

આ સત્ય વિશ્વદૃષ્ટિએ જોઈ,જાણી અને સમજી શકાય તેમ છે. જેની પાસે આ નજર છે, તેઓ જોઈ રહ્યાં છે કે આ દુનિયા ખૂબ જ તીવ્રગતિએ જૂની દીવાલોને તોડી એક બનવાના પ્રયત્નમાં આગળ વધી રહી છે. આ પ્રયત્નમાં સમાજો, સંસ્કૃતિઓની દીવાલોમાં સતત તિરાડો પડી રહી છે. પ્રથમ તો આવાગમનના સાધનોમાં સુગમતા,

કોમ્યુનિકેશન ક્રાંતિ, ઈલેક્ટ્રોનિક યુગનું અવતરણ, ટેલીફોન અને કોમ્પ્યૂટરની માયાજાળ ચારે તરફ ફેલાઈ ગયેલ છે. ભૌતિક અંતર જેવી કોઈવાત રહી જ નથી, પરંતુ આ પરિવર્તને અનેક નવા સવાલો ઉભા કરી દીધા છે. આવા સવાલો જે પહેલાં ક્યારે જોવા, સાંભળવામાં આવ્યા નથી.

આ સવાલો પ્રથાઓ, માન્યતાઓ, રીતરિવાજોમાં ગુંચવાઈ જવાથી ઉત્પન્ન થયેલ છે. આ સાંસ્કૃતિક અને સામાજિક સમસ્યાઓ ઉપરાંત વૈજ્ઞાનિક સમસ્યાઓ પણ છે. વૈજ્ઞાનિક પ્રયોગોના સારા પરિણામો છે, તો ખરાબ પરિણામો પણ છે. પર્યાવરણની સમસ્યા દુનિયાને ગળી જવા તૈયાર ઉભી છે. સંસ્કૃતિઓ અને સમાજો જ નહીં, ધર્મ વિજ્ઞાન પણ અથડાઈ રહ્યાં છે. બદલાયેલી પરિસ્થિતિઓમાં જ્ઞાનનો તીવ્ર ગતિએ વિસ્ફોટ થયો છે. પહેલાંની સરખામણીમાં આજે સમગ્ર દુનિયાના બાળકોમાં પ્રતિભા અને બૌધિક ક્ષમતા અનેક ઘણાં વધારે છે. અગર તેની સમય રહેતાં યોગ્ય વ્યવસ્થા ન કરવામાં આવી તો તેનો ભટકી જવાનો, બહેકી જવાનો અને વિનાશકારી બની જવાનો મોટો ભય છે.

આ અને આવા અનેક, અસંખ્ય સવાલોના જવાબો જૂની વિચારસરણીના આધારે શોધી ન શકાય. આજના સમયના આ પ્રશ્નોનો ઉકેલ શોધવા માટે વિશ્વ દૃષ્ટિની જરૂરિયાત છે, કારણ કે એનાથી જ આ સચ્ચાઈ જોઈ શકાય તેમ છે કે જૂના થઈ ગયેલા સમાજો અને સંસ્કૃતિઓના ખંડેરોમાંથી વિશ્વસંસ્કૃતિ જન્મ લઈ રહી છે. આજે થઈ રહેલી તમામ ક્રાંતિઓ તેના જન્મની શુભસૂચના છે, પરંતુ આ શુભ સૂચનામાં આજના સમયના પ્રશ્નોનો અણસારો પણ છે. તેના જ નિરાકરણથી ભાવી વિશ્વસંસ્કૃતિનું માળખું તૈયાર થશે. તેમાં પ્રાણચેતના વહેવા લાગશે. આ બધુ કરવા માટે નવા મનુષ્યોને ઘડવાની જરૂરિયાત છે.

વિશ્વવિદ્યાલયની વિશ્વદૃષ્ટિનો આદર્શ અને લક્ષ્ય આ જ છે. અહીં વ્યાપક વિચારસરણી ધરાવતા મનુષ્યો ઘડવામાં આવશે.

એવા મનુષ્યો કે જેઓ જૂની થયેલી કાંચળીમાંથી બહાર નિકળવાનું સાહસ એકત્ર કરી શકે. જેની વિચારસરણી પોતાના રીતરિવાજો, પ્રથાઓ, માન્યતાઓ અને સંકુચિત વૃત્તિના અસંખ્ય બંધનોથી મુક્ત હોય, જે પરંપરાઓની સરખામણીમાં વિવેકને મહત્ત્વ આપવાનું સાહસ દેખાડી શકે, એવી જ સાહસિક વ્યક્તિ વિશ્વસંસ્કૃતિનો ઘડવૈયો બની શકે. તેના જ વિશ્વાસે દુનિયા પોતાના સવાલોનું સાચું નિરાકરણ શોધી શકશે. આ નવા મનુષ્યોમાં ખંડિત દુનિયાની સમસ્યાઓ નહીં, બલ્કે વિશ્વસંવેદનાઓ ધડકશે.

કોંન્ફ્યૂશિયસે પોતાના પુસ્તકમાં કંઈક આવું જ સાચું વર્ણન આલેખ્યું છે. તેણે લખ્યું છે કે મારા પૂર્વજો કહેતા હતા કે મારા ગામની પાસે એક નદી વહેતી હતી. રાત્રિના સમયે નદીના પેલા કિનારે કુતરાઓ ભોંકતા હતા, ત્યારે તેનો અવાજ અમોને સંભળાતો, પરંતુ અમોને જાણ થતી ન હતી કે નદીના સામા કિનારે કોણ રહે છે? કે કોઈ ગામ આવેલું છે.નદી મોટી વિશાળ હતી. સામા કિનારે જવા હોડીની

શોધ થઈ ન હતી. ક્યારેક ક્યારેક રાત્રિના સન્નાટામાં કુતરાઓ ભોંક્વાનો અવાજ સંભળાતો, પરંતુ હોડી ન હતી. પેલા ગામને પોતાની દુનિયા હતી, આ ગામને પોતાની દુનિયા હતા. દરેક ગામને પોતાની દુનિયા હતી. દરેક પ્રદેશને પોતાની દુનિયા હતી. સમગ્ર માનવતા જોડાયેલી ન હતી. એ ખંડિત દુનિયાની ખંડિત વિચારસરણી, ખંડિત નિરાકરણો આજે કોઈ કામના નથી.

દરેક યુગને પોતપોતાના વિચારો પેદા કરવાના હોય છે, દરેક યુગે પોતાની દૃષ્ટિનો વિકાસ કરવાનો હોય છે, જે એવું કરી શકતો નથી, તેમનાથી યુગપ્રશ્નોના પડકારોનો સામનો કરી શકાતો નથી. તેમને બેવડો માર સહન કરવો પડે છે, એક બાજૂ નવા પ્રશ્નોનો માર, બીજી બાજૂ સડી ગયેલી ગંધાતી સંકીર્ણ વિચારસરણીની લાશોનો બોજ. તેમાંથી ઉગરવા માટે વિશ્વદૃષ્ટિની જરૂરિયાત છે. એ નવા મનુષ્યોને ઘડવાની જરૂરિયાત છે, જેમનામાં વિશ્વદૃષ્ટિની વ્યાપકતા હોય. જે જાતિ, ધર્મ, સંસ્કૃતિની સમસ્યાઓ ઉકેલવા સમર્થ હોય. જે જાણી શકે કે ભગવાન અગર છે, તો તે આખા જગતમાં  છે. દરેક જગ્યાએ તેનું મંદિર છે, દરેક જગ્યાએ તેની મસ્જિદ છે, દરેક જગ્યાએ તેના ચર્ચ અને ગુરુદ્વારા છે. જેને પ્રાર્થના કરતા આવડે છે, તે કોઈ વૃક્ષની નીચે યા નદીના તટ પર એટલે સુધી કે પોતાના ઘરની છત પર જ મંદિર બનાવી શકે છે. મંદિર-મસ્જિદ યા ચર્ચ-ગુરુદ્વારા માટે લડાઈ ઝઘડા કરવાની જરૂરિયાત જ છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય વિશ્વદૃષ્ટિ ની આવી જ વ્યાપકતામાં યુગપ્રશ્નોનું નિરાકરણ શોધવા સંકલ્પબધ્ધ અને પ્રતિબધ્ધ છે. અહીં મગજના ઓરડામાં પુસ્તકીયા જ્ઞાનને ગમે તેવી રીતે ઠુંસી ઠુંસી, તેને મજબૂત તાળું લગાવી દેનારાઓ માટે કોઈ જગ્યા નહીં હોય. અહીં એવા મનુષ્યો જન્મ લેશે, જેના મગજની બારી બારણાં ખૂલ્લા હશે; પુસ્તકો જેમને પ્રેરણા આપે, પરંતુ કોઈપણ પ્રકારના પ્રતિબંધો ન લાદે. જે વિચારશીલ અને વિવેકી છે, જે પ્રશ્નોના કારણની જડને સમજે તેના નિરાકરણનું સાહસ એકઠું કરે. વિશ્વવિદ્યાલય ની તમામ પ્રવૃત્તિઓ, તેના તમામ પક્ષોની પાછળ આ જ વિશ્વદૃષ્ટિ સક્રિય હશે. આ મૂળ વિચારો અહીંના સંપૂર્ણ સંચાલનને પ્રેરિત કરશે અને તેના માધ્યમ દ્વારા પ્રવાહિત થશે. વિશ્વવિદ્યાલયનું આ બિલ્ડિંગ તેની અભિવ્યક્તિનું માધ્યમ બનશે. અહીં યુગપ્રશ્નોનો ઉકેલ શોધનારા નવા મનુષ્યો ઘડવામાં આવશે.

# વિશ્વવિદ્યાલયની ભવ્ય બિલ્ડિંગ દેવસંસ્કૃતિનું સાધના મંદિર

વિશ્વવિદ્યાલયનું આ ભવ્ય બિલ્ડિંગ દેવસંસ્કૃતિનું સાધના મંદિર છે. તપસ્વી સાધકો માટે સાધનાની પ્રક્રિયા અને પધ્ધતિની સાથે સાધના સ્થળનું પોતાનું મહત્ત્વ હોય છે. આ મહત્ત્વને ધ્યાનમાં રાખતા વિશ્વવિદ્યાલયના બિલ્ડિંગનું સર્જન અને વિકાસ કરવામાં આવી રહેલ છે. ઈતિહાસના સોનેરી પૃષ્ઠો તક્ષશિલા, નાલંદા અને વિક્રમ શીલા વગેરે વિશ્વવિદ્યાલયના ગૌરવના ગુણગાન સંભળાવી રહેલ છે. આ ગૌરવના ગુણગાનમાં આ વિશ્વવિદ્યાલયોની વિશાળ ઈમારતોના મધુર ગીતો પણ ગુંજી રહ્યા છે. એ વાતનો પણ ઉલ્લેખ મળી આવે છે કે પ્રાચીન વિશ્વવિદ્યાલયોની ઈમારતોમાં આચાર્યો અને અંતેવાસી (પાસે રહેનાર) વિદ્યાર્થીઓ માટે વિદ્યા પ્રાપ્ત કરવા તથા સાધના માટે કયા કયા પ્રકારની અનુકૂળતાઓ હતી. ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે સાધનાના આ સાધનો એકત્ર કરવામાં આવ્યા હતા, પરંતુ સુખ સગવડતાના સાધનો માટે પરેજી જ પાળવામાં આવી.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની ઈમારતનો એવા ઐતિહાસિક સત્યને ધ્યાનમાં રાખી વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ ભવ્ય ઈમારતમાં આર્કીટેકચરો, બાંધકામ સંભાળી રહેલ એંજીનિયરોની દૃષ્ટિ એ અંગે અત્યંત સ્વચ્છ છે. તેમને દેવસંસ્કૃતિના આ સાધના મંદિરમાં આપવામાં આવનાર ભાવી શિક્ષણનું પૂરેપૂરું ધ્યાન અને જ્ઞાન છે. તેઓ પોતાના કાર્યોના વ્યાપક ઉદ્દેશોથી ઉત્સાહિત અને ભાવ વિભોર છે. એંજીનિયરો હોવા છતાં તેમનામાં એનો અહંકાર જરા પણ નથી. તેમનામાં તો માત્ર સાંસ્કૃતિક સંવેદનાઓ જ છલકે છે. તેઓ તમામ પોતાના દ્વારા ખેડવામાં આવતા કઠોર પરિશ્રમને તપ માની રહ્યાં છે. આ સર્વેની સંયુક્ત સંવેદનાની સહૃદયતા અને સઘનતાના કારણે વિશ્વવિદ્યાલય -ના મકાનનું મહત્ત્વ કેટલાક લાખ, કરોડ ઈંટોના જોડાણ કરતાં ઘણું બધુ વધી ગયું છે.

સંસ્કૃતિ સાધનાના આ મંદિરના મુખ્ય સંકુલમાંજ બાંધકામનું કાર્ય ચાલી રહ્યું છે. એક લાખ ચોરસ મીટર કરતાં ક્યાંય વધારે ક્ષેત્રફળમાં આ મુખ્ય સંકુલ ફેલાયેલ છે. વિશ્વવિદ્યાલયો માટે વધુ મકાનો બાંધવા આસપાસમાં જ જમીન ખરીદી લેવા વાત ચાલી રહી છે, પરંતુ જ્યાં સુધી બાંધકામની વાત છે, એ અત્યારે મુખ્ય સંકુલમાં જ અથવા મેન કેંપસમાંજ કેન્દ્રિત છે. તેનો કેટલોક ભાગ બની ગયો છે, કેટલોક ભાગ અત્યારે બાંધકામ હેઠળ છે. ઈતિહાસ સર્જનાર આ રચનાને ખૂબ જ સમર્પિત, સંકલ્પબધ્ધ અને સાહસિક હાથ ઘડી રહેલ છે. તેમના આ સર્જનાત્મક કામની પાછળ, ભૂતકાળની પ્રેરણાઓ, આજની સંવેદનાઓ અને ભવિષ્યની કલ્પનાઓ રહેલી છે. જે એકી સાથે એકઠી થઈ નિરાકારમાંથી સાકારમાં પરિવર્તન પામી રહેલ છે.

આ મુખ્ય સંકુલમાં જે મકાનો બની ચુક્યા છે, તેમાં સૌ પ્રથમ ''દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની મુખ્ય બિલ્ડિંગનો સમાવેશ થાય છે. ત્રણ માળ ધરાવતું આ બિલ્ડિંગ ૪૦૬૫ ચો. મીટર ફેલાયેલ છે. તેમાં ત્રીસ વિશાળ હૉલ છે. એમાંથી ૨૯ એવા છે, કે જેમાં કેટલાકમાં અત્યારે મહાવિદ્યાલયના વર્ગો ચાલી રહેલ છે. કેટલાકમાં કાર્યાલય તથા ગ્રંથાલય આવેલા

છે. આ બિલ્ડિંગના ભોંયતળિયે એક મોટો હૉલ આવેલો છે. જેને અનેક કામ માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. બાંધકામ પૂરું થઈ ગયેલા મકાનો પૈકી એક મકાનમાં ગોડાઉન આવેલું છે. આ ગોડાઉન ત્રણમાળ ધરાવે છે, જે ૧૩૮૭ ચો.મીટરમાં પથરા-યેલું છે. તેમાં સામાન ચઢાવવા-ઉતારવા માટે એક અત્યંત આધુનિક ગુડઝ લિફ્ટ પણ લગાવવામાં આવેલી છે. વિશ્વવિદ્યાલયની વિભિન્ન ફેકલ્ટીઓ માટે ઉપયોગમાં આવનાર સામાનને રાખવા માટે અલગ અલગ ઓરડાઓ આવેલા છે.''

જે બિલ્ડિંગો બાંધકામ હેઠળ છે તેમાંથી એક બિલ્ડિંગમાં છાત્રાલયની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ મકાન ૭૦૩૫ ચોરસ મીટરમાં ફેલાયેલ છે. આ મકાનમાં ૭૨ એવા રૂમો બનાવવામાં આવી રહ્યાં છે, કે પ્રત્યેક રૂમમાં ૮ વિદ્યાર્થીઓ ખૂબ જ આરામથી રહી શકશે. તેના સિવાય એમાં બે વિશાળ હૉલ અને એક રસોડાની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ મકાન ત્રણમાળ ધરાવે છે. તેની પ્રત્યેક રૂમ વિદ્યાર્થીઓની અભ્યાસ-સાધનાને ધ્યાનમાં રાખી ડિઝાઈન કરવામાં આવેલ છે અને એની જ અનુરૂપ તેને બનાવવામાં આવી રહેલ છે. અહીં રહેનારો વિદ્યાર્થી તમામ પ્રકારની અનુકૂળતા હેઠળ અભ્યાસ અને સાધના પણ કરી શકશે. બાંધકામ હેઠળ જે મકાનો છે તેમાં રહેઠાણ માટેના મકાનોનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર ૮૫૦૭ ચો.મીટરમાં ફેલાયેલ છે. ત્રણ ત્રણ માળ ધરાવતા આ મકાનોમાં ૧૨૯ ફલેટ બનાવવામાં આવી રહેલ છે. તેમાંથી એક ઓરડો ધરાવતા ૪૮ ફલેટ અને બે ઓરડા ધરાવતા ૫૪ ફેલટની વ્યવસ્થા છે. ત્રણ ઓરડા ધરાવતા ફલેટની સંખ્યા ૧૮ અને ચાર ઓરડા ધરાવતા ફલેટની સંખ્યા ૯ છે. આ તમામ રહેઠાણો વિશ્વવિદ્યાલયમાં કામ કરતાં શાંતિકુંજના કાર્યકર્તાઓ માટે છે. આ તમામ મકાનોનું બાંધકામ એવી રીતે કરવામાં આવી રહ્યું છે કે અહીં રહેનારા તમામ લોકો સાધના કરતાં કરતાં દેવસંસ્કૃતિના વિસ્તાર માટે સહકાર આપી શકે.

જે બિલ્ડિંગો બાંધવાની યોજના છે, તેમાં ઓમ (ૐ) આકારના એક વિશાળ બિલ્ડિંગનો સમાવેશ છે. તેમાં આયુર્વેદ પર સંશોધન કરવાની વ્યવસ્થા છે. તેની સાથે જ આયુર્વેદ ફાર્મસી પણ ઉભી કરવામાં આવી રહેલ છે. આયુર્વેદ ફાર્મસીના મકાનનું બાંધકામ પૂરું થઈ ગયું છે. ત્રણ માળ ધરાવતું આ મકાન ૧૪૨૩ ચો.મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. માલસામાન ચઢાવવા ઉતારવા માટે ગુડઝ લિફ્ટની વ્યવસ્થા રાખવામાં આવી છે. તેમાં બહારથી લાવવામાં આવેલ આયુર્વેદિક છોડના બીજ, મૂળ, ફૂલ, પાંદડા ડાળીઓને સાફ સુફ કરવા, તેનું ચૂર્ણ બનાવવાની વ્યવસ્થા તથા પ્રયોગશાળા માટે અલગ અલગ ઓરડાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સૂચિત આયુર્વેદિક સંશોધન કેન્દ્ર ૬૦૪૪ ચો.મીટરમાં ફેલાયેલું હશે અને તેને ત્રણ માળ હશે. તેમાં સંશોધન માટે વિભિન્ન મશીનો, અને સાધનો વડે સુસજ્જ આધુનિક પ્રયોગશાળા હશે. ઈનડોર રોગીઓ માટે વોર્ડની વ્યવસ્થા તથા આઉટડોર રોગીઓ માટે અલગ વિભાગ રાખવામાં આવશે. સાથે સાથે આયુર્વેદિક પ્રદર્શન તથા આયુર્વેદ ગ્રંથાલયની વ્યવસ્થા રાખવામાં આવી છે. તે દરેક માટે અલગ અલગ મોટા હૉલ ફાળવવામાં આવ્યા છે. આ બિલ્ડિંગમાં રોગીઓ માટે તથા ચિકિત્સા વિજ્ઞાન સાથે સંકળાયેલ વિજ્ઞાનીઓ માટે ત્રણ અલગ અલગ લિફ્ટની પણ વ્યવસ્થા છે.

આ ભાવી યોજનામાં આ વિશ્વવિદ્યાલય ના વહીવટ તથા સંચાલન માટે એક મકાન અને પ્રેક્ષક હૉલ બાંધવાની યોજના પણ છે. આ બે માળ ધરાવતું વહીવટી મકાન ૧૧૬૨ ચોરસ મીટરમાં ફેલાયેલું હશે. તેમાં ટેલિફોન, મુખ્ય કાર્યાલય, અને એકાઉંટ, સ્વાગત કક્ષ, કોમ્પ્યૂટર નેટવર્ક, માહિતિ વિભાગની વ્યવસ્થા છે. સભાખંડનું મકાન તમામ આધુનિક સગવડતાઓ ધરાવતું હશે. સ્વાવલંબન વિભાગ માટે અલગ મકાન બાંધવામાં આવશે. ત્રણ માળ ધરાવતું આ મકાન ૨૦૪૦ ચો.મીટરમાં ફેલાયેલું હશે. એમાં ટ્રેનિંગ માટે એક અલગ રૂમ, તેની સાથે પ્રયોગશાળા, પ્રદર્શન અને વર્કશોપની વ્યવસ્થા રાખવામાં આવી છે. તેની સાથે જ ૧૨૨૧ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી તથા પાંચ માળ ધરાવતી ગ્રંથાલય માટેનું બિલ્ડિંગ બનાવવાની પણ યોજના છે. એના તમામ પાંચે માળ અષ્ટકોણમાં બનાવવામાં આવશે. તેના દરેક માળે પ્રત્યેક ફેકલ્ટી માટે સ્વતંત્ર ગ્રંથાલયો હશે. આ બધાની ઉપર સાડા ત્રણ લાખ લીટર પાણી સમાવાની શક્તિ ધરાવતી પાણીની ટાંકી પણ બનાવવામાં આવશે. તેની ઉપર વેધશાળા બનવવાની યોજના છે, જેમાં જ્યોતિષ-ગણિતના અધ્યયન માટે વ્યવસ્થા રાખવામાં આવી છે. ગ્રંથાલયવાળું આ બિલ્ડિંગ પૈનોરેમિક લિફ્ટની સગવડતા ધરાવતું હશે.

એના ઉપરાંત આ મુખ્ય પટાંગણમાં ૫૩૫ ચોરસમીટર ક્ષેત્રફળ ધરાવતો વિરાટ ધ્યાનખંડ પણ બાંધવામાં આવશે. તેની પાસે જ ૩૫૮ ચોરસમીટર ફેલાયેલ યજ્ઞશાળા પણ બનાવવામાં આવશે. આ જ પ્રાંગણમાં જ્યોતિષ કેન્દ્ર બનાવવામાં આવશે. જેમાં આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ પ્રાચીન જ્યોતિષનું ગણિત અને ફળાદેશ આ બન્ને પાસાઓ પર સંશોધન કરવામાં આવશે. આ પટાંગણમાં આધુનિક ટેકનિકવાળો સુએજ ટ્રીટમેંટ પ્લાંટ પણ સ્થાપવામાં આવશે. જેની કેપીસિટી ૩ લાખ લીટરની હશે. કુદરતી આફતને પહોંચી વળવા અહીં ફાયર બ્રિગેડ (અગ્નિશામક કેન્દ્ર)ની વ્યવસ્થા બનાવવામાં આવશે. આજ પટાંગણમાં ૨૯૪૭ ચો.મીટરમાં ફેલાયેલું પાર્કિંગ સ્થળ બનાવવાની યોજના છે. વિશ્વવિદ્યાલયના આ મુખ્ય પટાંગણમાં તમામ મકાનોને જોડવા માટે ૨.૨૬ કિલોમીટર લાંબો રોડ બનાવવામાં આવશે. આ પટાંગણનો જે ખૂલ્લો વિસ્તાર છે, તે ૭૦ હજાર ચો.મીટર કરતા પણ વધુ છે, તેમાં હિમાલયમાંથી લાવવામાં આવેલ જડીબુટ્ટીઓના છોડ, વૃક્ષોથી આચ્છાદિત સુંદર બગીચાને પણ વિકસાવવામાં આવી રહ્યો છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના બિલ્ડિંગોની યોજનાનો વિસ્તાર અત્યંત વિશાળ અને વ્યાપક છે. શાંતિકુંજની નજીક હરિદ્વાર ઋષિકેશ રોડ પર બની રહેલ આ વિશ્વવિદ્યાલયના વિશાળ સંકુલ સાથે અન્ય સંકુલો બનાવવાની યોજના છે, જ્યાં વિશ્વવિદ્યાલયના મકાનોનો વિસ્તાર કરવામાં આવશે. વિશ્વવિદ્યાલયની આ વિસ્તૃત યોજના હેઠળ બનાવવામાં આવનારી બિલ્ડિંગમાં વિશ્વવિદ્યાલયની વ્યવસ્થાનું સંચાલન થશે. અહીંથી દેવસંસ્કૃતિની કળીઓ મહેંકશે અને કિરણો ચમકશે. આ સુગંધ અને પ્રકાશથી સંપૂર્ણ દેશ અને સમગ્ર વિશ્વ ઝળહળી, મહેંકી ઉઠશે.

# વિરાટ વ્યવસ્થા અને તેનું બંધારણ

વિશ્વવિદ્યાલયની વ્યવસ્થામાં ભાવી સંભાવનાઓ સમાયેલી છે. ક્યાંય પણ, કોઈપણ સંસ્થામાં વ્યવસ્થાનું સ્થાન સર્વોપરિ અને મહત્ત્વનું હોય છે. તેનાં સ્વરૂપ અને કાર્યપધ્ધતિ પર સંસ્થાઓનું જીવન નિર્ભર કરે છે. તેમાં ફેરબદલ થવાથી સંસ્થાઓનું માળખું જ બદલાઈ જાય છે. આ વિચારો અને આદર્શોનું અમલીકરણ કરનારી વ્યવસ્થા છે. આ વ્યવસ્થાના માધ્યમ દ્વારા જ વિચારો અને આદર્શો અભિવ્યક્ત થાય છે, જીવંત થાય છે અને સાકાર રૂપ ધારણ કરે છે. તેમાં જરા જેટલી ભૂલ વિચારો તથા આદર્શોને વિકૃત કરવા માટે પર્યાપ્ત છે. એના દ્વારા જ સંસ્થાના નાના મોટા એકમને જીવન અને પ્રાણ મળે છે. પ્રાણ ક્યાંય પણ પેદા થાય, પરંતુ તેના પ્રવાહને સંસ્થાની રગેરગમાં પહોંચાડવાની જવાબદારી વ્યવસ્થાની છે. તેમાં જરા જેટલી ઢીલ થવાથી સંસ્થાના અંગઅવયવો સુકાવા, કરમાવા અને મરવા લાગે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં તેનું મહત્ત્વ એનાથી પણ વધારે છે; કારણ કે અહીંનો લક્ષ્ય વિચારો અને આદર્શોની અભિવ્યક્તિ સુધી જ મર્યાદિત નથી. અહીં તો આદર્શો ઘડવામાં આવનાર છે. વાત માત્ર વિશ્વવિદ્યાલયના સરળતાપૂર્વકના સંચાલનની જ નથી, અહીંની વ્યવસ્થા પર સંચાલનની જવાબદારી અનેક ઘણી વધારે છે. એની ઉપર પ્રતિભાશાળીઓની શોધખોળ અને સુનિયોજનની સાથે ઉત્પાદન અને ઉછેરનો પણ ભાર છે. અહીંની વ્યવસ્થાએ માત્ર દેવસંસ્કૃતિના સનાતન મૂલ્યોને જ પ્રગટ કરવાના નથી, બલ્કે તેને પ્રગટ કરવા લાયક વ્યક્તિઓનું ઘડતર પણ કરવાનું છે. આજના મૂલ્ય વિહીન વાતાવરણમાં આ કામ સરળ નથી. જ્યારે ચારે તરફ ખેંચાખેંચી મચેલી હોય, વ્યવસ્થા શાસન અને સત્તાના સુખનો પર્યાય બનીને રહી ગઈ હોય, આવી પરિસ્થિતિમાં આદર્શ અને સેવા પરાયણ વ્યવસ્થાની રચના કરવી ગંગાઅવતરણ સમાન અસાધ્ય કર્મ છે.

આ ભાગીરથી શ્રમ કરવાની જવાબદારી શાંતિકુંજે જાતે જ ઉઠાવી છે. શાંતિકુંજની લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ સરકારે પણ તેને માટે સંમતિ દર્શાવી છે. તમામના વિચારો એ જ છે, કે આ વિશ્વવિદ્યાલય અન્ય બધા સરકારી વિશ્વવિદ્યાલયોથી અલગ જ હશે. તેમાં રાષ્ટ્રહિત, સમાજહિત અને વિશ્વહિતના એવા છોડ ઉગાડવામાં આવે, કે જે અન્ય જગ્યાએ કોઈ કારણવશે ઉગી શકતા નથી. શાંતિકુંજ, સરકાર સહિત આપણાં પરિજનો, દેશના નાગરિકો, વિદેશમાં વસતા ભારતીય સંસ્કૃતિના પ્રેમીઓ, અનુરાગીઓની આ અપેક્ષાઓને પૂરી કરવા સંપૂર્ણ પ્રતિબધ્ધ છે. ત્યારે જ તેણે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપનાની સાથે તેની વ્યવસ્થાના સંચાલનની જવાબદારી જાતે જ ઉઠાવી લીધી છે.

શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજના પ્રતિનિધિ રૂપે વિશ્વવિદ્યાલયની વ્યવસ્થાના મુખ્ય કુલાધિપતિ( ચાંસેલરનો હોદ્દો )ની જવાબદારી બ્રહ્મવર્ચસ સંશોધન

સંસ્થાના નિર્દેશક જાતે જ સંભાળી લેવા સંમત થયા છે. સામાન્ય રીતે વિશ્વવિદ્યાલયોમાં આ હોદ્દાનો ભાર પ્રદેશના માનનીય રાજપાલ સંભાળતા હોય છે, પરંતુ અહીં બધુ જ શાંતિકુંજે સંભાળવાનું અને ચલાવવાનું છે. શાંતિકુંજની પ્રતિષ્ઠા, નામના અને આદર્શનિષ્ઠાને પારખતા સરકારે સહર્ષ મંજુરી અને સંમતિ આપી દીધી છે. કુલાધિપતિના પ્રમુખ સ્થાને તેમના જ દ્વારા વિશ્વવિદ્યાલયની વહીવટી પરિષદ અથવા બોર્ડ ઑફ ગવર્નર્સની રચના કરવામાં આવશે. આ પરિષદ જ એક વિશેષ પેનલની ભલામણ અને કુલાધિપતિની સંમતિ અને નિર્દેશ દ્વારા વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિની નિમણૂંક કરશે. નિમણૂંક કરવામાં આવેલ ઉપકુલાધિપતિ પણ આ પરિષદના સભ્ય રહેશે. વહીવટી પરિષદના અન્ય સભ્યોમાં શાંતિકુંજના વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ દ્વારા પસંદ કરવામાં આવેલ પાંચ પ્રતિનિધિઓ તથા કુલાધિપતિ દ્વારા પસંદ કરવામાં આવેલ બે નિષ્ણાત વિદ્વાનો રહેશે. આ પરિષદના અન્ય સભ્યોમાં વિશ્વવિદ્યાલય ના દાન આયોગનો (ડોનેશન કમિશન) એક સભ્ય તથા ઉત્તરાંચલ સરકાર દ્વારા નિમવામાં આવેલ (નોમિનેટેડ) એક સભ્ય પણ રહેશે. આ પરિષદ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના નીતિ નિયમો બનાવનાર તથા વિશેષ અધિકારો ધરાવતી આ સર્વોચ્ચ પરિષદ હશે. એને આધિન જ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની વહીવટી પરિષદની રચના કરવામાં આવશે. આ વહીવટી પરિષદના અધ્યક્ષ વિશ્વવિદ્યાલય ના ઉપકુલપતિ રહેશે. વહીવટી પરિષદના સભ્યોમાં શાંતિકુંજના શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ દ્વારા પસંદ કરવામાં આવેલ પાંચ પ્રતિનિધિ-ઓની સાથે વિશ્વવિદ્યાલયના બે આગેવાન આચાર્યો, કુલાધિપતિ દ્વારા પસંદ કરવામાં આવેલ વિશ્વવિદ્યાલયના બે ફેકલ્ટીઓના અધ્યક્ષ (ડીન) અને વિશ્વવિદ્યાલયના દાન આયોગ (ડોનેશન કમિશન) અને ઉત્તરાંચલ સરકારનો એક એક નામાંકિત પ્રતિનિધિ રહેશે. વિશ્વવિદ્યાલયના કુલસચિવ (રજિસ્ટ્રાર) આ વહીવટી પરિષદના સચિવ હોવાની સાથે તેના સભ્ય પણ રહેશે. વિશ્વવિદ્યાલયની તમામ વ્યવસ્થાઓ આ વહીવટી પરિષદ જ સીધી સંભાળશે અને સમય સમય પર પોતાના કામનો સંપૂર્ણ અહેવાલ વહીવટી (સંચાલક)પરિષદને સોંપશે અને તેની પાસેથી જરૂરી નિર્દેશ પ્રાપ્ત કરશે.

વિશ્વવિદ્યાલયની વ્યવસ્થાનું સંચાલન કરનારી આ બે પરિષદો મુખ્ય રહેશે. તેની ઉપર જ મુખ્યત્વે વ્યવસ્થાને આદર્શપૂર્ણ અને ઉદ્દેશનિષ્ઠ બનાવી રાખવાની જવાબ-દારી રહેશે. એમાંથી વહીવટી પરિષદનો વિશ્વ-વિદ્યાલયના નાના મોટા કાર્યો પર સીધું જ નિયંત્રણ હશે. આ વહીવટી પરિષદનું નિયંત્રણ સંચાલક પરિષદ કરશે. જેના પ્રમુખ કુલાધિપતિ સ્વયં રહેશે. બોર્ડ ઑફ ગર્વનર્સની સંમતિ અને મંજૂરીથી વહીવટી પરિષદ વિશ્વવિદ્યાલયની અન્ય સમિતિઓ તથા પરિષદોની રચના કરશે. તેમાંથી પ્રથમ હશે વિદ્યા પરિષદ તથા બીજી હશે નાણાંકીય પરિષદ. આ બન્નેના અધ્યક્ષ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ રહેશે. તેમાંથી વિદ્યાપરિષદ અધ્યયન સંબંધી કાર્યો માટે નીતિ નિયમ ઘડનારી સમિતિ રૂપે રહેશે. નાણાંકીય પરિષદનું કામ વિશ્વવિદ્યાલયની નાણાંકીય જરૂરીયાતો પૂરી પાડવાનું અને કામનું નિયમન અને

નિયંત્રણ કરવાનું રહેશે. તેના સિવાય પણ નાની મોટી અન્ય સમિતિઓ પણ બનાવવામાં આવશે. અને તેની ઉપસમિતિ ઓ પણ બનાવવામાં આવશે, જે વિશ્વવિદ્યાલય ની વ્યવસ્થા સંબંધી જરૂરિયાતોને ધ્યાન રાખી રચવામાં આવશે.

વ્યવસ્થાનો કોઈપણ હોદ્દો નાનો કે મોટો માનવામાં નહીં આવે. કોઈપણ પરિષદનો કોઈપણ હોદ્દો કે સભાસદ હોય, તેમાં એ જ વ્યક્તિ ભાગીદાર રહેશે, જેને માટે સગવડતાઓ નહીં, સેવા જ મહત્ત્વની છે. તેને માટે ચાર માપદંડ નક્કી કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ છે નમ્રતા; તેનું તાત્પર્ય વ્યક્તિના ગુણો સાથે છે, જે પોતાને ઉત્તેજના, મુશ્કેલીઓ અને સમસ્યાઓની ક્ષણોમાં ધૈર્યવાન, સહનશીલ બનાવી રાખે છે. આ નમ્રતાનો ગુણ તેની અંદર બીજાઓને સન્માન આપવાની, બીજાઓ સાથે મૃદુ વ્યવહાર દાખવવાની વૃત્તિનો વિકાસ કરે છે.બીજો માપદંડ છે-પ્રમાણિકતા. પ્રમાણિકતા-નો અર્થ છે-ધન અને ચારિત્રની બાબતમાં ઈમાનદાર બની રહેવું. એ વ્યક્તિ પ્રમાણિક છે, જેને લોભ ડગાવી ન શકે, આસક્તિ લોભાવી ન શકે. એનો એક અર્થ દૃષ્ટિ અને જીવનની પવિત્રતા પણ છે. પરિસ્થિતિઓ ભલે ને ગમે તેવી હોય, પરંતુ જીવનમાં પવિત્રતા એવી રીતે ચમકતી રહે, કે મનને, જીવનને કોઈપણ ગંદકીની કાળાશ સ્પર્શ ન કરી શકે.

વિશ્વવિદ્યાલયની વ્યવસ્થા સંભાળી રહેલ તમામ સભ્યો માટે ત્રીજો અનિવાર્ય માપદંડ કર્તવ્યનિષ્ઠા રાખવામાં આવેલ છે. વ્યવસ્થાના કોઈપણ વિભાગમાં એ વ્યક્તિને ભાગીદાર બનાવવામાં આવશે, જેને માટે વિશ્વવિદ્યાલયનું કોઈપણ નાનું કે મોટું કામ શ્રેષ્ઠ છે. જે પોતાની સગવડતાઓને ભૂલી ક્યારે પણ, કોઈપણ સમયે વિશ્વવિદ્યાલયના ઉદ્દેશો માટે સમર્પણના ભાવથી કામમાં લાગી રહે. આ કામ પ્રત્યેની નિષ્ઠા વિશ્વવિદ્યાલયની મુખ્ય પરિભાષા બનશે. વ્યવસ્થાના સભ્યો માટે ચોથા માપદંડો રૂપે ત્યાગવૃત્તિ છે. ત્યાગનો અર્થ છે-ઓછામાં ઓછો ખર્ચ કરી જીવન જીવવાની આદત. તેને કઠોર તપસ્વી જીવન પણ કહી શકાય. સગવડતાઓ માટે લલચાતી અને તરફડતી વ્યક્તિ ઋષિઓના જીવન સંદેશનો ફેલાવો કરવા સહાયક ન બની શકે. ટૂંકમાં આ ચારે માપદંડ ઋષિ જીવનના આદર્શો છે. આ આદર્શોને, નિયમોને આનંદ પૂર્વક સ્વીકાર કરનારી વ્યક્તિ જ આ વિશ્વવિદ્યાલયની વ્યવસ્થાનો સભ્ય હશે. એવા નિરહંકારી, નિરાભિમાની, ઉચ્ચચારિત્રવાન, કર્તવ્યનિષ્ઠ અને ઋષિકલ્પ જીવનવાળી વ્યક્તિ જ વિશ્વવિદ્યાલયોના પાઠ્ય ક્રમોની દૃષ્ટિ અને દિશા નક્કી કરશે.

# જીવન દૃષ્ટિથી સભર વિદ્યાપ્રધાન પાઠ્યક્રમ

પાઠ્યક્રમોની દૃષ્ટિ અને દિશા દ્વારા જ વિશ્વવિદ્યાલયની મૌલિક વિશેષતાઓ જન્મ લેશે. તેના દ્વારા જ દેવસંસ્કૃતિના ઉદ્દેશો પ્રાપ્ત કરવાનો રસ્તો કંડારાશે. તેના દ્વારા જ નવીન પેઢીને પ્રાચીન ઋષિઓનો સનાતન વારસો સોંપી શકાશે. પાઠ્યક્રમો તો અનેક જગ્યાએ બને છે અને અનેક પ્રકારે તૈયાર કરવામાં આવે છે, એનું બનવું એટલું મહત્ત્વનું નથી, કે જેટલી મહત્ત્વની છે તેની દૃષ્ટિ અને દિશા. જે ભણવવામાં આવી રહ્યું છે, એ શું છે અને શા માટે ભણાવવામાં આવી રહ્યું છે? એ શું અને કેમનો પ્રશ્ન લગભગ અનુત્તર જ રહે છે. ઓછામાં ઓછું એટલું તો કહી શકાય કે વિદ્યાર્થીઓ તેનો જવાબ મેળવવામાં લગભગ નિષ્ફળ જ રહે છે. અગર કોઈ પણ પ્રકારે તેમને જવાબ મળે તો તે ખોટો જ હોય છે. ઉદાહરણ રૂપે જોઈ તો, શુંના જવાબમાં તેમને કેટલાક વિષયોનું નામ રટાવી દેવામાં આવે છે અને શા માટેના જવાબમાં તેમનું મન જાતજાતની ભાતભાતની લાલચની લાળથી ભિંજાયેલું રહે છે.

શું આ જ દેશના ભવિષ્યને ઘડવાની યોગ્ય રીત છે. હું શું આ જ એ વિદ્યા છે, કે જેના મહિમાના **सा प्रथमा विद्या या विमुक्तये** કહી ઋષિઓએ ગુણગાન ગાયા છે, વખાણ કર્યા છે. આ સવાલોનો જવાબ નિરાશાજનક છે. નિરાશાની આ અંધારી ઘોર ભૂલ ભુલામણીમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા અને ડિગ્રીઓ મેળવતા રહે છે. દેશ, વિદેશની અનેક પ્રકારની ડિગ્રીઓ હાંસલ કર્યા પછી પણ જીવનમાં સાચી વિચારસરણી અને સમજ શક્તિનો વિકાસ થઈ શકતો નથી. અભ્યાસ અને જીવન બન્ને અલગ અલગ પડી રહે છે. ક્યારેક ક્યારેક તો બન્ને એકબીજાથી વિમુખ થઈ જાય છે. પરસ્પર વિરોધી બની જાય છે. એ તમામ ભૂલો ત્યાંથી ઉદ્‌ભવે છે, જ્યાંથી પાઠ્યક્રમ જન્મ લે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંચાલકો આ સત્યને જાણે છે. ત્યારે જ અહીં પાઠ્યક્રમોની દૃષ્ટિએ અને દિશાના સંદર્ભમાં ખૂબ જ ચિંતન અને મંથન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા આગળ પણ ચાલતી રહેશે. આજ સુધીના નિષ્કર્ષોના આધારે એવું વિચારવામાં આવ્યું છે કે પાઠ્યક્રમ મનુષ્યના જીવન સાથે જોડાયેલો અને ગુંથાયેલો હોવો જોઈએ. અગર પાઠ્યક્રમ અને જીવન બન્ને એકબીજાનો પર્યાય બની શકે, તો અભ્યાસ કરનારાઓમાં હંમેશા જીવન દૃષ્ટિનો અભાવ જળવાઈ રહેશે. જીવન નાનકડું નથી, તેની વિશાળતા ખૂબ જ વિસ્તૃત છે. મનુષ્યનું શરીર, આત્મા અને મન તો જીવાત્માના માત્ર ત્રણ પડળ છે. તેના વિસ્તારમાં કુદરત-પદાર્થ અને સમાજ આ તમામ આવે છે. સામાન્ય રીતે જીવનનું બે પ્રકારે વિભાજન કરી શકાય-આંતરિક અને બાહ્ય. પરંતુ આ વિભાજન કેવળ અધ્યયનની સગવડતાની દૃષ્ટિએ જ છે. આમ તો એ બન્ને જ એક બીજાને પ્રભાવિત કરે છે અને એકબીજાથી પ્રભાવિત થાય છે.

જીવનના આંતરિક ઘેરાવામાં શરીર, પ્રાણ, મન અને આત્માનું સ્વરૂપ

અને તેની પ્રવૃત્તિઓ, વિકાસ અને અભિવ્યક્તિના અનેક પક્ષો આવે છે. બાહ્ય ઘેરાવામાં પ્રકૃતિ, પદાર્થ, પરિસ્થિત અને વાતાવરણની ગણત્રી થાય છે. દેશ, દુનિયા, પ્રાણીજગત, વનસ્પતિઓ સર્વસ્વ તેમાં જ ઘેરાયેલા, બંધાયેલા છે. જીવનના આ બન્ને પાસા ચલાયમાન, સજીવ, સચેતન અને વિકાસશીલ છે. એમાં ક્યાંય પણ જડતા નથી. જ્ઞાનની તમામ શાખાઓ અને કલાઓ એને જ જાણવાના હેતુથી જન્મી છે; આ દૃષ્ટિ સ્પષ્ટ થયા પછી કોઈપણ વિષય જીવનથી વિમુખ નહીં બની શકે. ભૌતિક તથા રસાયણ શાસ્ત્રમાં પણ વિદ્યાર્થીઓ યોગવિજ્ઞાનની જેમ પોતાના જીવનના અર્થને અને ઉદ્દેશને શોધી શકશે, પ્રાપ્ત કરી શકશે. પાઠ્યક્રમનો વિષય તેને જીવન દૃષ્ટિથી સમૃધ્ધ બનાવે છે.

એનો અર્થ કેવળ એટલો જ છે કે અભ્યાસ કરનાર વિદ્યાર્થી કોઈપણ વિષયનો અભ્યાસ કરે, શિખે, પરંતુ તેના પાઠ્યક્રમ દ્વારા તેમને પોતાના જીવનનું સ્વરૂપ, અર્થ અને ઉદ્દેશ સુસ્પષ્ટ રીતે સમજવમાં આવવા જોઈએ. તેમને સ્પષ્ટ રીતે પોતાના વર્તમાનમાં અને ભવિષ્યમાં પાઠ્યક્રમની ઉપયોગિતા અને જરૂરિયાત સમજમાં આવવી જ જોઈએ. પાઠ્યક્રમમાં સમજવવામાં આવી રહેલ, બતાવવામાં આવી રહેલ સત્યમાં વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારે પોતાના જીવનનો અણસાર મળવો જ જોઈએ. એને અભ્યાસ કરતી વખતે એ અનુભવ થાય કે તે ભણી રહ્યો છે, તે કોઈપણ પ્રકારે બોજ રૂપ નથી. આ તો તેના જીવન નો અજાણ, અણઉકલ્યો, રહસ્યમય કોયડાનું રોચક અને રૂચિકારક નિરાકરણ છે. પાઠ્યક્રમોની આ દૃષ્ટિ શિક્ષણ અને વિદ્યાને નવું સ્વરૂપ આપશે. તેનાથી જીવનનું સત્ય અને બોધ પ્રગટ થશે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં જે કોઈપણ પાઠ્યક્રમ ભણાવવામાં આવશે, એ તમામમાં આ જીવન દૃષ્ટિ રહેશે.જીવનદૃષ્ટિથી સભર પાઠ્યક્રમ બનાવવો દુ:સાધ્ય જરૂર છે, પરંતુ તે અસાધ્ય નથી. આ મુશ્કેલ કામને આજના જ દિવસોમાં અહીં સંભવ બનાવવામાં આવી રહ્યું છે. એવો વિશ્વાસ રાખવામાં આવી રહ્યો છે કે અહીં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયના કોઈપણ પાઠ્યક્રમની પસંદગી કરી એક સરખી જીવન દૃષ્ટિ હાંસલ કરી શકશે. આ દૃષ્ટિની મદદથી તેમને જીવનનો રસ્તો સ્પષ્ટ દેખાશે અને પોતાની મૌલિકતાની અનુરૂપ દિશાની પસંદગી કરી શકશે.

દૃષ્ટિ દ્વારા જ રસ્તો મળે છે. આ જ જીવનનું સત્ય છે અને વિશ્વવિદ્યાલયમાં ચલાવવામાં આવનાર પાઠ્યક્રમોનું પણ આ જ સત્ય હશે. વિદ્યાર્થીઓની મૌલિક્તા અને યોગ્યતાના વિકાસ માટે પાઠ્યક્રમોની દિશા દ્વારા જ શક્તિ મળે છે. સામાન્ય રીતે આ ધરતી પર બે પ્રકારના મનુષ્યો જન્મ લે છે. એક તો એ કે જેનામાં વિચારમાં સંવેદના હોય છે, બીજા તેઓ કે જેમનામાં વિશ્લેષણાત્મક તાર્કિક વ્યક્તિત્વ છે. મનુષ્યના આ મૌલિક ગુણોની અનુરૂપ જ પાઠ્યક્રમોની દિશા નક્કી કરવી જોઈએ. આ કથનનો ટુંકસાર માત્ર એટલો જ છે કે પાઠ્યક્રમોની દિશા એવી હોય કે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું શુધ્ધિકરણ તથા વિકાસ થાય છે. કમળને વિકાસ પામવા

માટે કીચડ ધરાવતી પાણીથી ભરેલ અલગ પ્રકારની માટી જોઈએ. પરંતુ ગુલાબ કણદાર, છિદ્રાળું માટી ધરાવતી સુક્કી ક્યારીઓમાં ઉગે છે. પાઠ્યક્રમોનો લક્ષ્ય એ હોવો જોઈએ કે વિદ્યાર્થીઓની તમામ મૌલિક વિશેષતાઓનો વિકાસ થાય.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંચાલકોએ આ સત્યને ધ્યાનમાં રાખ્યું છે. આ ઉદ્દેશને પૂરો કરવા માટે જ તેમણે વિદ્યા પરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓની રચના કરી છે. અહીં પાઠ્યક્રમનું સ્વરૂપ તથા પ્રકાર અનેક હશે, પરંતુ આ બધાથી વિદ્યાર્થીઓને જીવન જીવવાની દિશા મળશે. અન્ય જગ્યાએ એના અભાવના કારણે ડિગ્રીઓના બોજ વડે લદાયેલ વિદ્યાર્થી હતાશા અને નિરાશાના ઉંડા ખાડામાં પટકાઈ છે. કિંમ કરોમિ? કવં ગચ્છામિ?નો એમનો સવાલ ક્યારે પણ હલ થતો નથી. અભ્યાસ પૂરો કરી લીધા પછી પણ શું કરીએ? ક્યાં જઈએ? નો સવાલ ચતેમનો પીછો છોડતો નથી. આ વિશ્વવિદ્યાલયમાં ભણાવવામાં આવનારો પાઠ્યક્રમ ન તો સ્વયં દિશા વિહીન હશે અને ન તો તે વિદ્યાર્થીઓને દિશા વિહોણા બનાવશે.

વિષય કોઈપણ પણ હોય, પરંતુ વિદ્યાર્થીઓના મૌલિક સામર્થ્યનું પરિશોધન અને વિકાસના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જ તમામ પાઠ્યક્રમોની દિશા નક્કી કરવામાં આવશે. પાઠ્યક્રમોની દૃષ્ટિ અને દિશા બન્ને દ્વારા વિદ્યાર્થી દેવસંસ્કૃતિના મૂલ્યોનો અણમોલ નિધિ પ્રાપ્ત કરશે. પ્રતિભાશાળી, ક્ષમતાવાન, સમર્થ્યશાળી, પ્રચંડ આત્મબળ સંપન્ન વિદ્યાર્થીઓનું સર્જન થાય, એ જ આ વિશ્વવિદ્યાલયના પાઠ્યક્રમોનો ઉદ્દેશ છે. આ કામ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દ્વારા રચવામાં આવેલ વિદ્યા પરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓ કરશે.

# પાઠ્યક્રમ તૈયાર કરનારી પરિષદ વિદ્યા વિસ્તારની ધરી

વિદ્યા પરિષદ અને પાઠ્યક્રમ તૈયાર કરનારી સમિતિઓ આ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય ની શૈક્ષણિક વિસ્તારની યોજનાનો આધારસ્તંભ છે. એમના ઉપર જ પાઠ્યક્રમ તૈયાર કરવાની જવાબદારીઓ છે. તેમના જ સંચાલકો દ્વારા આપવામાં આવેલી દૃષ્ટિ અને દિશા અનુરૂપ તેમણે પાઠ્યક્રમોનું સ્વરૂપ નક્કી કરવાનું છે. આ જવાબદારી ઘણી અગત્યની છે. કારણ કે વિશ્વવિદ્યાલયના પાઠ્યક્રમો બીબાં જેવા છે, કે જેની અનુરૂપ વિદ્યાર્થીઓની માનસિક સ્થિત ઢળે છે. આ બીબું જ તેમની યોગ્યતાને સુશોભિત કરે છે. તેના દ્વારા જ તેમના જીવનમાં નિખાર અને સુધાર આવે છે. આ પાઠ્યક્રમો સારી રીતે ભણાવવાથી જ વિદ્યાર્થીઓના વ્યક્તિત્ત્વમાં બીજ રૂપે સમાયેલ અનેક સંભાવનાઓને સાકાર કરી શકવી સંભવ છે. એટલા માટે વિશ્વવિદ્યાલયમાં વિદ્યા પરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓનું સ્થાન મહત્ત્વનું છે.

પ્રાચીન યુગમાં પણ વિદ્યાપરિષદની રચના કરવામાં આવતી. શાસ્ત્રોમાં અને ઈતિહાસના પાનાઓ પર અનેક જગ્યાએ વિદ્યાપરિષદનો યા એના જેવી કોઈ અન્ય સમિતિઓનો ઉલ્લેખ વાંચવા મળે છે. કેટલીક જગ્યાએ તેનો વિદ્વત્સભા યા વિદ્વત્પરિષદ રૂપે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં વર્ણન કરવામાં આવેલ ઋષિ વિમર્ષિણી સભા યા તત્ત્વ વિચાર પરિષદ, આ વિદ્યા પરિષદનો જ પર્યાય છે. અનેક નામ ધરાવતી આ સમિતિનો મુખ્ય ગુણ એક જ હતો, એ હતો પાઠ્યક્રમોનું સ્વરૂપ નક્કી કરવું. મહર્ષિ વિશ્વામિત્ર, મહર્ષિ કણ્વ અને મહર્ષિ ભારદ્વાજ જેવા પ્રખ્યાત ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયોમાં ભણાવવામાં આવતા પાઠ્યક્રમો પર વિચાર અને નિર્ણયનો અધિકાર ઋષિ વિમર્ષિણી સભાને જ હતો. આ સભા નક્કી કરતી હતી કે કયા વિષયમાં શું અને કેટલું ભણાવવામાં આવે? આ સભાનું પ્રમુખ સ્થાન વિશ્વવિદ્યાલયના કુલપતિ મહર્ષિ સ્વયં લેતા હતા.

ઋષિ વિમર્ષિણી સભા અથવા વિદ્યા પરિષદનું પ્રમુખ સ્થાન ધારણ કરનાર કુલપતિ અંગે બતાવતા શાસ્ત્રોનું કથન છેઃ-

**छात्राणां दशसाहस्त्रं योऽन्नदानादिपोषणात्।**
**अध्यापयति विप्रर्षिरसौ कुलपतिः स्मृतः॥**

''જે દસ હજાર વિદ્યાર્થીઓનું અન્ન દ્વારા પોષણ કરી તેમના અભ્યાસની વ્યવસ્થા કરે છે, એ વિપ્રર્ષિને કુલપતિ કહે છે.''

એ દિવસોમાં શાસ્ત્રના આ કથન પરથી વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યાની જાણ થાય છે. સાથે સાથે એ વાતની પણ જાણ થાય છે કે પાઠ્યક્રમ ઘડતી પરિષદને કેટલા વિદ્યાર્થીઓના જીવનનો ઉત્કર્ષ કરવાની યોજના તૈયાર કરવી પડતી હતી.

ઐતિહાસિક યુગમાં પણ તક્ષશિલા અને નાલંદા વિશ્વવિદ્યાલયોમાં પાઠ્યક્રમ તૈયાર કરનારી પરિષદનો ઉલ્લેખ મળી આવે છે. પ્રાપ્ત થયેલ વર્ણન અનુસાર આચાર્ય ધર્મજ્ઞ આ સભાના અધ્યક્ષ હતા. તેમના સિવાય આચાર્ય ધૃતસેન, આચાર્ય શુભદર્શન વગેરે આચાર્યોનો આ સભાના સભ્ય હોવાનો ઉલ્લેખ મળી આવે છે. નાલંદા વિશ્વવિદ્યાલયમાં આચાર્યશીલ -ભદ્ર આ વિશ્વવિદ્યાલયના કુલપતિ હોવાની સાથે પાઠ્યક્રમ તૈયાર કરતી પરિષદના અધ્યક્ષ પણ હતા. આ પરિષદના સભ્યોમાં મુખ્યત્વે ધર્મપાલ, ચંદ્રપાલ, ગુણપતિ, સ્થિરમતિ, પ્રભામિત્ર, જિનમિત્ર, જ્ઞાનચંદ્ર અને જિનભિક્ષુ વગેરે આચાર્યો હતા. એ સમયના ચીનના વિદ્યાર્થી ઈત્સિંગની નોંધ અનુસાર આ પરિષદ ગહન ચર્ચા વિચારણા કરી પાઠ્યક્રમો નક્કી કરતી હતી. ઈત્સિંગનું કહેવું છે કે આ મુખ્ય પરિષદની અંતર્ગત અન્ય સમિતિઓ પણ હતી, કે જે વિષયના પાઠ્યક્રમ અંગે વિચાર કરતી હતી.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ દેવસંસ્કૃતિની આ પધ્ધતિ અને પ્રથા અપનાવવામાં આવી રહી છે. વિદ્યા પરિષદમાં ભણાવવામાં આવનાર તમામ વિષયોના પસંદ કરવામાં આવેલ નિષ્ણાત વિદ્વાનો અને જાગૃત વિચારશીલોનું એકત્રીકરણ રહેશે. આ પરિષદ વિશ્વવિદ્યાલયોનો પાઠ્યક્રમ નક્કી કરનારી તથા નિર્ણય કરનારી આ સર્વોચ્ચ પરિષદ હશે. તેને આધિન અલગ અલગ વિષયો માટે બનાવવામાં આવેલી પાઠ્યક્રમ સમિતિઓ કામ કરશે. તે પૈકી પ્રત્યેક સમિતિમાં વિષય સાથે સંકળાયેલ બે નિષ્ણાત વિદ્વાનો સહિત વિભાગના વિભાગ પ્રમુખ અને એ વિભાગના મુખ્ય આચાર્ય રહેશે. વિશેષ આમંત્રિત સભ્ય પણ આ પાઠ્યક્રમ સમિતિના ભાગીદાર રહેશે. તમામ વિષયોની પાઠ્યક્રમ સમિતિઓ પોતાના કામનો અહેવાલ વિદ્યાપરિષદને આપશે. વિદ્યા પરિષદ એની ઉપર વિચાર કરી પાઠ્યક્રમોને અંતિમ સ્વરૂપ આપશે. બાદમાં વિદ્યાપરિષદના અધ્યક્ષરૂપે ઉપકુલપતિ એની ઉપર અંતિમ નિર્ણય લેવા માટે તેને કુલાધિપતિ પાસે લઈ જશે. તેમની મંજુરી અને સંમતિબાદ જ પાઠ્યક્રમને વિશ્વવિદ્યાલયમાં ભણાવી શકાશે.

વિદ્યાપરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓ માટે કેટલાક મુદ્દાઓ પર વિચાર કરવો અને તેમને અપનાવવા અનિવાર્ય હશે. (૧) પાઠ્યક્રમ માં વિષયના મહત્ત્વના સિધ્ધાંતોની સાથે તેનું વ્યવહારિક સ્વરૂપ હોવું જરૂરી છે. (૨) પાઠ્યક્રમના વિષયોમાં જીવનના વિભિન્ન પાસાઓ સાથે જોડાણ એટલું તો સ્પષ્ટ હોવું જોઈએ કે ભણનારા વિદ્યાર્થીને સરળતાથી તેની અનુભૂતિ થઈ શકે. દરેક પાઠ્યક્રમમાં દેવસંસ્કૃતિના તત્વોનો અનિવાર્ય રૂપે સમાવેશ કરવામાં આવે. (૩) પાઠ્યક્રમમાં પ્રાચીન જ્ઞાનના મહત્ત્વના મુદ્દાઓની સાથે કોઈ ખાસ વિષયની સીમામાં થયેલી આધુનિક શોધ અથવા સંશોધનના ઉદ્ભવેલ પરિણામને અનિવાર્ય રૂપે જોડવામાં આવશે. (૪) પ્રત્યેક વિષયમાં સ્નાતક તથા સ્નાતકોત્તર શ્રેણીઓની અનુરૂપ પ્રાયોગિક યોજનાઓ સંશોધન યોજનાઓ જોડાયેલી હશે.પાઠ્યક્રમોમાં દરેક સત્ર દીઠ ફેરફાર કરવામાં આવતો

રહેશે. જેથી વિષય સાથે સંકળાયેલ નવીન ઉપયોગી પરિણામો જોડી શકાય અને જૂના બિન ઉપયોગી તત્ત્વોને દૂર કરી શકાય. આ કેટલાક મહત્ત્વના મુદ્દાઓ ઉપરાંત વિશ્વવિદ્યાલયની વહીવટી પરિષદ, કુલાધિપતિ અને સંચાલક પરિષદની સંમતિથી વિદ્યાપરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરશે, જેથી વિદ્યા પરિષદ અને પાઠ્યક્રમ સમિતિઓના સભ્યોની સમક્ષ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની કાર્યશૈલી અને ઉદ્દેશ વધુ સ્પષ્ટ થઈ શકે.

એના સંબંધમાં માત્ર એટલું જ કહેવું છે કે કામ ખૂબ જ વધારે છે અને સમય ખૂબ જ ઓછો છે. ઓછા સમયમાં પાઠ્યક્રમો અંગે સરળ વ્યવસ્થા કરવાની છે. **જેઓ વિચારશીલ, જાગૃત અને અનુભવી વિદ્વાન છે, તેઓ અગર વિશ્વવિદ્યાલયના પાઠ્યક્રમો તૈયાર કરવા પોતાનો જો સહકાર આપવા ઈચ્છા ધરાવતા હોય તો તેઓ આ લીટીઓને જ આમંત્રણ માને. કુલાધિપતિ, દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, શાંતિકુંજ હરિદ્વાર** આ સરનામે પત્ર લખી આવા ભાગ્યશાળી લોકો પોતાના સહકાર અંગે સૂચના આપી શકે.

આ માહિતીમાં પોતાની લાયકાત અને આજની સ્થિતિની સંપૂર્ણ માહિતિ તથા પાઠ્યક્રમો તૈયાર કરવાના સંદર્ભમાં તેમના આજ સુધીના અનુભવોની માહિતિ મોકલી આપવી અનિવાર્ય રહેશે. આ પત્ર મળ્યા પછી વિશ્વવિદ્યાલય કાર્યાલય દ્વારા સહકારનો સ્વીકાર કરવાની સૂચના મોકલી આપવામાં આવશે. પાઠ્યક્રમો બનાવવા માટે પોતાનો સહકાર આપનારાઓ ઋષિઓના કામમાં અને દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિસ્તારમાં ભાગીદાર બની પુણ્ય અને યશ બન્ને પ્રાપ્ત કરશે.

વિદ્યા પરિષદ સહિત તમામ પાઠ્યક્રમ સમિતિઓ પ્રત્યેક વર્ષ ઓછામાં ઓછી બે વાર અવશ્ય મળશે. ઉપયોગિતા અને આવશ્યકતા અનુસાર પરિષદ અથવા કોઈપણ સમિતિની મીટિંગ વધુ વાર પણ મળી શકે. તેનો ઉદ્દેશ તમામ ફેકલ્ટીઓમાં જલદીમાં જલદી શરૂ કરવામાં આવનાર વિષયોના પાઠ્યક્રમોને અંતિમ રૂપ આપવાનો છે. પાઠ્યક્રમોના ઉત્કૃષ્ટ, ઉચ્ચકોટિના હોવાની સાથે રુચિકર, ગ્રાહી હોવા જ એની વિશેષતા હશે. આ વિશેષતા દ્વારા જ વિદ્યાર્થીઓમાં મૌલિક વ્યક્તિત્ત્વ, પ્રાયોગિક કૌશલ્ય અને દેવસંસ્કૃતિના જીવન મૂલ્યો પ્રત્યે જાગૃતિનો વિકાસ થઈ શકશે. આ પાઠ્યક્રમોના બીબાંઓ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને ઢાળવાનું કામ વિશ્વવિદ્યાલયની ફેકલ્ટીઓમાં થશે. આ એ જ ફળદ્રુપ જમીન છે, જ્યાં વ્યક્તિનું બીજ ગળશે અને વ્યક્તિત્વના લીલાછમ નવપલ્લવિત અને પુષ્પોથી મઘમઘતા છોડનો જન્મ થશે, જીવન પ્રાપ્ત કરશે.

# આ ફેકલ્ટીઓ દેવસંસ્કૃતિના જ્યોતિ સ્તંભો બનશે

વિશ્વવિદ્યાલયની આ ફેકલ્ટીઓ દેવસંસ્કૃતિના જ્યોતિ સ્તંભો છે. અહીંથી જ જ્ઞાન વિજ્ઞાનના પ્રકાશ નિર્ઝરો વહેશે. અહીંથી જ સાંસ્કૃતિક ચેતના વિસ્તાર પામશે. અહીં જન્મેલ ઉર્જાથી અનેક લોકો ઉર્જાવાન બનશે અને અહીંથી જ વિદ્યાવિસ્તારની યોજનાઓ વ્યવસ્થિત સ્વરૂપ તથા આકાર પ્રાપ્ત કરશે. અહીં પર જ દેવસંસ્કૃતિના ઉદ્દેશો પોતાની વિશેષ ઓળખનું સર્જન કરશે. વિશ્વવિદ્યાલયની શિક્ષણ વ્યવસ્થા ફેકલ્ટીઓમાં વિભાજિત થઈ ઋષિ સંસ્કૃતિના દરેક પક્ષને એક નવીન જ મૌલિક સ્વરૂપ પ્રદાન કરશે. અધ્યયનની અને અધ્યાપનની શૈલીની સંપૂર્ણ રચના આ ફેકલ્ટીઓના બીબાં દ્વારા જ ઢાળવામાં આવશે.

વિશ્વવિદ્યાલયોની શૈક્ષણિક વ્યવસ્થાનું ફેકલ્ટીઓમાં કરવામાં આવતું વિભાજન નવું નથી. એ આપણી ઋષિ સંસ્કૃતિની દેન છે, પ્રાચીન ઋષિઓ દ્વારા બનાવવામાં આવેલ શૈક્ષણિક વ્યવસ્થાની આ પ્રથા છે. ઈતિહાસકાર ડૉ.રાધાકુમુદ મુખર્જીએ પોતાના પુસ્તક 'એશિયંટ ઈંડિયન એજ્યુકેશન' માં એવા અનેક પુરાવાઓનો ખુલાસો કર્યો છે. મહાભારત વગેરે પૌરાણિક ગ્રંથો પણ એની તરફ ઈશારો કરે છે. આ તમામ વર્ણનો અનુસાર ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયોમાં કુલાધિપતિ શૈક્ષણિક વ્યવસ્થાને ફેકલ્ટીઓમાં વિભાજિત અને સુવ્યવસ્થિત બનાવતા હતા. એક વિશ્વવિદ્યાલયમાં લગભગ ચારથી આઠ ફેકલ્ટીઓ રાખવાનું વિધાન હતું. આ ફેકલ્ટીઓનો કારભાર ફેકલ્ટીઓના અધ્યક્ષો સંભાળતા હતા.

પ્રાચીન ગ્રંથોમાં ફેકલ્ટીઓને સ્થાનની ઉપમા આપવામાં આવી છે. એક જ સ્થાનમાં જ્ઞાનની એ વિશેષ શાખા સાથે સંબંધિત અનેક વિષયો ભણાવવામાં આવતા. તેમાંથી પ્રત્યેક વિષયને ભણાવવા માટે અનેક આચાર્યો રહેતા. પ્રત્યેક વિષયના વિભાગની જવાબદારી વિભાગના અધ્યક્ષો સંભાળતા હતા અને પોતાના વિભાગના કામનો અહેવાલ ફેકલ્ટી અધ્યક્ષ અથવા સ્થાન અધ્યક્ષને આપતા હતા. આ પ્રાચીન વ્યવસ્થાનો ઉદ્દેશ એટલો જ હતો કે વિશ્વવિદ્યાલયની શૈક્ષણિક વ્યવસ્થા સરળ રીતે ચાલતી રહે. સાથે સાથે જ્ઞાન વિજ્ઞાનના દરેક પાસા, દરેક પક્ષનો સ્વતંત્ર વિકાસ થતો રહે. જ્ઞાનની પ્રત્યેક નર્સરીમાં નવી કળીઓ અને કુંપળો ફૂટતી રહે, ફેકલ્ટી અધ્યક્ષો પોતાની ફેકલ્ટીની જમીનમાં તેમને માટે જરૂરી ખાતર, પાણીની વ્યવસ્થા કરતા રહેતા હતા.

પ્રાચીન ઋષિઓએ જે આઠ ફેકલ્ટીઓ અથવા સ્થાનોનું બંધારણ બનાવ્યું હતું તે આ પ્રમાણે છે-(૧) અગ્નિસ્થાન, (૨) બ્રહ્મસ્થાન, (૩) વિષ્ણુસ્થાન, (૪) મહેન્દ્ર સ્થાન, (૫) વિવસ્વત સ્થાન, (૬) સોમ સ્થાન, (૭) ગરૂડ સ્થાન, (૮) કાર્તિકેય સ્થાન. તે પૈકી અગ્નિસ્થાનમાં યજ્ઞવિજ્ઞાન સાથે સંબંધિત અનેક વિષયોનું અધ્યયન, અધ્યાપન અને સંશોધનનું કાર્ય ચલાવવામાં આવતું. બ્રહ્મસ્થાનમાં વૈદિક વિષયો અને બ્રહ્મવિદ્યાના અધ્યયન અને સંશોધન માટેની ફેકલ્ટી હતી. વિષ્ણુ સ્થાનમાં તમામ

પ્રકારના વહીવટ સંબંધી વ્યવહારિક વિષયોનું શિક્ષણ આપવામાં આવતું. મહેન્દ્ર સ્થાનમાં અસ્ત્ર-શસ્ત્ર સંબંધી વિષયો ભણાવવામાં આવતા. વિવસ્વત સ્થાનમાં ગણિત અને ફળાદેશ જયોતિષ અને તત્વ સંબંધી વિષયોના અધ્યયનની ફેકલ્ટી હતી. સોમ સ્થાનમાં વનસ્પતિ શાસ્ત્ર અને આયુર્વેદ સાથે સંબંધિત વિષયોની ફેકલ્ટી હતી. ગરૂડ સ્થાનમાં તમામ પ્રકારના વાહનો, પરિવહન અને સડકો, પુલો વગેરે બાંધવાના તમામ વિષયોનું શિક્ષણ આપવામાં આવતું. કાર્તિકેય સ્થાનમાં લશ્કરી દળો સાથે સંબંધિત તમામ વિષયોના અધ્યયનની વ્યવસ્થા હતી.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં શૈક્ષણિક વ્યવસ્થાનું આ જ સાંસ્કૃતિક સ્વરૂપ અભિનવ પધ્ધતિથી ઘડવામાં આવેલ છે. વર્તમાનમાં અહીંની શૈક્ષણિક વ્યવસ્થાની સંપૂર્ણ રચનાનું ચાર ફેકલ્ટીઓમાં વિભાજન કરવામાં આવ્યું છે. સાધના, આરોગ્ય, શિક્ષણ અને સ્વાવલંબન નામની આ ચાર ફેકલ્ટીઓ દેવસંસ્કૃતિની ચૌમુખી પ્રગતિનો પર્યાય છે. દેવસંસ્કૃતિના ભાવી વિસ્તારની ચાર દિશાઓ છે. એ ઋષિઓનો ચાર પ્રકારનો સાંસ્કૃતિ પરિશ્રમ છે. તેને સાંસ્કૃતિક સાધનાના ચાર બંધન પણ કહી શકાય. આ કથનનો ટૂંકસાર એટલો જ છે કે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની ચારે ફેકલ્ટીઓ સાંસ્કૃતિક ચેતનાના ક્રિયાશીલ કીર્તિસ્તંભ રૂપે સ્થાપવામાં આવેલ છે. એની ક્રિયાશીલતામાં જ દેવસંસ્કૃતિનો ભાવી વિસ્તાર છુપાયેલ છે. તેના જ દ્વારા સાંસ્કૃતિક મૂલ્યોની પ્રક્રિયાઓ નવપલ્લવિત થશે, જીવન મૂલ્યોનો વિસ્તાર થશે.

પ્રત્યેક ફેકલ્ટીની તમામ પ્રવૃત્તિઓની જવાબદારી ફેકલ્ટી અધ્યક્ષ અથવા ડીન પર રહેશે. તેમની નિમણૂંક કુલાધિપતિની સંમતિ લઈ ઉપકુલપતિ સ્વયં કરશે. ફેકલ્ટી અધ્યક્ષ અથવા ડીનનો કામનો વિસ્તાર વિસ્તૃત છે. તેમને આધિન શૈક્ષણિક અને વહીવટી અનેક પ્રવૃત્તિઓ રહેશે. આ વિભાગોના તમામ વિભાગ અધ્યક્ષ પોતાના વિભાગ સંબંધી કામકાજનો સંપૂર્ણ અહેવાલ તેમને આપશે. વિભાગના અધ્યયન અને સંશોધન સંબંધી કામ માટે વિભાગના વડાને જરૂરી નિર્દેશ આપવો ડીનની જ જવાબદારી રહેશે. ડીનને પોતાની ફેકલ્ટીના તમામ વિભાગોના કામનો અહેવાલ વિશ્વવિદ્યાલયના કુલપતિને અવારનવાર આપવો પડશે. ફેકલ્ટી અધ્યક્ષ અથવા ડીનની જવાબદારી એ રહેશે કે તેમની ફેકલ્ટીની તમામ પ્રવૃત્તિઓ તમામ ઉદ્દેશો માટે સંકલ્પબધ્ધ, સમર્પિત અને પ્રતિબધ્ધ રહે, કે જેને માટે ફેકલ્ટી ખોલવામાં આવી છે.

વિશ્વવિદ્યાલયની ચારે ફેકલ્ટીઓ જૂના ચીલે અથવા જૂની રૂઢિને આધીન રહી વર્તવા માટે બનાવવામાં કે ખોલવામાં આવી નથી. તેમની ફળદ્રુપતાથી જ કંઈકને કંઈક નવીન જન્મ ધારણ કરતું, વૃધ્ધિ પામતું, ફૂલતુ ફાલતું, નવપલ્લવિત થતું અને વિકાસ પામતું રહેશે. ફેકલ્ટીની ફળદ્રુપ જમીનમાં નવા વિષયો, નવા વિભાગો અને તેના નવા પાસાં પોતાનું અસ્તિત્વ પ્રાપ્ત કરતા રહેશે. ફેકલ્ટીઓના ઉદ્દેશોના વ્યાપક ઘેરાવામાં નવા વિષયો અને તેના પાઠ્યક્રમોની રચના કરવી એ ફેકલ્ટીના આચાર્યોની જવાબદારી છે . ફેકલ્ટી અધ્યક્ષ અથવા ડીન આ કામ માટે તેમની સમુચિત મદદ કરતા રહેશે.

પ્રાચીન સમયમાં ચોસઠ કલાઓ અને ચૌદ વિદ્યાઓ આ રીતે વિકાસ પામી હતી. બાદમાં આ વિદ્યાઓ ચૌદમાંથી વિકાસ પામી ચોવીસ બની ગઈ. ઐતિહાસિક યુગમાં નાલંદા વિશ્વવિદ્યાલયમાં જે સમયે જીવકે ચિકિત્સા શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું, એ સમયે ત્યાં ચિકિત્સા અથવા આરોગ્ય ફેકલ્ટીમાં નાના મોટા ૧૪૦ વિભાગ અને ઉપવિભાગો હતા. નાલંદાની આરોગ્ય ફેકલ્ટીમાં આરોગ્ય સાથે સંકળાયેલ અનેક પ્રકારના પાઠ્યક્રમોનું સંચાલન થતું હતું. આચાર્ય ગુણમતિ આ ફેકલ્ટીના ફેકલ્ટી અધ્યક્ષ અથવા આધુનિક ભાષાના ડીન હતા. તેમની ચપળ વહીવટી શક્તિ અને શિક્ષણ પ્રત્યે પ્રેમના કારણે નાલંદા વિશ્વવિદ્યાલયની આરોગ્ય ફેકલ્ટીએ વિશ્વભરમાંથી કીર્તિ પ્રાપ્ત કરી હતી.

એ જ સ્થિતિ સાધના ફેકલ્ટીની હતી. ત્યાંના કુલપતિ આચાર્ય શીલભદ્ર, સાધના ફેકલ્ટીના ફેકલ્ટી અધ્યક્ષ પણ હતા. તેઓ સ્વયં યોગશાસ્ત્રના પ્રકાંડ પંડિત હતા. ઐતિહાસિક વર્ણન અનુસાર ચીની યાત્રી હુ-એન-સંગે તેમની જ પાસેથી યોગનું શિક્ષણ મેળવ્યું હતું. આ ફેકલ્ટીમાં એક સૌ થી વધારે વિષયો અને વિભાગોની પ્રવૃત્તિઓનું સંચાલન થતું હતું. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં સાધના, આરોગ્ય, શિક્ષણ, સ્વાવલંબન એમ ચાર ફેકલ્ટીઓની સ્થાપના સાંસ્કૃતિક ચેતના અને શિક્ષણના બહુપક્ષી વિસ્તાર માટે કરવામાં આવી છે. પોતાના ઉદ્દેશો અનુરૂપ સતત સર્જન, સંવર્ધન, શિક્ષણ અને સંશોધનમાં જ પ્રત્યેક ફેકલ્ટીની ગુણવત્તા અને અર્થવત્તા સમાયેલ છે. એમાંથી પ્રથમ સ્થાન સાધના ફેકલ્ટીનું છે. આ જ વિદ્યાવિસ્તારનો આધાર સ્તંભ છે. સાધનાના પાયા પર જ વિદ્યાના વિસ્તારની ભવ્ય ઈમારત ઉભી થવાની છે.

# સાધના ફેકલ્ટી ઋષિકલ્પ જીવનના અભિલાષીઓ માટે છે

સાધના ફેકલ્ટીના પાઠ્યક્રમોમાં દેવસંસ્કૃતિના પ્રણેતા ઋષિઓના જીવનનો પ્રકાશ છે. એમાં એ પ્રયોગો, પ્રક્રિયાઓ, સિધ્ધાંતો અને વ્યવહારિક નિયમોનો સમન્વય છે, જે તેમની સિધ્ધિઓના આધાર બન્યા. સાધનાની વિવિધ પધ્ધતિઓ પ્રાચીન ભારતના મહર્ષિઓનું સર્વોત્કૃષ્ટ સંશોધન છે. તેમણે સાધના વિજ્ઞાન દ્વારા જ મનુષ્યની પ્રકૃતિનું શુધ્ધિકરણ અને વિકૃતિઓનું નિરાકરણ કરી સંસ્કૃતિનો જન્મ આપ્યો. સંસ્કૃતિના આદર્શો, સિધ્ધાંતો, સાધનાના સત્યને જાણીને જ સમજી અને શીખી શકાય. મનુષ્યમાં દેવત્વ અવતરણની પ્રયોગાત્મક પધ્ધતિ પણ આ જ છે. મનુષ્ય માત્ર માટે તેની વૈજ્ઞાનિક ઉપયોગિતા સિધ્ધ કરવા જ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં સાધના ફેકલ્ટીની સ્થાપના કરવામાં આવી છે.

આ દેશની ધરતી પર આજે પણ ધ્રુવ, નચિકેતા જન્મ ધારણ કરે છે, જેમનામાં સાધનાની લગન અને તૃષા હોય છે, જે આધ્યાત્મની વિદ્યા ભણવા અને શિખવા ઈચ્છા ધરાવે છે. આધ્યાત્મિક પ્રયોગોમાં લીન બનવા માટે જેમના મનમાં વ્યાકુળતા જાગે છે. આજે પણ ભારતમાતાની કૂંખમાંથી તપ, ત્યાગ અને સાધનાના અંકુરો ફૂટે છે, પરંતુ જીવન પ્રાપ્ત કર્યા પહેલાં જ તેમનું મૃત્યુ થઈ જાય છે. સમુચિત માર્ગદર્શનના અભાવે સાધના અને સાધક બન્ને કરમાઈ જાય છે. મનુષ્ય જીવનની ઉચ્ચ અભિલાષાઓ યા તો કસમયે કરમાઈ જાય છે યા તો પછી ભૌતિક સુખોની ભૂલભુલામણીમાં ભટકી જાય છે. મનુષ્યમાં દેવત્વના અંકુરો ફૂટે છે, પરંતુ તેના વિકાસ માટે જોઈતા પ્રમાણમાં ખાતર, પાણી મળી શકતા નથી. દિવ્ય જીવન જીવવા તૃષા જાગે છે, પરંતુ તેને તરસ્યા જ શ્વાસ છોડવા માટે વિવશ થવું પડે છે.

સાધના ફેકલ્ટીનો પાઠ્યક્રમ વિવશતાના એ ચક્રવ્યૂહને ભેદવા માટે છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં સાધના ફેકલ્ટીની સ્થાપના આ સંકલ્પનો ઉદ્‌ઘોષ છે કે હવે આધ્યાત્મ વિદ્યાના જિજ્ઞાસુઓને પ્રભાવશાળી માર્ગદર્શનનો અભાવ નહીં રહે. કઠોર સાધનાની ઈચ્છા ધરાવનારાઓ માટે ફરી આધ્યાત્મિક સાધના પલ્લવિત કરવામાં આવશે. તપના ગૂઢ અને ગહન પ્રયોગો માટે તત્પર થનારાઓની અભિલાષાને હવે નિરાશ નહીં થવું પડે. સાધના ફેકલ્ટીના પાઠ્યક્રમો તૈયાર કરવા અને સંચાલન આવા જ સંકલ્પબધ્ધ આધ્યાત્મના અભિલાષીઓ માટે છે. તેનો ઉદ્દેશ દેશ તથા ધરતીના વાતાવરણને તપની શક્તિથી ઉર્જાવાન બનાવવાનું છે. હિમાલયની ઉંડી કંદરાઓમાં જે વૈભવ ખોવાયેલો, દબાયેલો પડ્યો છે, તેને ફરીથી શોધવાનો, પ્રગટ

કરવાનો અને ઝળહળાવવાનો છે. આ ધારત્રિને હિમાલયના ઋષિઓના સંદેશ વડે ગુંજવવાની છે. વિશ્વભરના વિવિધ ધર્મોના મૂળ તત્વોને તથા સત્યને ખૂલ્લા કરવાના છે.

સાધના ફેકલ્ટીના પાઠ્યક્રમોની રચના તથા કલ્પનાના ઉદ્દેશોનું કેટલાક મહત્ત્વના મુદ્દાઓમાં વર્ણન કરી શકાય. જેમ કે :-(૦) ભારત દેશના ઋષિઓ, સંતો અને મહાપુરુષો દ્વારા પ્રવર્તિત અને અનુભવેલ સાધનાના સિધ્ધાંતોનું જ્ઞાન, (૦) વિશ્વવસુંધરાના વિભિન્ન ધર્મો અને તેના સ્થાપકો, સમગ્ર વિશ્વના આધ્યાત્મના જાણકારો દ્વારા બતાવવામાં આવેલ ધાર્મિક તત્વો અને સાધનાની પધ્ધતિઓનું સમુચિત જ્ઞાન, (૦) લગભગ તમામ સાધના પધ્ધતિઓનું આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અધ્યયન-સંશોધન. (૦) કેટલાક સાધનાત્મક પ્રયોગોનું વ્યવહારિક શિક્ષણ. આ ચારે મુદ્દાઓ મૂળભૂત રીતે સૈધ્ધાંતિક છે. તેનાથી માત્ર પાઠ્યક્રમોની થિયેરીની જ જાણ થાય છે, જેનો કેટલોક ભાગ અન્ય વિશ્વવિદ્યાલયોમાં જોવા મળી જાય છે.

જે સત્ય કેવળ અહીં અને આ જ જોવા મળશે, તેની અભિવ્યક્તિ કરનારા મુદ્દાઓ નીચે મુજબ છેઃ- (૧) સાધના ફેકલ્ટીના વિદ્યાર્થીઓના સંકલ્પ બળનો અસામાન્ય વિકાસ, (૨) જીવનની અયોગ્ય કુટેવો, કુસંસ્કારો, કુકર્મોની જટિલતામાંથી છુટકારો, (૩) મનુષ્યની ચેતનામાં સમાયેલ સંભાવનાનું જ્ઞાન, (૪) અતીંદ્રિય સત્ય અને શક્તિનું વ્યવહારિક શિક્ષણ. આ ચારે મુદ્દાઓ મહત્ત્વના છે.એનાથી સાધનાના અર્થને અને મહત્ત્વને સમજવાની શરૂઆત થાય છે. એનાથી જ એ પાયો મજબૂત થાય છે, જેની ઉપર આધ્યાત્મિક વિદ્યાના ભવ્ય મંદિરનું સર્જન થઈ શકે, ઋષિઓ દ્વારા રચવામાં આવેલ ઉદ્દેશો સાકાર કરી શકાય.

આ તમામ ઉદ્દેશોને ચરિતાર્થ કરનારા પાઠ્યક્રમોનું સ્વરૂપ અને સ્તર, વિદ્યાર્થીઓની ઉંમર અને લાયકાત અનુસાર ભિન્નભિન્ન રહેશે. એનું સર્ટિફિકેટ, ડિપ્લોમા, ડિગ્રી અને પોસ્ટ ગ્રેજ્યુએટ ધોરણનું સ્વરૂપ અલગ અલગ બનાવવામાં આવશે. આ પાઠ્યક્રમોના ધોરણની અનુરૂપ જ તેમાં વિભિન્ન ધર્મોનું તુલનાત્મક અધ્યયન, તેમાં પરસ્પર સમન્વય અને એકતા સ્થાપનારા નિયમોની શોધ, સર્વધર્મ સમભાવની એકરૂપતા સ્થાપવાવાળા મુદ્દાઓનું શિક્ષણ આપવામાં આવશે. સાથેસાથે આધ્યાત્મ વિજ્ઞાનના દાર્શનિક સત્યો-હઠયોગ, લયયોગ, રાજયોગ, સ્વરયોગ (નાદયોગ), પ્રાણયોગ, મંત્રવિજ્ઞાન, ગાયત્રી મહાવિદ્યાના વિભિન્ન પાસાંઓ અને વૈજ્ઞાનિક આધ્યાત્મવાદનું અધ્યયન અને શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. આ પાઠ્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને નવેસરથી ઘડવાની, ઢાળવાની પ્રક્રિયા પૂરી કરી શકાશે.

સાધના ફેકલ્ટીના કોઈપણ પાઠ્યક્રમની સીમાઓ કેટલાક સિધ્ધાંતો ગોખવા અને ગોખાવી નાખવા કરતાં ખૂબ જ વધારે છે. સાધના ફેકલ્ટીમાં અભ્યાસ કરનારાઓનું તથા ભણાવનારાઓનું, બન્નેનું સાધક હોવું અનિવાર્ય છે. આ સાધના ફેકલ્ટીમાં એમની જગ્યા મુકરર હશે, જે આધ્યાત્મિક વિદ્યાના અનુરાગી-પ્રેમી હશે. જે માનવ ધર્મ તથા વિશ્વધર્મની સ્થાપના કરવા, તમામ ધર્મોના અનિવાર્ય તત્વોમાં સમાયેલી એકતાને સમજવા માટે સમર્પિત છે, જેમનામાં તપસ્વી જીવન જીવવાનો સંકલ્પ છે, જે સાધનાના કઠોર પ્રયોગો અપનાવવા સક્ષમ છે, આવા સંકલ્પવાન, તપ પરાયણ જીવન જીવવા માટે અભ્યાસુ વ્યક્તિઓ માટે જ આધ્યાત્મિક નિયમોની વ્યવસ્થામાં પોતાની જાતને ખપાવી દેવી સંભવ છે. આ સત્યથી પરિચિત વ્યક્તિ જ સાધના ફેકલ્ટીનો સભ્ય બની શકશે.

આ ફેકલ્ટીના પાઠ્યક્રમો માટે બીજા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ અનિવાર્ય છેઃ-(૧) ધાર્મિક સદ્‌ભાવ અને સમભાવની સાધના માટે ઉપયોગી વાતાવરણ, (૨) સાધના વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પ્રયોગોની સમુચિત વ્યવસ્થા, (૩) આધ્યાત્મ સાધનાના અનુરાગી આચાર્ય અને (૪) સંકલ્પવાન તથા આધ્યાત્મિક નિયમોનું પાલન કરવા સમર્પિત વિદ્યાર્થી. વિશ્વવિદ્યાલયોના સંચાલકોએ ઉપરોક્ત ચારમાંથી ત્રણ જરૂરિયાતો એકત્ર કરવાની વ્યવસ્થા પૂરી કરી લીધી છે. ચોથા ક્રમની અનુરૂપ હોય એવા સુપાત્ર વિદ્યાર્થીઓની ખૂબ જ આતુરતા પૂર્વક રાહ જોવામાં આવી રહી છે.

આ લીટીઓ વાંચી રહેલ વાંચકોએ આ વાત ઉંડાણપૂર્વક જાણી લેવી જોઈએ કે આ ફેકલ્ટીમાં જે વિદ્યાર્થી પ્રવેશ કરશે તો એક સામાન્ય સાધારણ વ્યક્તિની જેમ કરશે, પરંતુ તેમનું રૂપાંતર સામાન્ય અને સાધારણ નહીં હોય. અહીંના પાઠ્યક્રમોના બીબાંઓ તેમને કંઈક વિશેષ જ સ્વરૂપ અને ગુણ પ્રદાન કરી દેશે. તેમની આકૃતિ તો એ જ રહેશે, પરંતુ પ્રકૃતિ સંપૂર્ણ રીતે બદલાઈ જશે. સામાન્ય મનુષ્યની અંદર અસાધારણ શક્તિઓ કેવી રીતે અંકુરિત અને પલ્લવિત થાય છે, તેના વિજ્ઞાનને તેઓ જાણશે, અનુભવ કરશે, અહીં પર આ પાઠ્યક્રમોનું અધ્યયન તેમને ઋષિત્વનું વરદાન આપશે. જે વિદ્યાર્થી ઋષિકલ્પ જીવનનો અભિલાષી હોય, તેણે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સાધના ફેકલ્ટીનો સંપર્ક સાંધવો જોઈએ.

આજે ઋષિઓનો દેશ ભારત ઋષિત્વથી વિહીન શા માટે? આ જ વેદના, દર્દ અને પીડાથી વ્યાકુળ બની સાધના ફેકલ્ટીની સ્થાપના કરવામાં આવી છે. આ પીડા જ એમાં ભણાવવામાં આવનારા પાઠ્યક્રમો તૈયાર કરવાની પ્રેરણા બની છે. દેશની ધરતી પર, આ વિશ્વવસુંધરા પર ફરીથી બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર, મહા તેજસ્વી મહર્ષિ અગસ્ત્યની નવીન આવૃત્તિ પોતાની તપની શક્તિથી, સાધનાની શક્તિથી,

માનવીઓના હૃદયને પ્રકાશિત કરે, આ જ આ પાઠ્યક્રમો ભણાવવાનો હેતુ છે, આ પાઠ્યક્રમોનો અભ્યાસ કરનાર, શ્રી રામકૃષ્ણ પરમહંસ દ્વારા બતાવવામાં આવેલ ''જતા મત તતો પથ''નો અર્થ સમજી શકશે. તેઓ જાણી શકશે કે તમામ ધર્મોનો સાર એક જ છે. તમાામ ધાર્મિક સાધનાઓ અને આધ્યાત્મિક પધ્ધતિઓનો લક્ષ્ય એક જ છે. યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની અમર્યાદિત તપઉર્જા, તેમના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ જ્ઞાન સાધના ફેકલ્ટીના પાઠ્યક્રમો દ્વારા જ અભિવ્યક્ત થશે. તેનાથી ઉપજેલી પ્રાણઉર્જા દ્વારા આરોગ્ય ફેકલ્ટીનો પાઠ્યક્રમ જન્મ ધારણ કરશે અને રુગ્ણ બિમાર બનતા જઈ રહેલ માનવ સમાજને સંપૂર્ણ આરોગ્યનું સ્વરૂપ સમજાવશે.

# સમગ્ર અને સંપૂર્ણ આરોગ્ય પર વિજ્ઞાન સંમત અધ્યયન-અધ્યાપન

ઋષિઓની મૌલિક દૃષ્ટિ જ આરોગ્ય ફેકલ્ટીના પાઠ્યક્રમોનો આધાર સ્તંભ છે. આ બધા જ પાઠ્યક્રમોમાં ભારત દેશના તપસ્વીઓ, જ્ઞાનીઓ, ચિકિત્સાશાસ્ત્રના આચાર્યોના સંપૂર્ણ સ્વાસ્થ્ય ચિંતનના આધુનિક વિજ્ઞાનના પ્રયોગો અને ટેકનિકોની સાથે સમુચિત સામંજ્યસ્ય છે. આધુનિક ચિકિત્સા વિજ્ઞાને આજના યુગમાં ઘણી પ્રગતિ સાંધી છે. નવા સંશોધનો અને નવા નવા પ્રયોગોના અનેક માપદંડો નક્કી કરાયા છે. એના થકી અનેક સિધ્ધિઓ પણ મળી છે, છતાં પણ હજી ઘણું બધુ કરવાનું બાકી રહી ગયું છે. એવું ઘણું બધુ છે, જે છૂટી ગયું છે, કે જેને સ્પર્શ કરી શકાયો નથી. એનો અભાવ હંમેશા ખટકે છે. ઋષિદૃષ્ટિ અને સંપૂર્ણ ચિંતન આવા જ સ્પર્શ ન કરવામાં આવેલ પરંતુ ઘણા અગત્યના મુદ્દાઓ, કે જેની શોધખોળ કર્યા વગર આધુનિક ચિકિત્સા વિજ્ઞાનના તમામ સંશોધનો અધુરા જ છે.

ચિકિત્સાશાસ્ત્ર માનવની પ્રકૃતિનું જ્ઞાન એમાં આવેલી વિકૃતિઓની ઓળખ અને એ વિકૃતિઓના નિદાન પર આધાર ધરાવે છે. એમાંથી કોઈપણ પક્ષની કે પાસાંની જાણકારી અધુરી રહી જવાના કારણે બધુ જ અધુરું અને અપૂર્ણ બની જાય છે. આજની સ્થિતિ આ જ છે. ચિકિત્સાશાસ્ત્ર દ્વારા માનવની પ્રકૃતિને સમજવામાં ભૂલ થઈ છે. ઋષિઓએ માનવ પ્રકૃતિના ત્રણ સ્તર ગણાવ્યા છે. એ છે-આધિ ભૌતિક, આધિ દૈવિક અને આધ્યાત્મિક. આ ત્રણેની અનુરૂપ તેમણે એની વિકૃતિઓના નિરાકરણનો અને નિદાનનો અલગ અલગ ઉપાય બતાવ્યો છે, સમજાવ્યો છે. ઋષિઓના કથન અનુરૂપ માનવપ્રકૃત્તિના આ ત્રણે સ્તર અલગ અલગ હોવા છતાં પરસ્પર ગુંથાયેલા હોય છે. તેમાંથી કોઈપણ એકની પણ ચિકિત્સા, ઉપચાર કરવા માટે બાકીના બન્નેનું સ્વરૂપ અને રચનાનું જ્ઞાન જરૂરી છે.

આધુનિક ચિકિત્સા વિજ્ઞાનની દૃષ્ટિ આ વિષયના સંદર્ભમાં અધૂરી છે. તેને કેવળ મનુષ્યની ભૌતિક પ્રકૃતિનું જ જ્ઞાન છે. ચિકિત્સાશાસ્ત્રીઓ મનુષ્યને હાડ-માંસનું હરતું ફરતું પુતળું માની તેનો ઈલાજ કરવામાં લાગી ગયા છે.મનુષ્યની સંવેદનાઓ, ભાવનાઓ, કલ્પનાઓ તો તેમની સમજથી અસ્પૃશ્ય જ છે. મનુષ્યની પ્રાણચેતના અને તેની આત્મચેતનાના અસ્તિત્વનો સ્વીકાર કરવાના સંદર્ભમાં પણ તેમનો ઈન્કાર છે. આ અધૂરી વિચારસરણીનું જ પરિવર્તન અને પરિણામ એ આવ્યું છે કે વિકૃતિઓનું નિદાન અને ઉપચાર જ વિકૃતિઓનો જન્મદાતા અને જીવનદાતા સાબિત થઈ રહેલ છે. રોગ ભગાડવાના ઉપાયો, રોગ બોલાવવાના ઉપાયો સાબિત થઈ રહ્યા છે. એનું કારણ કદાચ રોગોને સમજવાના સંદર્ભમાં થયેલી ભયંકર ભૂલનું પરિણામ છે.

આજના ચિકિત્સા વિજ્ઞાનીઓ રોગોનું કારણ જંતુઓ (વાઈરસ),

જીવાણુંઓના ચેપમાં શોધે છે. **ઘા વાગવો,** અકસ્માત નડવો વગેરે સિવાયના તમામ રોગોનું કારણ જીવાણુંઓને જ માનવામાં આવે છે, પરંતુ આ જીવાણુંઓ યા તેનો ચેપ કોઈ એકને જ કેમ, તેની જ પાડોશમાં વસતા યા ઘરમાં રહેતા અન્ય લોકોને શા માટે નહીં? આ સવાલના જવાબમાં અનેક પ્રકારના અનુમાનો, અટકળો છે, પરંતુ તેનો કોઈ નક્કર જવાબ નથી. પ્રાણબળ અને પ્રાણચેતનાની સમજ વગર કોઈ નક્કર જવાબ આપી પણ ન શકાય. આ જ રીતે ભાવના અને કલ્પના જગતમાં ઉછરેલ ગ્રંથીઓ દ્વારા ઉપજેલા રોગો અંગે આધુનિક ચિકિત્સા વિજ્ઞાનને સાચી સમજ નથી. જ્યારે આ સમજને પેદા કર્યા વગર સંપૂર્ણ તંદુરસ્ત જીવનની પ્રાપ્તિ અસંભવ છે.

પ્રાચીન ઋષિઓની મૌલિક દૃષ્ટિ આ સમજ અને એનાથી ઉપજેલ સંપૂર્ણ તંદુરસ્તીનો પરિચય અને પર્યાય હતી અને છે. તેમણે મનુષ્યની પ્રકૃતિને સંપૂર્ણ સાચી રીતે સમજીને જ ચિકિત્સાની આચાર સંહિતા રચી. પ્રાચીન ગ્રંથો વાંચવાથી આ સચ્ચાઈ આજે પણ જોઈ, જાણી અને અનુભવી શકાય. આ પ્રાચીન ગ્રંથોના પાનાઓ પર મનુષ્યની આધિભૌતિક પ્રકૃતિ માટે ઔષધીય ચિકિત્સા, આધિ ભૌતિક પ્રકૃતિ માટે મંત્ર ચિકિત્સા વિજ્ઞાન અને વિધાનનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા વગેરે ઐતિહાસિક યુગના વિશ્વવિદ્યાલયોમાં એમના દ્વારા ભણાવવામાં અને શિખડાવવામાં આવેલ ચિકિત્સાનો અહીં તહીં ઉલ્લેખ મળી આવે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં ખોલવામાં આવેલ આરોગ્ય ફેકલ્ટીનો ઉદ્દેશ મનુષ્યનું સંપૂર્ણ અને સમગ્ર સ્વાસ્થ્ય છે. તેની અંતર્ગત રોગોની ઓળખ અને નિદાનની સાથે રોગ વિરોધી ઉપાયોનો પણ સમાવેશ. રોગ થયા પછી તેનું નિદાન કરવું ઠીક છે, પરંતુ તેનાથી પણ ક્યાંયે વધારે શ્રેષ્ઠ છે, રોગો પેદા ન થવા દેવા, ફૂલવા ફાલવા ન દેવા, તેને થતા અટકાવવા. ''પ્રિવેંશન ઈઝ બેટર ધેન ક્યોર''ના કથનને આ ફેકલ્ટીમાં સંપૂર્ણ રીતે અપનાવવા માટે પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું છે. આરોગ્ય ફેકલ્ટીના સર્ટિફિકેટ, ડિપ્લોમા, ડિગ્રી અને પોસ્ટગ્રેજ્યુએટ કોર્સ વગેરે વિભિન્ન શ્રેણીના વિવિધ પાઠ્યક્રમોની પાછળ આ જ વિચારો અને ચિંતનનો સમાવેશ છે.

આ પાઠ્યક્રમોમાં જે મુદ્દાઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે, તે નીચે મુજબ છે. મનુષ્ય શરીરના તમામ ઘટકો અંગે સંપૂર્ણ સમજ અને જ્ઞાનનો વિકાસ કરવો. (૨) માનવ શરીરના કોઈપણ ભાગમાં આવેલી વિકૃતિઓના સ્વરૂપની ઓળખ મેળવવાની સાથે તેના સાચા કારણની શોધ (૩) વિકૃત વિજ્ઞાનનો વિકાસ કરવામાં આ વાસ્તવિકતાનું ધ્યાનમાં રાખવાનું છે કે સાચું કારણ હંમેશા શરીરના ગહન પડળોમાં હોય છે. ઉદાહરણ માટે, નવીન સંશોધનની અનુરૂપ લગભગ એંસી ટકા શારીરિક રોગોનું કારણ મનુષ્યના મનની ગ્રંથીઓમાં હોય છે. નિદાન અને ઉપચારના ઉપાયોને શરીરના એ અંગની અનુરૂપ બનાવવાના છે, કે જ્યાં વિકૃતિનું સાચું કારણ છુપાયેલું છે.

આ દૃષ્ટિએ આરોગ્ય ફેકલ્ટીમાં આયુર્વેદની ઔષધિય ચિકિત્સા અને સંશોધનના પાઠ્યક્રમો સિવાય પ્રાકૃતિક ચિકિત્સા, પ્રાણચિકિત્સા, સૂર્યચિકિત્સા,

ચુંબક ચિકિત્સા, રંગ ચિકિત્સા, પ્રાણચિકિત્સા (ફિઝિયોથેરેપી), માનસિક ચિકિત્સા, મંત્ર ચિકિત્સા, રેકી અને યોગચિકિત્સા વગેરે વિજ્ઞાન સંમત પાઠ્યક્રમો ચલાવવામાં આવશે. પાઠ્યક્રમોના વિશેષ વિષયની થીમની અનુરૂપ સર્ટિફિકેટ, ડિપ્લોમા, ડિગ્રી અને પોસ્ટગ્રેજ્યુએ વગેરે શ્રેણી નક્કી કરવામાં આવશે. આ વિભિન્ન વિષયો સિવાય સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ પેદા કરનાર, રોગ રોકવાના ઉપાયોનું વ્યવહારિક જ્ઞાન આપનાર પાઠ્યક્રમોનો પણ તેમાં યોગ્ય સમાવેશ કરવામાં આવશે. તેના સિવાય ઔષધાલયોમાં 'હોલિસ્ટીક મેનેજમેન્ટ' કેવી રીતે કરવામાં આવે તેનું પણ શિક્ષણ આપવામાં આવશે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની આરોગ્ય ફેકલ્ટી ચિકિત્સા વિજ્ઞાનનું અધ્યયન અને શિક્ષણ આપવા સુધી જ મર્યાદિત ન રહેતા આરોગ્ય પ્રત્યે જનજનને જાગૃત બનાવવા અભિયાન કેન્દ્ર બનશે. અહીંથી સંપૂર્ણ આરોગ્યના જન આંદોલનને પ્રેરણા તથા પ્રાણ મળશે. અહીં નિષ્ણાત ચિકિત્સકો સિવાય માનવ આરોગ્યના રક્ષકોની એક નવી પેઢી તૈયાર કરવામાં આવશે. આ આરોગ્ય રક્ષકો જનજનને જીવન આપવામાં આગળ પડતી ભૂમિકા નિભાવશે. આ ફેકલ્ટીના પાઠ્યક્રમોની દૃષ્ટિ અને તેની સીમાઓ વ્યાપક છે. એની તરફ જે જ્ઞાનના અનુરાગીઓની રુચિ છે, તેઓ એના સંબંધમાં પત્ર પાઠવી સંપર્ક કરી શકે છે. સેવાભાવી, ઉદાર હૃદય ધરાવતા, લોકોની પીડાને સમજનાર નિષ્ણાત વિદ્વાનોની અહીં હંમેશા રાહ જોવામાં આવી રહી છે. આરોગ્ય ફેકલ્ટીના પાઠ્યક્રમોને અંતિમ રૂપ આપવા આવા મનીષીઓનો સહકાર ખૂબ જ સહાય રૂપ સિધ્ધ થશે.

સ્વસ્થ જીવન તમામ ગુણો, વિશેષતાઓ અને સિધ્ધિઓનો આધાર છે. શિક્ષણ અને સંસ્કૃતિ ત્યારે જ ફૂલીફાલી અને વિકાસ પામી શકે છે, કે જ્યારે મનુષ્ય જીવન સર્વાંગપૂર્ણ સ્વસ્થ, તંદુરસ્ત નિરોગી હોય. વ્યવહારિક જ્ઞાનની તમામ દિશાઓ, પ્રવાહો ઉદ્‌ગમ સ્ત્રોત તથા કેન્દ્ર આ જ છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ પાઠ્યક્રમો માટે તંદુરસ્ત જીવનની ઈંટો દ્વારા જ શિક્ષણ ફેકલ્ટીના પાઠ્યક્રમોનો પાયો બનાવ્યો છે. એની ઉપર જ દેવસંસ્કૃતિના જ્ઞાનમંદિરનું ચણતર કરવામાં આવશે.

# સર્જનાત્મક સંવેદનાની પવિત્રતાનું શિક્ષણ આપનાર ફેકલ્ટી

દેવસંસ્કૃતિ શિક્ષણ ફેકલ્ટી વિભાગના પાઠ્યક્રમોની ધરી છે. તેના ગહન અર્થબોધની સાથે, તેમાં સમાયેલા જ્ઞાન વિજ્ઞાન અને દેશની ધરતી તથા વિશ્વવસુંધરા પર વસતા જનજનને એની ઓળખ આપવાના હેતુથી આ પાઠ્યક્રમોના તાણાવાણા વણવામાં આવ્યા છે. તેમાં ઋષિઓનાં ચિંતનની સાથે પ્રયોગાત્મક પ્રથા પણ છે. એમાં અતીતના ચિંતનની સાથે ભવિષ્યનું સર્જન પણ સમાયેલું છે. સર્જનાત્મક સંવેદના જ તો સંસ્કૃતિ છે. જે સર્જનાત્મક સંવેદનાથી યુક્ત છે, એ સુસંસ્કૃત છે. તેનાથી તદ્દન વિપરીત જે કોઈપણ, જ્યાં પણ છે, તેને માટે કોઈ સુસંસ્કૃતથી વિપરીત શબ્દ જ શોધવો પડશે. ક્ષમાયાચનાની સાથે તેના વ્યક્તિત્વને વિકૃત જ કહેવું પડશે. એની વિકૃતિમાં સુધાર ત્યારે જ સંભવ છે, કે જ્યારે તેનો સંસ્કૃતિ સાથે પરિચય થાય. તેમાં સર્જનાત્મક સંવેદના વહેવા લાગે. સર્જનાત્મક સંવેદનાની પવિત્રતા જ તો દેવસંસ્કૃતિ છે. આ જ આ શિક્ષણ ફેકલ્ટીના પાઠ્યક્રમોનું કેન્દ્ર બિન્દુ છે.

આ પાઠ્યક્રમોના વિષયોને માત્ર કેટલાક મુદ્દાઓમાં જ સમજી શકાયઃ-(૧) દેવસંસ્કૃતિનું સ્વરૂપ તથા અર્થબોધ, (૨) તેને અભિવ્યક્ત કરવા અને વિસ્તાર આપવા માટે દેશ અને વિદેશની વિભિન્ન ભાષાઓની જાણકારી, (૩) દર્શન, શિક્ષણ અને સાહિત્ય રૂપે એના જ્ઞાનને પ્રગટ કરનારા અનેક પક્ષો, (૪) જ્યોતિષ, કર્મકાંડ સહિત તેના વિવિધ વૈજ્ઞાનિક પાસાંઓ, (૫) આધુનિક વિજ્ઞાનની કેટલીક શાખાઓ, કે જે દેવસંસ્કૃતિના ભવિષ્યને સજાવવા, નિખારવા અને નવા મનુષ્યનું ઘડતર કરવા સહાયક છે.

આ મુદ્દાઓનો વિસ્તાર કરવામાં આવે તો પ્રથમ ક્રમ દેવસંસ્કૃતિનો છે. જેનો બોધ કરાવવા માટે આ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે. દેવસંસ્કૃતિ પ્રાચીન ભારતના ઋષિઓ દ્વારા સમગ્ર માનવજાતિને આપવામાં આવેલ સૌથી મોટું વરદાન છે. વાસ્તવમાં તો આ જીવન વિજ્ઞાન છે. જીવનનો અર્થ, મહત્ત્વ અને સિદ્ધિઓને સાકાર કરનારી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, પરંતુ કાળક્રમે તેનો અર્થ જ વિકૃત થઈ ગયો. આજનો નવયુવાન વર્ગ સંસ્કૃતિનો જે અર્થ સમજે છે, તેમાં તો વિકૃતિ-જ-વિકૃતિ સમાયેલી છે. તેમાં સંસ્કૃતિ તો ક્યાંય છે જ નહીં. આ દુઃખદાયક વિડંબણાને દૂર કરવા વિચારશીલ, વિવેકી લોકોએ પોતાના તમામ પ્રયત્નો અને પરિશ્રમને હોમી દેવાની જરૂરિયાત છે. કારણ કે દેશનો યુવાન વર્ગ, સંસ્કૃતિના સંસ્કૃત શબ્દથી જ નહીં તેનો અંગ્રેજી પર્યાય સમજવામાં આવતા કલ્ચર શબ્દથી પણ અજાણ્યો બની ગયો છે. આ કલ્ચર શબ્દ પણ કલ્ટીવેશન અર્થાત્ સર્જનનો દ્યોતક છે, પરંતુ આ બધા અર્થો ન જાણે ક્યાં છુપાયેલા પડ્યા છે. જે પ્રગટ છે, એ તો **અનર્થ** જ છે. તેને હટાવવા, દૂર કરવા માટે દેવસંસ્કૃતિના સત્યને સમજવું અત્યંત જરૂરી છે.

બીજો ક્રમ ભાષાઓનો છે, તેના દ્વારા જ સંસ્કૃતિનો ફેલાવો, વિસ્તાર કરવો સંભવ છે. ભાષાની ઓળખના અભાવે દેશની ધરતી પણ વહેંચાયેલી વિભાજિત લાગે છે. પોતાનાઓ પણ પરાયા જેવા લાગે છે. ભાષાનો પરિચય જો પ્રગાઢ બને, તો વિશ્વવસુંધરાના વિસ્તારમાં પોતાનું કુટુંબ નજરે પડે છે. પરાયા દેશના લોકો પણ પોતાના કુટુંબીજનો અને સ્વજનો હોય એવું સમજમાં આવે છે. એવી સ્થિતિમાં ભાષાઓનું જ્ઞાન અનિવાર્ય છે. આ અનિવાર્યતાને પૂરી કરવા માટે વિશ્વવિદ્યાલયમાં ભાષાઓ પર આધારિત પ્રમાણપત્રો, ડિપ્લોમા, સ્નાતક અને સ્નાતકોત્તરનો અલગ અલગ પાઠ્યક્રમ ભણાવવામાં આવશે. જે ભાષાઓ ભણાવવાનું નક્કી કરવામાં આવ્યું છે, તેમાં ભારતની લગભગ તમામ ભાષાઓ-જેમ કે તામિલ, તેલગુ, મલયાલમ,કન્નડ, ઉડિયા, બંગાળી, ગુજરાતી, આસામી, પંજાબી, ડોગરી વગેરે. વિદેશી ભાષાઓમાં અંગ્રેજી સિવાય ફ્રેંચ, જર્મન, રશિયન, સ્પેનિશ, જાપાની વગેરે ભાષાઓનું જ્ઞાન આપવાની યોજના છે. દેશની અને વિશ્વની વિવિધ ભાષાઓના માધ્યમ દ્વારા સાંસ્કૃતિક સંવેદનાનો ફેલાવો અને વિસ્તાર કરવાનો ઉદ્દેશ પૂર્ણ થશે.

ત્રીજો મહત્ત્વનો મુદ્દો છે-દર્શન, શિક્ષણ પધ્ધતિ અને સાહિત્યના વિવિધ સ્વરૂપોનો છે. આ બધી જ દેવસંસ્કૃતિના જ્ઞાનની શાખાઓ છે. લગભગ તમામ વિશ્વવિદ્યાલયોમાં કોઈને કોઈ પણ પ્રકારે અધ્યયન અને શિક્ષણ આપવામાં આવે છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ તમામ જ્ઞાનની શાખાઓમાં પોતાનો પ્રાણ પ્રવાહ વહાવ્યો છે. તેમણે આ તમામ પક્ષોમાં ઘણું બધું નવીન સર્જન કર્યું છે. સમગ્ર દેશના વિશ્વવિદ્યાલયોમાં તેમના આ નવીન સર્જન પર આધારિત અનેક સંશોધનાત્મક કાર્યો થઈ ચુક્યા છે અને અનેક અત્યારે થઈ રહ્યા છે. આ સંશોધનનો ક્રમ હંમેશા માટે ચાલૂ જ રહેવાનો છે. આ સંશોધનના પરિણામો અને ગુરૂદેવની નવીન દૃષ્ટિના આધારે ત્રીજા મુદ્દાની સીમાઓમાં પાઠ્યક્રમોની રચના થશે. આ પાઠ્યક્રમો, વિશ્વદર્શન, વિશ્વધર્મ અને વિશ્વ સાહિત્યના ઉદ્દેશપૂર્ણ શિક્ષણને ધ્યાનમાં રાખી બનાવવામાં આવશે. તેમાં ઋષિઓ, મનીષીઓ, ધર્મના સ્થાપકોની મૌલિક દૃષ્ટિની સાથે, સામાયિક ઉદ્દેશોને પૂરા કરવા માટે પરમ પૂજ્ય ગુરુદેવની જીવન દૃષ્ટિનો સમન્વય કરવામાં આવશે.

ચોથા મુદ્દામાં દેવસંસ્કૃતિની વૈજ્ઞાનિક શાખાઓનો સમાવેશ છે. એમાં જ્યોર્તિવિજ્ઞાન સહિત અનેક પક્ષો છે. આજના વાતાવરણમાં આ તમામ પક્ષો વૈજ્ઞાનિક પ્રયોગ અને તેના નિષ્કર્ષો દ્વારા પ્રાપ્ત સિધ્ધાંતો ન રહેતા મૂઢ માન્યતાઓને પોષણ આપનાર જૂનવાણી રુઢિઓ, રિવાજો બનીને રહી ગયા છે. તેના માધ્યમ દ્વારા લોકોની ભાવનાનું બહોળા પ્રમાણમાં શોષણ કરવામાં આવી રહ્યું છે. આજે સ્થિતિ એ સર્જાણી છે કે આ ઋષિઓના વૈજ્ઞાનિક વારસો બે ભાગમાં દબાઈ પિસાઈ રહ્યો છે. એક એ છે, જે તેને યથા સ્થિતિમાં સ્વીકાર કરવાના સમર્થક છે અને બીજા એ છે, કે જેઓ એને કચરાના ઢગલામાં ફેંકી દેવાની વકીલાત કરે છે. એ બન્ને ખોટા છે. એનો ઉકેલ માત્ર તેના સત્યને વૈજ્ઞાનિક ઢબે પારખવામાં, જાણવામાં અને અપનાવવામાં છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં આ જ કરવામાં આવનારા છે. જ્યોતિષ

શાસ્ત્ર જ નહીં, ભારતીય સંસ્કૃતિના બીજા પણ તંત્ર વગેરે વૈજ્ઞાનિક પાસાઓ છે, સમયની સાથે તેને પણ નવજીવન આપવામાં આવશે. તેને એ સ્વરૂપે પ્રતિષ્ઠિત એ પ્રમાણિત કરવામાં આવશે કે વિજ્ઞાનની તત્વ રહિત મદદ લઈ તેને નકારનારાઓ ખુલ્લી આંખો વડે તેની વૈજ્ઞાનિકતાને સો વાર, હજારવાર પ્રયોગોની કસોટી દ્વારા પારખવા અને સત્યનો સ્વીકાર કરવા મજબૂર થાય.

પાંચમો મુદ્દો છે-આધુનિક વિજ્ઞાનના પાઠ્યક્રમો અંગેનો છે. આધુનિક વિજ્ઞાનની પધ્ધતિઓ અને પ્રયોગોને સમજવા એ યુગની માંગ છે. ઉજ્જવળ ભવિષ્યના સર્જન માટે પ્રતિબધ્ધ આ વિશ્વવિદ્યાલય આધુનિક વિજ્ઞાનના ઉપયોગી પાઠ્યક્રમોને લાગૂ કરવા માટે કટિબધ્ધ છે. મનુષ્યના મનની વર્તમાન વિખંડિત પરિસ્થિતિને સમજવા માટે મનોવિજ્ઞાનનું અધ્યયન જરૂરી છે. તેના આધુનિક સિધ્ધાંતોની તપાસ કરી, પારખી તેમાં સુધાર કરી શકાય. આ ઉપાયો દ્વારા વ્યસનો અને કુરિવાજોથી મુક્તિ કેવી રીતે મળી શકે, એ અધ્યયન પણ અહીં કરવામાં આવશે. એ જ સ્થિતિ પર્યાવરણ જેવી પ્રાકૃતિક સમસ્યાઓની છે. તેના વૈજ્ઞાનિક અધ્યયન માટે પણ વિશ્વવિદ્યાલયમાં નવીન પાઠ્યક્રમ બનાવવામાં આવશે. વ્યવસાયી શિક્ષણ માટે પ્રચાર કરવાનો, ફેલાવો કરવાનો પણ અહીં એક વ્યવસ્થિત ક્રમ બનશે.

વૈજ્ઞાનિક વાતાવરણમાં સામાજિક અને સાંસ્કૃતિક પક્ષો પણ સામેલ કરવામાં આવશે. સામાજિક વિભાજન અને અળગાપણાં અંગે માનવ સ્વભાવનું અધ્યયન, એમાં આવેલી વિકૃતિઓના નિદાન સાથે સંબંધિત પાઠ્યક્રમ બનાવવાની યોજનાને મહત્ત્વની માનવામાં આવી છે. આ જ વાત મનુષ્યના સાંસ્કૃતિક અસ્તિત્વની ઓળખ આપવાવાળા પુરાતત્વના વૈજ્ઞાનિક પક્ષો અંગે પણ છે-નૃવંશ વિજ્ઞાનની અંધકારભરી માન્યતાઓ અંગે પણ પ્રકાશ ફેંકવાની જરૂરિયાત છે. કહેવાનો સાર એટલો જ છે કે શિક્ષણ ફેકલ્ટીના પાઠ્યક્રમો બનાવવામાં આધુનિક વિજ્ઞાનનું મહત્ત્વ જરાજેટલું પણ ઓછું આંકવામાં આવ્યું નથી. હા એટલું તો જરૂર છે કે શિક્ષણ ફેકલ્ટીની વ્યાપકતા ધીરે ધીરે પરંતુ નક્કર સ્વરૂપે થશે. સ્વાવલંબન ફેકલ્ટીના પાઠ્યક્રમોની નીતિ અંગે તેના વિકાસની ગતિના આધારે જ નિર્ણય લેવામાં આવશે.

# સ્વાવલંબન ફેકલ્ટી સદ્‌ગુણોનો સદુપયોગ શિખડાવશે

દેવસંસ્કૃતિના યુગપ્રવર્તક પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે સ્વાવલંબન યા પરાવલંબન મનુષ્યની આંતરિક વૃત્તિઓ છે. જેમાં સ્વાવલંબન ની વૃત્તિ અંકુરિત થઈ ચુકી છે, એ વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં કંઈક કરી છૂટવાની હિંમત અને લાયકાત ધરાવે છે. જીવનનું કોઈ પણ કામ નાનું હોય કે મોટું, એ તેને જાતે જ કરવા ઈચ્છે છે. સમુચિત મદદ યા યોગ્ય માર્ગદર્શન ન મળે તો પણ હાથ પર હાથ રાખી ઘરમાં બેસી રહેતો નથી. પોતાની મહેનત અને હિંમતના બળે એવી વ્યક્તિ પોતાના માટે રસ્તો બનાવી લે છે. સ્વાવલંબનની આ વૃત્તિ સુઈ જાય યા નિષ્ક્રિય પડી રહે તો પરાવલંબન જ જીવનની પરિભાષા બની જાય છે.

દરેક કામ, દરેક વાતમાં બીજાઓના મોંઢા તરફ તાકી રહેવું પરાવલંબન છે. પોતાને મળેલી નિષ્ફળતાનો દોષ પોતાની અકર્મણ્યવૃત્તિને નહીં, પરિસ્થિતિઓ અથવા કોઈ વ્યક્તિઓના માથે મઢવાનું કામ પરાવલંબી વ્યક્તિ જ કરે છે. મદદ યા માર્ગદર્શનનો અભાવ એમને જ સાલે છે. સુતેલી, નિષ્ક્રિય પડી રહેલી આંતરિક શક્તિના કારણે તેમનામાં સાચું વિચારવાની, સમજવાની શક્તિનો તથા સૂઝબૂઝ, ઉદ્યમશીલતા, શ્રમશીલતા, સાહસ, સંકલ્પ જેવા ગુણોનો વિકાસ થઈ શકતો નથી અને એ થાય પણ કેવી રીતે. આ તમામ ગુણો તો સ્વાવલંબન વૃત્તિનો પરિચય અને પર્યાય છે. સામાન્ય રીતે તમામ લોકો રોજગારની સીમામાં સ્વાવલંબનને કેદ કરવાનો પ્રયત્ન કરે છે. તેમના કહેવા અનુસાર જે વ્યક્તિ રોજગારમાં લાગેલી છે, એ સ્વાવલંબી છે અને જે બેકાર, બેરોજગાર છે, એ પરાવલંબી છે. આ વાત વધતા ઓછા પ્રમાણમાં સાચી છે, પરંતુ પૂરેપૂરી નહીં. એમાં સાચું કેવળ એટલું જ છે, કે રોજગારમાં લાગેલ લોકોને મનથી યા મજબૂરીથી શ્રમ અને સૂઝ-બૂઝનો ઉપયોગ કરવો જ પડે છે, જ્યારે બેરોજગાર વ્યક્તિ માટે તો આવી કોઈ મજબૂરી આડે આવતી નથી.

ક્યારેક ક્યારેક પોતાની આસપાસના જીવનમાં એ જેવા મળી જાય છે કે રોજગાર, નોકરી પાછળ લાગેલ લોકો પણ સંપૂર્ણ રીતે પરાવલંબનથી પીછો છોડાવી શકતા નથી. શ્રમ અને ઉદ્યમિતા પર તેમની આંતરિક શ્રધ્ધાનો વિકાસ થઈ શકતો નથી. જીવનની કેટલીયે, અનેક વાતોમાં તેઓ હંમેશા બીજાઓનું મોઢું તાકતા રહે છે. આળસનો અંધકાર તેમને લગભગ ઘેરી રહે છે. પોતાની ખામીઓ, નબળાઈઓને ન જોયેલી કરી બીજાઓ પર નાના મોટા તમામ દોષ મઢવાની હીન પ્રવૃત્તિ તેમને જકડી રાખે છે. એ વ્યક્તિ ક્યાંય પણ અને કોઈપણ કેમ ન હોય, એમને સંપૂર્ણ રીતે સ્વાવલંબી ન કહી શકાય.

સ્વાવલંબન તો જીવનની શક્તિઓ અને સદ્‌ગુણોનો વિકાસ છે, સાથે સાથે જ વિકાસ પામેલ ગુણો અને શક્તિઓનું લક્ષ્યપૂર્ણ નિયોજન છે. સ્વાવલંબન ફેકલ્ટીના

પાઠ્યક્રમો બનાવવામાં આ જ સત્ય અપનાવવામાં આવી રહેલ છે. આ પાઠ્યક્રમોના ઉદ્દેશને બતાવવા માટે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ આ રીતે સમજી યા જાણી શકાય- (૧) વ્યક્તિત્વમાં વ્યવહારિક ધોરણે ઉપયોગી સદ્‌ગુણોની જાગૃતિ તથા વિકાસ, (૨) જાગૃત સદ્‌ગુણોનો સમુચિત ઉપયોગ, (૩) જીવનની શક્તિઓ અને સદ્‌ગુણોની લક્ષ્યપૂર્ણ વ્યવસ્થા, (૪) આ વ્યવસ્થામાં પોતાના, જનતાના અને રાષ્ટ્રના હિતનો સમુચિત સમન્વય. આ જ એ ચાર મુખ્ય મુદ્દાઓ છે, જે સ્વાવલંબન ફેકલ્ટીના પાઠ્યક્રમની રૂપરેખા નક્કી કરે છે.

એ પૈકી પ્રથમ મુદ્દો પાઠ્યક્રમની રૂપરેખાનો આધાર છે.વ્યવહારિક જીવનમાં ઉપયોગી સદ્‌ગુણ જ સ્વાવલંબનની વૃત્તિને જન્મ આપે છે. એને જાગૃત અને વિકસિત કરે છે. આ ગુણો પૈકી આ ચાર ગુણ મુખ્ય છે-શ્રમ, સંકલ્પ, સાહસ અને સૂઝબૂઝ. આ ગુણોથી યુક્ત મનુષ્ય ક્યારેક પણ બીજાઓની અપેક્ષા રાખનાર અને પરાવલંબી હોયી જ ન શકે. આ ગુણોના સહયોગી અન્ય બીજા બે ગુણો પણ છે. વ્યવહારિક તાલમેળ અને ઉદ્યમિતા. સ્વાવલંબન ફેકલ્ટીનો પાઠ્યક્રમ વિદ્યાર્થીઓમાં આ ગુણોની જાગૃતિનો અને વિકાસનો આધાર બનશે, કારણ કે આ જ એ આધારભૂત તત્વ છે, જેનાથી સ્વાવલંબનની પરિભાષા જન્મ લે છે.

બીજો મહત્ત્વનો મુદ્દો છે-સદ્‌ગુણોનો સમુચિત ઉપયોગ સાચું કહેવામાં આવે તો સ્વાવલંબન જીવનનો યોગ્ય ઉપયોગ છે. જીવનની સમુચિત સુવ્યવસ્થા છે. ગુણવાન વ્યક્તિ પણ અગર પોતાના આંતરિક અને બાહ્ય જીવનમાં અવ્યવસ્થિત તથા અસ્તવ્યસ્ત રહે, તો એનું સફળ બનવું અને સંતુષ્ટ થવું મુશ્કેલ છે. સ્વાવલંબન ફેકલ્ટીના પાઠ્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને જીવનના પ્રબંધની વ્યવહારિક પ્રક્રિયાઓ અને પ્રયોગોનું જ્ઞાન આપવામાં આવશે. આ પ્રબંધ બાદ વ્યવસ્થા અંગે સાચી કાર્યપધ્ધતિ જરૂરી છે. આ રૂપરેખાનું ત્રીજો મહત્ત્વનો મુદ્દો છે. નિયોજનના કૌશલ્ય દ્વારા જ વ્યક્તિને સફળતાઓ મળે છે. દુનિયાભરમાં જે કોઈપણ સફળ લોકો થઈ ગયા છે, તેમનામાં આ જ કૌશલ્ય પ્રગટ થયું છે.

ચોથા મુદ્દામાં નિયોજનની સાર્થક દિશાનું જ્ઞાન આવે છે. આ જ્ઞાન જ દેવસંસ્કૃતિની વિશેષતા છે. સફળતા તો અનેક લોકો પ્રાપ્ત કરે છે, પરંતુ સૌના વ્યક્તિત્વમાં આધ્યાત્મિક વિસ્તારનો અણસાર જોવા મળતો નથી. દેવસંસ્કૃતિનું દૈવી તત્વ આધ્યાત્મ જ છે. આ જ મનુષ્યને દેવતા બનાવનાર રસાયણ છે. એને જાણવાથી આ સત્ય સામે પ્રગટે છે કે અગર જો જીવનોનો રસ્તો સાચો છે, તો પછી નાના કહેવાતા કામોની ફલશ્રુતિ મોટી અને મહાન હોય છે. જેમ કે રૈદાસ અને કબીરજીના જીવનમાં જોવા મળ્યું. ચામડાંનું અને કાપડ વણવાનું સાધારણ કામ કરી એ બન્ને મહામાનવ બની ગયા, જ્યારે સિકંદર દુનિયાના મોટા ભાગના દેશો પર વિજય મેળવી, વિશ્વવિજયી બનવાનો ઢોંગ રચીને પણ અંતમાં તો પસ્તાતો, પસ્તાતો મૃત્યુને ભેટ્યો.

સ્વાવલંબન ફેકલ્ટીના પાઠ્યક્રમોની શૈક્ષણિક સામગ્રીને, વિષયોને એવી

રીતે તૈયાર કરવામાં આવી રહ્યા છે કે તેની રાષ્ટ્રીય અને સામાજિક ઉપયોગિતા પણ હોય. ચિકિત્સાલયોનો વહીવટ, દેવમંદિરોનો વહીવટ, ગામનો વહીવટ, શાળાઓનો વહીવટ, સાંસ્કૃતિક વહીવટ, હેરિટેજ મેનેજમેન્ટ એવા જ કેટલાક ભણવવા યોગ્ય વિષયોની કલ્પના કરવામાં આવી છે, કે જેનો અભ્યાસ કરી ન કેવળ સ્વાવલંબી બનવાની તક પ્રાપ્ત થાય, બલ્કે જીવનમાં કંઈક સાર્થક કરી શકવાનો ગૌરવમય અનુભવ પણ થાય. આ પાઠ્યક્રમો અંગે એટલું જ કહી શકાય કે એનું સ્વરૂપ કંઈક એવું બનાવવામાં આવી રહ્યું છે, કે જેમાં વિદ્યાર્થીઓનાં પોતાના હિતની સાથે દેશનું હિત, માનવહિત અને વિશ્વહિત પણ છુપાયેલું, સમાયેલું હોય.

એ પાઠ્યક્રમ સ્વદેશી, સ્વરોજગાર પર આધારિત હોવો જોઈએ. તેના એવા અનેક પાસાંઓ છે, જેની ઉપર અત્યાર સુધી કોઈનું પણ ધ્યાન ગયું નથી, એ અંગે વિચારવાનું છે, જેને અવિલંબ કરવું સમયની અનિવાર્ય જરૂરિયાત છે. આવા જ એકમોની તપાસ કરી નવા વિષયો અને નવા પાઠ્યક્રમો કંઈક એ રીતે બનાવવામાં આવી રહ્યા છે, કે જેનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ તો વિકસિત થાય જ, સાથે સાથે તેમને કામ માટે લાંબા સમય સુધી રાહ જોવી ન પડે. અભ્યાસની સાથે જ કામ કરવાની તક સરળતાથી પ્રાપ્ત થાય. આ તક પણ એવી હોય, કે જેમાં પોતાના હિતની સાથે દેશ અને સમાજ માટે કંઈક સારું અને સાર્થક કરી શકાય. એમાં ગૌવિજ્ઞાન, કુટીર ઉદ્યોગોનો વિકાસ એની મૂળ ધરી રહેશે.

સ્વાવલંબન ફેકલ્ટીના પાઠ્યક્રમોની રચના યુગનો એક પડકાર છે. જેને દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંચાલકોએ યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાના ભરોસે સ્વીકાર કર્યો છે. તેમાં તમામ નવીન જ સર્જવાનું અને બનાવવાનું છે. યુવાન વર્ગ માટે નવો રસ્તો તૈયાર કરવાનો છે. એના સંબંધમાં વિચારશીલોના ઉપયોગી સૂચનાઓ અને સહકાર માંગવામાં આવી રહ્યો છે. સહકાર આપવાની ઈચ્છા ધરાવનાર લોકો દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્વાવલંબન ફેકલ્ટીનો સંપર્ક સાંધી શકે છે. પાઠ્યક્રમો તૈયાર કરવાની સાથે તે તમામમાં થનારી ભાવી શોધખોળનો ઉદ્દેશ તથા પદ્ધતિઓ પણ નક્કી કરવામાં આવી રહી છે. આખરે આ જ યુગપ્રશ્નના હલ માટેની સાર્થક પહેલ છે.

# ઋષિત્વની પ્રગાઢ અનુભૂતિનો પરિચય કરાવનાર સાધના

ઋષિઓના સંશોધનોના ઉદ્દેશો અને પ્રક્રિયાની મૌલિકતાએ દેવસંસ્કૃતિના સમસ્ત પક્ષોનું સર્જન કર્યું છે. તેમાં રખાયેલી જીવન જીવવાની કળા, મૂલ્યો, આદર્શો, સદ્‌ગુણો અને દૈવી સંપત્તિનો વિકાસ કરવાનું સંપૂર્ણ વિજ્ઞાન ઋષિઓનાં સંશોધનનું જ સુંદર પરિણામ છે. આ પ્રથા અને પધ્ધતિને આગળ વધારવાની કેડી પણ આ જ છે. ઋષિઓનું કામ કરવા માટે આપણે ઋષિઓના ચીલે ચીલે ચાલવું પડશે. તેમની સંશોધન પ્રત્યેની લાગણીઓ અને શોધખોળ કરવાની વૃત્તિની સાથે એ ઉદ્દેશો અને પધ્ધતિઓને પણ જાણવી પડશે, કે જેના કારણે આ દેવસંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. જ્ઞાન વિજ્ઞાનની અસંખ્ય સરવાણીઓ વહેવા લાગી. ભારત દેશને જગત્‌ગુરુનો ગૌરવ પ્રાપ્ત થયો.

આ સત્યને પણ સૌ કોઈ જાણે છે કે સમગ્ર વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન સંશોધનોનું પરિણામ છે, પરંતુ એ વાતનો અનુભવ બહુ ઓછા લોકો કરી શકે છે, કે એ ક્યારેક કલ્યાણકારી અને ક્યારે વિનાશકારી કેમ થઈ જાય છે? આ પ્રશ્નનો હલ જ્ઞાનનો જન્મ આપનારા સંશોધનોના ઉદ્દેશો અને પધ્ધતિઓમાં છુપાયેલો છે. અગર આ ઉદ્દેશો અને પ્રક્રિયાઓ ઋષિઓની સંવેદનાઓથી યુક્ત હશે, તો ઉપલબ્ધ થતું જ્ઞાન સુનિશ્ચિત રૂપે કલ્યાણકારી જ હશે. અગર જો સંશોધનોના ઉદ્દેશો અને પધ્ધતિઓમાં ઋષિઓની સંવેદનાઓનો અભાવ હશે, તો ઉપલબ્ધ થયેલ જ્ઞાનથી અનિષ્ટ અને અનર્થ જ જન્મ લેશે. તેના થકી વિનાશ લીલાઓ જ સર્જાશે અને ફેલાશે. સમગ્ર દુનિયામાં દરરોજ આ સત્યને વારંવાર જાણવામાં અને પારખવામાં આવે છે. આ વાત પ્રમાણિક હોવા અંગે હવે કોઈ શંકા જ રહી ગઈ નથી કે સંશોધનો માટે પ્રખર બુધ્ધિ સંપન્ન મગજની સાથે ઉચ્ચકોટિની સંવેદનાઓ યુક્ત હૃદયની પણ જરૂરિયાત છે.

આ બન્નેના સુમેળથી સંશોધન જગતમાં ઉદ્દેશો અને પધ્ધતિઓમાં એ જ મૌલિકતા પ્રાપ્ત કરી શકાય, કે જે ઋષિઓના જીવનમાં હતી. એ મેધાવાન ઋષિમુનિઓ પ્રખર પ્રચંડ તપસ્વીઓ હતા. એમનામાં ઉચ્ચકોટિની સંવેદનાઓ આંદોલિત થતી હતી. એમને યુગની વેદનાઓ વ્યાકુળ બનાવતી હતી. માનવના હિત અને વિશ્વના હિતની કામનાને વશ થઈ લુખ્ખો સુક્કો આહાર લઈ સામાન્ય જીવન જીવતા પોતાના સંશોધનના કાર્યમાં તલ્લીન રહેતા હતા. તેમના સંશોધનનું સ્વરૂપ કંઈપણ હોય, પરંતુ ઉદ્દેશ એક જ હતો, એ હતો માનવ માત્રનું હિત, વિશ્વનું હિત. તેના જ અસંખ્ય પ્રશ્નોના નિરાકરણ માટે તેમણે ઉપયોગી પધ્ધતિઓ રચી હતી. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં સંશોધનોના ઉદ્દેશો અને પ્રક્રિયાઓ આ જ ઋષિકલ્પ યોગ સાકાર થવા જઈ રહ્યો છે.

બ્રહ્મવર્ચસ સંશોધન સંસ્થાના સહકારથી અહીંના સંશોધનના કાર્યની

વ્યવસ્થાઅને સંચાલન પ્રત્યેક ફેકલ્ટીના પ્રત્યેક વિભાગમાં રચવામાં આવેલ સંશોધન પંચાયત, સમિતિઓ યા રિસર્ચ ડિગ્રી કમેટી (આર.ડી.સી.) કરશે. પ્રત્યેક ફેકલ્ટી અને વિભાગમાં સંશોધન કાર્યની વિવિધ શ્રેણીઓ હશે. આ શ્રેણીઓની અનુરૂપ જ સંશોધન કરી રહેલ વિદ્યાર્થી એમ.ફિલ., પી.એચ.ડી., ડી.લિટ્ અને ડી.એસ.સી.ની ડિગ્રીઓ પ્રાપ્ત કરવાના અધિકારી બનશે. એમાંથી કોઈપણ ડિગ્રી પ્રાપ્ત કરવા માટે સંશોધન કરી રહેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પોતાના સંશોધનના લક્ષ્યની કડક તપાસ અને પ્રક્રિયાની સાચી કસોટીઓની અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે. તેમને પોતાના સંશોધન કાર્યની ઉપયોગિતા અને ઉપાદેયતાને સાબિત કરવી પડશે.

વિશ્વવિદ્યાલયોમાં સંશોધન કાર્યના ઘટતા જઈ રહેલા સ્તરથી દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંચાલકો માત્ર પરિચિત જ નથી, બલ્કે ચિંતિત પણ છે. એટલા માટે સમયના પડકારોનો સામનો કરવા માટે અહીં કડક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. સંશોધન કાર્યના સંચાલન માટે અનેક પ્રકારની વિશેષતાઓ અપનાવવામાં આવી છે. એમાં સૌથી મોટી વિશેષતા છે સંશોધન કામનો ઉદ્દેશ અને સંશોધન માટેના વિષયની પસંદગી અંગેનો છે. એ અંગે એ નિશ્ચિત કરવામાં આવ્યું છે કે દેશની અને માનવ જીવનની જ્વલંત સમસ્યાઓ અહીં કરવામાં આવનાર સંશોધનના ઉદ્દેશોને નક્કી કરશે. ઋષિઓનું જ્ઞાન અને ભારતીય વિદ્યાઓના વિવિધ પાસાંઓના દૃષ્ટિકોણથી તેનો સાર્થક ઉકેલ શોધવામાં આવશે. સંશોધનનો હેતુ કેવળ બૌદ્ધિ કલાકારી અને છલાંગો સુધી મર્યાદિત નહીં રહે. સંશોધન કરી રહેલ વિદ્યાર્થીને મનુષ્ય જીવનની શારીરિક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક, આર્થિક વગેરે વિવિધ સમસ્યાઓના સ્પષ્ટ અને સાર્થક અનુભવ કરવો પડશે. માનવીય વેદનાની પીડા અને સહાનુભૂતિના અનુભવોથી સંશોધનનો ઉદ્દેશ નક્કી કરવામાં આવશે, સંશોધનનો વિષય નક્કી કરવામાં આવશે. એના સાર રૂપે રાષ્ટ્રીય અને માનવીય સમસ્યાઓના અસંખ્ય પડકારોનો સ્વીકાર કરવો અને તેના સાર્થક ઉપાયો શોધી કાઢવા અહીંના સંશોધન કાર્યનો ઉદ્દેશ રહેશે.

સંશોધનની પ્રક્રિયાનું સ્વરૂપ પણ સંશોધનનો વિષય અને ઉદ્દેશની અનુરૂપ જ બનાવવામાં આવ્યું છે. પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં સંશોધન કરી રહેલ વિદ્યાર્થીને સંશોધનના વિષયની પસંદગી અને સંશોધન કામની કાર્યશૈલીની જાણકારી માટે વિશ્વવિદ્યાલયના સંબંધ ધરાવતા વિભાગમાં જરૂરી શિક્ષણ પ્રાપ્ત કરવું પડશે. લગભગ એવું જોવા મળ્યું છે કે સંશોધન કરવાની ટેકનિકનું સમુચિત શિક્ષણ પ્રાપ્ત કર્યા વગર સંશોધન કરી રહેલો વિદ્યાર્થી પોતાનું કામ આરંભ કરી દે છે. એનું પરિણામએ આવે છે કે તેનું સંશોધનનું સંપૂર્ણ કામ કેટલાક રદ્દી કાગળનો નાનો કે મોટો ઢગલો ખડકાઈને રહી જાય છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની કોઈપણ ફેકલ્ટીના કોઈપણ વિભાગમાં સંશોધન કામ હાથ ધરવા ઈચ્છતા વિદ્યાર્થી યા વિદ્યાર્થીની માટે સંશોધનના વિષય અનુરૂપ સંશોધનની ટેકનિકનું આવશ્યક શિક્ષણ પ્રાપ્ત કરવું અનિવાર્ય રહેશે. સંશોધન ટેકનિક અને સંશોધનના વિષયના મહત્વને દર્શાવનાર ઓછામાં ઓછા

એક અથવા બે સંશોધન પેપર લખ્યા પછી જ સંશોધન કરી રહેલ વિદ્યાર્થીનું સંશોધનની ડિગ્રી માટે રજિસ્ટ્રેશન થઈ શકશે. આ સંશોધન પેપરની તપાસ ફેકલ્ટીના અધ્યક્ષ (ડીન)ના માર્ગદર્શન હેઠળ વિભાગના અધ્યક્ષને આધિન બનેલ એક વિશેષ સમિતિ કરશે. તેને સંતોષ મળ્યા પછી જ સંશોધન કરી રહેલ વિદ્યાર્થીના સંશોધન માટેના વિષયનું રજિસ્ટ્રેશન થયા બાદ જ સંશોધન કરી રહેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીની પોતાના ગાઈડને આધિન રહી સંશોધનનું કાર્ય આરંભ કરશે. સંશોધન કરી રહેલ વિશ્વવિદ્યાલયના દરેક કામકાજના દિવસોમાં વિદ્યાર્થીની હાજરી અનિવાર્ય બની રહેશે. અહીં રહીને જ તે પોતાના પ્રાયોગિક અને સૈદ્ધાંતિક કામને પુરું કરશે. સંશોધન કરી રહેલ વિદ્યાર્થી નિર્દેશકની મંજુરી મેળવ્યા પછી જ પોતાના કામ માટે કોઈખાસ જગ્યાએ જઈ શકશે. પોતાનું સંશોધનનું કામ પૂરું કર્યા પહેલાં સંશોધન કરી રહેલ વિદ્યાર્થી માટે પોતાના કામ સાથે સંબંધ ધરાવતા ઓછામાં ઓછા બે અથવા ત્રણ સંશોધન પેપરો પ્રકાશિત કરવા અનિવાર્ય રહેશે. આ સંશોધન પેપરો વિષય સાથે સંબંધ ધરાવતા કોઈપણ પ્રતિષ્ઠિત સંશોધન મેગેઝીનમાં પ્રકાશિત થવા જોઈએ. આ સંસ્થાનું પણ પોતાનું **'દેવસંસ્કૃતિ'** નામનું સંશોધન મેગેઝીન રહેશે.

સંશોધનનું કામ પુરું થઈ ગયું છે, એ સંશોધનના વિષયના નિર્દેશક અને સહ નિર્દેશક સાબિત કરશે. ત્યારબાદ આ સંશોધનનો નિબંધ વિશ્વવિદ્યાલયના પરીક્ષા વિભાગ દ્વારા નિષ્ણાતોના અનુમોદનથી દેશમાં યા વિદેશોમાં કોઈ બે પ્રતિષ્ઠિત વિદ્વાનોની પાસે તપાસ માટે મોકલવામાં આવશે. આ વિદ્વાનો વિષયના નિષ્ણાતો હશે. તેમને સંતોષ પ્રાપ્ત થયા પછી વિશ્વવિદ્યાલયમાં સંશોધન કરી રહેલ વિદ્યાર્થીની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાનું સ્વરૂપ લેખિત છે કે મૌખિક, આ બન્ને સંશોધન ઉપાધિ સમિતિ નક્કી કરશે. પરીક્ષકો દ્વારા સંશોધન નિબંધનું પ્રકાશન જો યોગ્ય જણાશે તથા તે સમસ્યાના સાર્થક ઉપાય રૂપે યોગ્ય જણાશે તો જ સંશોધન કરી રહેલ વિદ્યાર્થી પોતાના સંશોધન માટેની ડિગ્રીનો અધિકારી બનશે.

સંશોધનનો ઉદ્દેશ અને પ્રક્રિયાનો આ સમગ્ર કાયદો સંશોધનના કામના સ્વરૂપને સાર્થક અને ઉત્કૃષ્ઠ બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. તેનો પ્રત્યેક પક્ષ વિદ્યાર્થીને એ સમજાવશે કે સંશોધનનું કામ કોઈ ડિગ્રીનું માત્ર અલંકરણ જ નથી, પરંતુ એ ઋષિજીવનનું કઠોર તપ છે, સાધના છે. સંશોધનનું કામ કરવાનો અર્થ પોતાના જીવનમાં ઋષિત્વને સાબિત કરવાનો છે. આ ક્રમમાં સંશોધન કરી રહેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની સન્મુખ એક જ સત્ય મુકવામાં આવશે કે જેણે પણ પોતાના સંશોધનમાં ઋષિત્વની જેટલી પ્રેરક અને પ્રગાઢ અનુભૂતિ કરી છે, એનું એટલા જ પ્રમાણ સંશોધન સાધના સફળ થઈ છે. આ સંશોધન સાધના કેન્દ્ર વિશ્વવિદ્યાલયનું પુસ્તકાલય હશે. અહીં પર જ સંશોધનના સત્યને પ્રગટ કરનાર ફળદ્રુપ વિચારોભૂતિ અને સંવેદનશીલ મનોભૂમિ તૈયાર થશે.

# ગ્રંથાલય જ્ઞાનની સાધનાનું પવિત્ર મંદિર

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું પુસ્તકાલય તેની શરીર રચનાનો મેરૂદંડ છે. એ વિશ્વવિદ્યાલયના સંપૂર્ણ શિક્ષણની યોજનાની દૃઢતાનો આધાર છે. તેને દેવસંસ્કૃતિના વિશાળકાય અમૂલ્ય રત્ન ભંડારની ઉપમા આપી શકાય, કે જ્યાં પ્રાચીન ભારતના જ્ઞાનના સનાતન વારસાને શોધી એકત્ર કરવામાં આવ્યો છે. આગળ ઉપર પણ આ કાર્ય અવિરત ચાલૂ જ રહેવાનું છે. વિશ્વના વિભિન્ન ધર્મો, સંસ્કૃતિઓ, સાહિત્ય અને દર્શનના ખૂબ જ કિંમતી ગ્રંથોને ખૂબ જ યત્નપૂર્વક એકત્ર કરવામાં આવ્યા છે. ગ્રંથાલયનો વૈજ્ઞાનિક ભંડાર આધુનિક વિજ્ઞાનની જ્ઞાનની સંપદાથી છલોછલ ભરાયેલો છે. પ્રાચીન અને આધુનિક જ્ઞાન અને વિજ્ઞાનની અસંખ્ય અને અગણિત શાખાઓ અહીં પરસ્પર તાલમેળ બેસાડતી જોઈ શકાય. અહીં જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓના અભૂતપૂર્વ સંગમની સૃષ્ટિનું સૌંદર્ય ઝળકે છે.

આ પુસ્તકાલય ઋષિ સંસ્કૃતિની એક અભૂતપૂર્વ અને અદ્‌ભુત અનોખી સ્થાપના છે. ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ પ્રાચીન સમયના વિશ્વવિદ્યાલયોમાં પુસ્તકાલયોને પોતાનું એક આગવું સ્થાન હતું. એ વાત અલગ છે કે ત્યારે એનાં સ્વરૂપમાં આજ કરતાં ઘણી બધી ભિન્નતા હતી. એ દિવસોમાં છાપકામ તથા કાગળની આજ જેવી સગવડતાઓ ન હતી. ગ્રંથો પણ ભોજપત્ર અને તાડપત્ર પર લખવામાં આવતા. લેખનનું આ કામ લગભગ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતું. પુસ્તકાલયોમાં તેઓ જ તેની પ્રતિલિપિઓ તૈયાર કરતા હતા. આ પ્રથા ઐતિહાસિક યુગમાં પણ ચાલૂ રહી.

ઐતિહાસિક શિલાલેખો અને પુરાતત્વિય દસ્તાવેજી પુરાવાઓ આ વાતનું સમર્થન કરે છે. ડૉ.રાધા કુમુદ મુકર્જી, પ્રો.આર.સી.મજૂમદાર, ડૉ.રાજબલી પાંડે, પ્રો.એ.એસ.અલતેકર જેવા પ્રખ્યાત ઈતિહાસકારોએ ભારતની પ્રાચીન શિક્ષણ પધ્ધતિમાં પુસ્કાલયોનાં મહત્ત્વનો સ્વીકાર કર્યો છે. પુરાતત્વવિદ્દો પૈકી સર જેમ્સ પ્રિંસેપ, એલેકઝાંડર કનિંઘમ, ફ્લીટ, સરજૉન માર્શલ, મૉર્ટીમરવ્હીલર અને ડૉ.પ્રોફેસર હસમુખ સાંકળિયા જેવા પુરાતત્વવિદ્દોએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન-વિજ્ઞાનના વિકાસમાં પુસ્તકાલયોના મહત્ત્વને દર્શાવનાર પુરાવાઓ રજૂ કર્યા છે.

તમામ ઐતિહાસિક અને પુરાતત્વિય પુરાવાઓ એક જ અવાજે જે પુસ્તકાલયોના મહિમાના ગુણગાન ગાય છે, તે છે નાલંદા વિશ્વવિદ્યાલયનું પુસ્તકાલય. એ યુગમાં આ ગ્રંથાલય અત્યંત મહત્વ ધરાવતું અને અત્યંત વિશાળ હતું. તેના દ્વારા હજારો વિદ્યાર્થીઓમાં છુપાયેલી જ્ઞાનની પિપાસા તૃપ્ત થતી હતી. નાલંદા વિશ્વવિદ્યાલયના આ ગ્રંથાલયનું નામ ધર્મગંજ હતું. તેના ઘેરાવાનો અને ફેલાવાનો વિસ્તાર ઘણો વ્યાપક હોવાના દસ્તાવેજી પુરાવાઓ મળી આવે છે. એક ઐતિહાસિક વર્ણન અનુસાર આ પુસ્તકાલયમાં પ્રતિલિપિ કરવાની સગવડતા પણ હતી. ચીનના વિદ્યાર્થી ઈત્સિંગે નાલંદામાં રહી ચારસો જેટલા સંસ્કૃત ગ્રંથોની શુધ્ધ પ્રતિલિપિઓ

તૈયાર કરી હતી. તેમાં લગભગ પાંચ લાખ શ્લોકો હતા.

ઐતિહાસિક દસ્તાવેજો અને પુરાતત્વિય શિલાલેખો અનુસાર 'ધર્મગંજ'ના નામથી વિખ્યાત આ પુસ્તકાલયની ઈમારત અત્યંત વિશાળ હતી. ઈતિહાસકારો આ અનેક ઈમારતોમાંથી માત્ર ત્રણના જ નામ શોધી શક્યા છે. આ ત્રણે ઈમારતો રત્નસાગર, રત્નોદધિ અને રત્નજનકના નામે સુવિખ્યાત હતી. તેમાં લાખોની સંખ્યામાં હસ્તલિખિત પુસ્તકો હતા. આ ત્રણે ઈમારતોમાં રત્નસાગર નવમાળ ધરાવતી ભવ્ય ઈમારત હતી અને રત્નોદધિ સાત માળ ધરાવતી હતી. રત્નરજ્જકનું આકર્ષણ પણ આ બન્નેથી કંઈ પણ ઓછું ન હતું.

નાલંદા વિશ્વવિદ્યાલયના આ ગૌરવની અનુરૂપ જ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પુસ્તકાલયના સ્વરૂપને તૈયાર કરવામાં આવી રહેલ છે. વિશ્વવિદ્યાલયના મુખ્ય સંકુલમાં આકાર ધારણ કરી રહેલ આ પુસ્તકાલય માટે એક અલગ જ ભવ્ય સુંદર મકાન બનાવવામાં આવશે. આ પુસ્તકાલય વાળા મકાનને પાંચ માળ હશે. તે પૈકી ભોંયતળિયાવાળા માળમાં જ્ઞાન વિજ્ઞાનના મિશ્રિત પ્રાચીન, આર્વાચીન નૂતન સ્વરૂપ દર્શાવનાર ગ્રંથો રાખવામાં આવશે. બાકીના ચાર માળ પૈકી પ્રત્યેક માળ પર વિશ્વવિદ્યાલયની ચાર ફેકલ્ટીઓ સાથે સંબંધિત ગ્રંથો રાખવામાં આવશે. એમાંથી દરેકની વ્યવસ્થા માટે અલગ અલગ ચાર વ્યવસ્થાપક-ઈનચાર્જની નિમણૂંક કરવામાં આવશે, જે વિશ્વવિદ્યાલયના મુખ્ય પુસ્તકાલયના અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ કામ કરશે.

વિશ્વવિદ્યાલયના આ પુસ્તકાલયનું સંપૂર્ણ રીતે કોમ્પ્યૂટરીકરણ કરવામાં આવશે તથા તે તમામ પ્રકારની અત્યંત આધુનિક સગવડતાઓ ધરાવતું હશે. વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોને પુસ્તકના કોઈ વિશેષ પ્રકરણની પ્રતિલિપિ-નકલ પૂરી પાડવા માટે દરેક સમયે અહીં ઉચ્ચ શક્તિશાળી આધુનિક ઝેરોક્ષ મશીન પણ ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓ તથા આચાર્યો પોતાના અધ્યયન માટે અહીં પૂરી પાડવામાં આવનારી ઈંટરનેટની સગવડતાનો લાભ ઉઠાવી શકશે. અહીં પ્રત્યેક વિષયમાં પુસ્તકોની સાથે તેના જરૂરી સી.ડી.રોમ પણ મળી રહેશે, જેને કોમ્પ્યૂટરના માધ્યમથી જોઈ અને વાંચી શકાશે. સાથે સાથે અનિવાર્ય જણાતા પ્રકરણની પ્રિંટ પણ કાઢી શકાશે.

અત્યંત આધુનિક સગવડતાઓ અને જ્ઞાનની ક્ષમતા ધરાવતા આ પુસ્તકાલયનું મહત્ત્વ એક વિશ્વવિદ્યાલયની એક ફેકલ્ટી જેટલું હશે. જેની જવાબદારી મુખ્ય પુસ્તકાલયના અધ્યક્ષ સંભાળશે. પુસ્તકાલયોના તમામ નિયમો, પેટા નિયમો અને કાયદાઓના પાલનની જવાબદારી તેમની જ રહેશે. નિયમોની આ વ્યવસ્થા ઉપકુલપતિના નિર્દેશન તથા માર્ગદર્શન હેઠળ બનશે. એ અંગે ઉપકુલપતિનો નિર્દેશ આખરી હશે. પુસ્તકાલયની સમગ્ર વ્યવસ્થામાં તેમની મંજુરી અને સંમતિ મહત્ત્વની રહેશે. પુસ્તકાલયના અધ્યક્ષ અવારનવાર પુસ્તકાલયની તમામ જરૂરિયાતો અને ખરીદવામાં આવનાર પુસ્તકો સહિત તમામ સાધનોનો અહેવાલ નિયમિત ગાળા

બાદ ઉપકુલપતિને આપતા રહેશે.

પુસ્તકાલયના શૈક્ષણિક નિયમોના મહત્ત્વના મુદ્દા રૂપે વિશ્વવિદ્યાલયનો પ્રત્યેક વિદ્યાર્થી અને સંશોધન કરી રહેલ વિદ્યાર્થીની ઉપસ્થિતિ છે. કામકાજના પ્રત્યેક દિવસ દરમ્યાન દરેક વિદ્યાર્થીને અને સંશોધન કરી રહેલ વિદ્યાર્થીને બતાવવામાં આવેલ નિયમો અનુસાર પુસ્તકાલયમાં નિયમિત રૂપે બેસી વાંચન કરવું પડશે. સંબંધ ધરાવતા વ્યવસ્થાપક આ તમામ વિદ્યાર્થીઓની હાજરી નોંધશે. પરીક્ષામાં બેસવા માટે આ હાજરીની અનિવાર્ય રૂપે ગણતરી કરવામાં આવશે. જે કોઈ વિદ્યાર્થી પુસ્તકાલયના આ નિયમોના પાલનમાં દોષી જણાશે, તો તેને નિયમ ભંગ બદલ પરીક્ષામાંથી ઉઠાડી દેવામાં આવશે. પુસ્તકાલયની તમામ સગવડતાઓનો સમુચિત ઉપયોગ કરવો વિશ્વવિદ્યાલયના દરેક વિદ્યાર્થીની અને આચાર્યની ફરજ છે અને તેમને સમય અનુસાર એકત્ર કરતા રહેવાનું તથા તમામ સુપાત્રોને તેમની પાત્રતા અનુરૂપ પૂરી પાડતા રહેવાનું કામ પુસ્તકાલયની વ્યવસ્થાનું છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું આ પુસ્તકાલય હંસવાહિની ભગવતી સરસ્વતી માતાનું મંદિર છે. એનું હંમેશા મહત્ત્વના ગ્રંથો, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંશોધન મેગેઝીનો દ્વારા સુશોભન કરવામાં આવતું રહેશે. પુસ્તકાલય ના અધ્યક્ષ સરસ્વતી માતાના આ ભવ્ય મંદિરના મુખ્ય પુજારી રહેશે. પુસ્તકાલયના અન્ય કર્મચારીઓ તેમના સહયોગીની ભૂમિકા નિભાવશે. આ દિવ્ય પવિત્ર મંદિરમાં જ્ઞાનની સાધના કરવાનો ભાર વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તથા આચાર્યો, આચાર્યાઓ પર છે. તેમની જ્ઞાનની સાધના જ તેને પ્રાણવાન, ઉર્જાવાન બનાવશે. આ પુસ્તકાલયમાં અન્ય વિવિધ ગ્રંથોની સાથે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પોતાના અંગત છાપવામાં આવેલ ગ્રંથો પણ હશે, જેનું છાપકામ વિશ્વવિદ્યાલયના પ્રકાશન વિભાગ દ્વારા કરવામાં આવશે. આ વિભાગ દ્વારા દેવસંસ્કૃતિનું બહુપક્ષિય સ્વરૂપનું સમયની અનુરૂપ બરાબર પ્રકાશન થતું રહેશે. આ પુસ્તકાલયમાં વિશ્વવિદ્યાલય દ્વારા છાપવામાં આવેલ ગ્રંથો, પુસ્તકોનું વિશેષ સ્થાન રહેશે.

# પ્રકાશનની વ્યવસ્થા ઋષિ સંસ્કૃતિનું બહુપક્ષીય સ્વરૂપ દર્શાવશે

પ્રકાશન વિભાગ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય ની દૈદીપ્યમાન કીર્તિના પ્રકાશનો પરિચય કરાવે છે. તેના દ્વારા જ વિશ્વવિદ્યાલયના વિવિધ આંદોલનો, કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ પ્રકાશમાં આવશે. પ્રકાશન વિભાગ દ્વારા ઋષિ સંસ્કૃતિના બહુપક્ષીય સાહિત્યનું છાપકામ થશે. તેના કામનો વિસ્તાર ઘણો વ્યાપક તથા વિસ્તૃત છે. તેના ઉદ્દેશોમાં આ જ ઉદાર પક્ષ છે. સિધ્ધિઓ પ્રાપ્ત થાય, પરંતુ તેની વહેંચણીની વ્યવસ્થા ન બને તો તેની પ્રાપ્તિ અધૂરી જ છે. સૌનું હિત અને સૌનું સુખ આ જ સંસ્કૃતિનો સંદેશ છે. આ સાંસ્કૃતિક સંવેદનાના ફેલાવા માટે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પ્રકાશ વિભાગની રચના કરવામાં આવી છે. દેવસંસ્કૃતિના સર્જન અભિયાનને એનાથી એથી પણ વધુ ગતિ પ્રાપ્ત થશે.

પ્રાચીન સમયમાં ઋષિઓએ સંસ્કૃતિના આદર્શો, સિધ્ધાંતોની શોધખોળ કરવાની સાથે તેના પ્રકાશનની અને વિસ્તારની યોગ્ય વ્યવસ્થા બનાવી હતી. જો કે એ સમયે આ વ્યવસ્થા પોતાના સમયની અનુરૂપ હતી. કાગળ અને છાપકામ કરવાની વ્યવસ્થાના અભાવે ખૂબ જ બહોળા પ્રમાણમાં અને સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન કરવું તો સંભવ ન હતું, છતાં પણ સંસ્કૃતિના વિસ્તાર માટે અનેક પ્રકારના અસરકારક ઉપાયો શોધી કાઢવામાં આવ્યા હતા. વિશ્વવિદ્યાલયના આચાર્યો પોતાના વિદ્યાર્થીઓ સાથે દેશના વિભિન્ન ભાગના પ્રવાસે ચાલી નિકળતા. આ દેશાટનથી બેવડો લાભ થતો હતો. તેના પ્રથમ લાભ રૂપે વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વૃધ્ધિ થતી હતી. તેમને દરેક પ્રદેશના લોકોના સામાજિક, ધાર્મિક રીતરિવાજો, ત્યાંની ભૌગોલિક રચના અને પરિસ્થિતિ, ઐતિહાસિક સિધ્ધિઓ, વૈજ્ઞાનિક સત્ય વગેરે અસંખ્ય વાતોનું જ્ઞાન થતું. તેની સાથે બીજો લાભ પ્રજાજનોને થતો. તેઓ ખાસ કરીને વિશ્વવિદ્યાલયોના નિષ્ણાત આચાર્યોના સંપર્કમાં આવતા અને તેમના જ્ઞાનનો લાભ પ્રાપ્ત કરતા. આ આચાર્યો તથા વિદ્યાર્થીઓ પાસેથી નગરો તથા ગ્રામ્યજનોને અનેક પ્રકારનું જ્ઞાન મળતું હતું.

વૈદિક સાહિત્યમાં જલજાતુકર્ણી નામના એક ખેડૂતનો ઉલ્લેખ મળી આવે છે. જેણે મહર્ષિ કૌષ્ટુક અને તેમના અંતેવાસીઓ પાસેથી ખેતી કામ માટેનું ઉપયોગી ટેકનિકલ જ્ઞાન શીખી લીધું હતું. વેદોમાં વભ્રુ દ્વારા મહર્ષિ સત્યંહસ પાસેથી શિલ્પકલા અને જીવન ઉપયોગી કૌશલ્ય શિખવાનો ઉલ્લેખ મળી આવે છે. આ વ્યવહારિક જ્ઞાન સિવાય આધ્યાત્મિક જ્ઞાન આ ધર્મ પ્રાણ દેશનું જીવન હતું. વિશ્વવિદ્યાલયના આચાર્યો અને અંતેવાસીઓ પોતાના જ્ઞાનના પ્રકાશન દ્વારા નિષ્ણાતો સહિત સામાન્ય પ્રજાને પણ પ્રભાવશાળી રીતે લાભ પહોંચાડતા હતા.

જ્ઞાનના પ્રકાશનની આ પ્રભાવશાળી પ્રથા ઐતિહાસિક યુગમાં તક્ષશિલા,

નાલંદા, વિક્રમશીલા અને ઉદયંતપુર વિશ્વવિદ્યાલયોમાં પણ હતી. લગભગ આ તમામ વિશ્વવિદ્યાલયોમાં પ્રકાશન વિભાગ હતો. છાપકામની વ્યવસ્થા ન હોવાના કારણે આ વિભાગમાં વિશ્વવિદ્યાલયના આચાર્યો દ્વારા લખવામાં આવેલ ગ્રંથોની પ્રતિલિપિ (નકલ)ના લેખનનું કામ ચાલતું હતું. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ આ પ્રકાશનના કામમાં જોડાતા હતા. આ પ્રકાશન કરવામાં આવતી રચનાઓને પ્રથમ અન્ય વિશ્વવિદ્યાલયો ના પ્રતિષ્ઠિત વિદ્વાન આચાર્યો પાસે સમીક્ષા કરવા માટે મોકલવામાં આવતી. બાદમાં તેની સમીક્ષાની ટિપ્પણી પણ આ ગ્રંથો સાથે જોડી દેવામાં આવતી. આવી ટિપ્પણી ધરાવતા ગ્રંથોને વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ વચ્ચે વધારે પ્રમાણિક માનવામાં આવતા.

ઈતિહાસમાં નાલંદા વિશ્વવિદ્યાલયના આચાર્ય જ્ઞાનચંદ્ર દ્વારા લખવામાં આવેલ 'જ્યોતિષ દીપ'નામના એક ગ્રંથનો ઉલ્લેખ મળી આવે છે. ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર આ ગ્રંથ ખૂબ જ યત્ન પૂર્વક પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં અનેક પ્રતિષ્ઠિત, નામાંકિત આચાર્યોની સમીક્ષા સાથે વિક્રમશીલા વિશ્વવિદ્યાલયના મહાસ્થિવર આચાર્ય દીપંકરજીની સમીક્ષા ટિપ્પણીનું પણ પ્રકાશન કરવામાં આવ્યું હતું. આચાર્ય દીપંકર બૌધ્ધ દર્શનની સાથે જ્યોતિષ શાસ્ત્ર અને તંત્રવિજ્ઞાનના મહાન વિદ્વાન હતા. ઈતિહાસના પાનાઓ ઉપરથી આવા અનેક ગ્રંથોના પ્રકાશની વાતો શોધવાથી મળી આવે છે.આ તમામ વાતો પ્રાચીન વિશ્વવિદ્યાલયોમાં પ્રકાશન વિભાગના વિવિધ સ્વરૂપો અંગે બતાવે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો પ્રકાશન વિભાગ ભારત દેશના પ્રાચીન ગૌરવની અભિનવ રચના છે. પ્રકાશન વિભાગના કામનું સંચાલન વિશ્વવિદ્યાલયની પ્રકાશન સમિતિ કરશે. આ સમિતિના બે પેટા વિભાગ હશે. તેમાંથી પ્રથમ પેટા વિભાગનું સંચાલન નિષ્ણાત વિદ્વાનોની એક ટીમ સંભાળશે. બીજો પેટા વિભાગ છાપકામ અને પ્રકાશનની ટેકનિકના જ્ઞાન સાથે જોડાયેલ લોકોનો હશે, જે પ્રકાશનના કામને અને તેની ગુણવત્તાની તપાસ કરી વિશ્વવિદ્યાલયના સંસ્કૃતિ સર્જનનું પ્રકાશન કરશે.

આ પ્રકાશન વિભાગ પર જ વિશ્વવિદ્યાલય ના મુખપત્રને પ્રકાશિત કરવાની જવાબદારી રહેશે. સંભવ છે ત્યાં સુધી આ મુખપત્રનું નામ 'દેવસંસ્કૃતિ' જ છે. તેમાં વિશ્વવિદ્યાલયની સામાયિક પ્રવૃત્તિઓ અને ભાવી યોજના અંગેના તંત્રી લેખ સાથે અહીંની વિભિન્ન ફેકલ્ટીઓના આચાર્યો અને વિદ્યાર્થીઓના સંશોધન પેપરો છાપવામાં આવશે. તેમાં છાપવામાં આવેલ કૃતિઓની પ્રમાણિકતાની તપાસ આંતર્રાષ્ટ્રીય કક્ષાએ પણ કરવામાં આવશે. તેનો ફેલાવો પણ વિશ્વવ્યાપી ધોરણે કરવાની યોજના છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય જ્ઞાનની શાખાઓ પર સંશોધન લેખોનું પ્રકાશન કરનારું આ પોતાની રીતનું મૌલિક પેપર હશે. તેનું સંપાદન પ્રકાશન વિભાગના નિષ્ણાત વિદ્વાનોની સમિતિ કરશે. આ કામમાં અન્ય દેશના અને આંતર્રાષ્ટ્રીય વિદ્વાનો અને વિચારશીલોનો પણ સહકાર લેવામાં આવશે.

તેના સિવાય પ્રકાશન વિભાગ દ્વારા દેવસંસ્કૃતિના વિજ્ઞાનના વિવિધ પાસાંઓને પ્રગટ કરનાર અન્ય મૌલિક રચનાઓનું પણ પ્રકાશન કરવામાં આવશે. તેનું સર્જન વિશ્વવિદ્યાલયના આચાર્યો કરશે. શિક્ષણની સાથે પોતાના વિષય સાથે સંબંધ ધરાવતા સાહિત્યનું સર્જન અને સંશોધન પેપરના લેખનના કામની જવાબદારી આચાર્યોની રહેશે. દેવસંસ્કૃતિમાં સમાયેલ જ્ઞાન વિજ્ઞાનના સામાયિક અને વૈજ્ઞાનિક રજૂઆત માટે હજી ઘણું બધુ કરવાનું બાકી છે. આ ભાગીરથી તપ અહીંના આચાર્યોએ જ કરવાનું છે. એને કર્યા વગર સંસ્કૃતિની દેવસરિતા જનજન સુધી નહીં પહોંચી શકે. આપણાં પૂર્વજોના મહાન આત્માઓને દેવસંસ્કૃતિની સરિતાના જ્ઞાનના જળથી જ તૃપ્તિ પ્રાપ્ત થશે. એના થકી જ એમનું સાચું તર્પણ અને શ્રાધ્ધ થશે.

પ્રકાશન વિભાગનું એક મહત્ત્વનું કામ વિશ્વવિદ્યાલયના સંશોધન કરી રહેલ વિદ્યાર્થી દ્વારા લખવામાં આવેલ શોધ નિબંધના પ્રકાશનનું છે. એ પહેલાં પણ કહી દેવામાં આવ્યું છે કે સંશોધન કરી રહેલ વિદ્યાર્થીઓને કેવળ છાપવા, પ્રકાશન કરવા યોગ્ય સંશોધન નિબંધોના આધારે જ સંશોધન ડિગ્રી મળશે. આવા ઉચ્ચ કોટિના ઉત્કૃષ્ટ સંશોધન કાર્યોને વિશ્વવિદ્યાલયના પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. જો કે એવું કરતા પહેલાં નિષ્ણાતોની સમિતિ તેની ગુણવત્તાને અનેક પ્રકારે ચકાસણી કરશે. આ ગુણવત્તાના મહત્ત્વના મુદ્દાઓમાં સંશોધન નિબંધની મૌલિક રચનાની સાથે વિષયની સામયિક ઉપયોગિતા પણ સંકળાયેલ છે.

આ મૌલિક સંશોધન રચનાઓનું પ્રકાશન દેવસંસ્કૃતિની દિવ્યતા અને જીવંતતાને સાબિત કરશે. પ્રકાશન વિભાગની સિધ્ધિઓ વિશ્વમાનવને ભારત દેશની સનાતન સંસ્કૃતિનો એક નવીન અનુભવ પૂરો પાડશે. સૌ જાણી શકશે કે જે મહાન સાંસ્કૃતિક વૈભવને તેમણે જીવાશ્મસમજી લીધો હતો, ખરી રીતે તો તે જીવંત છે. હજી પણ તેમાં જીવ અને ઉર્જા વિદ્યમાન છે. દુનિયાભરના દેશો અને મનુષ્યોને અત્યારે પણ તેનાથી પ્રાણ અને જીવનનું વરદાન મળી શકે. દેવસંસ્કૃતિ સંશોધન પત્રિકા અને વિભિન્ન સંશોધન નિબંધો ઉપરાંત અન્ય અસંખ્ય મૌલિક રચના પણ આ વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. ઉચ્ચશ્રેણીના વિચારોના પવિત્ર ઝરણાંઓ રૂપે આ વિભાગ સતત અને અવિરત ક્રિયાશીલ, સક્રિય અને જાગૃત રહેશે. આ ક્રિયાશીલતા માટે તેને જરૂરી જ્ઞાન ઉર્જા વિશ્વવિદ્યાલયના આચારવાન આચાર્યો પાસેથી પ્રાપ્ત થશે. તેમનું તપ જ આ વિભાગનું જીવન હશે.

# સંસ્કૃતિ સર્જનમાં નિપુણ તપસ્વી શિલ્પીઓ આચાર્ય બનશે

આચારવાન આચાર્યોનું તપસ્વી જીવન દેવસંસ્કૃતિની ઉર્જાનું સ્ત્રોત છે. આચાર્યોના તપની પ્રખરતા તેને પ્રખર બનાવે છે. તેમના આચરણના પ્રાણબળથી તેને પ્રાણ મળે છે. આચાર્યોના જીવનની અને ચારિત્રની શુધ્ધતાથી જ તેમાં દૈવી તથા દિવ્ય તત્વોનું સંચાલન થાય છે. સત્ય તો એ છે કે દૈવી પુરુષ આચાર્યોએ જ ભારત દેશની સંસ્કૃતિને દેવસંસ્કૃતિનું સ્વરૂપ આપ્યું છે. આચાર્યોએ પોતાના આચરણ દ્વારા જ તેના તમામ આદર્શો ઘડ્યા છે. સંસ્કૃતિના સ્વરૂપમાં અને આચાર્યોના જીવનમાં સર્વસ્વ ક્રમબધ્ધ અનુસરણ છે. જેમ જેમ આચાર્યોના આચરણનું પ્રાણબળ ઘટે છે, તેમતેમ સંસ્કૃતિ પોતાનું જીવન ગુમાવતી જાય છે. આચાર્યો દ્વારા તપપરાયણ ન રહેવાથી સંસ્કૃતિ ઉર્જાવિહોણી બની જાય છે. આચાર્યોના જીવનમાંથી આદર્શોનો લોપ થવાથી સંસ્કૃતિનું અસ્તિત્વ જ લુપ્ત થવા લાગે છે.

આ જ દેશમાં અગર પ્રાચીન સાંસ્કૃતિક આદર્શો લુપ્ત થઈ રહ્યા છે, તો તેનું કારણ એ જ છે કે આજે કેવળ આચાર્યોના જીવાશ્મ મળે છે. તેમના જીવનમાં ક્યાંય પણ જીવંતતા જેવું દેખાતું નથી. આજે ડિગ્રીઓના જાતજાતના ભાતભાતના ઘરેણાં વડે પોતાની જાતને શણગારેલાં, સુશોભિત કરેલાં પ્રોફેસરોના ધાડા ને ધાડા ચારે તરફ દોડી રહેલાં નજરે પડે છે, પરંતુ પોતાના આચરણ દ્વારા વિદ્યાર્થીઓના જીવનને ઘડનાર આચાર્યો નથી. આજે વિશ્વવિદ્યાલયોમાં જે કંઈ ભણાવવામાં આવે છે, એ તેમની પાસે પુસ્તકમાં છપાયેલ શબ્દોનો ભંડાર છે, પરંતુ આચરણનો અનુભવ નથી. બહારથી આકૃતિ તો આચાર્યની છે, પરંતુ આંતરિક આકૃતિ અને પ્રકૃતિ બિલકુલ એવી નથી. જ્યારે ભણાવનારનું જીવન રૂપિયાની આસપાસ પરિક્રમા કરી રહેલ હોય, આંટાફેરા મારી રહેલ હોય, ત્યારે વિદ્યાર્થીઓનું જીવન પણ કંઈક એવું જ સ્વરૂપ ધારણ કરશે. બીબાંઓ જ મહોરાંનું ઘડતર કરે છે. આજના મહોરાંને જોઈ સ્વાભાવિક રીપે બીબાંઓની કલ્પના કરી શકાય, આવી સ્થિતિમાં અગર કોઈ પરિવર્તન સંભવ છે, તો તે કેવળ આચાર્યોનું આચરણ બદલવાથી. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપનાનો આધાર આ જ વિચારસરણી છે. અહીંના સંચાલકોએ એક દેવપુરુષ આચાર્યના આચરણથી અસંખ્ય લોકોને ઘડાતા, ઢળતા, બનતા, બદલાતા, સમારતા, સુધરતા જોયા છે. આ વાત 'કાગળ પર લખાયેલી નથી, પરંતુ આંખો વડે જોયેલી છે.' યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી આવા જ આચાર્ય હતા, જેના ચરણોના સાનિધ્યમાં અસંખ્ય લોકોના જીવને દેવસંસ્કૃતિના સત્યની અનુભૂતિ પ્રાપ્ત કરી છે. સો ટકા હુબહુ તેમના જેવું બની શકવું સંભવ ન પણ હોય, તો પણ તેમના દ્વારા સ્થાપવામાં આવેલ આદર્શો માટે પોતાની જાતને ન્યોછાવર તો કરી શકાય. તેમના દ્વારા બનાવવા આવેલ, ચિંધવામાં આવેલ

રસ્તા પર આગળ આગળ ચાલતા મરી મટી શકાય.

એનાથી ઓછામાં દેશનો અને ધરતીનો સાંસ્કૃતિક કાયાકલ્પ થશે પણ નહીં. એ વાત ધ્યાનમાં રાખવામાં આવે કે જીવન દ્વારા જ જીવન બદલાઈ છે. સળગતો દીવો જ બીજા દીવાને સળગાવે છે. ચિનગારી ઘાસ અને લાકડાંને સ્પર્શ કરી આગની જ્વાળાનો જન્મ આપે છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં આવા આચાર્યોને આવાહન કરવામાં આવી રહ્યું છે, આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે. આ પ્રેમભર્યું હાર્દિક નિમંત્રણ છે; એ પ્રાણવાન, તપસ્વી આચાર્યોને દેશ અને દુનિયાના સાંસ્કૃતિક નવઉન્મેષ માટે બોલવામાં આવી રહ્યા છે, કે જેઓ સાહસિક છે, સંકલ્પવાન છે, જેમનામાં દેવસંસ્કૃતિ માટે જીવવા મરવાની હિંમત છે. આ એમને આમંત્રણ છે, જેઓ શબ્દોથી નહીં જીવનથી વાત કરે છે. આ એમને નિમંત્રણ છે, જેમને અક્ષરોનું નહીં આચરણનું સામર્થ્ય એકઠું કર્યું છે. આ લીટીઓના માધ્યમ વડે તેમને સાદ કરવામાં આવી રહ્યો છે, જેમનું વ્યક્તિત્વ વેચાવા માટે નહીં, ભારતમાતાની સાંસ્કૃતિ વેદી પર ન્યોછાવર થવા માટે છે. વ્યક્તિત્વના વ્યાપારીઓને નહીં, સંસ્કૃતિના સર્જનમાં નિપુણ, સમર્પિત શિલ્પીઓને જ બોલાવવામાં આવી રહેલ છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં તેમની જગ્યા સુનિશ્ચિત છે, જેની સમક્ષ મહર્ષિ અરવિંદનો આદર્શ છે. જેમણે રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક આદર્શો માટે વડોદરા કૉલેજની ૭૧૦ રૂપિયાની નોકરી છોડી કલકત્તામાં નવી સ્થાપવામાં આવેલ નેશનલ કૉલેજમાં માત્ર ૧૫૦ રૂપિયાના માસિક પગારથી શિક્ષણ આપવાનો સ્વીકાર કર્યો. એવી જ રીતે જ્યારે મહામના મદન મોહન માલવીયાજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં હિન્દીના સુપ્રસિધ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન આચાર્ય રામચંદ્ર શુક્લને બી.એચ.યુ.નો હિન્દી વિભાગ સંભાળી લેવા વિનંતી કરી. બરાબર એ જ સમયે આચાર્ય શુક્લને કાલાકાંકેર ના રાજાની નોકરી માટે દરખાસ્ત પણ મળી. રાજાસાહેબ શુક્લજીને સાડા ત્રણ હજાર રૂપિયા માસિક પગાર સાથે અન્ય પ્રકારની સગવડતાઓ પણ આપી રહ્યા હતા. કામ પણ કંઈ ખાસ ન હતું. માલવીયાજી પાસે તેમને આપવા માટે કેવળ ત્રણસો રૂપિયાની જ શક્તિ હતી અને કામ પણ ખૂબ હતું. અન્ય સગવડતાઓ બિલકુલ ન હતી, પરંતુ શુક્લજીએ માલવીયાજીની દરખાસ્તનો સ્વીકાર કર્યો. તેમણે કાલાકાંકરના રાજા સાહેબને મનાઈ કરતા કહ્યું કે-''રાજા સાહેબ, દેશ અને સંસ્કૃતિ માટે કંઈક કરી છુટવાની તક જીવનમાં વારંવાર આવતી નથી.'' કાલાકાંકરના નરેશે, જ્યારે તેમને કંઈક વધુ રૂપિયા આપવની લાલચ આપી, ત્યારે આચાર્ય શુક્લજી જવાબ આપ્યો કે ''હું હિન્દીનો આચાર્ય છું, કોઈ વ્યાપારી નથી.''

આ દેશની ધરતીમાં આવા એક નહીં, અનેક આચાર્યો થઈ ગયા છે. એવો વિશ્વાસ રાખવામાં આવ્યો છે કે આજે પણ આપણી ધરતી અને આપણી સંસ્કૃતિને પ્રેમ કરનાર ઓછા નથી. ભલેને તેમને સાચી તક ન મળી હોય. આજે પણ એવા અનેક પ્રતિભાશાળી આત્માઓ છે, જેમના જીવનમાં દેશની માટી મહેંકે છે. જેમનું હૃદય પોતાના દેશ અને પોતાની સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમથી ગુંજે છે. જેમની પાસે બુધ્ધિના

વિચાર-વિસ્તારની સાથે હૃદયની સંવેદનાઓની વિશાળતા પણ છે. જે દેશની, ધરતીની, સંસ્કૃતિની અને મનુષ્યની વેદના, પીડા, વ્યાકુળતા, કણસ અને તરફડાટનો અનુભવ કરી શકે છે. અમોને એવો વિશ્વાસ છે કે આવા અનુભવો ધરાવતા તપસ્વી આચાર્યો અહીં અવશ્ય આવશે. આ વિશ્વવિદ્યાલય તેમને માટે એક ભાગ્યશાળી સુઅવસર છે. યુધ્ધનું રણશિંગુ ફુંકાતા જ બહાદુરોથી ચુપ બેસી શકાતું નથી. તેમની ભુજાઓ થનગને છે અને તેમાં હથિયાર ચમકવા લાગે છે. દુશ્મન સાથે ટક્કર લેવા તેમની રગેરગમાં લોહી નાચવા લાગે છે.

ભવાની માતાના બાળકોની જેમ સરસ્વતી માતાના બાળકોની પણ એ જ સ્થિતિ છે. સંસ્કૃતિનો નવ ઉન્મેષનો ઉદ્‌ઘોષ થાય અને તેઓ બેસી રહે, સૂઈ રહે, એ કેવી રીતે સંભવ છે? તેમની સર્જનશીલ સંવેદના તેમને વધુ સમય સુધી મૂકદર્શક બની રહેવા નહીં દે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપનાની જાહેરાત સાથે જ, અસંખ્ય પ્રતિભાશાળીઓના હૃદય સંવેદનાઓથી છલકાઇ ઉઠ્યા. તેમના હૃદયમાં સંસ્કૃતિના સર્જનની સંવેદના જાગવી સ્વાભાવિક પણ છે. દેવસંસ્કૃતિ માટે કંઈક કરી છુટવાના પ્રથમ પગલાં રૂપે તેમને કુલાધિપતિ અથવા કુલપતિ, દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, શાંતિકુંજ હરિદ્વારના સરનામે પત્રવ્યવહાર કરવો જોઈએ. ત્યાર બાદ જ તેમને જાણ થઈ શકશે કે તેમણે ક્યારે, કેવી રીતે, ક્યાં અને શું કરવાનું છે.

દેવસંસ્કૃતિના આદર્શો અનુરૂપ જ અહીં આચાર્યોની ત્રણ શ્રેણી હશે. આચાર્ય, મદદનીશ આચાર્ય, સહઆચાર્ય. આ ત્રણે શ્રેણીનો નિર્ણય તેમની યોગ્યતા (લાયકાત), અનુભવ, તપ અને સમર્પણના આધારે કરવામાં આવશે. એક વાત કે જે સૌમાં એક સરખી હશે, એ છે જીવન તથા ચારિત્રની શુધ્ધિ, સાચી પ્રમાણિકતા, પોતાના વિષયની વિશેષ લાયકાત, દેવસંસ્કૃતિ પ્રત્યે પ્રેમ અને જીવનની તપસ્વી કાર્ય, પધ્ધતિ. **ગ્રીસના મહાન દાર્શનિક સોક્રેટિસે આચાર્યની વ્યાખ્યા કરતા કહ્યું ''હું આચાર્ય એને કહું છું, જે પોતાના આચરણથી પોતાના વિદ્યાર્થીઓમાં એક નવા જ આત્માનો જન્મ આપે.''**સોક્રેટિસ સ્વયં પણ આવા જ આચાર્ય હતા. તેમણે પોતાના અનેક વિદ્યાર્થીઓમાં આ કરી દેખાડ્યું.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના આચાર્યોમાં તપની આ જ તેજસ્વિતા જોઈએ. કારણ કે કેવળ વિદ્યાર્થીઓને પાઠ્યક્રમો રટાવી રટાવી પરીક્ષાઓ પાસ કરાવવાની નથી. કંઈક વિશેષ કરવાનું છે. દેશની ધરતી અને વિશ્વવસુંધરામાં નૈતિક, બૌધ્ધિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્રાંતિની જવાળાઓ પ્રગટાવવાની છે. જેની અંદર આગ છે, એ જ જવાળાઓનો જન્મ આપશે. ઓલવાઈ ગયેલો દીવો બીજાઓમાં ક્યાંથી જવાળા પેદા કરી શકશે? આચાર્યો રૂપે અહીં ઝળહળતા અને પ્રકાશિત દીપકો જોઈએ, જેઓ પોતાની ઉષ્મા તથા ઉજાસથી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓના જીવનમાં વિચારક્રાંતિ માટે પ્રતિબધ્ધતા પેદા કરી શકે.

# વિશ્વવિદ્યાલયના મુખ્ય કેન્દ્ર બિંદુમાં લક્ષ્યપ્રધાન, તણાવથી મુક્ત, વ્યક્તિત્વાન વિદ્યાર્થી જ હશે

વિશ્વવિદ્યાલયનું વિદ્યાર્થી જીવન અનેક અર્થમાં અનોખું, અદ્ભુત છે. આ વ્યક્તિત્વના સંપૂર્ણ, યોગ્ય વિકાસનો સાર્થક પ્રયોગ છે. દેવસંસ્કૃતિના સત્ય અને તત્વોને અહીં પ્રગટ થવાનું છે. વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો એ રીતે વિકાસ કરવામાં આવનાર છે, કે તેમની સંપૂર્ણ મૌલિકતા એમનામાં ઝળહળી ઉઠે. આ કામ સરળ નથી. જૂની શિક્ષણ પધ્ધતિના ચિલેચિલે ચાલતા રહેવાથી એ સંભવ નથી. તેને માટે નવા ઉપાયો શોધવા પડશે. અનેક નવા પ્રયોગો કરવા પડશે. વિદ્યાર્થીઓના જીવનને તમામ ગ્રંથીઓ તમામ આંતરિક બંધનોથી મુક્ત કરવા માટે આધ્યાત્મની આવશ્યક વૈજ્ઞાનિક પ્રક્રિયા અપનાવવામાં આવશે.

આ પ્રયોગ અને પ્રક્રિયા સરળ નથી, પરંતુ તેને અપનાવ્યા વગર બીજો કોઈ રસ્તો પણ નથી. એના વગર વિદ્યાર્થી માનસિક બોજ અને જટિલ બંધનોથી છુટકારો મેળવી નહીં શકે, કે જેને તે ઉંચકીને ચાલી રહ્યો છે, જેમાં તે બંધાયેલો છે. આ કામ સ્નાયુની શલ્ય ચિકિત્સાથી પણ વધારે મુશ્કેલ છે, પરંતુ આ મુશ્કેલ કામ અહીં સરળતાથી કરવામાં આવશે, કારણ કે દેશના યુવાનોને જીવનની સાચી દિશા મળી શકે, તો જ દેશને પણ સાચી દિશા મળી શકે. આજે દેશ આફતો, સમસ્યાઓમાં ડૂબેલો છે, તેનું કારણ એ જ છે, કે દેશનો યુવાન વર્ગ મુશ્કેલીઓમાં, આફતોમાં સપડાયેલો છે.એ હારેલો, થાકેલો અને દિશાવિહીન છે. એની ઉપર ભ્રમણા એ રીતે સવાર થયેલી છે કે તે હતાશામાં આત્મહત્યા સુધ્ધા કરી બેસે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંચાલકોએ યુવાનોની આ મુશ્કેલીઓને સમજી છે અને તેમની માનસિક ગ્રંથીઓને ખોલવા માટે જરૂરી આધ્યાત્મિક ઉપાયો અજમાવાનો સંકલ્પ લીધો છે. આ ક્રમમાં પહેલી વાત એ છે કે અહંકારયુક્ત દોડનું સમાપન. સામાન્ય કાર્યપધ્ધતિ એવી હોય છે કે વિદ્યાર્થીઓને શાળાકીય જીવનમાંથી એક ગળાકાપ હરિફાઈમાં ગુંચવી દેવામાં આવે છે. આ હરિફાઈમાં જે ઉત્તીર્ણ થયો, એ અહંકાર અને ઉન્માદથી છલોછલ થઈ જાય છે. જેની તપાસ થાય છે અથવા જે અનુત્તીર્ણ રહે છે, તે આત્મહીનતા, હતાશા, નિરાશાની ખાઈમાં જઈ પટકાય છે. એકંદરે પોતાના જીવનના વિકાસમાં આ બન્ને નિષ્ફળ જ રહે છે. આ હરિફાઈની દોડાદોડીમાં પોતાના જીવનની મૌલિકતા તો એકદમ વિસરાઈ જાય છે. એક બીજાને પાછળ છોડવાની અને આગળ નિકળી જવાની ધુનમાં પોતાનું સ્વયંનું જીવન ક્યારે ખોવાઈ ગયું છે, એની ખબર પણ રહેતી નથી.શાળાઓમાંથી વિશ્વવિદ્યાલયો સુધીની આંધળી દોડમાં વિદ્યાર્થી પોતાનું સર્વસ્વ ગુમાવે છે,ને ગુમાવે છે.

આવી પરિસ્થિતિને પહોંચી વળવા અહીં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને

બતાવવામાં આવશે કે તમારા વિકાસના રસ્તાઓ તમારી પાસે છે. કોઈની પાછળ ભાગીને, કોઈની સાથે પોતાની સરખામણી કરી તમારે પોતાની જાતને ગુમાવવાની નથી. પરમાત્માએ સૌને પોતાનો અંશ એક સરખો વહેંચ્યો છે. જરૂરિયાત તો એ પવિત્રતા, એ દિવ્યતાને પ્રગટ કરવાની છે. અહીં વિદ્યાર્થીઓને એ શિખડાવવામાં આવશે કે તમારે પોતાના વિકાસ માટે પૂરેપૂરા ખંતથી લાગી જવાનું છે. તમારે ભરપૂર મહેનત કરવાની છે. વાંચવા, લખવા, અભ્યાસ કરવા તમારે મચી પડવાનું છે, પરંતુ કોઈનાથી આગળ નિકળી જવા માટે નહીં, બલ્કે પોતાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા માટે. તમારે પોતાના આત્માના ગૌરીશંકર શિખર પર ચઢવાનું છે. કોઈની આગળ નિકળવું હોય, તો તેને પછાડી, ધક્કો મારીને પણ નિકળી શકાય, પરંતુ પોતાના શરીર, મન, બુધ્ધિ અને ભાવનાના વિકાસની ટોચ પર પહોંચવા માટે હંમેશા અવિરત પ્રયત્નો આદરવાની જરૂરિયાત છે. કોઈની આગળ નિકળી જવાથી પ્રવાસ થંભી જાય, કારણ કે લક્ષ્ય નાનકડો હતો, જે પ્રાપ્ત કરવાનું હતું તે મળી ગયું, પરંતુ પોતાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવા માટે તો હંમેશા પ્રવાસ ચાલૂ રહે છે.

આ કાર્ય પધ્ધતિમાં બીજી પણ એક ખાસ વાત છે. તેમાં બીજાને પછાડવામાં નહીં, બલ્કે ઉઠાવવામાં આનંદ આવે છે, કારણ કે બીજાઓનો ભય હરિફાઈ કરવામાં હોય છે, આત્માના વિકાસમાં નહીં. પરંતુ આ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી જીવનની ''હરિફાઈ નહીં સહકાર''કાર્ય પધ્ધતિ રહેશે. ઉપનિષદ યુગની અનુરૂપ તેઓ હંમેશા પોતાના વિકાસની ટોચ સુધી પહોંચવા તપમાં લાગી રહેશે. તેમને બતાવવામાં આવશે કે તેમનો પોતાનો અંતિમ લક્ષ્ય **अयमात्मा ब्रह्म** ને જાણવામાં છે. સ્વયંનો ઉચ્ચ વિકાસ આજ છે. આ વિકાસને પ્રાપ્ત કરવાનો નિયમ છે-**Be and make** અર્થાત્ ''બનો અને બનાવો''. આ પ્રક્રિયા જીવનના દરેક પક્ષમાં ચાલવી જોઈએ. શરીર તંદુરસ્ત, નિરોગી અને સશક્ત બને, આત્મબળ પ્રચંડ બને, મન સ્વચ્છ બને અને અંતર આત્મા નિર્મળ બને. આ જ તો સાચો વિકાસ છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી જીવનની આ દિશામાં આગળ વધશે.

અહીંના વિદ્યાર્થીઓ માટે વિશ્વવિદ્યાલય માં જ સલાહ સૂચન કેન્દ્ર અથવા કાઉંસિલિંગ સેન્ટર ખોલવામાં આવશે.આ કેન્દ્રમાં મનોવિજ્ઞાનીઓ, વિભિન્ન વિષયોના નિષ્ણાતો અને આધ્યાત્મવિદ્દો હશે. આ કેન્દ્રની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશ શાંતિકુંજના તપસ્વી જીવન, અધ્યયન, શિક્ષણ થી ભિન્ન હશે. જો કે તેનો સંબંધ વિશ્વવિદ્યાલયો ના આચાર્યો સાથે રહેશે. આ સલાહસૂચન કેન્દ્ર વિદ્યાર્થીઓને ભણાવવામાં,શિખડાવવામાં આવતા દરરોજના વિષયોથી દૂર હટી તેમની અંગત સમસ્યાઓ, મુશ્કેલીઓ પર વિચાર કરશે. ભલેને સમસ્યા કોઈપણ પ્રકારની હોય, પરંતુ વિદ્યાર્થીઓની સાથે તેમના વાલીઓ કરતા પણ વધુ પ્રેમ દર્શાવતો વ્યવહાર રાખશે. તમામ વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારનો ખચકાટ અનુભવ્યા વગર, કે કોઈપણ પ્રકારનો સંકોચ અનુભવ્યા વગર તેમની પાસે જઈ પોતાની વાત રજૂ કરી શકશે.

વિદ્યાર્થીઓની સમસ્યા અગર અભ્યાસ સાથે સંકળાયેલ હશે, તો આ સલાહ

સૂચન કેન્દ્રના સભ્યો સંબંધ ધરાવતા વિષયોના આચાર્યોને મળી તેનો ઉકેલ આણશે. અગર જો સમસ્યા અંગત હશે અને તે સદંતર વ્યક્તિગત જીવન સાથે જોડાયેલી હશે, તો સંવેદનશીલ વિચારો અને માનવ મનની જાણકારીના આધારે તેનો ઉકેલ શોધી કાઢવામાં આવશે. આ સલાહ સૂચન કેન્દ્રની જવાબદારીઓ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રસ્તો શોધવાનો હશે. વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી કોઈપણ પ્રકારનો ખચકાટ અનુભવ્યા વગર અહીંના સલાહ સૂચન કેન્દ્રમાંથી પોતાની કેરિયર સંબંધી જરૂરી સલાહ અને યોગ્ય સહકાર પ્રાપ્ત કરી શકશે.

અહીં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી દેવસંસ્કૃતિ વિદ્યાલયનું અંગ અવયવ છે અને અભ્યાસ પૂરો કરી લીધા પછી, દીક્ષાંત સમારંભમાં પોતાની ઉપાધિ મેળવી લીધા બાદ પણ તે હંમેશા માટે વિશ્વવિદ્યાલયનું અંગ-અવયવ બની રહેશે. અહીં અભ્યાસ પૂરો કરી લઈ બહાર નિકળ્યા પછી પણ તેમની સમસ્યાઓને સાંભળવા અને ઉકેલવા માટે વિશ્વવિદ્યાલયનું સલાહ સૂચન કેન્દ્ર તેમને સહકાર આપવા અને સલાહ સૂચન આપવા તૈયાર, તત્પર રહેશે. આ બધાનો ઉદ્દેશ એક જ છે, એ છે ગ્રંથિમુક્ત, હતાશ-નિરાશા વિહીન, નિષ્ઠાવાન, વિચાર શીલ, સહકાર આપવા તત્પર યુવાન પેઢીનું ઘડતર. અહીં એવા વિદ્યાર્થી જીવનને ઘડવામાં, નિખારવામાં અને કંડારવામાં આવશે કે જે સ્વયં લક્ષ્ય પ્રધાન બને અને દેશ, સમાજ તથા વિશ્વની માનવતાને સાચી ઉપયોગી દિશા ચિંધે.

અહીંનુ વિદ્યાર્થી જીવન ક્યારે પણ ભ્રમણાની ભૂલ ભુલામણીમાં ગુંચવાઈ જશે નહીં. તેને અહીં એવી જીવનદાયક આધ્યાત્મિક દવાઓ મળશે કે એને અહંકારનો તાવ ક્યારે પણ સતાવશે નહીં. ગળાકાપ હરિફાઈના બદલે પરસ્પર સહકાર તેમના જીવનની કામ કરવાની શૈલી રહેશે. અહીં તેમની બૌધ્ધિક વિચારસરણી સાથે લાગણીઓ, ઉર્મીઓને પણ જગાડવામાં આવશે, કારણ કે એકવીસમી સદીમાં જન્મેલા અને ઉછરનારા ઉજ્જવળ ભવિષ્યનો આધાર આ જ ભાવ સંવેદના છે. એમને વિશ્વ વિદ્યાલયમાં બતાવવામાં આવેલી કાર્ય પધ્ધતિઓ, શિખડાવવામાં આવેલા પ્રયોગો અભ્યાસ કરવાના સમયની સાથે તેમના ભવિષ્યના જીવન માટે પણ સમર્થ સહાયક ભૂમિકા નિભાવશે. વિદ્યાર્થીઓ માટે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય એક નવા સંસારની રચના છે. જે અપેક્ષા કરતા દિવ્ય છે, પવિત્ર છે, ઉત્કૃષ્ટ છે, દેવત્વથી છલોછલ છે. ઋષિઓની ધરતી પર વસેલા આ જગતમાં પ્રવેશ પ્રાપ્ત કરવા માટે વિશ્વવિદ્યાલયની પ્રવેશ પ્રક્રિયામાંથી પસાર થવું અનિવાર્ય રહેશે.

# પ્રવેશ માટે પાત્રતાના પરીક્ષણની કસોટીઓ

વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓ માટે પ્રવેશની પ્રક્રિયા વચ્ચેથી પસાર થવું અનિવાર્ય છે. અહીં અભ્યાસ માટે ઈચ્છા ધરાવતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને આ કસોટીના આધારે પોતાને સ્વયંને સાચા હોવાનું સાબિત કરવું પડશે. આ પાત્રના પરીક્ષણ માટેની કસોટી છે. તેના દ્વારા વિદ્યાર્થીનો દેવસંસ્કૃતિ પ્રત્યેનો અનુરાગ, પ્રેમ, અધ્યયન માટે પસંદ કરવામાં આવેલ વિષયો પ્રત્યે રુચિ, એ વિષયનું જ્ઞાન, વિદ્યાર્થી યા વિદ્યાર્થીની ભાવિ કલ્પનાઓ વગેરે તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવશે. આ પ્રવેશ પામવાની પદ્ધતિ બહુપક્ષીય અને તદ્દન ભિન્ન હશે. અહીં અધ્યયન કરવા ઈચ્છા ધરાવતા વિદ્યાર્થી યા વિદ્યાર્થીની માટે બૌદ્ધિક પ્રતિભાશાળી યા પોતાના પસંદગીના વિષયોમાં નિપુણ હોવું એ પર્યાપ્ત નથી. ઋષિ સંસ્કૃતિના આ જ્ઞાનના સાધના કેન્દ્રમાં પ્રવેશ લેવા માટે તેમના સમગ્ર વ્યક્તિત્વ એને અનુરૂપ હોવું જરૂરી છે.

પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ પોતાને ત્યાં અધ્યયન માટે આવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને પ્રવેશ આપવા માટે પહેલાં તેમની પરીક્ષા લેતા હતા. આ પદ્ધતિ લેખિત તથા મૌખિક હોવાની સાથે પ્રયોગાત્મક પણ રહેતી. વૈદિક સાહિત્યની આખ્યાયિકાઓ દ્વારા જાણ થાય છે કે ઋભુ અને કલ્પક નામના બે વિદ્યાર્થીઓને મહર્ષિઓએ પ્રવેશ આપતા પહેલાં અનેક પ્રકારની પરીક્ષાઓમાંથી પસાર કર્યા. તેમને અનેક પ્રકારની કસોટીઓ દ્વારા કસવામાં આવ્યા. સત્યકામ જાબાલની મૌખિક પરીક્ષાને પ્રસંગ તો સર્વત્ર વિખ્યાત છે. મહર્ષિ ગૌતમે તેની પરીક્ષાથી સંતોષ પ્રાપ્ત કરી તેને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકારી માન્યો. આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે જેટલી મહત્ત્વની હતી, એટલી જ વિદ્યાર્થીનીઓ માટે હતી. ઘોષા, કાશીવતી, ચિત્રમહા, ગૌપાયના, અદિતિમાં દાક્ષાયણી જેવી અસંખ્ય વિદ્યાર્થીનીઓ પ્રવેશ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવાના અનેક પ્રસંગો મળી આવે છે. ન કેવળ પ્રવેશ પદ્ધતિમાં બલ્કે પોતાના અભ્યાસ કરવાના સમય દરમ્યાન પણ તમામ વિદ્યાર્થીનીઓ તેજસ્વી બુધ્ધિનો પરિચય કરાવતી રહી. એમાંથી કેટલીક તો પોતાના સાથે અભ્યાસરત સહાધ્યાયી વિદ્યાર્થીઓ કરતા પણ ખૂબ જ આગળ રહી.

ઐતિહાસિક યુગમાં પણ પ્રવેશ પધ્ધતિની કસોટીઓ ચાલૂ રહી. સુપ્રસિધ્ધ ઈતિહાસકાર પ્રો.એ. એસ.અલતેકર, ડૉ.ભંડારકર વગેરે એના સંબંધમાં ઘણાબધા પુરાવાઓ એકઠાં કર્યા છે. પુરાતત્વવિદ્ એલેકઝાંડર કનિંઘમ, સરજોન માર્શલ અને માર્ટીમૉર વ્હીલરે પણ અનેક શિલાલેખોના આધારે તે સાબિત કર્યું છે. પ્રાપ્ત થયેલ વર્ણનના આધારે સુનિશ્ચિત રૂપે કહી શકાય કે તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી, ઉદયંતપુર વગેરે તમામ પ્રસિધ્ધ વિશ્વવિદ્યાલયોમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવતી. આ પ્રવેશ કોઈ જાતિવાદના આધારે અને અધિકારથી નહીં, વિષય અને વ્યક્તિત્વની યોગ્યતા સાબિત થવાથી મળતો હતો.

ઐતિહાસિક વર્ણન અનુસાર વિક્રમશીલા વિશ્વવિદ્યાલયમાં છ ફેકલ્ટીઓ હતી. એમાંથી પ્રત્યેક ફેકલ્ટી એક મહા વિદ્યાલય રૂપે વિકાસ પામેલી હતી. આ રીતે વિશ્વવિદ્યાલયના પટાંગણમાં છ ફેકલ્ટીઓ, છ મહા વિદ્યાલયો આવેલ હતા. તેમાં પ્રવેશ લેવા માટે વિશ્વવિદ્યાલયમાં છ દ્વાર હતા. તે પૈકી પ્રત્યેક દ્વાર પર એક પંડિત રહેતો. એ પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવતાની લાયકાતની પરીક્ષા લઈ તેને વિશ્વવિદ્યાલયની કોઈ વિશેષ ફેકલ્ટીમાં પ્રવેશ અંગે મંજૂરી આપતો હતો. છાત્રાલયની વહીવટી વ્યવસ્થાની દેખભાળ કરવાની જવાબદારી આ દ્વાર પરના પંડિતોની રહેતી. મુખ્ય સભાખંડમાં આવા છ પ્રવેશ દ્વાર રહેતા. તેનો એક એક દરવાજો એક એક મહાવિદ્યાલય તરફ ખુલતો હતો.

પ્રો.અલતેકર દ્વાર કરવામાં આવેલ નોંધના વર્ણન અનુસાર રાજા ચનક (ઈસ્વીસન ૯૫૫ થી ૯૬૩)ના સમયમાં છ દ્વાર પંડિતો આ પ્રમાણે હતા.

(૧) પૂર્વના દ્વાર પર -આચાર્ય રત્નાકર શાંતિ
(૨) પશ્ચિમના દ્વાર પર-આચાર્ય વાગીશ્વર કીર્તિ
(૩) ઉત્તરના દ્વાર પર-આચાર્ય નરોપ
(૪) દક્ષિણના દ્વાર પર-આચાર્ય પ્રભારકરમતિ
(૫) પ્રથમ મધ્ય દ્વાર-આચાર્ય રત્નવ્રજ
(૬) દ્વિતીય મધ્ય દ્વાર-આચાર્ય જ્ઞાનશ્રી મિત્ર.

આ તમામ આચાર્યો પોતપોતાની ફેકલ્ટીની પ્રવેશ પધ્ધતિના વડા હતા. તેમને આધિન બીજા ઉપાચાર્ય અને સહાયક આચાર્ય કામ કરતા હતા. જેઓ આ વડા આચાર્યોને સહકાર આપતા. ઐતિહાસિક પુરાવાઓ બતાવે છે કે આ પ્રવેશ પધ્ધતિ લેખિત અને મૌખિક રહેતી હતી. એની અંદર સંપૂર્ણ વ્યક્તિત્વનું આંકલન કરવામાં આવતું.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લેવાનો માપદંડ પણ આપણાં ભારત દેશના આ સાંસ્કૃતિક આદર્શોની અનુરૂપ જ છે. અહીં પર દેશવિદેશમાંથી આવનાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પ્રવેશ મેળવવા વિભિન્ન પધ્ધતિઓ અને વિવિધ પરીક્ષાઓ વચ્ચેથી પસાર થશે. આ પરીક્ષાઓમાં **સૌ પ્રથમ પહેલી પરીક્ષા દેવસંસ્કૃતિ પ્રત્યે અભિરુચિ અને સાંસ્કૃતિક જ્ઞાનના સંદર્ભમાં લેવામાં આવશે.** ભારતની સનાતન સંસ્કૃતિના આદર્શો, મૂલ્યો, પ્રયોગો અને પ્રથાઓ અંગે વિદ્યાર્થીઓનું જ્ઞાન ખૂબ જ જરૂરી છે. આ પ્રથમ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી અન્ય પરીક્ષાની ઉત્તરવાહિનીની તપાસ કરવામાં આવશે. આ બીજી પરીક્ષા અધ્યયનના વિષય સાથે સંબંધ ધરાવતી હશે. તેમાં વિષય પ્રત્યે લાગણીઓ અને તેના જ્ઞાનને પારખવામાં આવશે.

ત્યારબાદ પ્રવેશ લેવા ઈચ્છનાર વિદ્યાર્થીના વ્યક્તિત્વનું પરીક્ષણ થશે. વ્યક્તિત્વના સંપૂર્ણ આંકલન માટે સાર્થક અને અસરકારક મનોવિજ્ઞાનીક પરીક્ષણ ઉપયોગમાં લેવામાં આવશે. આ પરીક્ષણો દ્વારા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓના વ્યક્તિત્વના વિભિન્ન પાસાંઓની તપાસ કરવામાં, પારખવામાં અને ભાળ મેળવવામાં

આવશે. વિદ્યાર્થીના જીવનની યોજના શું છે? તેના જીવનનો આદર્શ અને લક્ષ્ય શું છે? એ ભવિષ્યમાં શું બનવા ઈચ્છા ધરાવે છે? એની કલ્પનાઓ અને માન્યતાઓ શું છે? તમામ સવાલો તપાસી, પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના પ્રવેશને સુનિશ્ચિત કરવામાં આવશે.

વિશ્વવિદ્યાલયના ફેકલ્ટીના અધ્યક્ષ, વિભાગના અધ્યક્ષ અને આચાર્ય જ્યારે પ્રવેશ લેવા ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીથી સારી રીતે સંતુષ્ટ થશે, ત્યારે જ તે અહીં અભ્યાસ કરવા માટેનો અધિકારી બનશે. એ જ રીતે વિદ્યાર્થીને પણ વિશ્વવિદ્યાલયના આદર્શો, ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ અંગે જાણવાનો અધિકાર છે. સારું તો એ છે કે પ્રવેશ લેનાર વિદ્યાર્થી તેની સારી રીતે તપાસ કરી જાણી અને પારખી પ્રવેશ માટે અરજી કરે. આ વિશ્વવિદ્યાલય ખરેખર તો સમગ્ર વિશ્વનું વિદ્યાલય છે. તેના દેવસંસ્કૃતિના આંતરરાષ્ટ્રીય અધ્યયન તથા સંશોધન કેન્દ્ર રૂપે વિકાસ કરવામાં આવી રહ્યો છે. અહીંની તમામ પ્રવૃત્તિઓ, કાર્યક્રમોના તમામ માપદંડો આધુનિક આંતરરાષ્ટ્રીય વાતાવરણને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલ છે. અહીં સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ હળીમળીને વિશ્વમાનવની તમામ સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢશે.

આ મોટા ઉદ્દેશોનો ભાર સુપાત્ર વિદ્યાર્થીઓ જ ઉઠાવી શકશે. છીછરાં મનવાળા, શિક્ષણને કેવળ રૂપિયા કમાવાનું માધ્યમ સમજનારા મનોરંજન માટે યા જાતજાતની ભાતભાતની ડિગ્રીઓ એકઠી કરવા ભણનારા વિદ્યાર્થીઓ માટે અહીં કોઈ જગ્યા જ નથી. આવા લોકો ન તો સુપાત્ર છે અને ન તો સત્પાત્ર છે. એટલા માટે તેમને અહીં પ્રવેશ આપવો સંભવ નથી. અહીં અભ્યાસ કરવા માટે જ્ઞાન સાધના પ્રત્યે પ્રબળ પ્રેમ-અનુરાગ જોઈએ. અહીં પ્રવેશ લેવા માટે સ્વયંના વ્યક્તિત્વનો વિકાસ કરવાની તીવ્ર ઝંખના હોવી જરૂરી છે. જેઓ અહીં પ્રવેશ મેળવવા ઈચ્છે છે, તેમનામાં સંસ્કૃતિની સાધના માટે ભાવનાત્મક સમર્પણ હોવું જોઈએ. આ બધુ જ હોવા પછી અહીં પ્રવેશ મેળવવો સંભવ છે. અહીંની ઋષિમુનિઓની ધરતીમાં શ્રેષ્ઠ કોટિનું બીજ જ વાવવામાં આવશે અને એનું જતન કરવામાં આવશે અને પછી મહાન વ્યક્તિત્વના છોડની કતારો અહીં ફૂટશે અને ફેલાશે. જેમની ત્યારબાદ વિધાતાના લેખ અનુસાર વિશ્વના વિભિન્ન પ્રદેશોમાં રોપણી કરવામાં આવશે. અહીં જે થશે તે અક્ષરોનો નહીં, અનુભવોનો વિષય છે. તેનાથી લાભ મેળવવા માટે પુણ્યશાળી, તપપરાયણ અને મેધાવી વિદ્યાર્થીને જ પ્રવેશ આપવા માટે પસંદ કરવામાં આવશે. તેમને જ અહીં આ વિશ્વવિદ્યાલયના વાતાવરણમાં જ્ઞાનની સાધના કરવાનો સુમેળ, સુઅવસર મળી શકશે.

# નવયુગનું સાંસ્કૃતિક સર્જન દિવ્ય, પવિત્ર વાતાવરણમાં કરવામાં આવશે

પ્રાચીન ઋષિઓની સાધના દ્વારા વિશ્વવિદ્યાલયનું વાતાવરણ મઘમઘી રહ્યું છે. શાંતિકુંજથી માત્ર અડધો કિલોમીટર દૂર હરિદ્વારથી ઋષિકેશ માર્ગ તરફ જતા આ જ્ઞાનની સાધનાનું કેન્દ્ર આવેલું છે. કુદરતે અહીં ખુલ્લા હાથે ખોબે ને ખોબે વેરેલી સુરમ્ય સુંદરતાથી ઓપી રહેલ, લત્તા મંડપોથી શોભી રહેલ, આમ્રકુંજોની ઘટાદાર છાંય વડે મઢેલ અને પુષ્પવાટિકા વડે ચારે તરફથી ઘેરાયેલું કે જેની ઉપર હિમાલયની લીલીછમ શિવાલિક પર્વતમાળા પોતાના રમણીય સુષમાની અવિરત વૃષ્ટિ કરી રહેલ છે. ગંગાના લહેરોને સ્પર્શ કરી પાછી વળતી હવા અહીં પવિત્રતા પાથરી રહેલ છે. હિમાલયની શીતળ છાંયનું ઓઢણું ઓઢી અને ગંગાજીના પવિત્ર વારીના અભિસિંચને અહીં નયનરમ્ય આધ્યાત્મિક વાતાવરણની સૃષ્ટિ ખડી કરી છે. પક્ષી વૃંદોના કલરવથી લચી પડતી, નાચી ઉઠતી તરુવરશાખાઓ અહીં આવનારનું મન મોહી લે છે. તેની અનુભૂતિ અને તેના અદ્‌ભુત પ્રભાવને અહીં આવી જોવાથી અને રહેવાથી જ જાણી શકાય.

જ્ઞાનની સાધના માટે આ વાતાવરણ ઉપયોગી છે. અગર જો વાતાવરણ ઉપયોગી, અનુકૂળ ઉર્જાવાન હોય તો મનુષ્યનો માનસિક વિકાસ પણ ખૂબ જ સ્વાભાવિક રીતે થઈ જાય છે. વાતાવરણને અને મનુષ્યના મનના જોડાણને આધુનિક વિજ્ઞાનીઓ પણ સ્વીકાર કરવા લાગ્યા છે. માનવ મનના મર્મજ્ઞ એડવર્ડ બ્યુરિને ''એન્વાયરન્મેંડલ ઈફેક્ટસ ઑન હ્યુમન માયંડ''માં એના સંબંધમાં ઘણો બધો વિચાર કર્યો છે. તેઓ કહે છે, કે મનુષ્યના મન ઉપર અને મગજ ઉપર વાતાવરણની અસર થયા વગર રહેતી નથી. પ્રો.બ્યુરિનનું કહેવું છે, કે વાતાવરણ શાંત, આરામદાયક હોય તો મન સ્વાભાવિક રૂપે વિકાસ પામે છે. જ્ઞાનના નવા પક્ષો ખૂલ્લે છે. મનુષ્યના અંતઃકરણમાં અનેક પ્રકારની ઉચ્ચ કોટિની જિજ્ઞાસાઓ અને અભિલાષાઓ પ્રગટે છે. વાતાવરણ કલુષિત અને ક્લેશયુક્ત હોવાથી તેની ઉલટી અસર થતી નજરે પડે છે. મન અનાયાસ જ કુંઠિત તથા હતાશા, નિરાશામાં ડુબી જાય છે. તેની સર્જનશીલ સંવેદનાઓ કરમાવા લાગે છે. અધ્યયનની અભિરુચિ ચીમળાવા લાગે છે.

પ્રાચીન કાળના ઋષિઓ, મહર્ષિઓએ વાતાવરણના આ વૈજ્ઞાનિક સત્યને પોતાના વિદ્યાકેન્દ્રની સ્થાપનામાં અપનાવેલ હતું. તેમણે પ્રાકૃતિક સુરમ્યતાની વચ્ચે વિશ્વવિદ્યાલય બનાવ્યા હતા. મહર્ષિઓ સ્વયં પણ નગરોની અપેક્ષાએ પ્રાકૃતિક અને આધ્યાત્મિક વાતાવરણને વધારે પસંદ કરતા હતા. તેમનું એવું માનવું હતું કે મનુષ્યની ભીડથી છલકાતા કોલાહલ યુક્ત અને વિલાસી જીવનમાં શિક્ષણ માટેનાં વાતાવરણની પવિત્રતા જળવાઈ રહેતી નથી. મહાકવિ કાલિદાસે અભિજ્ઞાન શાકુંતલમાં આ સચ્ચાઈને સ્પષ્ટ કરી છે. એમાં ભારત દેશના સુપ્રસિધ્ધ કુલપતિ

મહર્ષિ કણ્વના શિષ્ય શાંર્ગરવ કહે છે,-''વિદ્યાભ્યાસી મુનિજનોને એકાંત જગ્યા જ વધુ પસંદ છે. લોકોની ભીડથી છલકાતી જગ્યાએ એમને એવું પ્રતીત થાય છે, કે જાણે તેઓ આગ વડે ઘેરાયેલ છે.''

દેવસંસ્કૃતિના અભ્યુદય કાળમાં વિદ્યાકેન્દ્રો અને વિશ્વવિદ્યાલયોનું બાંધકામ એવી જગ્યાએ કરવામાં આવતું કે જે નૈસર્ગિક સૌંદર્યથી છલકાતું હોય, જ્યાં પાણી પણ સરળતાથી મળી રહેતું હોય અને જીવનની સુવિધાઓ પ્રાપ્ત કરી શકતી હોય. સાથે સાથે તે શહેરોથી એટલે બધે દૂર પણ ન હોવું જોઈએ, કે જ્યાં સુધી વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય જિજ્ઞાસુ લોકો પહોંચી જ ન શકે. આ દૃષ્ટિએ નદીઓના તટ પર આવેલ પ્રદેશો અને પર્વતોની તળેટીમાં આવેલી જગ્યાને વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવા સૌથી વધુ ઉપયોગી જગ્યા સમજવામાં આવતી. અહીં જ આચાર્યો તથા કુલપતિઓ વસતા હતા. અભ્યાસ કરવા માટે આવનારા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ પોતાની જ્ઞાનની સાધનાથી અને તપપરાયણ જીવન દ્વારા અહીંના વાતાવરણની સુંદરતામાં અભિવૃધ્ધિ કરતા હતા.

કુલપતિ મહર્ષિ કણ્વનું જ્ઞાનની સાધનાનું કેન્દ્ર માલિની નદીના તટ પર આવેલું હતું. ''**एष खलु कण्वस्य कुलपतेरनुमालिनीतीर विश्वद्यालयो दृश्यते।**''આ જગ્યાનું વર્ણન કરતા કવિ કાલિદાસ કહે છે કે ''પોતાના ગુરૂજનોની સાથે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ હંમેશાથી તપપરાયણ બની જ્ઞાનની સાધના કરે છે. અહીં સુંદર વાટિકાઓ આવેલી છે. એની ઉપર આવવા જવા માટે રસ્તો બનાવવામાં આવેલો છે.'' યજ્ઞોની પ્રથા તો હંમેશા જ દેવ- સંસ્કૃતિનો પ્રાણ રહી છે. મહાકવિ કાલિદાસ મહર્ષિ કણ્વના જ્ઞાન કેન્દ્રમાં યજ્ઞના દર્શન કરાવતા કહે છે-''**भिन्नो रागःकिसलयरुचा-माज्यधूमोद्‌गमेन।**'' અર્થાત્ યજ્ઞના ધુમાડાને નિરંતર ઉઠતા રહેવાથી નજીક આવેલ વૃક્ષોની પર્ણવલ્લરીઓની લાલિમા કંઈક અલગ જ થઈ ગઈ છે.

મહર્ષિ વશિષ્ઠે વાતાવરણના મહિમાથી પ્રભાવિત થઈ ઉચ્ચકોટિના જ્ઞાનની સાધના માટે હિમાલયની તળેટીમાં બીજા પણ એક વિશ્વવિદ્યાલય ની સ્થાપના કરી હતી. જો કે તેમના દ્વારા સ્થાપવામાં આવેલ એક વિશ્વવિદ્યાલય પહેલાંથી જ અયોધ્યામાં હતું. રઘુવંશ મહાકાવ્યની આ લીટીઓ તેમના હિમાલયમાં સ્થિત વિશ્વવિદ્યાલયના વાતાવરણની સુંદરતાનું વર્ણન કરી રહી છે:- '**गंङ्गाप्रपातान्तविरूढ़शष्पं गौरीगुरोर्गह्वरमाविवेश।**' અહીં ચારે તરફ પ્રગાઢ નયન રમ્ય જંગલ હતું. આ જંગલમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ અને પશુપક્ષીઓ વિચરણ કરી રહેલ હતા. આ વનમાં ધોધ હતા અને હિમાલયની ગુફાઓ હતી.

મૌર્ય સામ્રાજ્યના મહામંત્રી આચાર્ય ચાણક્યે મૌર્ય સામ્રાજ્યની સ્થાપના સાથે ગૌરવપૂર્ણ જ્ઞાન કેન્દ્રની સ્થાપના કરી. એનું વાતાવરણ ખૂબ જ સુંદર નયનરમ્ય અને મહાન આચાર્યની તપની સાધનાની ઉર્જાથી તરબોળ હતું. પ્રસિધ્ધ નાટ્યકાર વિશાખદત્તે મુદ્રા રાક્ષસમાં આ વિશ્વવિદ્યાલયના વાતાવરણનું ચિત્રાંકન કર્યું છે. આ ચિત્રાંકનમાં કુલપતિ આચાર્ય ચાણક્યના તપ પર અને સાદગી પર પ્રકાશ ફેંકવામાં

આવ્યો છે.'**शरणमपिसमिद्भिः शुष्यमाणाम्भिराभिर्विनिमितपटलान्तं दृश्यते जीर्णकुड्य**' (૩.૧૫) અર્થાત્ વિદ્યાર્થીઓ દ્વારા જંગલમાંથી લાવવામાં આવેલી સમિધાઓને સુકાવા માટે છતપર નાખવામાં આવી. છતની કિનાર કંઈક ઝુકેલી છે. આચાર્યની કુટીરની દીવાલો જૂની છે. વિશાળ મૌર્ય સામ્રાજ્યના સ્થાપક અને શક્તિશાળી મહામંત્રી હોવા છતાં પણ કુલપતિ આચાર્ય ચાણક્યનું તપ અદ્ભુત અને અનોખું હતું. આ તપે જ તેમના વિશ્વવિદ્યાલયના વાતાવરણને આધ્યાત્મિક ઉર્જાથી ભર્યુભાદર્યું બનાવી દીધું હતું.

દેવસંસ્કૃતિના આ ગૌરવની સ્થાપના દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં પણ કરવામાં આવી છે. અહીંનું દૃષ્ટિગોચર થઈ રહેલું વાતાવરણ જેટલું સુંદર, સરમ્ય છે, અદૃશ્ય વાતાવરણ પણ એટલું જ સુંદર, સુરમ્ય, રમણીય છે. પૌરાણિક સાહિત્યમાં આ જગ્યાનું વર્ણન સપ્તઋષિ ક્ષેત્ર રૂપે કરવામાં આવેલ છે. વિશ્વવિદ્યાલય માટેની જમીનમાં સાધનાના અમિટ સંસ્કારો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. તેને સાબિત કરનારા કેટલાક અગત્યના લક્ષણો મકાનનું બાંધકામ આરંભ કરતા સમયે જોવા મળ્યા છે. આ સંસ્કારોને જાગૃત કરવા માટે પુનઃશાંતિકુંજની જેમ તપની પ્રક્રિયા અપનાવવામાં આવી રહેલ છે. આ તપમાં વિશ્વવિદ્યાલયના આચાર્યોની સાથે તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીની -ઓ મળી ભાગીદારી નિભાવવાની છે. ગાયત્રી મહામંત્રના જપ અને નિયમિત યજ્ઞ દ્વારા અહીંની આધ્યાત્મિક ઉર્જા હજારો ઘણી બનશે.

યજ્ઞની ઉષ્મા અને તપના પ્રકાશમાં વિદ્યાર્થીઓ અને આચાર્યો પણ સંયુક્તરૂપે અહીં જ્ઞાનના વૈભવની સાથે આત્મવૈભવ પણ પ્રાપ્ત કરશે. કુદરતે આ ધરતીનું સુરમ્ય વાતાવરણ બનાવ્યું છે અને અહીંના આધ્યાત્મિક વાતાવરણનું સર્જન પ્રાચીન ઋષિઓએ કર્યું છે. વિદેશી પુરાતત્વવિદ્ એ.રિચર્ડ સહિત અનેક દેશના પુરાતત્વવિદ્દોએ શિવાલિક પર્વતમાળાના સર્વે દરમ્યાન એ તપોભૂમિ અને યજ્ઞભૂમિ હોવાના પુરાવાઓ એકત્ર કર્યા છે. આ દિવ્ય પવિત્ર ધરતી પર દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો આવિર્ભાવ એ પ્રાચીનનો નવઉન્મેષ છે. એ દિવ્ય પવિત્ર વાતાવરણમાં નવયુગનું સાંસ્કૃતિક સર્જન છે. આચાર્યો, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ અહીં અનિવાર્ય રૂપે સંચાલન કરવામાં આવી રહેલ જ્ઞાનની સાધનામાં પોતાની ભાગીદારી નિભાવતા વાતાવરણની દિવ્યતા તથા પવિત્રતાના પ્રભાવનો પોતાના મન, આત્મા અને અંતઃકરણ પર અનુભવ કરશે. વાતાવરણના અદૃશ્ય, પરંતુ સશક્ત સહકારથી તેમની પ્રજ્ઞા, મેધા અને આત્મિક ક્ષમતાઓનો આશ્ચર્યજનક રીતે વિકાસ થશે. આ કોઈ કાલ્પનિક વાત નથી, જોયેલું, પારખવામાં આવેલું અનુભવવવામાં આવેલું સત્ય છે. બસ આ અનુભવ માટે આદર્શોની તપ સાધના જોઈએ, જેનું પાલન વિદ્યાર્થીઓ માટે જ નહીં, બલ્કે આચાર્યો માટે પણ અનિવાર્ય હોય છે.

# સંયમ, નીતિ, નિયમો, કાયદાઓ, શિસ્ત પાલનની મર્યાદાઓ

નિયમો, કાયદાઓનું પાલનની સાધના દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પ્રત્યેક આચાર્ય અને વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ માટે અનિવાર્ય કર્તવ્ય છે. તેનો લક્ષ્ય સાચું આત્મસ્વામિત્વ સ્થાપવાનો છે. જીવનની સામાન્ય કાર્યશૈલી ખૂબ જ ઉદ્દંડ, ઉચ્છૃંખલ હોય છે. બિનજરૂરી કુટેવોને કુસંસ્કારોની અનેક પ્રકારની વિવશતાઓ તેને ઘેરીને બેઠી હોય છે. આ મજબૂરીમાં ઈચ્છો કે ન ઈચ્છો તો પણ એવું બની જાય છે, કે જે જીવનનો વિચારવામાં આવેલા લક્ષ્ય અને પસંદ કરવામાં આવેલા રસ્તાથી તદ્દન ઉલટો છે. આવેગ અને આવેશમાં અનેક કામ થઈ જાય છે, બાદમાં વિચાર અને વિવેક જાગ્યા પછી ખૂબ જ શરમનો અનુભવ થાય છે. અંતરાત્મા પશ્ચાતાપથી પીડાય છે અને મનમાં વારંવાર પ્રશ્નો ઉદ્‌ભવે છે, એવું બન્યું જ શા માટે? એવું કરવામાં આવ્યું જ શા માટે? આ પ્રકારના સવાલોનો એક જ સાર્થક ઉકેલ છે. નિયમોના પાલનની સાધના.

નિયમોના પાલનની સાધના કરનારાને પોતાના જીવનમાં ક્યારે પણ પસ્તાવું પડતું નથી. એનું જીવન ક્યારે પણ અંધકારના ખાડામાં જઈ પડતું નથી. તેના જીવનમાં અવરોધ, અટકાવની ક્ષણો આવતી નથી. ઉદ્દંડને જીવનની કેડી પર ચાલતા ચાલતા પ્રારબ્ધ યા પરિસ્થિતના અવરોધો તો અટકાવે છે, પરંતુ નિયમોનું પાલન કરનારા એ તપસ્વીને આ સર્વસ્વ મળીને પણ રોકી શકતા નથી. જેની નિયમો,સંયમ પ્રત્યે નિષ્ઠા દૃઢ છે, તેને પાછા વળવું પડતું નથી. સંયમનું પાલન કરનારાઓના જીવનમાં વળી વળી પાછું જોવાની, પગલાં પાછા માંડવા જેવી સ્થિતિઓ આવી શકતી નથી. સંયમના પાલનની સાધનાથી ઉત્પન્ન થયેલ ઉર્જા તેને નિરંતર ગતિશીલ બનાવી રાખે છે. રસ્તામાં આવનારા પહાડ જેવા અવરોધો તેના પ્રભાવથી આપોઆપ દૂર થઈ નાશ પામે છે.

આ ખૂબ જ પ્રચલિત, ખૂબ જ પ્રચારિત સાધનાના વાસ્તવિક સ્વરૂપથી અસંખ્ય લોકો અજાણ છે. જેમને તેનાથી પરિચિત હોવા પર વિશ્વાસ છે, તેઓ પણ લગભગ ભ્રમણામાં રાચે છે. આવા લોકો નિયમોને પરાધીનતા, પરવશતા યા જબરદસ્તીથી લાદવામાં આવેલ મજબૂરી માને છે, પરંતુ આ માન્યતાઓ વાસ્તવમાં ભ્રમિત મનની દેન છે. ખરું જોતા તો આવા સંયમને આજ્ઞાનો પર્યાય માનવાથી થાય છે, જ્યારે એવું છે જ નહીં. આજ્ઞા કેવળ નિયંત્રણ યા નિયમન છે. તેનાથી તદ્દન ભિન્ન નિયમોનું પાલન, આત્મનિયંત્રણ દ્વારા આત્મસ્વામિત્વનો વિકાસ છે. પ્રાચીનગૃહ્ય સૂત્રો, ધર્મસૂત્રો અને સ્મૃતિઓમાં એ અંગે ઘણું બધુ કહેવામાં આવ્યું છે. દેવસંસ્કૃતિ પરંપરા અને મર્યાદા અનુસાર કુલાધિપતિ અને ઉપકુલપતિ આચાર્યોને વ્રતપાલનના તથા શિસ્ત પાલનના નિયમો આપતા રહ્યા અને આચાર્યો આ નિયમો

પોતાના અંતેવાસી વિદ્યાર્થીનીઓને આપ્યા.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં આ સાંસ્કૃતિક નિષ્ઠાનું પાલન કરવામાં આવશે. કુલાધિપતિ અને ઉપકુલપતિ અહીં અધ્યાપન, સંશોધન અંગે માર્ગદર્શન અને શિક્ષણ આપતા આચાર્યોને સંયમના સમ્યક નિયમો આપશે તથા આચાર્યો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સમક્ષ એનો જીવંત આદર્શ રજૂ કરતા તેમને તેના સત્યનો બોધ કરાવશે. આ સંસ્થા સાથે જોડાઈ રહેલ, અભ્યાસ તથા શિક્ષણ આપનાર પ્રત્યેક વિદ્યાર્થી અને આચાર્ય શિસ્તના, સંયમના સત્યને શીખવું, સમજવું અને અપનાવવું પડશે. પરંતુ આ યોગ્ય રીતે ત્યારે સંભવ છે, કે જ્યારે એ સમજી લેવામાં આવ કે નિયમોનું પાલન કોઈ સંચાલનની દંડ માટેની વ્યવસ્થા નથી, બલ્કે આત્માના વિકાસ માટે મનોવૈજ્ઞાનિક આદર્શ છે. એને માનવાથી, અપનાવવાથી કે પાલન કરવાથી જ્યાં એક બાજુ સમગ્ર જીવનનો વાસ્તવિક વિકાસ થશે, તો બીજી બાજૂ તેની અવહેલના કરવાથી જીવનના પથ પરથી ફંગોળાઈ જવું, વિચલિત બની જવું, ભટકી જવું સુનિશ્ચિત છે.

મહાસાગરના વિરાટ સ્વરૂપને પોતાનો લક્ષ્ય માનનાર ગંગા યમુના જેવી શક્તિશાળી નદીઓ પણ કિનારાઓને સંયમ, મર્યાદા માની આગળ વધે છે. અગર એ કિનારાઓની આ મર્યાદાઓ, નિયમો ન માન્યા હોત, તો તેમનું જીવન રૂપી પાણી ક્યારનુંએ રસ્તામાં વેરવિખેર થઈ નાશ પામી ગયું હોત. જ્યારે પણ કોઈ પ્રાકૃતિક દબાણને વશ થઈ આ મર્યાદાઓ થોડા સમય માટે તૂટી જાય છે, ત્યારે પૂર જેવું વિનાશકારી તોફાન ખડું થાય છે. આ થોડા સમયની મર્યાદાઓનું ઉલ્લંઘન પણ વિનાશની સમસ્યાઓનો જ જન્મ આપે છે, જ્યારે સંયમના પાલનથી તેમના રસ્તામાં આવતા અસંખ્ય પશુપક્ષીઓ, જીવજંતુઓ, મનુષ્યો, ધરતી, જંગલો પોતાની તૃષા તૃપ્ત કરે છે અને તેની સાથે જ ખેતરોમાં અનેક પ્રકારનો પાક લહેરાઈ ઉઠે છે.

સંયમના તપનો અર્થ છે જીવનની શારીરિક, માનસિક અને આત્મિક, તમામ પ્રકારની શક્તિઓનું ક્ષરણ અટકાવી, તેનો જીવનના સાર્થક ઉદ્દેશ માટે સંકલ્પપૂર્વક ઉપયોગ. એમાં દેવસંસ્કૃતિના દૈવી અને દિવ્ય સ્વરૂપનો પરિચય પણ સમાયેલો છે. વિશ્વવિદ્યાલયના સંયમના નિયમોની રચનાનો સાર અહીં રજૂ કરવામાં આવી રહેલ છે.

આ નિયમોમાં સૌ પ્રથમ સ્થાન છે ચિંતનના નિયમનું. એ આ પ્રમાણે છેઃ- (૧) પોતાના ચિંતનને પવિત્ર અને નિષ્કપટી બનાવી રાખીશું (૨) પોતાના ચિંતનને તમામ પ્રકારના મનોવિકાર રહિત બનાવવા પ્રયત્નશીલ રહીશું. ચારિત્રના નિયમોનું મહત્ત્વ વધુ છે. તેની અનુસાર (૧) કર્તવ્ય પાલન અને આત્મસંયમ જીવનનું એક અભિન્ન અંગ છે. (૨) અહીંના તમામ લોકો સાધના તથા સંયમના ચારિત્રિક આદર્શોનું પાલન કરશે. (૩) આચાર્ય અને વિદ્યાર્થી તમામ સામાજિક મર્યાદાઓ અને ત્યાગનું પાલન કરશે.

વ્યવહારના નિયમોમાં પ્રથમ વાત એ છે કે કોઈપણ સંસ્કૃતિનો પ્રથમ પરિચય

તેના પહેરવેશ દ્વારા થાય છે. એટલા માટે આચાર્ય/આચાર્યા/વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ભારતીય પહેરવેશ ધોતિયું અને ઝભ્ભો અથવા ઝભ્ભો પાયજામો/સાડી-બ્લાઉઝ અથવા સલવાર (પાયજામો). ઝભ્ભો, દુપટ્ટો ધારણ કરશે. (૨) વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કોઈપણ પ્રકારના કેફી પદાર્થ (દારૂ, બીડી, સિગારેટ, પાન, તમાકુ, ગુટકા વગેરે)નું સેવન કરવાની મનાઈ છે. પ્રતિબંધ છે. (૩) વ્યવહારમાં શિષ્ટતા અને પરસ્પર પ્રસન્નતાના ભાવનું સૌએ ધ્યાન રાખવું પડશે. (૪) વિશ્વવિદ્યાલયની પ્રાર્થના, સભા અને યજ્ઞ વગેરે કાર્યક્રમોમાં સૌએ અનિવાર્ય રૂપે નિયમિત ભાગ લેવો પડશે. (૫) આચાર્યો પોતાના શિક્ષણ સંબંધી જવાબદારીઓ અને વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ સંબંધી જવાબદારીઓનું અનિવાર્ય રૂપે પાલન કરવું પડશે. (૬) વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીની ખાસ કરીને પુસ્તકાલય સહિત દરેક વર્ગમાં ૭૫% હાજરી અનિવાર્ય રહેશે. તેના સિવાય લોકસેવકો માટે બનાવવામાં આવેલ અને આચાર્ય દ્વારા નક્કી કરવામાં આવેલ આચાર સંહિતા તેમના પર લાગૂ કરવામાં આવશે. વરિષ્ઠતાની કસોટી નમ્રતા હશે.

આચાર્યોને આ મર્યાદા, સંયમ પાલનના નિયમોનું ભાન અને તેમની શિસ્ત પ્રિયતા અથવા સંયમ પાલન પ્રત્યેની નિષ્ઠાનું પારખું કુલાધિપતિ યા કુલપતિ સ્વયં અથવા તેમના પ્રતિનિધિ રૂપે ઉપકુલપતિ અને ફેકલ્ટી અધ્યક્ષ (ડીન) કરશે. તેમના દ્વારા આપવામાં આવેલ આદેશો, સૂચનોનું પાલન કરવું અને તેમના માર્ગદર્શનનો સ્વીકાર કરવો તમામ આચાર્યો માટે અનિવાર્ય રહેશે. તેમાં સમય, સમય પર ફેરફાર અને વિકાસ થતો રહેશે, પરંતુ એની આ મૂળ ભાવના યથાવત બની રહેશે.

પ્રત્યેકની સંયમ પાલન, શિસ્તપાલન પ્રત્યેની નિષ્ઠા દ્વારા સાધનાત્મક સાહસનું પારખું થશે. સાચું જોવા જઈએ તો આ મનુષ્યના અંતઃકરણમાં જન્મ લેનાર આંદોલિત થનાર રોમાંચક અભિયાન છે. એટલા માટે મહર્ષિ અરવિંદે આ સંયમ, શિસ્ત પ્રત્યેની નિષ્ઠાને **Real Adventure in Human Consciousness** (માનવ ચેતનામાં રહી કરવામાં આવનારું સાચું સાહસ) કહી છે. પોતાના વિકસિત સ્વરૂપમાં આ અભિયાન અનૈતિક કુટેવો અને કુસંસ્કારોની વિરુધ્ધ હોય છે. સંકલ્પબળથી સંપન્ન સંયમના નિયમોની મર્યાદાઓનો સ્વીકાર કરનારા આચાર્ય અને વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ અહીં શિક્ષણ પધ્ધતિની મૌલિકતાનું સર્જન કરશે.

# શિક્ષણ પધ્ધતિની મૌલિકતા-અજ્ઞાનતાનું નિવારણ

વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓના સંપૂર્ણ અને સાર્થક વિકાસ માટે શિક્ષણ પધ્ધતિની મૌલિકતાની વ્યવસ્થા છે. એ અંગે પ્રચલિત કાર્યશૈલી અધૂરી અને એકાંકી હોવાથી સૌ તેનાથી પરિચિત છે અને પરેશાન પણ છે. શિક્ષણશાસ્ત્રી ઈવાન ઈલિસે તેની સાર્થકતાથી હેરાન પરેશાન થઈ ''ડિસ્કૂલિંગ સોસાયટી''સુધ્ધાની કલ્પના કરી નાખી. પોતાના ચિંતનમાં એમણે કેટલાક મૌલિક સવાલો ઉઠાવ્યા. શું શિક્ષણને યાદ શક્તિના વિકાસ સુધી જ મર્યાદિત રહેવું યોગ્ય છે? એવા શિક્ષણથી શું ફાયદો કે જેનાથી વિદ્યાર્થીના નૈતિક તથા સામાજિક મૂલ્યો વિકાસ પામી જ શકતા ન હોય? સંકલ્પબળ વિહીન, ઉચ્ચ આદર્શોથી વિમુખ લોકોનું સર્જન કરનાર શિક્ષણની સાર્થકતા શું છે? ઈવાનઈલિચના આવા તો બીજા અનેક સવાલો છે. આ તમામ સવાલોનો નક્કર જવાબ શૈક્ષણિક પધ્ધતિના મૌલિક સર્જનમાં છે.

વિભિન્ન વિશ્વવિદ્યાલયોમાં જે ભણવવામાં આવી રહેલ છે, તે વધારે પ્રમાણમાં ખરાબ કે ખોટું નથી, પરંતુ જે રીતે ભણાવવામાં આવી રહ્યું છે, તે તદ્દન અર્થવિહોણું છે. પાઠ્યક્રમો જ્યાં જે કોઈપણ બનાવવામાં આવ્યા છે, તેમાં અનેક પ્રકારની ખામીઓ હોવા છતાં વિષય અંગેની જાણકારીઓ પર્યાપ્ત છે. શાળા અને કૉલેજો સ્તરે ધોરણ પ્રમાણે જાણકારીઓ ગોખાવામાં આવે છે. આ વિષયના સંબંધમાં સવાલો પૂછવામાં આવે છે અને વિદ્યાર્થીઓ પોતાના વર્ગની વૈતરણી પાર કરી નાખે છે, પરંતુ સંપૂર્ણ અભ્યાસકાળ દરમ્યાન જે સવાલ સૌથી મુખ્ય છે, તે જેમને તેમ છૂટી જાયછે. કોઈને પણ એ જાણ થઈ શકતી નથી કે આખરે આ પાઠ્યક્રમની વિષય વસ્તુનું આપણાં અંગત જીવન સાથે શું જોડાણ છે? અગર જો તેનો અભ્યાસ જ કરવામાં ન આવે તો શું નુકશાન થાય?

મનોવૈજ્ઞાનિક આર.ડી.લેંગે પોતાના સંશોધન પેપર.....''ટીચિંગઃ ઈટ્સ મેરિટસ એન્ડ ડિમેરિટસ''માં એના સંબંધમાં ઘણુંબધુ કહ્યું છે. એમનું કહેવું છે કે શિક્ષણના આજના સ્વરૂપને જોઈ સમગ્ર પધ્ધતિ અર્થહીન અને ગુણહીન બની ગઈ છે, તેનાથી નિરાકરણના બદલે સવાલો જન્મ લે છે. પ્રો.લેંગના કહેવા અનુસાર પ્રત્યેક શિક્ષકને, ભલેને તે કોઈપણ વિષયનો હોય, પરંતુ તેને એક કુશળ મનોચિકિત્સકની ભૂમિકા નિભાવવી જોઈએ. જેથી તેનો વિદ્યાર્થી પોતાના વ્યક્તિત્વની સમસ્યાઓનું નિરાકરણ શોધી શકે. અમેરિકન મનોવિજ્ઞાની રાબર્ટ ડી.પૈટરસન પણ આર.ડી.લેંગ ના કથન સાથે સંમત છે. તેઓ પણ શિક્ષણ પધ્ધતિના યુગાનુકૂળ મૌલિક સર્જનને આજના સમયની એક અનિવાર્ય જવાબદારી માને છે.

આ જવાબદારીઓ નિભાવવવા માટે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પ્રતિબધ્ધ છે. અહીં અપનાવામાં આવનાર શિક્ષણ પધ્ધતિ હંમેશા મૌલિક અને આજ સુધી ચાલી આવતી પ્રથાથી દૂર હટીને રહેશે. તેના મૌલિક મુદ્દાઓમાં સૌ પ્રથમ મુદ્દો છે-

શિક્ષકો અને વિદ્યાર્થીઓનું પ્રમાણ. અહીં આ પ્રમાણ એટલું રહેશે કે જેનાથી શિક્ષક પોતાના વિદ્યાર્થીની વ્યક્તિગત દેખરેખ રાખી શકે. દેવસંસ્કૃતિના મહાન પ્રણેતાઓ પૈકીના એક મહર્ષિ વશિષ્ઠજીનું કથન છે કે અધ્યયનનો આરંભિક મુદ્દો ત્યારે હોય છે, કે જ્યારે આચાર્યનો આત્મા પોતાના વિદ્યાર્થીના આત્માને સ્પર્શે છે. આચાર્યના આત્માનું અવરોહણ અને વિદ્યાર્થીના આત્માનું આરોહણ એ આ બન્નેના સંયુક્ત શિક્ષણની શરૂઆત છે. આ સંયુક્ત સ્વરૂપને કઠોપનિષદના શાંતિપાઠમાં વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે.-''હે ભગવાન! આપ અમો બન્ને આચાર્ય અને શિષ્યની સાથે સાથે રક્ષા કરો. સાથે સાથે અમારું પાલન પોષણ કરો. અમો બન્ને સાથે સાથે શક્તિ પ્રાપ્ત કરીએ. અમારા બન્નેની પ્રાપ્ત કરેલી વિદ્યા તેજોમય બને અને અમો બન્ને પરસ્પર દ્વેષ ન કરીએ.''

આચાર્ય તથા શિષ્યના અંતરાત્માના મેળાપ બાદ બીજો મૌલિક મુદ્દો અધ્યયનની વિષય સામગ્રીના શિક્ષણ અંગે છે. એના સંબંધમાં સામાન્ય પ્રથા ગોખાવવાની, લખાવવાની યા થોડું ઘણું સમજાવવાની છે, પરંતુ તે અધુરી છે. આ ક્રમમાં આવશ્યક જરૂરિયાત છે;વિદ્યાર્થીને વિષય સામગ્રીનું તેના જીવન સાથેના જોડાણનું ભાન કરાવવામાં આવે, કે જેનું તે અધ્યયન કરી રહ્યો છે. તેને એ સમજાવવામાં આવે કે જ્ઞાનના એ પક્ષનું તેના અંગત જીવનમાં અને મનુષ્ય જીવનમાં શું મહત્ત્વ છે. વિદ્યાર્થીઓને અહીં એ બતાવવું જરૂરી છે, કે વિષયમાં વર્ણન કરવામાં આવેલ વિભિન્ન પાઠ્યક્રમો જીવનમાં ક્યાં, શું અને કઈ રીતે મહત્ત્વ ધરાવે છે. આ વિશ્વવિદ્યાલયમાં ગોખાવાની અને લખાવી દેવાની પ્રવૃત્તિ બિલકુલ પણ નહીં ચાલે. આચાર્ય દ્વારા સમજાવવામાં આવેલ રીત અનુસાર વિદ્યાર્થી સ્વયં પુસ્તકાલયમાં જઈ ગ્રંથોનું અવલોકન કરી પોતાના માટે નોંધ તૈયાર કરશે. તેનાથી તેની મૌલિક સમજ શક્તિનો વિકાસ થશે.

વિષયના વિભિન્ન બિંદુઓના સૈધ્ધાંતિક જ્ઞાનની સાથે તેના વ્યવહારિક જ્ઞાનના શિક્ષણ માટે વિભિન્ન ઉપયોગી યોજનાઓ તૈયાર કરવામાં આવશે. તેને પ્રત્યેક વિષયના આચાર્યો પોતાના વિષય અનુરૂપ તૈયાર કરશે. તેનાથી વિદ્યાર્થીઓમાં વિષય અંગેના ઉંડા તથા વ્યવહારિક જ્ઞાનનો અને તેની સર્જનાત્મક શક્તિનો વિકાસ થશે. કંઈક નવું કરી છુટવાની, નવું વિચારવાની,સૂઝબૂઝ પેદા થશે. એના સંબંધમાં ત્રીજો મુદ્દો અભ્યાસ ક્રમના વિષય સાથે તેનો આંતરિક સંબંધ. એની શરૂઆત કરવા માટે તમામ અભ્યાસ ક્રમની યોજનાઓ અને પ્રાયોગિક યોજનાઓને એવી રીતે તૈયાર કરવામાં આવશે કે **એ સૌમાં નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યો સમાયેલા હોય. વિદ્યાર્થી કોઈપણ વિષય અથવા કોઈપણ વર્ગમાં અભ્યાસ કરે, પરંતુ તે જીવન જીવવાની કળા અનિવાર્ય રૂપે શીખે.** તેનામાં નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક જવાબદારીઓ નિભાવવાની મૌલિક શક્તિનો વિકાસ થઈ શકે.

વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓમાં પરસ્પર સહકાર અને આનંદિત

સ્વભાવનો વિકાસ કરવા માટે ઉપયોગી રમત ગમતનું પણ શિક્ષણ આપવામાં આવશે. રમતગમતની ઉપયોગિતા શારીરિક તંદુરસ્તીની સાથે માનસિક સંતુલન અને એકાગ્રતા માટે પણ છે. તેનું શિક્ષણ વિશ્વવિદ્યાલયની શિક્ષણ પધ્ધતિ મૌલિકતાના અનિવાર્ય, અવિભાજ્ય અને મહત્ત્વનો મુદ્દો હશે. એ જ ક્રમમાં એ જ રમતોની પસંદગી કરવામાં આવશે, જે વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓમાં શારીરિક બળ અને સ્ફૂર્તિની સાથે માનસિક વિકાસ માટે પણ સહાયરૂપ હોય.

સંપૂર્ણ અને સાર્થક વિકાસ માટે વિકાસ કરવામાં આવેલ શિક્ષણ પધ્ધતિમાં શરીરબળ તથા બુધ્ધિબળની સાથે નૈતિક, આધ્યાત્મિક અને સંકલ્પબળનો વિકાસ કરવાની યોજના પણ સામેલ કરવામાં આવશે. આ શિક્ષણ પધ્ધતિ સૌથી વધુ અગત્યની, મહત્ત્વની અને સુધારરૂપ છે. તેને 'વ્રતાભ્યાસ' નામ આપવામાં આવ્યું છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીએ પોતાની કક્ષા અને ઉંમર અનુરૂપ પ્રત્યેક વર્ષે કેટલી પ્રતિજ્ઞાઓનું પાલન કરશે. વર્ષભરમાં તેમનો અભ્યાસ પૂરો થઈ ગયા પછી અગામી વર્ષે તે કેટલાક નવા વ્રતોનું પાલન કરવાની દીક્ષા લેશે.

આ વ્રતને કોઈ ખાસ દિવસે કરવામાં આવતા ઉપવાસની મર્યાદા સુધી જ સાંકળવવામાં ન આવવું જોઈએ. આ વ્રત જીવનના આધ્યાત્મિક સંયમ રૂપે હશે. તેમાં ઉપવાસ, ગાયત્રી જપ, યોગાભ્યાસ વગેરે કોઈપણ નિયમો હોયી શકે. એ સૌનો ઉદ્દેશ જીવનમાં સંકલ્પ બળનો વિકાસ અને આધ્યાત્મિક શક્તિઓનો નિખાર છે. આ એ ગુણ છે, જે એ દર્શાવશે કે વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીના જીવનમાં બુધ્ધિ બળની સાથે આત્મબળની પણ અનિવાર્યતા છે.

શિક્ષણ પધ્ધતિની મૌલિકતાની મૂળ ભાવના આ જ છે. જે કાળક્રમે અને સમયઅનુસાર પોતાના વિકાસના નવા માર્ગો ખૂલ્લા કરશે. આ પધ્ધતિમાં ભાગ લેનાર આચાર્ય હોય કે વિદ્યાર્થી બન્નેનો જીવનક્રમ અનોખો હશે. મહર્ષિ યાજ્ઞવલ્ક્યના કથન અનુસાર અહીંના આચાર્યો, વિદ્યાર્થીઓની અજ્ઞાનતાનું આવરણ દૂર કરી જ્ઞાનના પ્રકાશથી તેને પ્રકાશિત કરશે.

**यथा घटप्रतिच्छन्ना रत्नराश्यः महाप्रभाः।**
**अकिंचिश्चतकरतां प्राप्तास्तद्वद्विद्या तु सर्वशः॥**
**યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ૧.૨.૧૨**

અજ્ઞાનરૂપી અંધકારના આવરણથી જ જ્ઞાન રૂપી દીપક ઢંકાયેલો રહે છે. આચાર્ય આ આવરણને હટાવી વિદ્યાર્થીને તમામ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરાવે છે.

જ્ઞાનવાન આચાર્ય એ જ્ઞાનનો અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી બન્ને મળી શિક્ષણની આ મૌલિક પ્રક્રિયાને પ્રાણ સંપન્ન બનાવવા માટે અહીં રાખવામાં આવનાર સેમિનાર, સંમેલનોમાં ભાગ લેશે. પ્રત્યેક ફેકલ્ટી અને વિભાગ દ્વારા અવારનવાર આ પ્રકારના સેમિનારોનું આયોજન રાખવામાં આવતું રહેશે.

# જ્ઞાનની સિધ્ધિઓનું સંમેલનો, સેમિનારો દ્વારા પરસ્પર વિતરણ

સેમિનાર યા સંમેલન વિશ્વવિદ્યાલયની જ્ઞાનની સાધનાનો મહિમામય પક્ષ છે. એ દેવસંસ્કૃતિ ના પ્રણેતા ઋષિઓનો અમૂલ્ય વારસો છે, જેને અહીં યુગની અનુકૂળ પધ્ધતિ પ્રમાણે અપનાવવામાં આવેલ છે.આ પધ્ધતિથી જ્ઞાનમાં સામૂહિક્તા ઉત્પન્ન થાય છે અને તેનાં એકાંકીપણાંનો લોપ થાય છે. પ્રાચીન મહર્ષિઓએ જ્ઞાનની પ્રાપ્તિ સાથે, તેની અંગત ચર્ચા વિચારણાને જરૂરી બતાવી છે. મનુષ્યની યોગ્યતાઓ અને સિધ્ધિઓ કેટલી પણ કેમ ન હોય, છતાં પણ તેમાં ક્યાંયને ક્યાંય કેટલીક ત્રુટિઓ અથવા અધૂરાપણું રહી જાય છે. આ અપૂર્ણતાને પૂર્ણતા પરસ્પર ચર્ચા વિચાર દ્વારા જ મળે છે. સેમિનાર, ચર્ચાસભાઓ જ જ્ઞાનની સાચી ભાગીદારી છે.

સંમેલન યા સેમિનાર શબ્દ કદાચ નવો હોયી શકે, પરંતુ તેની માન્યતા અત્યંત પ્રાચીન છે. એ ભારત દેશનો સૌથી પ્રાચીન સાંસ્કૃતિક વારસો છે. વૈદિક સાહિત્યમાં પણ આ પ્રકારની અનેક ઋચાઓ અને આખ્યાયિકાઓ મળી આવે છે, જે આ સત્યને સાબિત કરે છે. ઋષિઓ દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયોમાં આ સાંસ્કૃતિક પ્રચલનો જ્ઞાનની સાધના માટે અનિવાર્ય તો હતા જ, સાથે સાથે તેનું સામાજિક મહત્ત્વ પણ હતું. સમસ્યાઓ જ્ઞાનની પ્રાપ્તિના ક્ષેત્રની હોય યા તો પછી સમાજની સમસ્યાઓના ઉકેલનો સવાલ હોય, તેનો ઉકેલ સેમિનારો, ચર્ચા સભાઓમાં શોધવાનું પ્રચલન રહ્યું છે. વૈદિક કાળની સભાઓ, સમિતિઓ, જ્ઞાનીજનો આ સત્યને તથ્ય રૂપે સ્પષ્ટ કરતા હતા. આ સૌનો ઉદ્દેશ એક જ હતો કે તમામ મનનશીલ મુનિઓ અને વિચારશીલ ઋષિઓ મળી ઉપલબ્ધ થયેલ જ્ઞાનની ત્રુટિઓનું નિરાકરણ કરે અને તેને જીવન ઉપયોગી સાર્થકતા પ્રદાન કરે.

પ્રાચીન ઋષિઓના વિશ્વવિદ્યાલયોમાં યોજવામાં આવતી જ્ઞાનસભાનો અનેક જગ્યાએ ઉલ્લેખ મળી આવે છે. એ દિવસોમાં કુલપતિ મહર્ષિ તેનું આયોજન ગોઠવતા. સંસ્કૃત ગ્રંથોમાં બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર દ્વારા પોતાના વિશ્વવિદ્યાલયમાં જ્ઞાન સભાનું ભવ્ય આયોજન રાખ્યું હોવાનો ઉલ્લેખ મળી આવે છે. આ આયોજન કૌશિકી નદીના તટ પર યોજવામાં આવ્યું હતું. તેના આયોજનકર્તા કુલપતિ બ્રહ્મર્ષિ વિશ્વામિત્રના વ્યક્તિત્વનો ઉલ્લેખ કરતા ગ્રંથાકારનું કથન છે, કે એઓ જાણે ચતુર્થ અગ્નિ, પંચમ વેદ, ગતિશીલ ધર્મ અને તમામ પ્રકારના જ્ઞાનનો નિચોડ છે. એમની સાથે વાર્તાલાપ કરવાથી તમોગુણનો નાશ થઈ, અંતઃકરણને શાંતિ પ્રાપ્ત થાય છે. પ્રસન્નચિત્ત બની તેઓ જે કંઈ પણ કહે છે, એ સત્ય બની જાય છે. એવા પરમ તેજસ્વી બ્રહ્મર્ષિએ પોતાના વિશ્વવિદ્યાલયમાં જ્ઞાન સભાનું આયોજન ગોઠવ્યું છે, આ સાંભળી સમગ્ર ધરતીના મહર્ષિગણો વ્યર્થ જ દોડી આવ્યા. દેવલોકમાંથી દેવતાઓ પણ આવ્યા.

આ પ્રસંગે તમામ બ્રહ્મર્ષિએ તમામ ઋષિઓ સમક્ષ સેમિનારનો અર્થ, ઉદ્દેશ

અને સ્વરૂપને સ્પષ્ટ કર્યું. તેમણે કહ્યું કે આ સેમિનારનો અર્થ છે વિદ્યા અને જ્ઞાનની પરસ્પર આપ લે. તેના ઉદ્દેશો પણ અનેક છે-(૧) જ્ઞાનને સંપૂર્ણ, સાર્થક ત્રુટિહીન બનાવવું, (૨) એક ઋષિને બીજા ઋષિ દ્વારા કરવામાં આવેલ શોધખોળનો લાભ મળે. (૩) જ્ઞાનના વિભિન્ન ક્ષેત્રોમાં ભાવી શોધખોળની આવશ્યકતાને સમજવી અને દિશા નક્કી કરવી. (૪) જ્ઞાનની સાચી અને ઉપયોગી વિતરણ પ્રણાલીને સુનિશ્ચિત કરવી. એમાં બ્રહ્મર્ષિ વિશ્વામિત્રે જ્ઞાન સેમિનારના સ્વરૂપને નિશ્ચિત કરનારા કેટલાક મુદ્દાઓનો પણ ઉલ્લેખ કર્યો છે:- (૧) આ જ્ઞાનના સેમિનારનું ઉચ્ચ સ્વરૂપ વિશ્વવિદ્યાલયમાં થનારા શોધ સેમિનારો છે. એમાં તત્વદૃષ્ટા ઋષિ અને સંશોધન કરી રહેલ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ ભાગ લેશે. (૨) પ્રજાજનો માટે પણ જ્ઞાન સંમેલનો યજ્ઞો, મેળાઓ વગેરે તીર્થસ્થળો પર યોજવા જોઈએ. (૩) તેને માટે કોઈ પવિત્ર તિથિઓ નક્કી કરવામાં આવે, જેથી તમામ નાગરિકો સરળતાથી તેમાં ભાગ લઈ શકે અને વિશ્વવિદ્યાલયમાં થનારી શોધખોળનો લાભ લઈ શકે.

બ્રહ્મર્ષિ વિશ્વામિત્રની આ યોજનાને તમામ ઋષિઓએ અપનાવી. તીર્થરાજ પ્રયાગમાં આવેલા વિશ્વવિદ્યાલયના કુલપતિ ભારદ્વાજે તેને માટે મહા મહિનો ઉપયોગી માન્યો. તેમણે સમગ્ર મહિનાને જ્ઞાન સંમેલનના વિભિન્ન સત્રો માટે નક્કી કર્યો. ગોસ્વામી તુલસીદાસ મહારાજે એનું સુંદર કાવ્યાત્મક વર્ણન કર્યું છે.

**माघ मकरगत रबि जब होई। तीरथपतिहिं आव सब कोई॥**

ગૌસ્વામી આગળ કહે છે:-

**भरद्वाज आश्रम अति पावन। परम रम्य मुनिबर मन भावन**
**तहाँ होइ मुनि रिषिय समाजा। जाहिं जे मज्जन तीरथ राजा।**
**मज्जहिं प्रात समेत उछाहा। कहहिं परस्पर हरि गुन गाहा॥**

તુલસીદાસજી આગળ કહે છે:-

**एहि प्रकार भरि माघ नहाहीं। पुनि सब निज निज आश्रम जाहीं॥**
**प्रति संबत अति होइ अनन्दा। मकर मज्जि गवनहिं मुनिबृंदा॥**

ગૌસ્વામી તુલસીદાસ મહારાજના કથનનો સાર એટલો જ છે કે મહામહિનામાં જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે મહર્ષિ ભારદ્વાજજીના આશ્રમમાં જ્ઞાન સભાઓનું આયોજન ગોઠવવામાં આવે છે. તમામ ઋષિમુનિઓ સહિત સમાજના લોકો પણ તેમાં ભાગ લે છે. એમાં બ્રહ્મ જ્ઞાનની દાર્શનિક અને ધર્મનીતિની સામાજિક ચર્ચા થાય છે. સંપૂર્ણ મહિના સુધી આ ક્રમ ચાલતો રહે છે. દર વર્ષે આનંદનો આ અવસર આવતો રહે છે.

સેમિનારની આ સાંસ્કૃતિક પ્રથા ઐતિહા-સિક યુગના તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા વગેરે વિશ્વવિદ્યાલયોમાં પણ અપનાવવામાં આવી હતી. ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિના મર્મજ્ઞ વિદ્વાનો પ્રો.એ.એલ.બાશમ, પી.ગાર્ડનર વગેરે અનેક વિદ્વાનોએ પોતાના સંશોધન કાર્યોની નોંધમાં એનો ઉલ્લેખ કર્યો છે. એના સંબંધમાં તિબેટના એક વિદ્યાર્થી રિંછોપાના સંસ્મરણો ઉલ્લેખ કરવા જેવા છે. ઈસ્વીસનની સાતમી સદીમાં

એ નાલંદા વિશ્વવિદ્યાલયનો વિદ્યાર્થી હતો. તેણે લખ્યું છે કે વસંત ઋતુમાં વિશ્વવિદ્યાલયમાં વિશ્વસંગીતિ (આ વિશ્વ સંગીતિ, વિશ્વ સેમિનારનો પર્યાય છે.) યોજવામાં આવી. એની અંતર્ગત ચાલનારી સંશોધન પરની ચર્ચાઓ વિભિન્ન ફેકલ્ટીઓ અને વિભિન્ન વિભાગોમાં એક સાથે ચાલી. એમાં જાવા, સુમાત્રા, મલાયા, ચીન વગેરે અનેક દેશોના ૯ હજાર આચાર્યો -એ ૧૪ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. એમાંથી ત્રિપિટક સંગીતિનું પ્રમુખ સ્થાન આચાર્ય મોક્ષકર ગુપ્તે લીધું. એના પરિણામો આચાર્યો અને વિદ્યાર્થી-ઓ સૌને માટે અત્યંત સુખદાયક રહ્યા. ધમ્મ જ્ઞાન અને સંશોધન કામ માટે સૌને નવી દિશા મળી.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ આ જ સાંસ્કૃતિક આદર્શો અપનાવવામાં આવેલ છે. અહીં નિયમિત અંતરે સેમિનાર, સંમેલનો યોજવામાં આવશે. વિભાગના સેમિનારો, ફેકલ્ટીના સેમિનારો વિશ્વવિદ્યાલયના સેમિનારો, રાષ્ટ્રીય સેમિનારો અને આંતર્રાષ્ટ્રીય સેમિનારોના વિભિન્ન શ્રેણી હશે.

એનું આયોજન પણ એમની કક્ષા અનુરૂપ અઠવાડિક માસિક, ત્રિમાસિક, વાર્ષિક અને દ્વિવાર્ષિક રાખવામાં આવશે. એમાં વિભાગીય સેમિનારો દરઅઠવાડિયે યોજવામાં આવશે. ફેકલ્ટીનો સેમિનાર મહિનામાં એકવાર રાખવામાં આવશે. વિશ્વવિદ્યાલય કક્ષાના સેમિનારનો સમયગાળો ત્રિમાસિક રહેશે. રાષ્ટ્રીય સેમિનાર દર વર્ષે અને આંતર્રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર દર બે વર્ષે એક વાર યોજવામાં આવશે.

આ સેમિનારોમાં વિશ્વવિદ્યાલયના અધ્યયન, વિષયો, સંશોધન યોજના, સંશોધનના પ્રયોગો, શૈક્ષણિક પ્રક્રિયાઓ સાથે સંકળાયેલ મુદ્દાઓ પર ગહન વિચાર કરવામાં આવશે. એના માધ્યમથી નવા સંશોધન પેપરો અને નવા શોધવામાં આવેલ સૂત્રો પર પ્રકાશ પાડશે. આ સેમિનારોમાં રજૂ કરવામાં આવનારી તમામ સંશોધન પેપરોને કુશળ અને વિદ્વતાપૂર્ણ સંપાદન કર્યા પછી જ પ્રકાશિત કરવામાં આવશે. એનાથી આગળ પણ આચાર્યો તથા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને લાભ મળતો રહેશે. દેવસંસ્કૃતિની લોકકલ્યાણકારી નીતિઓ અનુરૂપ જ આ સેમિનારોના માધ્યમથી એ પદ્ધતિઓનો વિકાસ કરવામાં આવશે; કે જેના દ્વારા સામાન્ય લોકો પણ વિશ્વવિદ્યાલયની જ્ઞાનની સિદ્ધિઓનો સમુચિત લાભ ઉઠાવી શકે. આ સેમિનારોના માધ્યમથી જ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉત્તરોત્તર વિકાસ થવાની સાથે વિદ્યાર્થીઓનું મૌલિક મૂલ્યાંકનની કાર્યપદ્ધતિ પણ વિકસિત થશે.

# તપ અને જ્ઞાન પ્રાપ્તિના મૌલિક મૂલ્યાંકન પધ્ધતિ

મૌલિક મૂલ્યાંકન તપ અને જ્ઞાન પ્રાપ્તિ માટેની કસોટી છે. આ મૂલ્યાંકન માટે દરેક જગ્યાએ પરીક્ષા લેવાનું પ્રચલન ચાલી રહ્યું છે. દરેક શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને આ પરીક્ષામાં ભાગ લેવા ઉપસ્થિત થવું પડે છે. એ પૈકી લેખિત પરીક્ષાઓના કેટલાક પ્રશ્નોનો જવાબ લખીને જ આપવો પડે છે અને મૌખિક પરીક્ષાઓમાં પૂછવામાં આવેલા કેટલાક સવાલોનો જવાબ મૌખિક જ આપવો પડે છે. આ પ્રચલિત શૈક્ષણિકત પધ્ધતિનો ઘેરાવો યાદશક્તિની તપાસ કરવા અને જાણવા સુધી જ મર્યાદિત છે. એના આધારે જ વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય, તૃતીય શ્રેણી(ધોરણ)નો માની લેવામાં આવે છે. આ મૂલ્યાંકનમાં યાદશક્તિ ઉપરાંત વ્યક્તિત્વના અન્ય અનેક ગુણો ન તો પ્રકાશમાં આવે છે અને ન તો તેમને જાણવાની, તપાસ કરવાની જરૂરિયાત અનુભવાય છે, કે ન તો જરૂરિયાત સમજવામાં આવે છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની શૈલી આ પ્રથાથી ખૂબ જ ભિન્ન તદ્દન અલગ પ્રકારની મૌલિક રહેશે. આ મૂલ્યાંકન દસમાંથી પાંચ સવાલોનો જવાબ તપાસવા સુધી જ મર્યાદિત નહીં રહે. આ મૂલ્યાંકન માટે યોજવામાં આવનાર પરીક્ષાઓને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પૂછવામાં આવનાર ભાવી પ્રશ્નોનો જવાબ ગાઇડમાંથી કે માર્ગદર્શિકામાંથી શોધી કે ગોખી પાસ નહીં થઈ શકે. એની તૈયારી માટે તેમને પોતાના સંપૂર્ણ વ્યક્તિત્વને તૈયાર કરવું પડશે. તેમને વિદ્યાવાન, ચારિત્રનિષ્ઠ અને તપસ્વી બનવાની સાધના કરવી પડશે. વિષયોની વાંચન સામગ્રીના અધ્યયન સાથે તેમને અનેક પ્રકારના સંયમોનો અભ્યાસ કરવો પડશે. મૂલ્યાંકનની આ મૌલિક પધ્ધતિથી તેમના સંપૂર્ણ વ્યક્તિત્વનું મૂલ્યાંકન થશે. શું વિદ્યાર્થીઓ પોતાના વિષયોની વાંચન સામગ્રીના જ્ઞાનની સાથે દેવસંસ્કૃતિના આદર્શો પોતાના જીવનમાં ઉતારી શક્યા? એની તપાસ કરવામાં આવશે.

આ જ આપણી ઋષિ પરંપરા રહી છે. ઋષિઓ દ્વારા પ્રેરિત આ શિક્ષણ પધ્ધતિમાં આજ જેવી પરીક્ષા પધ્ધતિ ન હતી. પ્રાચીન વિશ્વવિદ્યાલયો -માં આચાર્ય પ્રત્યેક તરફ વ્યક્તિગત રીતે ધ્યાન આપતા હતા. તેના વ્યક્તિત્વના યોગ્ય, સાર્થક અને સંપૂર્ણ વિકાસ માટે હંમેશા જાગૃત રહેતા. તેની યાદશક્તિ, મેધા, વ્યક્તિત્વ અને આત્મબળ વધારવા માટે અનેક પ્રકારના આધ્યાત્મિક ઉપચારો, પ્રક્રિયાની મદદ લેતા હતા. વિદ્યાર્થીઓને આ કેડી પર સફળતાપૂર્વક ચાલવા પ્રોત્સાહિત કરવામાં આવતા અને તેઓ આગળના શિક્ષણ માટે યોગ્ય સમજવામાં આવતા. આ પધ્ધતિનો ઉલ્લેખ ગૌતમ, બૌધાયન અને વશિષ્ઠ ધર્મસૂત્રોમાં મળી આવે છે.

મહર્ષિ વશિષ્ઠે વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે એક અન્ય ઉપાય પણ સૂચવ્યો છે. તેમનું કથન છે કે '**आश्रमस्थास्त्रयो मुख्याः परषित् स्याद् दशावरा**' અર્થાત્ શિક્ષણ પૂરું થયા પછી વિદ્યાર્થીઓને કહેવામાં આવે છે કે તેઓ સ્થાનિક પરિષદની સમક્ષ

સ્વયંને ઉપસ્થિત કરો. આ પરિષદમાં દસ સભ્યો રહેતા. તેના સિવાય બૌધાયન ધર્મસૂત્રો અનુસાર વિદ્વાન સ્નાતકોને રાજાની સભામાં વિશેષ યજ્ઞોના પ્રસંગે ઉપસ્થિત થવાના સૂચનો પણ મળતા.

વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓના મૌલિક મૂલ્યાંકન માટે પ્રાચીન સાહિત્યમાં અનેક જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મૂલ્યાંકન રાજસભા યા વિદ્વાનોની પરિષદના નિષ્ણાત વિદ્વાનો કરતા હતા. એ આજના સમયે વિશ્વવિદ્યાલયો દ્વારા લેવામાં આવતી પરીક્ષાથી એકદમ ભિન્ન હતી. આ પ્રાચીન પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને પોતાના તપને, પોતાના જ્ઞાનને સાબિત કરવું પડતું હતું. ત્યારે જ તેઓ સમાજમાં સન્માન અને આદરના હકદાર બનતા. તેઓ પોતાની મેધા અનેવ્યક્તિત્વને સમગ્ર સમાજ વચ્ચે સાબિત કરતા હતા.

મહાકવિ રાજશેખરની કાવ્યમીમાંસાના દસમાં અધ્યાયમાં લખવામાં આવ્યું છે કે -''જ્ઞાનની પરીક્ષા માટે રાજા બ્રહ્મસભાઓનું આયોજન ગોઠવે. તેમાં ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીને બ્રહ્મયાન પ્રદાન કરે તથા તેમને ખેસ ધારણ કરાવે.'' મહાકવિના કથન અનુસાર ''ઉજ્જૈનની બ્રહ્મસભામાં કાલિદાસ, ભારવિ, મેંઠ વગેરેની પરીક્ષા લેવામાં આવી હતી.એ જ રીતે પાટલી પુત્રમાં ઉપવર્ષ, વર્ષ, પાણિનિ, પિંગળ, વ્યાડિ, વરુરુચિ અને પાતંજલિની પરીક્ષા લેવામાં આવી હતી.'' આ સત્યને શ્લોબધ્ધ કરતા કવિએ કહ્યું છેઃ-

**अत्रोपर्ववर्षविह पाणिनि पिङ्गलविह व्याडिः।**
**वररुचि पतञ्जली इह परीक्षिताः खातिमुपजग्मुः॥**

ચરક સંહિતાના વિમાન સ્થાનના આઠમાં અધ્યાયમાં શાસ્ત્રો તથા આચાર્યની પરીક્ષાનું વર્ણન છે.આ મૂલ્યાંકનની અંતર્ગત જ ચિકિત્સકને ચિકિત્સાનું કામ હાથ ધરવાનો અધિકાર પ્રાપ્ત થતો હતો.

દેવસંસ્કૃતિના આદર્શો અનુરૂપ અહીં વિશ્વવિદ્યાલયમાં આ સંપૂર્ણ અને મૌલિક શૈલી અપનાવવામાં આવશે. વિશ્વવિદ્યાલયની પરીક્ષા સમિતિ દ્વારા જ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની પરીક્ષા લેવામાં આવશે અને મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષાના નિયંત્રક તેના વ્યવસ્થાપક રહેશે. તેમને આધીન જ પરીક્ષા સમિતિ તમામ પરીક્ષાઓનું આયોજન અને વિદ્યાર્થીઓના મૂલ્યાંકનનું કામ કરશે. તમામ વિષયો તથા તમામ વર્ગોની પરીક્ષા માટે સેમેસ્ટર સિસ્ટમ લાગૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રત્યેક સેમેસ્ટરનો પિરિયડ છ માસનો રહેશે. આ રીતે પ્રત્યેક વર્ષમાં બે સેમેસ્ટર રહેશે.

પ્રત્યેક સેમેસ્ટરમાં વર્ગ અને વિષયની અનુરૂપ પરીક્ષાઓ લેખિત, મૌખિક અને પ્રાયોગિક એમ ત્રણ પ્રકારની રહેશે. એમાં લેખિત પરીક્ષામાં વિષયના સંપૂણ જ્ઞાનને પારખવા માટે ઑબ્જેક્ટિવ શૈલી અને પ્રશ્નોની વર્ણનાત્મક શૈલી અપનાવવામાં આવશે. સેમસ્ટરની પરીક્ષાઓમાં આચાર્યો દ્વારા સમય સમય પર કરવામાં આવેલ

આંતરિક મૂલ્યાંકનના માર્ક્સ પણ જોડવામાં આવશે. આંતરિક મૂલ્યાંકન માટે આચાર્યો પોતાના વર્ગમાં વિદ્યાર્થી -ઓની ક્યારે પણ, યોગ્ય સમયે લેખિત યા મૌખિક પરીક્ષા લઈ શકશે.આ નિયમ વિશ્વવિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ પર સમાન રૂપે લાગૂ પડશે.

ભણવવામાં આવનારા વિષયોના મૂલ્યાંકન ઉપરાંત એ વાતનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે કે વિદ્યાર્થી યા વિદ્યાર્થીનીએ દેવસંસ્કૃતિના આદર્શોને અપનાવવા સમગ્ર શૈક્ષણિક સત્ર દરમ્યાન શું શું પ્રયત્નો કર્યા. કયા કયા આદર્શો, સંકલ્પોનું, સંયમનું કેટલી ઉંડી નિષ્ઠા અને શ્રધ્ધા સાથે પાલન કર્યું. આ ક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સમય સમય પર કરવામાં આવેલ અનુષ્ઠાનો અને વિભિન્ન સાધનાઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. આ પધ્ધતિ પ્રત્યેક સેમેસ્ટરમાં અપનાવવામાં આવશે. શ્રેણીના અંતિમ સેમેસ્ટરમાં તમામ નિયમિત પરીક્ષાઓની સાથે એક ગ્રાંડવાઈવા યા **મહામૌખિક** પરીક્ષાનું આયોજન રાખવામાં આવશે. એમાં વિદ્યાર્થી યા વિદ્યાર્થીની પાસે ચાલૂ સેમેસ્ટરમાં ભણવામાં આવેલ વિષયોની સાથે પાછલા તમામ સેમેસ્ટરનો પાઠ્યક્રમ સાથે સંબંધિત સવાલો પૂછવામાં આવશે. આ પ્રશ્નના સમયમાં ચાલૂ ધોરણના સંપૂર્ણ વર્ષ દરમ્યાન અપનાવવામાં આવેલ આદર્શો, વ્રતોનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે.

પ્રાયોગિક પરીક્ષાઓ પાઠ્યક્રમના વિષયો અનુરૂપ હશે તેને માટે નક્કી કરવામાં આવેલા પ્રયોગો અને યોજનાઓને વિદ્યાર્થી અને વિદ્યાર્થીની- ઓ પૂરા કરશે. અંદરના તથા બહારના પરીક્ષકો વિદ્યાર્થીઓનું એમના સંબંધમાં આંતરિક અને બાહ્ય મૂલ્યાંકન કરશે. પ્રાયોગિક પરીક્ષાની સાથે મૌખિક પરીક્ષા પણ અનિવાર્ય રૂપે જોડાયેલી રહેશે. મૌખિક પરીક્ષાનું સ્વરૂપ પ્રત્યેક પરીક્ષા યા સેમેસ્ટરની અનુરૂપ ભિન્ન હશે. એમાંથી ગ્રાંડવાઈવા યા મહામૌખિકનું સ્વરૂપ પણ દર્શનીય આકર્ષણરૂપ હશે. એનું આયોજન એવી રીતે કરવામાં આવશે કે વિદ્યાર્થીનું સમગ્ર વ્યક્તિત્વ અને તમામ ગુણો એની સાથે પ્રકાશમાં આવી શકે. એમાં વિશ્વવિદ્યાલયની તમમ ફેકલ્ટીઓના આચાર્યો ભાગ લેશે. કોઈપણ આચાર્ય વિદ્યાર્થી યા વિદ્યાર્થીનીને સવાલ પૂછી શકશે. આ પરીક્ષા પછી જ વિદ્યાર્થી ડિગ્રી પ્રાપ્ત કરવા માટે લાયક ગણાશે. આવા સારી રીતે તપાસવામાં, પારખવામાં આવેલ વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ વિદ્યા અને સેવાનો સંયમ હશે. વિશ્વવિદ્યાલયની તમામ પ્રવૃત્તિઓમાં એની છબિ જોવા મળશે.

# જ્ઞાન અને સેવાનો એક અદ્‌ભુત સંગમ

જ્ઞાન અને સેવાનો સંગમ દેવસંસ્કૃતિનો આદર્શ છે. ઋષિજીવનની પ્રવૃત્તિઓનો આધાર પણ આ જ છે. આ બન્નેમાંથી કોઈ એકને પણ અલગ ન કરી શકાય. જ્ઞાન પ્રાપ્તિ અને સેવાના આ બન્ને તત્વો એક બીજા સાથે ગુંથાયેલ છે, પરસ્પર ભળી ગયેલ છે. સ્વાર્થ પરાયણતા તથા અહંકારના વિષથી છુટકારો મેળવવો તથા ઉર્મીઓના અમૃત પાનને જ્ઞાન કહેવામાં આવ્યું છે. શાસ્ત્રકારોએ એને 'विद्ययामृतमश्नुते' કહી પરિભાષિત કર્યું છે. ઉર્મીઓના અમૃત તત્વનો વિકાસ જ જ્ઞાન છે. લાગણી, ઉર્મીઓ, સંવેદના સિવાય તમામ જાણકારી અને સમગ્ર શિક્ષણ નકામું છે, બેકાર છે, કારણ કે એનાથી સ્વાર્થની તથા અહંકારની વિષવેલ ઉછરશે અને વૃધ્ધિ પામશે. અમૃતતત્વ તો જ્ઞાનની સંવેદનશીલતા છે, જે સેવાથી અળગી થઈને રહી જ શકતી નથી. સંવેદનશીલતા વધતા જ જીવનમાં અનાયાસ જ સેવા પરાયણતા આવી જાય છે. પછડાયેલાને ઉઠાવવા, ઉઠેલાને ચલાવવા અને દીન દુખિયાઓને અપનાવવા માટે એ આપો આપ આગળ વધવા લાગે છે.

પ્રાચીન વૈદિક તથા પૌરાણિક સાહિત્યમાં જે મહર્ષિઓએ અને તેમના અંતેવાસી શિષ્યોની ચર્ચા વાંચીએ છીએ, તેમણે પોતાના સમયની પીડા, દરિદ્રતા, દુઃખને હરવા, દૂર કરવા માટે પોતાનાં સર્વસ્વની આહુતિ આપી દીધી. ઋષિઓ દ્વારા સંચાલિત વિવિધ સેવાની યોજનાઓના કેન્દ્રો પણ હતા. તેમના વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણના અધ્યયનની સાથે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની સંવેદનશીલતાનો પણ વિકાસ કરવામાં આવતો. ગુરુ તથા શિષ્ય સાથે હળીમળી પરમાર્થના પવિત્ર કામોમાં ભાગ લેતા હતા. લોકજીવન સાથે હળીમળી દુઃખ,દરિદ્રતાનો હિંમત પૂર્વક સામનો કરતા હતા. એમને માટે આ સેવાનું કામ ક્યારે પણ શિક્ષણના અભ્યાસથી અલગ ન હતું.

આવા અનેક મહર્ષિઓમાં નામદેવનું નામ ખૂબ જ પ્રસિધ્ધ છે. વૈદિક પરંપરામાં તેમને પ્રખ્યાત ઋષિ માનવામાં આવતા હતા. એ સમયે મહર્ષિ વામદેવ તેમના દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલયના કુલપતિ પણ હતા. એમનું વિશ્વવિદ્યાલય વિંધ્યાચળ પર્વતમાળામાં નર્મદા નદીના ઉદ્‌ગમ સ્થળે આવેલ અમરકંટકની નજીક હતું. મહર્ષિ વામદેવનું આ જ્ઞાન કેન્દ્ર એ યુગમાં સેવાના કામ માટે ખૂબ જ પ્રસિધ્ધ કેન્દ્ર પણ હતું. અહીં મહર્ષિ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના કામની સાથે જનસેવાનું કામ પણ કરતા હતા. આ સેવાના કામમાં તેમના શિષ્યો પણ પોતાનાં સંપૂર્ણ તન ,મનને લગાવી સેવાના કાર્યમાં લાગી જતા. પૌરાણિક સાહિત્યમાં મહર્ષિ વામદેવના આ સેવાભાવી શિષ્યો પૈકી અરિષ્ટનેમિ, મધુક, પ્રવાહણ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રાચીન સાહિત્યમાં શિક્ષણના અભ્યાસ ની સાથે સંકળાયેલ અનેક સેવાના કામની ચર્ચાઓ આવેલી છે. સેવાની આ પ્રવૃત્તિઓમાં મુખ્યત્ત્વે લોકસુખાકારી, ચિકિત્સા, સ્વચ્છતા, પ્રજાજનોના રોગોનો ઉપચાર, તેને દૂર કરવાના ઉપાય અંગે

જાણકારી, ગ્રામ્યજનોને ખેતી કરવાની વૈજ્ઞાનિક રીતોનું જ્ઞાન, શિલ્પકળાઓની જાણકારી વગેરેનો સમાવેશ થાય છે. તેના સિવાય મહર્ષિઓને ખૂબજ વહાલું સેવાનું કામ હતું-કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર તમામ લોકોને જીવન જીવવાની કળાનું શિક્ષણ આપવું. આ કામ તેઓ પોતાના શિક્ષણ કેન્દ્રોમાં કરતા હતા અને તેને માટે તેઓ સ્વયં ચાલીને લોકોના ઘર સુધી પહોંચતા હતા. શિષ્યો પણ અનિવાર્ય રૂપે આ તમામ પ્રકારના સેવાના કામમાં ભાગ લેતા હતા.

વિભિન્ન ધર્મસૂત્રો, ગૃહ્યસૂત્રો અને સ્મૃતિઓમાં કેટલીક અનિવાર્ય રજાઓના દિવસો યા જે દિવસે શિક્ષણનું કામ ન ચાલ્યું હોય તેની પર ચર્ચા કરવામાં આવી છે. એમાંથી પ્રત્યેક રજાના દિવસના કારણો ગણાવવામાં આવ્યા છે. એ સૌમાં કુદરતી આફતના સમયે શિક્ષણનું કામ ન હોય તેના કારણો સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે, કે આવા પ્રસંગે શિક્ષણ પ્રાપ્ત કરી રહેલ વિદ્યાર્થીઓ પોતાના આચાર્યોના માર્ગદર્શન હેઠળ કુદરતી આફતનો ભોગ બની પીડાતા લોકોની સેવા કરે. જે દિવસે શિક્ષણ કામ હાથ ધરવામાં ન આવ્યું હોય તેની ચર્ચા કરતા સ્મૃતિકારોનું કથન છે, કે દિવસે યા રાત્રિના સમયે ધૂળયુક્ત આંધી, તોફાન ઉત્પન્ન થવાથી, ધરતી પર ધુમ્મસ છવાઈ જાય ત્યારે, આકાશ અત્યંત લાલ થઈ જવાથી, ઋતુ વગર આકાશમાં વાદળો છવાઈ જવાથી, એટલી બધી વર્ષા થાય કે જેનાથી છાપરું ચુંવા લાગે, ગુરુ, શુક્ર, ચંદ્ર, સૂર્ય વગેરે નક્ષત્રોની આસપાસ રંગીન તેજોવલય દેખાય ત્યારે, ભૂકંપ, દુષ્કાળ, પુર વગેરે હોનારતના સમયે વિદ્યાપરાયણ જનોએ અનિવાર્ય રૂપે સેવા પરાયણતા અપનાવવી જોઈએ.

વૈદિક યુગની જેમ જ ઐતિહાસિક યુગના પ્રાચીન વિશ્વવિદ્યાલયોમાં પણ દેવસંસ્કૃતિના આ જ આદર્શોને અપનાવવામાં આવ્યા હતા. ચીનના વિદ્યાર્થી ઈત્સિંગે નાલંદા વિશ્વવિદ્યાલયમાં આપવામાં આવતા શિક્ષણ અને અભ્યાસની સાથે અહીં સંચાલિત થતા સેવાના કામોનું પણ મહત્ત્વ દર્શાવ્યું છે. તેનું કહેવું છે કે આ મહાન વિશ્વવિદ્યાલય દ્વારા જનસેવાની અનેક યોજનાઓ સંચાલિત થતી હતી. સેવાની આ પ્રવૃત્તિઓ દેશમાં જ નહીં, પરંતુ વિદેશોમાં પણ ચલાવવામાં આવતી. વિશ્વવિદ્યાલય દ્વારા હાથ ધરવામાં આવતા સેવાના કામો માટે ગુપ્તવંશના ઉત્તરવર્તી રાજા બુધગુપ્ત વગેરે સાથે બંગાળના પાલવવંશના રાજાઓ પણ અવારનવાર ખૂબ જ આર્થિક મદદ કરતા હતા. કન્નોજના રાજા હર્ષવર્ધનને નાલંદા વિશ્વવિદ્યાલય દ્વારા ચલાવવામાં આવતી સેવાની પ્રવૃત્તિઓમાં ખાસ રુચિ હતી. તેણે અનેક વાર અહીં સેવાઓની આ વિવિધ પ્રવૃત્તિઓ માટે આર્થિક મદદ કરી હતી.

આ કામ માટે નાલંદા વિશ્વવિદ્યાલયને વિદેશોમાંથી પણ આર્થિક મદદ પ્રાપ્ત થતી હતી. દક્ષિણ તથા પૂર્વમાં આવેલા ટાપુઓ પૈકી જાવા, સુમાત્રા, બાલિ, મલાયા વગેરે દેશોના રાજાઓએ અહીં ચાલતી સેવાની યોજના માટે પુષ્કળ દાન અર્પણ કર્યું હતું. જાવા તથા સુમાત્રાના રાજા બલપુત્ર દેવે અહીં એક વિહાર બનાવ્યો હતો, જ્યાં ચિકિત્સાનું કામ ચાલતું હતું. તેણે તેને માટે બંગાળના રાજા દેવપાલને પણ પ્રેરણા

આપી હતી કે તે નાલંદા વિશ્વવિદ્યાલયના સેવાના કામો માટે પાંચ ગામ દાનમાં આપે. ઈત્સિંગનું કહેવું છે કે આ તમામ મદદ નાલંદા વિશ્વવિદ્યાલયના આચાર્યો અને વિદ્યાર્થી દ્વારા હાથ ધરવામાં આવતા સેવાના કામની પ્રમાણિકતાનું ફળ હતું. આ તમામ સામાન્ય સમયમાં કરવામાં આવનાર સેવાના કામો ઉપરાંત કોઈપણ રાષ્ટ્રીય યા કુદરતી આફતના સમયે પોતના જીવ જોખમમાં મુકીને પણ સેવાનું આ કામ હાથ ધરતા હતા. તેમની આ ભાવનાઓના કારણે પ્રજાજનોમાં ખૂબ જ સન્માન હતું.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ ભારત ભૂમિનો આ સાંસ્કૃતિક આદર્શ અપનાવવામાં આવનાર છે. અહીંના આચાર્યો અને વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ શિક્ષણની સાધના સાથે સેવાની સાધના પણ અપનાવશે. સેવાના આ કાર્યો અંગેનો નિર્ણય પ્રત્યેક ફેકલ્ટીની અનુરૂપ જ કરવામાં આવશે. વિશ્વવિદ્યાલય દ્વારા તબીબી સેવાઓ અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ ઉપરાંત અન્ય અનેક સામાજિક સેવાની યોજના ચલાવવામાં આવશે. આ તમામ કાર્યોમાં આચાર્યો અને વિદ્યાર્થીઓએ અનિવાર્ય રૂપે ભાગ લેવો પડશે. આ તમામ સેવાની યોજનાનું સંચાલન વ્યક્તિ નિર્માણ અને સમાજનિર્માણના આદર્શો અને ગુરુજી દ્વારા નક્કી કરવામાં આવેલ સપ્તસૂત્રી આંદોલનોને દૃષ્ટિમાં રાખી હાથ ધરવામાં આવશે.

દુઃખ, દરિદ્રતાના નિવારણ માટે પણ પ્રભાવશાળી કાર્યક્રમોની રૂપરેખા બનાવવામાં આવશે અને તેનું અસરકારક રીતે સંચાલન કરવામાં આવશે. આશ્રમની નિયમિત શ્રમસાધના, સ્વચ્છતા ઉપરાંત રાષ્ટ્રીય તથા કુદરતી આફતના સમયે અહીંના આચાર્યો અને વિદ્યાર્થીઓ આગળ વધી પોતાની ભાગીદારી નિભાવશે. સેવાના આ કાર્યો દ્વારા વિદ્યાર્થીઓથી નિષ્કામ કર્મની સાધના તો સધશે, જ સાથે સાથે તેમને પોતાની સામાજિક જવાબદારીઓનું પણ ભાન થશે. તેઓ અનુભવ કરશે કે જે સમાજના તેઓ અંગઅવયવ છે, તેના પ્રત્યે કૃતજ્ઞતા દાખવવી તેમની પણ જવાબદારી છે. સેવાની સાધના દ્વારા વિકાસ પામેલ સંવેદનશીલતા તેમનામાં એક અનોખા પ્રકારની આત્મજાગૃતિનો જન્મ આપશે. જેનાથી તેમનામાં સામાજિક કર્તવ્યોના બોધની સાથે દેશ તથા ધરતી સાથે ઉંડી ભાવનાત્મક લાગણી અને જોડાણની અનુભૂતિ થશે. રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થશે અને અહીં અધ્યયન કરનાર તમામ વિદ્યાર્થીઓ હળીમળી વિશ્વવિદ્યાલય ના રાષ્ટ્રીય ધર્મને અપનાવી શકશે.

# રાષ્ટ્રધર્મની દીક્ષા આપવી એ પ્રથમ કર્તવ્ય

વિશ્વવિદ્યાલયનો રાષ્ટ્રીય ધર્મ છે, યુવાન વર્ગમાં રાષ્ટ્રીય સંવેદનાઓની જાગૃતિ કરવી. એમનામાં દેશપ્રેમ, દેશસેવા, દેશજાગૃતિ અને દેશભક્તિની ભાવનાનો જુવાળ પેદા કરવો. એમના હૃદયમાં એ પ્રકારની સંવેદનશીલતા જગાડવાની છે, કે જે દેશની પીડાનો, વેદનાનો, દુઃખ, દર્દનો ગહન અનુભવ કરી શકે. યુવાન લોહીને એ ભાન કરાવવાનું છે, કે બાળકોનું પોતાના દેશ પ્રત્યે, ભારતમાતા પ્રત્યે શું કર્તવ્ય છે. પોતાની માતાથી વિખુટા પડી ગયેલ યુવાનોને યાદ અપાવવાની છે, કે જુઓ તો ખરા, ભારતમાતા તમને કેટલો પ્રેમ કરે છે. એના લાડકવાયાઓને ભારતમાતાના ખોળાનો મહિમા સમજાવવાનો છે. યુવાન વર્ગને દેશની માટીની મીઠી મીઠી સુગંધનો પ્રગાઢ પરિચય કરાવવાનો છે. એમને રાષ્ટ્રીય ધર્મની દીક્ષા આપવાની છે.

આ દેવસંસ્કૃતિની સનાતન પરંપરા છે. દેવભૂમિ ભારતના ઋષિ મુનિઓ હંમેશા પોતાના વિદ્યાના કેન્દ્રોમાં આ રાષ્ટ્રીય તત્વનું ભાન કરાવતા રહ્યા છે. પોતાના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને રાષ્ટ્રધર્મની દીક્ષા આપતા રહ્યા છે. ઋષિમુનિઓના ચિંતનના સ્વરોમાં હંમેશા આ સત્ય ગુંજતું રહ્યું છે, કે દેશના જે બાળકના, તરુણના, યુવાન અને પ્રૌઢ વ્યક્તિના હૃદયમાં રાષ્ટ્રીય ભાવનાઓ ધડકી રહી નથી, એ એક અનાથ વ્યક્તિ છે, એક માત્ર અનાથ. પોતાની માતાના સ્વરૂપથી, એના ગૌરવથી, એની સિધ્ધિઓથી અને ઐશ્વર્યથી, સૌથી વધીને માતાના પ્રેમથી, વાત્સલ્યથી અજાણ, અપરિચિત વ્યક્તિને આપણે બીજું શું કહીશું. માતાથી અજાણ્યો હોવાનું, માતાથી અળગા થવાની પીડા, દર્દ કેવળ એક માતૃહીન વ્યક્તિ જ સમજી શકે છે. એ જ રીતે પોતાના માતા માટે જીવની બાજી લગાવી દેનાર શૂરવીરોના હૃદયમાં ઉછળતા ગર્વ અને ગૌરવનો અનુભવ પણ કોઈ માતૃભક્ત જ કરી શકે છે.

આ તત્વ સાધારણ નથી. વૈદિક ઋષિઓએ પોતાની સમાધિની અવસ્થામાં એનો અનુભવ કર્યો છે અને સમગ્ર દેશના લોકોને કહ્યું છે-

**भद्रमिच्छंत ऋषयःस्वर्विदः तपो दीक्षामुपनिषेदुरग्रे।**
**ततो राष्ट्रं बलमोजश्च जातम् तदस्मै देवा उपसंनमंतु॥ अथर्ववेद १९/४१/१**

''આત્મજ્ઞાની ઋષિઓએ સૃષ્ટિના આરંભમાં જગતના કલ્યાણ માટે જે દીક્ષા લઈ તપ કર્યું, તેનાથી રાષ્ટ્રનું સર્જન થયું, રાષ્ટ્રીય બળ અને તેજ પણ પ્રગટ થયું એટલા માટે સર્વે વિદ્વાન લોકો આ દેશની સમક્ષ મસ્તક ઝુકાવી એની સેવા કરે.''

ઋષિઓના મહાન તપોબળથી પ્રકટ થયેલ ભારતમાતાએ ઋગ્વેદના ઋષિઓને તેમની ગહન સમાધિમાં પોતાના દિવ્ય સ્વરૂપનો પરિચય આપતા કહ્યું, હે વત્સ! જાણીલો. ''હું દેશની અધિષ્ઠાતા, સમૃધ્ધિઓનો સંગમ, પરબ્રહ્મથી અભિન્ન તથા તમામ દેવતાઓમાં મુખ્ય છું. સમગ્ર રાષ્ટ્રીય વાતાવરણમાં હું જ સમાયેલ છું. અલગ અલગ જગ્યાએ રહેતા દેવતાઓ જે કંઈ પણ કરે છે, તેઓ મને જાણીને જ કરે છે.'' **ઋગ્વેદ -૧૦/૧૦/૧૨૫**

આ છે આપણી ભારતમાતા, જેની અનંત શક્તિઓથી અજાણ્યા એના બાળકોએ એનાથી મોઢું ફેરવી લીધું છે. દર વર્ષે જરા જેટલા રૂપિયાની લાલચમાં અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ પરાયા દેશમાં ભાગી જાય છે. જેઓ કોઈ કારણવશ જઈ શકતા નથી,તેઓ અગામી વર્ષે ચાલ્યા જવાના સ્વપ્નો જૂએ છે યા અહીં જ કુબેરનો ભંડાર એકઠો કરવાની કલા શીખે છે. આખરે આ બધુ શા માટે? જે દેશની ધરતીમાં જન્મ લીધો છે. જે માટીમાં રમી મોટા થયા છીએ, જેના અન્ન તથા જળથી શરીરનો એક ઓક કોષ બન્યો છે, એમાં રક્તના જે ટીપાં એકત્ર થયા છે, આત્મા ઉછર્યો છે, તેનાથી એમ જ મોઢું ફેરવી લેવું કેટલા અંશે ઉચિત છે?

પોતાના બાળકોની આ દુર્દશા જોઈ ભારત માતા વ્યાકુળ છે, બેચેન છે. સંવેદનશીલ આત્મામાં એની આકુળવ્યાકુળતા, કણસવું સાંભળી શકાય. બહારથી ઘુસણખોરો આવી માતાની છાતીમાં રોજ નવો પ્રહાર કરે છે. જેઓ આપણાં છે, તેઓ તેના પાલવની શીતળ છાંયનો અનુભવ કરવાના બદલે તેની ચીરફાડ કરી ટુકડે ટુકડા કરવા તત્પર છે. આજે તો ચારે તરફ હરિફાઈ જામી છે,- શું માતાની સેવા કરવા માટે? ના, પર રાજ કરવા માટે. રોફ જમાવવા, હુકમ ચલાવવા માટે સૌને ગાદી જોઈએ, ભલેને પછી ભારતામાતા રડતી રહે, તો શું થઈ ગયું? આંસુઓ વહાવતી રહે, તડફડતી રહે, તો શું આ સ્થિતિ માટે જવાબદાર કોણ? તો તેનો જવાબ એક જ છે-તે છે દેશના વિચારશીલ લોકો, કે જેમણે દેશના નાગરિકોને રાષ્ટ્રધર્મ જ શિખડાવ્યો નથી.

યુવાન વર્ગને રાષ્ટ્ર ધર્મની દીક્ષા આપવા ની આ જવાબદારી દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયે ઉઠાવી છે. આ ઉદ્‌ઘોષ એ સત્યનો છે કે દેશ પાસે ભારત માતા પાસે કોઈ ભૌતિક યા લૌકિક લાભની ઈચ્છાઓને મનમાં જન્મ આપ્યા વગર તેની સેવાના ઉમંગમાં જીવનારાઓ અત્યારે પણ છે. આ મહાન સંકલ્પ છે, દેશ માટે જીવનારા, મરી મટનારા યુવાન વર્ગના સર્જનનો. આ એ સાહસ છે,એ સંવેદનાના વિકાસનું, જે સાંપ્રદાયિક અથડામણોમાં નહીં, જાતિવાદ યા પ્રદેશની વહેંચ- ણીમાં નહીં, રાષ્ટ્રધર્મના, રાષ્ટ્રપ્રેમના મેળ મેળાપ માં વિશ્વાસ ધરાવે છે. આ વાતો કોરી કલ્પના નથી.આ એ હકીકત છે,જેના અંકુરો વિશ્વ વિદ્યાલયની ધરતી પર ઉગી નિકળ્યા છે. જેમાંથી હવે નવી નવી કુંપળો અંકુરિત થવાની છે.

રાષ્ટ્રધર્મ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની તમામ પ્રવૃત્તિઓનો મુખ્ય સ્વર છે. અહીંના તમામ કાર્યક્રમોમાં એનું મીઠું મધુર સંગીત સાંભળી શકાશે. વિશ્વવિદ્યાલયના તમામ વર્ગોમાં તમામ વિદ્યાર્થીઓને એમની કક્ષા અને ઉંમરની અનુરૂપ, રાષ્ટ્રીય ગૌરવ, રાષ્ટ્રીય મૂલ્યો અને વિશ્વરાષ્ટ્રની અસ્મિતાનું જ્ઞાન કરાવવામાં આવશે. આ જ્ઞાન સંવેદના એવી હશે કે અહીં અભ્યાસ કરનાર વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ પોતાના ધર્મનાં ઉચ્ચ શિક્ષણથી તો અનુપ્રાણિત થશે જ, પરંતુ એમનામાં સંકીર્ણતા લેશ માત્ર નહીં હોય. તેઓ તમામ રાષ્ટ્રધર્મને માનનારા રાષ્ટ્રભક્ત નાગરિકો બનશે. બૃહદ

ભારતમાતાની, રાષ્ટ્રમાતાની આરાધના એમના જીવનનો આદર્શ હશે.

આ મૂળ ભાવનાઓને વ્યવહારિક સ્વરૂપ આપવા માટે અહીં મુખ્યત્વે બે મુદ્દાવાળી યોજના અપનાવવામાં આવશે. એનો પ્રથમ મુદ્દો છે-પાઠ્યક્રમમાં દેશના સાર્વભૌમ સ્વરૂપનો અને એના મહત્ત્વના તત્ત્વો, સત્યો અને આદર્શોનો સમાવેશ. આ કામ એવું હશે કે તમામ જાતિઓ, પ્રદેશો અને ધર્મોમાંથી આવેલ વિદ્યાર્થીઓ પરસ્પર સૌહાર્દની સાથે દેશનો સાર્થક પરિચય પ્રાપ્ત કરી શકે. એમનામાં સાચા દેશપ્રેમનો વિકાસ થાય. તેમનામાં ઉજ્જવળ રાષ્ટ્રીય ચારિત્ર્યનું સર્જન થાય. એમનામાં પોતાના દેશ અને ધરતી પ્રત્યે સંવેદનશીલતાનો વિકાસ થાય. તેઓ જાણી શકે કે આ દેશ પર્વતો, નદીઓ, મહાસાગરોથી ભરેલો જમીનનો માત્ર એક ટુકડો નથી; આ પોતાની માતાનું વિરાટ શરીર છે. જેના દૂધની લાજ રાખવા તેમના જીવનનું અનિવાર્ય કર્ત્તવ્ય છે.

એ જ ક્રમમાં બીજા મુદ્દા રૂપે કેટલીક વ્યવહારિક યોજનાઓનો વિકાસ કરવામાં આવશે. એનું સ્વરૂપરાષ્ટ્રીય સેવા યોજનાઓનો પ્રચલિત સ્વરૂપથી અનેક ગણું વ્યાપક હશે. એ રાષ્ટ્ર પ્રેમની વ્યવહારિક અનુભૂતિ કરાવનાર પ્રયત્ન છે. એના માધ્યમથી વિદ્યાર્થીઓ એ જાણી શકશે કે કોઈપણ પ્રકારની સંકીર્ણ બુદ્ધિ વગર, ભેદભાવ વગર રાષ્ટ્રીય કર્ત્તવ્યોનું પાલન શું હોય છે. આ તમામ વ્યવહારિક યોજનાઓ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ ને એનો અનુભવ કરાવશે.

**उत्तरं यात्समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम्।**
**वर्ष तद्भारतं नाम भारती यत्र संततिः ॥**

પૃથ્વીનો એ ભાગ કે જે સમુદ્રની ઉત્તરમાં અને હિમાલયની દક્ષિણમાં સ્થિત છે, એ ભારત કહે વાય છે તથા તેના બાળકોને ભારતીય કહે છે.

આ જ એ દેશ છે, કે જેને માટે કહેવામાં આવ્યું છેઃ-

**गायंति देवाः किल गीतकानि धन्यास्तु ते भारतभूमिभागे।**
**स्वर्गापवर्गास्पदमार्गभूते भवंति भूयःपुरुषाः सुरत्वात्॥**

''દેવતાઓ પણ આ પવિત્ર ધરતી ભારતના ગીત ગાય છે અને દેવતાઓમાં પણ એને ધન્ય કહેવામાં આવે છે, જે સ્વર્ગ અને ઉચ્ચ વર્ણ માટે સાધન સંપન્ન ભારત ભૂમિમાં ઉત્પન્ન થયેલ છે.'' રાષ્ટ્રીય ભાવનાનો આ અનુભવ વિશ્વવિદ્યાલયના મુખ્ય સંકુલ સાથે ભવિષ્ય વિકાસ પામનાર તમામ સંબંધ ધરાવતા કેન્દ્રોમાં પણ કરી શકાશે.

# સંબધ્ધ કેન્દ્ર વિશ્વવસુંધરાને દેવકુટુંબ બનાવશે

વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ કેન્દ્રોની સ્થાપના દેવસંસ્કૃતિના વ્યાપક વિસ્તારની ભાવી યોજના છે. દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં અધ્યયન, અધ્યાપન, સંશોધન વગેરે શૈક્ષણિક, પરીક્ષાની વ્યવસ્થા વગેરે વહીવટી કામો સુવ્યવસ્થિત બની ગયા પછી જ એનો આરંભ કરવામાં આવશે. એ વામનમાંથી વિરાટ બનવા માંડવામાં આવતું અગામી ડગ છે. એને દેવસંસ્કૃતિના જ્ઞાન વિજ્ઞાન અને જીવનના આદર્શોના શિક્ષણને દેશવ્યાપી બનાવવાની સાથે વિશ્વવ્યાપી બનાવવા ખેડવામાં આવનાર સાહિસિક પરિશ્રમ પણ કહી શકાય. આ મહત્ત્વની યોજના દ્વારા સમગ્ર વિશ્વ વસુંધરાને દેવકુટુંબ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. વિશ્વની સંપૂર્ણ માનવતાને તેના પોતાના દેશમાં દેવસંસ્કૃતિની દીક્ષા આપવાનું પવિત્ર કામ હાથ ધરવામાં આવશે.

આપણી મહાન સંસ્કૃતિની મહાન પરંપરા પણ આ જ છે. સંસ્કૃતિના ચક્રપ્રવર્તનને દેશવ્યાપી, વિશ્વવ્યાપી બનાવવા માટે ઋષિઓ તથા તેમના સુયોગ્ય શિષ્યો પોતાના વિશ્વવિદ્યાલયો સાથે સંકળાયેલ શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના કરતા રહેતા હતા. એના સંચાલનનો ભાર એ જ આચાર્ય કુળના કોઈ સુયોગ્ય આચાર્યને અથવા કોઈ સૌથી મોટા શિષ્યને સોંપવામાં આવતો હતો. આ વરિષ્ઠ શિષ્યને વિસ્તારક (વૃધ્ધતર) કહેવામાં આવતો. આ વિદ્યાર્થી સૌ પ્રથમ તો પોતાના ગુરુકુળમાંજ અધ્યાપનનું શિક્ષણ પ્રાપ્ત કરતો હતો અને સ્વયંનો સુયોગ્ય આચાર્ય રૂપે વિકાસ કરતો હતો. આપસ્તંબ ધર્મસૂત્રમાં આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહર્ષિ આપસ્તંબનું કથન છે કે :-

**तथा समादिष्टोऽध्यापयति।**
**वृद्धतरे स ब्रह्मचारिणि आचार्यवद्वृत्तिः ॥**

-આ કથન અનુસાર આચાર્યોના નિરીક્ષણ રક્ષણ હેઠળ મોટા વિદ્યાર્થીઓ, પોતાનાથી નાના વિદ્યાર્થીઓને ભણાવવામાં સહાય કરતા. આ વિદ્યાર્થીઓને વૃધ્ધતર વિદ્યાર્થી કહેવામાં આવતો. એનું સન્માન આચાર્ય જેમ જ થતું, આવા જ વિદ્યાર્થીઓ પોતાના વિશ્વવિદ્યાલય સાથે સંબંધ ધરાવતા વિદ્યા કેન્દ્રોમાં આચાર્યની જવાબદારી નિભાવતા.

વિદ્યાના આ કેન્દ્રો પોતાના આચાર્યકુળ (ગુરુકુળ) યા વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ વિદ્યાકેન્દ્રો યા દેશમાં અને ધરતીના ખૂણે ખૂણામાં જરૂરિયાત અનુસાર સ્થાપવામાં આવતા. આ કેન્દ્રોના સંચાલનનો ભાર એ કેન્દ્રના મુખ્ય આચાર્ય અથવા વડા આચાર્ય પર રહેતો. આવા તમામ કેન્દ્રોના વડા આચાર્યો પોતાના વિદ્યાકેન્દ્રોમાં આપવામાં આવતું શિક્ષણ, કરવામાં આવતી શોધખોળ, સંશોધન તથા વિવિધ પ્રકારના સેમિનારો વગેરે તમામ કાર્યોનો અહેવાલ પોતાના ગુરુકુળના કુલાધિપતિને યા કુલપતિને આપતા હતા. કુલાધિપતિ યા કુલપતિ અથવા તેમના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવેલ વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ આચાર્યોની સમિતિ આ વિદ્યા કેન્દ્રોનું અવારનવાર નિરીક્ષણ કરતી હતી, જરૂરિયાત ઉદ્ભવે ત્યારે આ કેન્દ્રના પ્રભારીઓને બદલવામાં આવતા. આ સંબંધિત કેન્દ્રોનું સંપૂર્ણ સ્વામિત્વ યા માલિકીપણું આચાર્યકુળ યા વિશ્વવિદ્યાલયનું રહેતું હતું.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મહર્ષિ અગસ્ત્ય દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વવિદ્યાલય

સાથે સંબંધિત અનેક વિદ્યાકેન્દ્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એના સ્થળો ભારત વર્ષના અનેક જગ્યાએ દર્શાવવામાં આવ્યા છે. વિદ્યાના આ કેન્દ્રો હિમાલયથી લઈને દક્ષિણમાં પથરાયેલ સમુદ્રના તટ સુધી ફેલાયેલ હતા. હિમાલયના ગઢવાલ વિસ્તારમાં આવેલ અગસ્ત્ય મુનિનું આ વિદ્યાધામ આજે પણ ખૂબ જ પ્રસિધ્ધ છે. એ પોતાના સમયમાં ખૂબ જ પ્રતિષ્ઠિત વિદ્યાનું ધામ હતું. મહાકવિ ભવભૂતિ એ ઉત્તર રામચરિતમાં કુલાધિપતિ મહર્ષિ અગસ્ત્યના વિદ્યાના કેન્દ્રોની સ્થિતિ ગોદાવરી નદીના તટ પર આવેલ દર્શાવી છે. પ્રાપ્ત વર્ણન અનુસાર વિદ્યાનું આ કેન્દ્ર ખાસ કરીને બ્રહ્મવિદ્યાના અધ્યયન માટે હતું. અહીં સાધના ફેકલ્ટીના પાઠ્યક્રમોનું સંચાલન થતું હતું. અહીં બ્રહ્મવિદ્યાના અધ્યયન માટે દૂરદૂરથી વિદ્યાર્થીઓ આવતા. ઈતિહાસકાર તથા પુરાતત્વવિદ્ એ. બ્લુમફિલ્ડ અને કે.રઘુનાથે પોતાના સંયુક્ત અધ્યયનમાં આ વિદ્યાકેન્દ્રનું સ્થળ નાશિક શહેરથી પંદર કિલોમીટર દૂર આવેલ અકોલામાં હોવાનું સૂચવ્યું છે.

મહર્ષિ અગસ્ત્યના આચાર્ય કુળ સાથે સંકળાયેલ અને ખૂબ જ પ્રતિષ્ઠિત, નામાંકિત વિદ્યાનું એક કેન્દ્ર વેદપુરીમાં હતું. વેદપુરીના નામથી ઓળખવામાં આવતા આ કેન્દ્રના નામથી જ આ સ્થળનું નામ વેદપુરી પડી ગયું. આ સ્થળને આજે પોંડિચેરીના નામથી ઓળખવામાં આવે છે.મહર્ષિનું આ વિદ્યાનું કેન્દ્ર બરાબર એ જ સ્થળ પર આવેલ હતું, કે જ્યાં આજે મહર્ષિ અરવિંદનું પોંડિચેરી આશ્રમ આવેલો છે. અગસ્ત્ય ઋષિનું બીજું પણ એક વિદ્યા કેન્દ્ર ચિત્રકુટથી થોડું આગળ આવેલું હતું. તેનું સંચાલન તેમના સુયોગ્ય શિષ્ય મહામુની સુતીક્ષ્ણ કરતા હતા. ગોસ્વામી તુલસીદાસજી એની ચર્ચા કરતા કહ્યું કેઃ-

**मुनि अगस्ति कर शिष्य सुजाना।**
**नाम सुतीछन रति भगवाना॥**

કાવ્યના વર્ણન અનુસાર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ, જ્યારે બંધુ લક્ષ્મણ અને સીતા માતાની સાથે આ મહાન વિદ્યાના કેન્દ્રમાં આવ્યા હતા, ત્યારે તેમણે અહીં વિદ્યાના અધ્યયન માટે અપનાવવામાં આવતી કાર્યશૈલીથી પ્રભાવિત થઈ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ મહર્ષિ અગસ્ત્યને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. ભગવાન શ્રીરામની ઈચ્છાને સાંભળી મુનિવર સુતીક્ષ્ણ સ્વયં અગસ્ત્ય મુનિને મેળવી આપવા માટે તેમને પોતાની સાથે લઈ ગયા.

ગોસ્વામી તુલસીદાસે આ પ્રસંગની ચર્ચા રામ ચરિત( રામાયણ ) માનસ મહાકાવ્યમાં કરી છે.

પોતાના ગુરુકુળો સાથે સંબંધ ધરાવતા આવા શિક્ષણના કેન્દ્રોની સ્થાપના વશિષ્ઠ, કણ્વ, પરશુરામ, ભારદ્વાજ વગેરે મહર્ષિઓએ પણ કરી હતી. ઐતિહાસિક યુગમાં તક્ષશિલા, ઉદ્દયંતપુર અને વિક્રમશીલા વગેરે વિશ્વવિદ્યાલયો સાથે સંકળાયેલ યા સંબંધ ધરાવતા આ પ્રકારના વિદ્યાકેન્દ્રોનો ઉલ્લેખ ઐતિહાસિક ગ્રંથોમાં મળી આવે છે. વિક્રમશીલા વિશ્વવિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓનું ઐતિહાસિક અધ્યયન કરનાર પ્રો.વી. પ્રિંસેપે પોતાના સંશોધન પર તૈયાર કરવામાં આવેલ '' વિક્રમશિલાઃ એ સેંટર ઑફ કલ્ચર એન્ડ એજ્યુકેશ ''નામના ગ્રંથમાં એ અંગે ઘણું બધુ લખ્યું છે, કહ્યું છે. તેમના કથન અનુસાર વિક્રમશિલા વિશ્વવિદ્યાલયના અનેક કેન્દ્રો સમગ્ર દેશમાં ફેલાયેલા હતા. આવા કેન્દ્રોનો ભાર આ

વિશ્વવિદ્યાલયના ફેકલ્ટી અધ્યક્ષ યા ડીન કક્ષાના વરિષ્ઠ આચાર્ય સંભાળતા હતા.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં પણ આ સંસ્કૃતિ ચક્ર પ્રવર્તનની આ યુગપરિવર્તન કારક પધ્ધતિ અપનાવવામાં આવશે. ઉત્તરાંચલ રાજ્યના માનનીય રાજપાલે પોતાના વટહુકમની કલમ બેની અંતર્ગત પેરેગ્રામ ૩.૫માં સ્પષ્ટ કહ્યું છે કે-દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું વડુંમથક શાંતિ હરિદ્વાર (ઉત્તરાંચલ)માં રહેશે અને તે પોતાના અધિકાર હેઠળ અનેક સ્થળો પર પોતાની સંસ્થાઓ ખોલી શકશે. આ ખોલવામાં આવેલ ધામ જ વિશ્વવિદ્યાલય સાથે સંબંધ ધરાવતું કેન્દ્ર હશે. એના સ્વરૂપનું માળખું મહાવિદ્યાલય જેવું હશે. દેશ અને વિશ્વમાં જ્યાં ક્યાં પણ આપણાં દેવપરિવારના પરિજનો વસે છે તેઓ કે શક્તિપીઠો આ પ્રકારની સ્થાનિક જરૂરિયાતનો અનુભવ કરતા હશે, તો તેમના અનુરોધ પર વિચાર કરવામાં આવશે.

આ સંબંધ ધરાવતા કેન્દ્રોનું સંપૂર્ણ સંચાલન અને કંટ્રોલ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય સ્વયં કરશે. સ્થાનિક પરિજનો તેમાં સક્રિય સહયોગીની ભૂમિકા નિભાવશે. સંબંધ ધરાવતા કેન્દ્રો રૂપે તમામ શાખારૂપ મહાવિદ્યાલયની પ્રવૃત્તિઓ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલ યોજના અનુરૂપ જ ચાલશે. આ મહાવિદ્યાલયો દ્વારા એ વિસ્તારની સ્થાનિક જરૂરિયાતોની ભરપાઈ કરવામાં આવશે. બાદમાં અહીં શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ પોતાના ઉચ્ચકક્ષાના સંશોધન માટે તથા ઉચ્ચાકક્ષાના અભ્યાસ વગેરે માટે વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવશે.

વિશ્વવિદ્યાલયની શાખા રૂપ મહાવિદ્યાલો ખોલવા ઉપરાંત આ વિશ્વવિદ્યાલયમાં ડિસ્ટન્ટ એજ્યુકેશનસિસ્ટમ અથવા દૂરસ્થ-દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિની પણ વ્યવસ્થા કરવામાં આવશે. તેને માટે પત્રવ્યવહાર પાઠ્યક્રમ મુખ્ય ઉપયોગી સાધન હશે. જોકે વિભિન્ન વિષયોમાં પત્રવ્યવહાર પાઠ્યક્રમના માધ્યમ દ્વારા અભ્યાસ કરનારાઓ માટે વિશ્વવિદ્યાલયની શાખા રૂપ આ મહાવિદ્યાલયમાં થોડા સમય માટેનું જરૂરી શિક્ષણ પ્રાપ્ત કરવું અનિવાર્ય રહેશે. તમામ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના નિયમો વિષયોની અનુરૂપ સમાન રહેશે. તમામ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ ભલેને તેઓ સંબંધ ધરાવતા કેન્દ્રોમાં અભ્યાસ કર્યો હોય યા વિશ્વવિદ્યાલયમાં, તેમને માટે આદર્શો અને ઉદ્દેશો, નીતિ નિયમો, કાયદાઓની વ્યવસ્થા બધુ જ એક સમાન હશે. બધા જ વિદ્યાર્થીઓ દેવસંસ્કૃતિના નીતિ નિયમો અને મૂલ્યો માટે પ્રતિબધ્ધ રહેશે અને પોતાના અભ્યાસના સમય બાદ દેવસંસ્કૃતિના દેવદૂતની ભૂમિકા નિભાવવા માટે અગ્રેસર બનશે.

# નવયુગને જીવન બક્ષનાર સાંસ્કૃતિક દૂતોનું અહીં પર ઘડતર કરવામાં આવશે

દેવસંસ્કૃતિના દેવદૂતનું એ શ્રેણીનું જીવન વિશ્વવિદ્યાલયના શિક્ષણનું શ્રેષ્ઠ ફળ છે. અહીં આવી અધ્યયન કરનારા વિદ્યાર્થી,વિદ્યાર્થીનીઓની ગુરુદક્ષિણા છે. એમની પાસે આ જ અપેક્ષા રાખવામાં આવી રહી છે. અગર જો વિદ્યાર્થીઓ આ ઋષિભૂમિમાં વિદ્યાનો અભ્યાસ કરી સ્વયંનું દેવસંસ્કૃતિના દેવદૂત રૂપે ઘડતર કરી શકે, તો સમજવામાં આવશે કે તેમનું શિક્ષણ પ્રાપ્ત કરવું સાર્થક બન્યું, સફળ થયું. તેમણે આચાર્ય કુળને, વિશ્વવિદ્યાલયને પોતાની હાર્દિક શ્રધ્ધા અર્પણ કરી દીધી. આ યુગના સૌથી મહાન આચાર્ય યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવના દિવ્ય સ્વપ્નને સાચા અર્થમાં સાકાર કર્યુ. આ ઉદ્દેશને પૂરો કરવા માટે સહાયક અને સહયોગી બન્યા છે,કે જેને માટે વિશ્વવિદ્યાલયનાં સંપૂર્ણ માળખાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

ઋષિઓની કાર્યપધ્ધતિ આ જ છે. ઋષિ પરંપરાનો આદર્શ, ઉદ્દેશ અને લક્ષ્ય પણ આ જ છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓના જીવનના ભવિષ્યને સુસ્પષ્ટ કરનાર ઋષિ મંત્રનો સ્વર પણ આ જ છેઃ-

**विश्वविद्यालयाधीताः तपोविद्यासमुज्ज्वलाः।**
**स्वं स्वं चरित्रं शिक्षंते पृथिव्यां सर्वमानवाः॥**

''વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરનારી, તપ અને વિદ્યાથી સંપન્ન વ્યક્તિ પોતપોતાના ચારિત્રથી પૃથ્વીના તમામ મનુષ્યોને શિક્ષણ આપશે.''

તપ અને વિદ્યાથી ભર્યુંભાદર્યું આવું ઉજ્જવળ ચારિત્ર જ મનુષ્યને દેવસંસ્કૃતિનો દેવદૂત બનાવે છે. આ દેવદૂતોને સંસ્કૃતિના સત્યને અને આદર્શને સમજવા માટે કોઈ વાક્ચાતુર્ય યા બૌધ્ધિક ચમત્કારોની જરૂરિયાત જ ઉદ્ભવતી નથી. એમના જીવનના અજવાળા સાથે સંપર્કમાં આવનારાઓના મન તથા બુધ્ધિ જ નહીં, બલ્કે અંતરાત્મા સુધ્ધા ઝળહળી ઉઠે છે. કંઈક એવી આશા અપેક્ષા સેવવામાં આવી રહી છે કે આ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ પૂરો કરી બહાર આવનારા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીનું જીવન પણ કંઈક આવા જ પ્રકાશથી છલોછલ હશે. સંકલ્પો પણ કંઈક આવા જ લેવામાં આવ્યા છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપનાની સાથે જ કેટલાક સવાલો પેદા થયા છે, કેટલાક ઉઠાવવામાં આવ્યા છે અને કેટલાક ઉઠાવવામાં આવી રહ્યા છે. આ બધા જ સવાલોના તાર એ વાત સાથે લપેટાયેલા છે, કે અહીં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓના જીવન ગુજરાન શું? તેમના ભવિષ્યનું સ્વરૂપ શું બનશે? આ સવાલોના પ્રત્યુત્તર રૂપે આટલું જ કહેવાનું છે, કે આ વિશ્વવિદ્યાલયનો ઉદ્દેશ જ ભવિષ્યને ઘડવાનો છે. અહીં અભ્યાસ કરનારા વિદ્યાર્થી,વિદ્યાર્થીનીઓના જીવનને અને તેમના ભવિષ્યને એટલી સુઘડ રીતે ઘડવામાં આવશે, એટલી સુંદર રીતે સજાવવામાં, સુશોભિત કરવામાં આવશે કે તેઓ પોતાના અને પોતાના કુટુંબીજનોના, દેશના, સમાજના તથા સંસારના

ભવિષ્યનું ઘડતર કરી શકે અને સજાવી શકે. પોતાના સ્વચ્છ વ્યક્તિત્વથી સ્વયં લક્ષ્ય પ્રધાન બને અને પોતાની આસપાસના વર્તુળને પણ સાચી અને સાર્થક દિશા ચિંધી શકે. આર્થિક દૃષ્ટિએ પણ તેઓ ક્યારે પણ ખોટમાં નહીં રહે.

એની સાથે જ આ પ્રસંગે એક સચ્ચાઈ સમજી લેવી જરૂરી છે. અહીં મલ્ટીનેશનલ કંપનીઓ પાસે લાખો રૂપિયા લઈ ચાકરી કરનારાઓની લાંબી લાઈનો ઉભી રાખવામાં નહીં આવે. અહીં ઉંચા હોદ્દા પર ચઢી જનારા લાંચિયા અધિકારીઓ તૈયાર કરવામાં નહીં આવે. કેવળ અને કેવળ જેનો હેતુ રૂપિયા કમાવવાનો છે, જેઓ વૈભવભર્યું અને વિલાસી જીવન જીવવાના સ્વપ્નો સેવી રહ્યા છે, એવી વ્યક્તિઓ કોઈ પણ પ્રકારે લાયક નથી અર્થાત્ તેઓ કુપાત્ર છે. તેમનું અહીં કોઈપણ પ્રકારે સ્થાન નથી. આ વિશ્વવિદ્યાલય મહામાનવો ઘડવાની ટંકશાળ છે. અહીં માત્ર આદર્શો પ્રત્યે અખૂટ નિષ્ઠા ધરાવતા વિદ્યાર્થીઓ જ શિક્ષણ મેળવી શકશે અને આવા જ આદર્શ પરાયણ, દેશ, ધર્મ અને સંસ્કૃતિ માટે મરી મટનારા, જીવનારાઓ જ અહીં અધ્યયન કરશે.

આ તપોભૂમિ તેમને માટે છે, કે જેઓ દેશ, ધર્મ, સંસ્કૃતિ અને વિશ્વ સમાજ માટે જીવવા ઈચ્છે છે. આ લીટીઓના માધ્યમ દ્વારા એમને વિશ્વાસ આપવામાં આવી રહ્યો છે તેમનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે. અહીં તમામ ફેકલ્ટીઓના બધા જ વિષયોના પાઠ્યક્રમોના માધ્યમ દ્વારા જીવનના વિવિધ પાસાઓના નિષ્ણાતો તૈયાર કરવામાં આવશે. આ પ્રતિભાશાળીઓ માટે રોજગારની કોઈ ઉણપ નહીં રહે. અહીંનો પ્રતિભાશાળી વિદ્યાર્થી પત્રકાર, સાહિત્યકાર, આચાર્ય, ચિકિત્સાશાસ્ત્રી, મનોવિજ્ઞાની, વિજ્ઞાની, વિભિન્ન પ્રકારના વહીવટમાં નિષ્ણાત, ટેકનિકલ જ્ઞાનમાં કુશળ, દાર્શનિક, અધ્યાત્મ વેત્તા, કવિ, લેખક, મનીષી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી જેવી અનેક પ્રકારની જ્ઞાનની શાખાઓમાં નિપુણ હશે. તેમનું જીવન તથા ચારિત્ર દેવસંસ્કૃતિના દેવદૂત જેવું હશે. તેઓ જ્યાં પણ રહેશે, જ્યાં પણ કામ કરશે, ત્યાં દેશ, સમાજ અને વિશ્વને પોતાના જ્ઞાનના ગુણોનો લાભ આપતા દેવસંસ્કૃતિના દેવદૂતની ભૂમિકા નિભાવતા રહેશે.

આ વિશ્વવિદ્યાલયમાં લોકમાન્ય બાળ ગંગાધર તિલક, મહામના મદન મોહન માલવીયા, દેશબંધુ ચિતરંજનદાસ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદના આદર્શો પર ચાલનારાઓની નવી પેઢી તૈયાર કરવાની છે. એક એવા મહામાનવોનો જન્મ આપવાનો છે, કે જેઓ એકવીસમી સદીમાં નવયુગને જીવન આપી શકે. પોતાના પ્રાણના પ્રકાશ વડે ઉજ્જવળ ભવિષ્યને ઝળહળાવી શકે. અહીં નવયુગના સર્જન શિલ્પીઓની સાથે કૌડિન્ય, કુમારજીવ, બોધિધર્મ જેવા સંસ્કૃતિનો ફેલાવો કરનારા સાંસ્કૃતિક દૂતોનું પણ ઘડતર કરવામાં આવશે. જેઓ દેશમાં તથા વિદેશોમાં પોતાના જીવન તથા ચારિત્ર દ્વારા દેવસંસ્કૃતિના વિચારોનો ફેલાવો કરી શકે. પ્રાચીન કાળના ઋષિયુગમાં ધૌમ્ય, શૌનક, સૂત વગેરે ઋષિઓએ આ જ કાર્ય કર્યું હતું. ઐતિહાસિક યુગના તક્ષશિલા, નાલંદા વગેરે વિશ્વવિદ્યાલયોમાં આ જ પવિત્ર પ્રથા ચાલતી હતી.

પ્રાચીન ભારતીય ઈતિહાસના પ્રખ્યાત વિદ્વાન પ્રો.એ.એસ.અલતેકર, પ્રો.આર.કે.મજૂમદાર અને વિલિયમ જોન્સે પોતાની શોધખોળ દરમ્યાન એવી અનેક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. આ ઘટનાઓ થકી એ ઐતિહાસિક યુગના પ્રસિધ્ધ વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થીઓના ઉજ્જવળ જીવનની જાણ થાય છે. એ અંગે વિક્રમ શિલા વિશ્વવિદ્યાલયની મુલાકાતે આવનાર એક તિબેટિયન ભિક્ષુક નાગાત્શેના કેટલાક સંસ્મરણો મળી આવ્યા છે. તેને તિબેટના રાજાએ આ વિશ્વવિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓને પોતાનો ત્યાં લઈ આવવા મોકલ્યો હતો, જે રાજ્યની મહત્ત્વની જવાબદારીઓને વહન કરી શકે,કે સાંસ્કૃતિક જ્ઞાનનો વિસ્તાર કરી શકે. ભિક્ષુક નાગાત્સે આ વિશ્વવિદ્યાલયમાં દીક્ષાંત સમારંભના પ્રસંગે ઉપસ્થિત થયો હતો. એ સમયે આ વિશ્વવિદ્યાલયના કુલપતિ આચાર્ય અતિશ મુખ્ય સભાખંડમાં તમામ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપી રહ્યા હતા. તેઓ પોતાના પ્રવચનમાં બતાવી રહ્યા હતા કે અભ્યાસ પૂરો કરી પોતાના ઘરે પાછા ફરતા વિદ્યાર્થીઓ પાસે વિશ્વવિદ્યાલયની શું આશા, અપેક્ષાઓ છે. નાગાત્શે પોતાના યાદગાર સંસ્મરણોમાં આ વ્યાખ્યાનના કેટલાક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે.

તેની નોંધ અનુસાર આચાર્ય અતિશે વિદ્યાર્થીઓને કહ્યું-(૧) આપ સૌ પોતાના જીવન પર્યન્ત આ વિશ્વવિદ્યાલયની અને જ્ઞાનની ગૌરવપૂર્ણ પ્રથાનો નિર્વાહ કરશો. વિદ્યાર્થીનું જીવન પૂરું કર્યા પછી પણ તપ પ્રત્યે લાગણી અને વિદ્યા પ્રત્યે અનુરાગ છોડતા નહીં. (૨) દેશ સૌથી વધુ મહત્ત્વનો છે. દેશના આવાહન પર મોટા મોટા બલિદાનો આપવા ખચકાટ અનુભવતા નહીં. (૩) પોતાના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા જ્ઞાનથી દેશ, સમાજ તથા વિશ્વ માનવતાની સતત સેવા કરશો. (૪) એ પ્રકારનું જીવન જીવજો કે આપના સંપર્કમાં આવનાર લોકો પોતાની જાતે જ વિશ્વવિદ્યાલયના આદર્શોને શીખી શકે. (૫) પ્રત્યેક વિદ્યાર્થી આખું જીવન વિશ્વવિદ્યાલયનો ખાસ દૂત હોવાની જવાબદારી નિભાવશે અને આ અનુભવોને પ્રગાઢ બનાવી રાખશે કે તે હંમેશા માટે આ વિશ્વવિદ્યાલયનું એક અવિભાજ્ય અંગ છે.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ પાસે આ જ સાંસ્કૃતિક અપેક્ષાઓ છે. તેમણે દેવસંસ્કૃતિને હંમેશા રક્ત તથા આત્માની જેમ પોતાના જીવનમાં પ્રવાહિત બનાવી રાખવાની છે. અહીં અભ્યાસ પૂરો કરી ઘરે પાછા વળતા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ આ સત્યને ક્યારે પણ ભૂલાવી દેવાનું નથી, કે તેઓ ઋષિ ચેતનાને વહન કરનારાઓ છે. યુગઋષિ  પરમ પૂજ્ય ગુરુદેવના પ્રતિનિધિ છે. તેઓ તેમના તપસ્વી જીવન તથા સાંસ્કૃતિક ચેતનાના ઉત્તરાધિકારી છે. દીક્ષાંત સમારંભ બાદ પોતાના જીવનને, સામાજિક પડકારોનો સ્વીકાર કરનાર પ્રત્યેક વિદ્યાર્થી આ વિશ્વ વિદ્યાલયનો ક્રિયાશીલ કીર્તિ સ્તંભ હશે. વિદ્યાર્થીઓના જીવનમાં આદર્શો પ્રત્યે નિષ્ઠાની સફળતાના આધારે જ વિશ્વવિદ્યાલયના સંપૂર્ણ સંચાલનની સફળતા ટકેલી છે. આપણાં આ દેવપરિવારના તમામ પરિજનો આ પવિત્ર કાર્યમાં ભાગીદાર બનશે.

# હવે આદર્શવાદ કાર્યમાં પરિણમે

દેશ, સમાજ તથા વિશ્વની સાંસ્કૃતિક નવરચના માટે જ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની આ સંપૂર્ણ યોજના તૈયાર કરવામાં આવી છે. તેની તમામ ફેકલ્ટીઓ તથા તમામ પાઠ્યક્રમોનો લક્ષ્ય આ જ એક છે. વાસ્તવિક રીતે તમામ ભાગીરથી પ્રયત્નો યુગાંતર રજૂ કરનારી ચેતનાની જ્ઞાનગંગાનું અવતરણ કરવા માટે જ કરવામાં આવી રહેલ છે. જ્ઞાનનો આ મહાયજ્ઞ સતયુગની કલ્પનાને સાકાર કરનારા નવયુગને ધરતી પર ઉતારવા માટે છે. બ્રહ્મઋષિ વિશ્વામિત્ર દ્વારા રચવામાં આવેલ નવી સૃષ્ટિની જેમ યુગઋષિની તપની શક્તિની મદદ વડે કરવામાં આવી રહેલ નવયુગના નવસર્જનનું આ કામ પૂરું થઈને જ રહેશે. યુગશક્તિ વેદમાતાની સમર્થ શક્તિ અને ભગવાન મહાકાળના સંકલ્પની સફળતા અંગે કોઈ શંકા જ નથી.

આ વિદ્યાના ધામમાં નામની અનુરૂપ જ ગુણ છે. ''દેવસંસ્કૃતિ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે,કે એમાં ઋષિઓની સાધના દ્વારા ઉપજેલ એ મૂલ્યો અને પધ્ધતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, કે જે મનુષ્યને દેવતા બનાવવા, સુસંસ્કારી બનાવવા સમર્થ છે.'' 'વિશ્વ' એટલા માટે કે એનો લક્ષ્ય કોઈ મર્યાદિત જાતિ યા વિસ્તાર સુધી નથી, બલ્કે સમગ્ર વિશ્વ વસુંધરા સુધી છે. 'વિદ્યાલય' એટલા માટે કે શિક્ષણની અલ્પ પ્રાપ્તિ કેવળ ભૌતિક પ્રગતિના દ્વાર ખોલે છે, વ્યક્તિત્વનું શોધન તો વિદ્યાની સાધના પર ટકેલું છે. આ કેન્દ્ર વિદ્યાનો ગૌરવ સમજાવવા અને લોકોના મગજમાં તેની પ્રાણ પ્રતિષ્ઠા કરવા લાગી રહેશે. આ પ્રયત્નોના કેન્દ્રને સાચા અર્થમાં 'આલય' કહી શકાશે. વિશ્વવિદ્યાલયના નામથી ન જાણે કેટલાયે પરીક્ષા કેન્દ્રો, કૉલેજોના સમૂહને સંબોધવામાં આવે છે, પરંતુ આ શબ્દના અર્થને સાર્થક બનાવનાર વિદ્યાપીઠો ક્યાંય પણ દેખાતી નથી.

દેવસંસ્કૃતિને સુવિકસિત તથા વિસ્તૃત બનાવનાર આ લુપ્ત પ્રાય પવિત્ર પ્રથાના પુનરોત્થાનનો આ અભિનવ પ્રયત્ન છે. તેને યુગને બદલી નાખનારી યુગાંતરી ચેતનાનું સમર્થ સશક્ત કેન્દ્ર પણ કહી શકાય. દેશ, સમાજ તથા વિશ્વ સમાજને એવી પીડાદાયક સ્થિતિમાં ક્યાં સુધી પડી રહેવા દેવામાં આવે. આ વિશ્વવિદ્યાલય તેને માનવગૌરવના ઉચ્ચ શિખરો પર પહોંચાડીને જ ચેન લેશે. અહીંના દરેક આચાર્ય, તેની સાથે સંકળાયેલ દરેક વહીવટી કર્મચારી તથા અધ્યયન કરનાર દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીનો સંકલ્પ છે-'કરો યા મરો'. આ સંકલ્પને પૂરો કરનારા કેટલા પગલાં ઉઠાવવામાં આવ્યા છે, કેટલાક ઉઠાવવામાં આવી રહ્યા છે અને કેટલાક ઉઠાવવામાં આવનાર છે. જે બની રહ્યું છે એ શુભારંભ-શ્રીગણેશ છે, જે બનવા જઈ રહેલ છે તે અત્યંત વિસ્તૃત-અકલ્પનીય છે. આજના પ્રયત્નો સાચું સ્વરૂપ નગણ્ય છે, પરંતુ ભાવી સંભાવનાઓની અગર જો કોઈ કલ્પના કરી શકાય તો, તે હિમાલયથી પણ ઉંચી છે અને સમુદ્રથી પણ ગહન છે. આ વિરાટ સાહસને આજની પરિસ્થિતિઓમાં અદ્‌ભુત અને અનુપમ કહેવું જરા જેટલું પણ ખોટું નથી.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની તમામ પ્રવૃત્તિઓને તીવ્ર ગતિએ આગળ ધપાવવામાં આવે, તેને માટે આપણાં પરિજનોનો સશક્ત સમર્થ સહકાર અનિવાર્ય છે. તેના પ્રભાવશાળી પરિણામો, તેને વ્યાપકતા અને વિસ્તાર મળે, તેને માટે અન્ય મનસ્ક અર્થાત્ વિચલિત માનસિક સ્થિતિ તથા સુસ્ત ગતિએ કામ ચાલવાનું નથી. બલ્કે આફતના સમયે સંકટનો સામનો કરવા માટે જે રીતે યુધ્ધના ધોરણે પ્રયત્નો શરૂ કરી દેવામાં આવે છે, બરાબર એવી જ રીતે પ્રયત્નો કરવામાં આવનાર છે. વિશ્વવિદ્યાલયનું આજનું આ સ્વરૂપ ગાયત્રી કુંજના આંગણ સુધી જ મર્યાદિત છે, પરંતુ ભવિષ્યમાં તેના કેન્દ્રોનો વિસ્તાર દેશ વિદેશમાં કરવાનો છે. આજે તો આ બાળક રમકડાં જેવું જરૂર લાગે છે, પરંતુ ભવિષ્યમાં તે પ્રૌઢ, પુખ્તવયનું, હૃષ્ટ પુષ્ટ, લોહ પુરુષ રૂપે વિકાસ પામવાની પૂરેપૂરી તૈયારીમાં છે. આ સંસ્થા આટલા નાનકડા સ્વરૂપ સુધી જ મર્યાદિત નહીં રહે, કે જેટલી શરૂઆતમાં આજે છે. તેના વિદ્યાના કેન્દ્રો સમગ્ર રાષ્ટ્ર તથા સંપૂર્ણ વિશ્વમાં ફેલાશે. તેનો આંતરરાષ્ટ્રીય વિસ્તાર થશે.

એનો આટલો વિરાટ, વિશાળ, મહાવિસ્તાર કરવા કોઈ એક વ્યક્તિ અથવા કેટલીક વ્યક્તિઓનો બનેલો સમૂહ પર્યાપ્ત નથી. તેને માટે તો આપણાં દેવપરિવારના પ્રત્યેક પરિજનને તનમન અને ધનથી લાગી જવું પડશે. જ્ઞાનયજ્ઞ માટે આ પ્રજવલિત હવન કુંડમાં પોતાના સમયની તથા સંપદાની આહુતિ આપવી પડશે. વિચારો તથા યોજનાઓ ભલેને શાંતિકુંજમાં અવતરિત થતા રહે, પરંતુ તેને સાકાર, અગ્રેસર તથા ફળદાયક બનાવવા પાછળ હંમેશા આપણાં પરિવારની શ્રધ્ધા, ભક્તિ, શ્રમ અને એકાગ્રતા લાગેલ છે. સાધનોની જરૂરિયાત જ્યારે જ્યારે પણ ઉદ્‌ભવી છે, તેની સંપૂર્ણ ભરપાઈ આપણાં પરિવારના સભ્યોએ જ કરી છે.

આ એમને જ કહેવામાં આવી રહ્યું છે, કે જેઓ અત્યારે આ લીટીઓ વાંચી રહ્યાં છે. તેઓ જ આપણાં પોતાના છે. તેમની ઉપર જ આ વિશ્વવિદ્યાલયનો ઠાઠમાઠ છે. તેમની ઉપર જ અહીંની તમામ યોજનાને પૂરી કરવાની જવાબદારી છે. નાણાં વગર તમામ કામ બંધ પડ્યા હોય અને ભાવનાશાળી ઓ ચુપ બેસી રહે, એ કેવી રીતે સંભવી શકે. સવાલ તો વિશ્વવિદ્યાલયની ભવિષ્યની યોજનાને પૂરી કરવાનો છે. તેને માટે રૂપિયા જોઈએ. હવે તેને માટે માત્ર સહકાર આપી, સ્વૈચ્છિક સહકાર માટે રાહ જોવાથી કામ ચાલશે નહીં. હવે આ કક્ષાના બલિદાનો આપવા, વધુ ત્યાગ કરવા અને સાહસનો સમાવેશ કરવા માટે વિનંતી કરવી પડશે, કારણ કે સાધનોના અભાવે કામની ગતિમાં અવરોધો ઉત્પન્ન થઈ રહ્યાં છે. યોજના મોટી છે, તેને પૂરી કરવા માટે ઘણું બધુ કરવાનું બાકી છે.

વિશ્વવિદ્યાલયને આંતરર્રાષ્ટ્રીય સ્વરૂપ આપવાનું છે. અહીં દેશ તથા વિદેશોમાંથી વિદ્યાર્થીઓ ભણવા માટે આવશે, તેમને જમવા તથા રહેવા માટે છાત્રાલયની વ્યવસ્થા ઉભી કરવી પડશે. ભણાવનારા સુયોગ્ય આચાર્યોના રહેઠાણ માટે તથા તેમના જીવન નિર્વાહની વ્યવસ્થા બનાવવી પડશે. આ ભારેખમ વ્યવસ્થા

માટે અસંખ્ય કર્મચારીઓએ લાગી જવું પડશે. લોકો માટે ઉભી કરવામાં આવનારી સગવડતાઓ તથા સાધનો ઉપરાંત અન્ય કાર્યો માટે જરૂરિયાત છે. સંશોધન માટે દરેક વિષય અનુરૂપ પ્રયોગશાળા જોઈએ. તેને માટે જરૂરી યંત્રો દેશવિદેશમાંથી મંગાવવા પડશે. આ તમામ મોંઘાદાટ યંત્રોની અલગથી ચર્ચા કરવી જરૂરી નથી. સમજુ લોકો માટે માત્ર ઈશારો જ પર્યાપ્ત છે. સંશોધન અને અન્ય કાર્યો માટે અસંખ્ય આધુનિક ટેકનિક યુક્ત કોમ્પ્યુટરોના વિશાળ જથ્થાની જરૂરીયાત પણ આપોઆપ જ ઉદ્‌ભવે છે.

આટલું તો ખરું જ; ઉપરાંત પુસ્તકાલયોનો ખર્ચાઓ પણ ખૂબ જ વધી ગયા છે. સંશોધન માટે સંદર્ભ ગ્રંથો, ભણાવવામાં આવતા વિષયોના પુસ્તકો પણ ક્યાંકથી એકઠાં કરવા જ પડશે. આંતર્રાષ્ટ્રીય કક્ષાએ થતા સંશોધનોના સંદર્ભમાં બહાર પાડવામાં આવતા મેગેઝીનો એથી પણ વધુ મોંઘાદાટ છે. જેને કોઈ પણ પ્રકારે ખરીધા વગર કામ ચાલવાનું નથી. તમામ વિભાગો, તમામ વિષયોમાં જરૂરિયાતો એક નહીં અનેક છે. તેને કોઈપણ પ્રકારે પૂરી કરવી જ પડશે. સાધનોના અભાવે આ સંપૂર્ણ પ્રક્રિયાનું ગાડું થોભી, થોભી ગમે તેમ ગબડતું ચાલી રહ્યું છે. એક જરૂરિયાત ગમે તેમ કરીને પૂરી કરવામાં આવે છે, તો બીજી અટકી પડે છે. સમજમાં આવતું નથી કે આ જરૂરિયાતો કેવી રીતે પૂરી કરવામાં આવે.

આપણાં પરિજનો સ્વયં તો સહકાર આપે જ. પરંતુ પુણ્યશાળી શ્રીમંત વર્ગને પણ આ સંસ્કૃતિની સેવા માટે પ્રેરિત કરે. મદન મોહન માલવીયાજીએ ઘરેઘર-બારણે બારણે ભટકી ભટકી હિંદુ વિશ્વવિદ્યાલય માટે જોઈતું ધન એકત્ર કર્યું હતું. હવે આપણે સૌએ પણ આ રીત અપનાવવી પડશે. આપણાં ગુરુજીના કામને પૂરું કરવા માટે પરિશ્રમ ખેડવા કટિબધ્ધ બનવું પડશે. અમોને એવો વિશ્વાસ છે કે પુણ્યશાળી ધનવાન વર્ગ પાસે સાંસ્કૃતિ સંવેદના પણ હોય છે. ભલે એ આજે સુષુપ્ત બની ગઈ હોય. પરંતુ આપણે સૌએ મળી તેમની સંવેદનશીલતાને જગાડવી પડશે. અમોને એવી આશા પણ છે કે ધનવાન લોકોમાંથી ભામાશાહ અને જમનાલાલ બજાજ જરૂર નિકળી આવશે. ધનની સાથે સંવેદના જાગૃત હશે તો આ દેશ, ધરતી, સમાજ, સંસ્કૃતિ પ્રત્યે પીડા પણ હશે. માતૃભૂમિ અને ધરતીમાતાની તડફડાટ યુક્ત પીડા મનને સતાવશે, હૃદયને કકડાવશે, રડાવશે. આપણાં પરિવારના સભ્યો પાસે સ્વયં સંવેદનશીલ બનવા અને આ પવિત્ર કાર્ય માટે શ્રીમંત વર્ગની સંવેદના જાગૃત કરવા અપેક્ષા રાખવામાં આવી રહી છે. એને માટે એમની તરફ આશાભરી દૃષ્ટિએ નિહાળવામાં આવી રહ્યું છે.

આપણે સરકાર પાસેથી એક નવા પૈસાનો સહકાર લેવાની વાત ક્યારે પણ વિચારી નથી, સાથે સાથે યૂ.જી.સી. પાસેથી પણ કોઈપણ પ્રકારનું દાન પ્રાપ્ત કરવામાં આવી રહ્યું નથી. જે લોકો આજે સરકાર ચલાવી રહ્યા છે, તેઓ પોતાની જાતને મુશ્કેલીઓ, મજબૂરીઓમાંથી ઉગારી લે, એ જ ખૂબ છે. આર્થિક, સંરક્ષણાત્મક, ગુનાઓ પર નિયંત્રણ જેવી ન જાણે કેટલીયે સમસ્યાઓ તેમની સમક્ષ

પોતાનું મોઢું ફાડી ઉભી છે, તેઓ એનો સારી રીતે સામનો કરી લે એ જ ખૂબ છે. રાજ્યના આશ્રય હેઠળ રહેવું એ કોઈ લોકસેવક ઋષિઓ, તપસ્વીઓ માટે શોભાસ્પદ નથી. ઋષિઓનું જીવન ભગવાનના ભરોસે, ભગવાન ઉપર જ નિર્ભર રહે એ જ યોગ્ય છે. દેશ તથા વિશ્વના તમામ ભાવનાશાળી ધાર્મિક વૃત્તિવાળા પરિજનો અને પુણ્યશાળી શ્રીમંતોને એવું જ સ્વરૂપ માનવામાં આવ્યું છે.

ફરીફરીને અમારી નજર પરિજનો પર જઈને સ્થિર થાય છે આશાનું એક માત્ર કેન્દ્ર ગાયત્રી પરિવારના પરિજનોની સાથે આવા પુણ્યશાળી આત્માઓ જ છે. અત્યારે પ્રજ્ઞા અભિયાન પકડી રાખેલ હાથ પાસે જ પ્રકાશના દાનની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ લીટીઓ વાંચી રહેલ કોઈપણ વાંચક, ભલે ને તે કોઈપણ કેમ ન હોય, તે અપનત્વના સીમાડાઓમાં જ છે. એમની ઉપર સંપૂર્ણ વિશ્વાસના આધારે જ આશાનો કિલ્લો ચણવામાં આવી રહ્યો છે. તેમને જ વધુમાં વધુ ત્યાગ કરવાની, વધુમાં વધુ ઉદારતા દાખવવાની વાત કહેવામાં આવી રહી છે. જેમનામાં આ ધૂનને આ લગનને સમજી શકવા લાયક સંવેદના છે, તેમને જ સમજવવામાં આવી રહ્યું છે. પરંતુ જેઓ નિષ્ઠુર છે, એમણે ક્યારે કોઈનું કહેવું સાંભળ્યું જ નથી. સંવેદનશીલ સમજુ લોકો પાસે આ આશા દર્શાવવામાં આવી રહી છે, કે તેઓ પોતાના જરૂરી કાર્યોને થોડા દિવસ માટે થંભાવી આ પવિત્ર કાર્યમાં અનિવાર્ય રૂપે ભાગીદાર બને.

જેમની પોતાનો જીવન નિર્વાહ કર્યા બાદ જે વધે તેની બચત કરવા લાયક સ્થિતિ છે, તેઓ આ બચતનો શ્રેષ્ઠ ઉપયોગ કરી પોતાની જાતને સાચા અર્થમાં ભાગ્યશાળી બનાવી શકે છે. ચક્કવેણ, બાજિશ્રવા વગેરે એવા અનેક અસંખ્ય ઉદાહરણો આપણી સમક્ષ મોજુદ છે કે જેઓ ભારતીય સંસ્કૃતિના આકાશમાં ઉજ્જવળ નક્ષત્રની જેમ ઝળહળી રહેલ છે. તેઓ પોતાના અતિજરૂરી ખર્ચ કર્યા પછી જે કંઈ પણ બચત કરતા હતા, તેને અવારનવાર સર્વમેધ યજ્ઞ રૂપે સંપૂર્ણ ખાલી કરી દેતા. રાજા શિવિ, હરિશ્ચંદ્ર, મુદ્દ્ગલ વગેરેના દાખલાઓ પણ કંઈક આ પ્રકારના જ છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ની વાત તો સૌ જાણે જ છે તેઓ પોતાને મળતા સારા એવા વેતન-પગારમાંથી માત્ર તેનો ચોથો ભાગ પોતાના ઘર ખર્ચ પેટે વાપરતા હતા, બાકીના બધા જ રૂપિયા અર્થાત્ કુલ પગારનો ત્રણ ચતુર્થાંસ ભાગ વિદ્યાદાન પાછળ ખર્ચ કરી દેતા હતા. આ પ્રકારની પ્રથાને, રિવાજને, પરંપરાને રસપ્રદ ચર્ચાનો વિષય બનાવી હવામાં ઉડાવી દેવામાં ન આવે, બલ્કે આપણે એવો પ્રયત્ન કરવો જોઈએ કે આ પ્રથા જીવતી જાગતી રહી શકે. દાનના વખાણ થવા જ ન જોઈએ, તેના ગુણગાનતો ગાવા જ ન જોઈએ, બલ્કે તેને કર્મમાં સ્થાન પણ મળવું જોઈએ. અર્થાત આ પ્રથાનો કર્મ રૂપે સ્વીકાર થવો જોઈએ.

કંજુસાઈની વૃત્તિને અગર જો ઉદારતામાં ન બદલી શકાઈ, તો પછી આધ્યાત્મના આદર્શવાદનું સંપૂર્ણ માળખું માત્ર સમસ્યા બનીને જ રહી જશે. આપણે સૌ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દ્વારા જે તત્ત્વદર્શનને વિશ્વવ્યાપી બનાવવા, ઈચ્છીએ છીએ, તેને માટે આપણાં સૌમાંથી જ ઉદાહરણો રજૂ કરવા પડશે. અર્થાત્ કાર્ય રૂપે

પરિણમતો અથવા કાર્યમાં રૂપાંતર પામતો આદર્શવાદ જ વિશ્વવિદ્યાલયની જીવન ઉર્જા બનશે. પરિજનોની પ્રાણ ચેતના જ અહીંથી પ્રેરણા બની લોકોને પ્રભાવિત કરી શકશે. ઉપદેશોમાં નહીં ઉદાહરણોમાં બીજાઓને પ્રભાવિત કરી શકવાની શક્તિ હોય છે.

મહાન આદર્શો પૂરા કરવા માટે કરવામાં આવેલું તપ, ત્યાગ, સર્વસ્વદાન અને આત્મબલિદાન જ એ આધાર સ્તંભ છે, જેની મદદ વડે વિશ્વવિદ્યાલયના આદર્શો તથા ઉદ્દેશો પૂરા થઈ શકે. આ વિશ્વવિદ્યાલયની તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે આપણાં પરિવારના પરિજનો તરફ ખૂબ જ આશાભરી દૃષ્ટિએ નિહાળવામાં આવી રહ્યું છે. હવે તેમનો વારો આગળ વધવાનો અને કંઈક કરી છુટવાનો છે. જેઓ પોતાના ધન વડે અને સાધનો વડે આ મહાન કાર્યમાં ભાગીદાર બનવા ઈચ્છે છે, ભગવાન મહાકાળ શિવ તેમને પોતાના સહાયક હોવાનો ગૌરવ પ્રદાન કરશે. દેવસંસ્કૃતિના આકાશમાં તેમનો ઉજ્જવળ તેજસ્વી પ્રકાશ હંમેશા હંમેશા ઝળહળતો રહેશે.

**ફાયનલ થઈ ગઈ છે**